સંસ્થાપક રવિશંકર રાવળ

કુમાર

આવતી કાલનાં નાગરિકોનાં સંસ્કારઘડતરનું માસિક

સળંગ અંક ૫૨૧



વૃક્ષ (એચિંગ) જૅકસ [illegible]

ભારતમાં પ્રદર્શિત થએલાં '૮૦ અમેરિકન ગ્રાફિક્સ'માંની બે સુંદર કૃતિઓ. ઉપર: ક્રુદ્ધ સાગર (એચિંગ) ગેબર પેટર્ડી. મથાળે: વૃક્ષ

વર્ષ ૪૪મું · અંક પાંચમો
માહે મે · ઈ. સ. ૧૯૬૭

તંત્રી · બચુભાઈ રાવત



રમકડાંના રંગ

ચિત્રકાર · ભીખુભાઈ આચાર્ય (ગુજરાત કલાસંઘ ચિત્રશાળા)

વાચકો લખે છે

એપ્રિલ અંકમાં વિશ્વવિશ્રુત ભૂગોળશાસ્ત્રી પ્રો. ડડલે સ્ટૅમ્પના જીવન અને કાર્ય વિષેનું લખાણ વાંચી ખૂબ આનંદ થયો.

શાળાજીવનમાં એમનાં પુસ્તકો વાંચીને ભૂગોળ પ્રત્યે ખાસ અભિરુચિ જાગી હતી. ત્યારપછી એ કુશળ ભૂગોળશાસ્ત્રીનાં સરસરીતે લખાએલાં ચિત્રપ્રચુર પાઠ્યપુસ્તકો વડે શિક્ષકતરીકે સેંકડો વિદ્યાર્થીમિત્રોને ભૂગોળશાસ્ત્ર પ્રત્યે રસ લેતા કર્યા. સ્વરાજ્ય પહેલાં ભારતભરમાં હિંદી, ગુજરાતી, મરાઠી આદિ ભાષાઓમાં અનુવાદ પામેલાં આ ભૂગોળમનીષીનાં પુસ્તકો ત્રણચાર દસકા સુધી શાળાઓમાં ખૂબ લોકપ્રિય થયાં હતાં અને તેથી ત્રીશી દરમ્યાન ભારતની શાળા–મહાશાળાઓમાં પ્રો૦ ડડલે સ્ટૅમ્પનું નામ ખૂબ જાણીતું હતું.

આવા લબ્ધપ્રતિષ્ઠ ભૂગોળાચાર્યનો સુંદર જીવનપરિચય સૌની પહેલાં 'કુમાર'માં જ વાંચવાથી આનંદ થયો. દેશના કોઈ પણ બીજા દૈનિક કે સામયિકમાં આ વિખ્યાત ભૂગોળશાસ્ત્રીની જીવનરેખા જોવામાં આવી નથી. 'કુમાર'ની આ ગુણગ્રાહક વિશદ દૃષ્ટિ માટે સપ્રેમ અભિનંદન પાઠવું છું.

(પોરબંદર) —શકરદેવ વિદ્યાલંકાર

શ્રી ધનસુખલાલ મહેતાનાં 'અતીતનાં પુષ્પો'નો મેળ 'કુમાર'ના ધોરણ જોડે બેસતો નથી એ વાત સાથે હું પણ સહમત છું

(મુંબાઈ) —રસિકલાલ કોટક

એપ્રિલ અંકમાં શ્રી ધનસુખલાલ મહેતાની લેખમાળા 'અતીતનાં પુષ્પો'માંનો લેખ ઘણો જ ગમ્યો શ્રી મહેતા હાસ્યરસના ઉત્તમ લેખક હોઇને એમની ભાષામાં રસિકતા અને મર્મ બહુધા માલૂમ પડે છે. એમની શૈલીની પ્રવાહિતા પણ રોચક લાગે છે. 'કુમાર'માં શ્રી બ્રોકર પ્રવાસવર્ણન લખવાનો આરંભ કરે છે તે જાણી હર્ષ થયો છે. અલબત્ત 'ગઠરિયાં'ની વિદાય પણ ખૂંચે તેવી છે.

(અમદાવાદ) —ઈશ્વરલાલ બી. પરમાર

શ્રી રાવળની લેખમાળા તો સમાપ્ત થતાં સુધી ચાલુ રહેવાની યોગ્યતા ધરાવે છે. લેખકશ્રી અગ્રિમ કલાકાર અને કલાગુરુ છે; વયોવૃદ્ધ, અનુભવસમૃદ્ધ અને જ્ઞાનસમૃદ્ધ છે. કલાની સાચી લગની અને ધગશથી અવરોધક બળો સામે ઝઝૂમી, તેની સિદ્ધિ માટે જે સંજોગોમાં મથ્યા તેની રસિક કથા 'કુમાર'ના કલાકાર વાચકોને પ્રેરણાદાયી થશે એટલું જ નહિ, પણ ઈતર વાચકોને પણ તે રુચિકર જ થઈ પડે. લેખકે પોતાની કલાસાધનાની પાર્શ્વભૂમિકારૂપે આપેલાં પોતાના સમયનાં ગુજરાતી સમાજનાં ત્રિવિધક્ષેત્રોનાં શબ્દચિત્રો પણ તેટલાં જ રસિક છે. તેમણે પોતાના કુટુંબ ને સમાજના વર્તુલમાંથી ભાવનગરના વર્તુલમાં તેમાંથી મુંબાઈ-પૂનાના વર્તુલમાં તેમાંથી કલાક્ષેત્રમાં, એમ વિવિધ ક્ષેત્રોમાં નિરીક્ષક દૃષ્ટિ ફેરવી સુરેખ શબ્દચિત્રો નિર્માણ કર્યા છે કદાચ કોઈ વિગતના લંબાણથી વાચક પૂરાં થવા માટે અધીરો બન્યો હોય. પણ એમ તો એનાથી ઘણાં જ સામાન્ય અને સાદાં સંસ્મરણો શ્રી ક. મા. મુનશીની 'જીજીમા'ની ડાયરીમાં ક્યાં નથી? છતાં તે તત્કાલીન સમાજનું કેવું સાચું અને સુરેખ શબ્દચિત્ર છે. આવાં સંસ્મરણો જ ઇતિહાસ સમજવાની સાચી ચાવી છે. શ્રી કઝિન્સ, શ્રી અવનીન્દ્રનાથ ટાગોર, ચન્દ્રવદન મહેતા વ૦નાં પ્રસિદ્ધ થએલાં સંસ્મરણો દ્વારા વાચકે ઘેરબેઠાં સમસ્ત ગુજરાત, બંગાળ, હિન્દ, યુરોપ, દેશ, પરદેશ વિષે વિશદ માહિતી મેળવી, પોતાની મનઃક્ષિતિજો વિશાળ કરવાનો લાભ નિઃશંક ઉઠાવ્યો છે. અન્તમાં ઈ.સ. ૧૯૧૯ સુધી જ આ સંસ્મરણમાળા આપવાના શ્રી રાવળના નિર્ણયથી તો નિરાશા થાય છે કે તે પછીની ૪૦–૫૦ વરસની સમયાવધિનાં તેમનાં રસિક અનુભવચિત્રો ચૂકી જવાશે.

'અતીતનાં પુષ્પો' પણ એક તરેહની સંસ્મરણમાળા છે. રસિક છે; જીવનની હળવી બાજુ નીરખી તેમાંથી હાસ્યપ્રસંગો નિર્માણ કરવાની કલા માટે લેખક શ્રી મહેતા જાણીતા છે રમૂજવૃત્તિ પ્રતિભાની મૌલિકતા અને ખેલદીલી તેમનાં છે. લેખકનું 'અહમ' કોઈ વાચકને ખૂચ્યું લાગે છે, પણ પોતે 'મમ' માટે લખે ત્યારે 'અહમ્' મધ્યસ્થ હોય જ. એ લેખમાળામાં રહેલાં તત્કાલીન ઐતિહાસિક–સામાજિક ચિત્રો હાસ્યપ્રસંગો વડે સ્ફુટ કરવાની લેખકની આવડત તરફ સહૃદય વાચકનું લક્ષ ખેંચાયા વગર નહિ રહે. શ્રી નરસિંહરાવનું 'સ્મરણમુકુર' સાહજિક રીતે કૈંક 'અહમ્'યુક્ત પણ ગુજરાતનું એક યુગચિત્ર છે. જે ઇતિહાસ વાંચતાં પણ સાંપડી ન શકે.

(પાટણ) —દેવેન્દ્ર પુ. મજમુદાર

મુ. શ્રી રવિશંકર રાવળનું 'આત્મકથાનક' સંબંધી નિવેદન વાંચી ખૂબ જ દુઃખ થયું. આપણા અલ્પધન આત્મકથા–પ્રકારમાં આ ચરિત્ર અમૂલ્ય ફાળો ઉમેરશે તેમાં મને કોઈ શંકા લાગતી નથી. કલાકારના પારદર્શક હૃદયને નિહાળવામાં કોઈ દૃષ્ટિનો ભેદ દેખાય છે. વળી આ આત્મકથાને ૧૯૧૯ સુધી નહિ, ૧૯૬૭ સુધી લંબાવવી જોઇએ.

સાંકળિયું જોઉં છું ને નજર 'લઘુકથા' તરફ દોડી જાય છે. 'લઘુકથા'નો પ્રથમ સત્કાર 'કુમારે' કર્યો છે. શરૂઆતમાં શ્રી મોહનલાલ પટેલની 'લઘુકથા'ઓ ખૂબ સુંદર કલાદેહે રજૂ થઈ એટલી સચોટતા અને ભાવના રહસ્યબિંદુને ઘૂંટવાની તક આપતી લઘુકથા હવે ઓછી દેખાય છે. શ્રી મોહનલાલ પટેલની 'લઘુકથા'ઓ 'કુમાર'માં પુનઃ રજૂ થાય તેની રાહ મારી જેમ બીજા વાચકો પણ જોતા હશે!

(પાનસર) —અરવિંદ રાવળ

શ્રી રવિભાઈ રાવળની આત્મકથામાં ૧૯મી સદીના સમાજનું આબેહૂબ વર્ણન મળે છે. તે સમયના પ્રસંગો ને તેની રજૂઆત એ તે એમણે ગુજરાતી ભાષાને આપેલી બક્ષિસ છે. કલાકારની અવલોકનશક્તિ હમેશાં ચકોર હોય છે; અને તેમાં લેખનશક્તિ ઉમેરાઈ આ આત્મકથા એક અનન્ય સાહિત્યકૃતિ બને છે. આ આત્મકથા ટૂંકાવવી નહિ પણ વિસ્તૃત થવી જોઇએ; એને ટૂંકાવવાના કથન સાથે કોઈ પણ સાહિત્યપ્રેમી સંમત નહિ થાય. ઇ.સ. ૧૯૧૯ પછીનાં વર્ષોમાં તો રવિભાઈની કારકિર્દી વધુ ઝળકી છે એટલે તે વર્ષોની કથા ચાલુ રહેવી જ જોઇએ, ને તે 'કુમાર' દ્વારા જ.

(સાંતાક્રુઝ) —શિરીષ અ. પંડ્યા

એપ્રિલના અંકમાં મુ. રવિશંકરભાઈના 'આત્મકથાનક'નો હપ્તો ન જોયો તેથી અમે અત્યંત નિરાશ થયાં. વસ્તુતઃ આ લેખમાળા અમારા માટે ઘણી સંવેદનશીલ થઈ પડી છે. લગભગ સમાન પ્રકારની જિંદગી પસાર કરી હોય તેને રુચિકર રીતે લખાણમાં જોઇએ ત્યારે કંઈ હૂંફભર્યું વાતાવરણ પુનઃસર્જિત થતું લાગે. આથી કૃપા કરી કોઈ હપ્તો પાડવા ના દેતા.

ટૂંકાવવા અંગે જે સૂચન થયું છે તે ધ્યાન પર ન લેવા વિનંતી છે. આ સુરુચિકર લેખમાળા ટૂંકાવવાની સૂચના પાછળની દૃષ્ટિ, માનસ ને કારણો શાં હશે? ટૂંકાવશો નહિ જ.

(અમદાવાદ) —પદ્મકાન્ત ધોળકિયા

—તિલોત્તમા ધોળકિયા

—નમ્રતા તથા સમીર ધોળકિયા

શ્રી રવિશંકર રાવળની આત્મકથા ટૂંકાવી લખવા જે સૂચના થઈ છે તે અયોગ્ય કહેવાય. હપ્તામાં છપાય છે તે પણ મારા જેવાને તો ઓછું જણાયું છે. ટૂંકાવવા કરતાં તેમાં વધારો કરી લેખ આપો તો વધુ સારું. વળી રવિભાઈ સૂચવે છે કે તે કથાનક ૧૯૧૯ સુધી જ આવશે તે ખેદજનક છે. આત્મકથા ચાલુ રહે તો વાચકવર્ગ-ખાસ કરી કલાકારો, કલાપ્રેમીઓને લાભ થશે, આભાર માનશે.
(નાગપુર) —એસ. વાઇ. મલક

આત્મકથાનક બંધ થવું ન જોઈએ. ભવિષ્યની પ્રજાની જાણ બહાર આવી મહત્ત્વની વ્યક્તિ વિસરાઈ જાય તે યોગ્ય નથી. 'રંગ ગ-ઠરિયાં' પછી ચંદ્રવદનભાઈ પાસેથી પાછું કાંઈક મળશે તે જાણી આનંદ થયો. શ્રી ધનસુખલાલભાઈની માળા તેમજ શ્રી ઓકરની થનારી રજૂઆતથી 'કુમાર' વધુ મનાતું થશે.
(ભરૂચ) —પ્રમોદ પટેલ

શ્રી ર. રાવળની જીવનકથા પુસ્તકાકારે પ્રસિદ્ધ થવા અંગે વાંચી આનંદ થયો. એક નકલ માટે મારું નામ નોંધશો. શ્રી રાવળના પત્ર અંગે લખવાનું કે લખાણ ટૂંકાવવાની જરા પણ જરૂર નથી. પરંતુ ફક્ત ૧૯૧૯ સુધીનું જ લખશે તે વાંચી જરા દુઃખ થયું. ત્યાર પછીનું પણ લખવા વાચકો વતી વિનંતી કરશો. 'રંગતરિયાં'ની સમાપ્તિ જરા ખટકી, પરંતુ સાથે સાથે શ્રી ઓકરની નવી લેખમાળા અંગે વાંચી આનંદ થયો. 'સંસ્કારપ્રેમીની ડાયરી' વાંચવામાં નવીનતાનો આનંદ આવે છે.

દરેક દેશને પોતાના ચલણ માટે ખાસ સંજ્ઞા, જેમ કે £ કે $ હોય છે તેમ આપણા દેશ માટે Rs.ને બદલે કોઈ સંજ્ઞા કેમ નહિ!
(કલકત્તા) —પ્રકાશ મોદી

કોઈની ટકોરના કારણે 'રંગતરિયાં' લખવાનું જો ચંદ્રવદનભાઈ બંધ કરતા હોય તો કહેવું જોઈએ કે ટકોર કરનારા કરતાં પ્રશંસકોની સંખ્યા વધારે છે. વાચકવર્ગની ઇચ્છાને માન આપી કૉનન ડૉઇલે જેમ ફરી શેરલૉક હોમ્સને ચમકાવ્યો તેમ શ્રી મહેતા 'અલવિદા' લીધા પછી પણ રંગતરિયાં ચાલુ રાખે એવી બહોળા વાચકમિત્રો વતી મારી માગણી છે. અલવિદાને હજી ઘણી વાર છે મુરબ્બી...

ડૉક્ટર શિવપ્રસાદ ત્રિવેદીની લેખમાળા પણ સંપૂર્ણ થાય છે તે ન ગમ્યું. તેમને પણ લેખમાળા ચાલુ રાખવા આગ્રહ છે.
(ઉપલેટા) —મૂળચંદ વસનજી

[● બંનેની લેખમાળા ચાલુ થવાની જ છે. શ્રી ચં. ચી. બે માસ બાદ અમેરિકાથી આવશે; ડૉ.શિવપ્રસાદ નવી માળા તૈયાર કરી રહ્યા છે.]

ગત ડિસેમ્બરમાં અમદાવાદ ખાતે યોજાએલા સાતમા 'ગુજરાત રાજ્ય કલાપ્રદર્શન' વિષે ગુજરાતના સામયિકોમાં ઔપચારિક નોંધો જ જોવા મળી! આશા હતી 'કુમાર' એકાદ બે કૉલમમાં આપશે. પરંતુ કેટલા ય કલારસિકોની મનમાં જ રહી ગઈ!
—રશ્મિકાંત દવે, —મનુભાઈ સાંગાણી
(જૂનાગઢ) —પ્રકાશ પાઠક

અંક ૫૨૦: ગઈ પેઢીના લગભગ બધા જ વિચારવંતો આ પેઢીની સ્વચ્છંદતાથી બેચેન છે. ખાંડેકર પણ, અને કર્નલ ભટ્ટ પણ. બીજા અનેકાનેક ફરિયાદ કરી ચૂકયા છે અને કરી રહ્યા છે. એક સામાન્ય નિયમ છે કે અંગુલિનિર્દેશ ટીકાત્મક પણ હોય તો એ પડતાંને ધક્કો મારવાનું જ કામ કરશે. શું ખરાબ છે એ મોટું કરી બતાવવા કરતાં ફાધર વાલેસના લેખો વધુ રચનાત્મક લાગે છે. એટલે ગઈ પેઢીના વડીલો બેચેન થવાને બદલે ઉકેલ આપી શકે તો આજનાં-આવતી કાલનાં નાગરિકોને ખરેખર દિશાસૂચક બની રહેશે. આજ કારણથી ફાધર વાલેસના લેખો આવકાર્ય બન્યા છે.

તરંગકથા મૌલિક હોય તો લેખક અભિનંદનને પાત્ર છે. 'મારી માન્યતા'નાં પાત્રોનાં વય ને સિદ્ધિ ટૂંકમાં જણાવવાં ઉપયોગી થશે. ફોટોકલાની મુલાયમ તસવીરો ગમી. 'ગુજરી' તથા 'ગઈ-ગુજરી'નાં બંને ચિત્રો એક જ વિષય છતાં એકદમ જુદાં બન્યાં છે. મનોહર રજૂઆત બનાવી છે.

આ અંકની શ્રેષ્ઠ વાનગી 'સીમન સીરાનિયમ'નું કાવ્ય છે. 'હેલ્પિંગ હૅન્ડ'નું મહત્ત્વ અજબ છે. નાનકડા પણ ચોટદાર રૂપક દ્વારા કવિએ જે વાત રજૂ કરી છે એનું કોઈ એવું જ ચોટદાર ચિત્ર બાઈબલના કોઈ ચિત્રકારે બનાવ્યું હશે. મળી શકે તો અવશ્ય રજૂ કરશો. પ્રેરણા મળે એવો પ્રસંગ છે. આવતા અંકથી 'કુમાર'નાં મહત્ત્વનાં બે અંગોની બદલીમાં શું રજૂ થાય છે એ જોવા આતુર છીએ.

'રીડર્સ ડાઇજેસ્ટ'માં એક લેખ શરીરની ખાસિયતો વિષે વાંચેલો. હસવું, છીંક, બગાસાં કેમ આવે છે? ખાલી કેમ ચડે છે? હેડકી કેમ આવે છે? વગેરે. આવી સાવ સામાન્ય ખાસિયત પાછળનું કારણ બહુ જ ઓછા જાણતા હશે. આવો એકાદ લેખ લખાવી રજૂ કરવા જેવો છે. 'ગેરસમજ' લઘુકથા બહુ ગમી.
(મુલુંદ) —રમેશ બી. શાહ

આત્મકથાનક વિષે અંક ૫૨૦માં વાંચી આ લખવા પ્રેરાયો છું. લખાણ ટૂંકું થાય તે ગમતું નથી; સાથોસાથ બહુ ધીરી ગતિ પણ ગમતી નથી. અને સને ૧૯૧૯ સુધી જ શા માટે? '૬૭ સુધી શા માટે નહિ? એટલે મારી તો આગ્રહભરી વિનંતી છે કે કલાજગતને-બલ્કે ગુજરાતને ખૂબ જ જાણવા અને પ્રેરણા મળે તે માટે લખાણ આખું પૂરું જ કરશો.
(ધોલેરા) —છોટાલાલ અં. જોષી

એપ્રિલ અંકની 'માધુકરી'માં, બધા જ અંગ્રેજી મૂળાક્ષરો આવી જતા હોય એવાં બે વાક્યો આપ્યાં છે. બ્રિટનમાં પ્રચલિત વાક્યની શરૂઆત Theથી કરી છે તે ભૂલ છે. ખરું વાક્ય છે: A quick brown fox jumps over the lazy dog. અમેરિકામાં પ્રચલિત વાક્ય (મેં એ કદી મારાં ત્યાંનાં ચાર વર્ષ દરમિયાન સાંભળ્યું ન હતું) તો તદ્દન નાખી દેવા જેવું છે. આ આખી બૌદ્ધિક રમતમાં ત્રણ મૂળભૂત નિયમો હોય છે: ૧) એકે વ્યંજન બની શકે ત્યાં સુધી બે વાર ન આવવો જોઈએ; ૨) સ્વર બે અથવા વધારે વાર ન આવે એ વાત શક્ય જ નથી, પણ કાંઈ નહિ તો એક જ સ્વર ઓછામાં ઓછી વાર ફરીફરી વાપરવો જોઈએ; અને ૩) વાક્ય અર્થહીન ન હોવું જોઈએ. ઉપર મેં સાચું વાક્ય આપ્યું છે. એમાં R એ એક જ વ્યંજન બે વાર આવે છે. (તમે કર્યું તેમ Theથી શરૂઆત કરો તો કુલ ત્રણ વ્યંજનો બે વાર આવે.) આમ બ્રિટનમાં પ્રચલિત વાક્ય બધા જ નિયમો પ્રમાણે આદર્શ છે. અમેરિકામાં પ્રચલિત(?)વાક્યમાં તો S પાંચ વાર અને N બે વાર આવે છે. આ એકમાત્ર વસ્તુ એ વાક્યને નાપાસ કરવા પૂરતી છે. વળી અર્થ પણ કેવો મચડીને બેસાડયો છે!
(ન્યૂ દિલ્હી) —સતીશ કાલેલકર

ઘેરથી આવેલા પત્રમાં 'કુમાર'નું લવાજમ ભર્યાના સમાચાર વાંચી હૃદય આનંદથી ઊભરાઈ ગયું. બચપણથી 'કુમાર' વાંચતો રહ્યો છું ને ઘેર તો છેક '૪૨થી નિયમિત આવે છે.

ડિસેમ્બર અંકમાં 'ન્યૂ યૉર્ક ટાઇમ્સ'ના ફેલાવા, એની નિયમિતતા, કાર્યદક્ષતા, વિશાળતા આદિની માહિતી આપતો જે લેખ છે એમાં એની 'તટસ્થતા' અંગેના ઉલ્લેખ સાથે અહીં આવ્યા પછીના અનુભવોથી સંમત થઈ શકતો નથી. પાકિસ્તાનના આક્રમણ વખતે, ભારતને અન્નની સહાય કરવાના પ્રશ્નની ચર્ચામાં, તેમજ ગૌવધબંધી જેવા પ્રશ્નમાં એ

પત્રે જે સમાચારો આપેલા ને લેખો છાપેલા એમાં તાટસ્થ્ય દેખાતું નહોતું. હિંદને નીચું પાડવાના પ્રયત્નો થતા હોય એવો ખયાલ એ વાંચતાં આવે એવું વધારે બને છે. 'All the news that is fit to print'નું એ પત્રનું સૂત્ર બરાબર સચવાતું હોય એમ મને હિન્દ વિષેના સમાચાર જોતાં લાગતું નથી.

(ન્યૂ યૉર્ક) —પ્રફુલ્લ પારેખ

~

માર્ચ અંકના પૃ. ૧૧૪ ઉપર ચંદ્રવદન મહેતાની 'માન્યતા'માં 'એમ એમ. મુલાણી'નો ઉલ્લેખ કર્યો છે, તેમાં 'એમ. કે. મુલાણી' ખરું નામ છે. તે મારા દાદા થાય છે. હાલ તેઓ પેન્શનર છે અને જાફરાબાદ જ રહે છે. મારા દાદા જ્યારે સુરત નોકરી કરતા હતા ત્યારે ચંદ્રવદનભાઈ તેમના શિષ્ય હતા.

(જાફરાબાદ) —મહાશ્વેતા મુલાણી

~

માર્ચ અંકની શબ્દકથા 'પરબ'માં પ્રાજન-માંથી પરોણા શબ્દની ઉત્પત્તિ જણાવી છે; પણ મારા મતાનુસાર 'પરોણા' શબ્દનું મૂળ તો 'प्राघूर्णिक' શબ્દમાં રહેલું છે; प्राजन=ફટકો મારવો કે ખોદવું એવો અર્થ થાય છે.

(ભાભર) —પૂનમપ્રસાદ એમ. અદેશ

*શ્રી ભાયાણીનો ઉત્તર :

'પરોણા'નો બીજો અર્થ 'આરવાળી લાંબી લાકડી' છે. આ માટે 'પરોણો' અને 'પરાણો' બંને શબ્દ પ્રદેશફેરે પ્રચલિત છે. તેવી નાની લાકડી (બળદને ઘોંચવાની) 'પરોણી' પણ કહેવાય છે આમાં 'પરોણા'ના મૂળમાં સંસ્કૃત 'પ્રાજનક' પ્રાકૃત 'પ્રાયણઓ' જણાય છે, અને 'પરોણો'ના મૂળમાં સંસ્કૃત 'પ્રતોદનક', પ્રાકૃત 'પઓણઓ' હોવા સંભવ છે. 'પરબ' વિષેની શબ્દકથામાં આ 'પરોણો'નો નિર્દેશ છે, અતિથિ અર્થના 'પરોણો'નો નહિ.

~

મને ડાબા પગે સાથળથી ઢીંચણ અને ઢીંચણથી પગની પીંડી તથા પોંચા-પાની સુધી ચાલતાં, બેસતાં, ઊઠતાં, બધી નસો ખેંચાય છે. ડાબા પગ ઉપર ઊભતી વેળા ખૂબ દુખાવો જણાય છે. આથી ચાલવું મુશ્કેલ થાય છે. આ માટે 'ઑર્થોપીડિક' ડૉક્ટરની સલાહ મુજબ ગોળીઓ, ઈન્જેક્શનો લીધાં અને 'ફીઝિયો ઑક્યુપેશનલ થેરપી સેન્ટર'માં ઇલેક્ટ્રિક શૉક વગેરે લીધા, પણ ખાસ ફાયદો જણાતો નથી. વાચકોમાંથી કોઈ આ બાબતમાં આસન વગેરેના તજ્જ્ઞ હોય અને સાચી સમજણ ધરાવતા હોય તો ક્યા આસન કે કસરતથી લાભ થાય તે જણાવવા કૃપા કરે. ડૉક્ટરો આને સાયેટિકા કહે છે; આપણી ભાષામાં રાંઝણ કહે છે. કોઇએ વળી એમ પણ કહ્યું કે ઑપરેશન કરાવી બે હાડકાં વચ્ચેની ગાદી સરખી કરાવ્યા વિના આ મટે જ નહિ. પરંતુ મને વિશ્વાસ બેસે છે કે યોગ્ય આસન-કસરતથી બે હાડકાં વચ્ચેની ગાદી સરખી થતાં બધું મટી જાય. ઑપરેશનનો હેતુ પણ એ જ છે. કોઈ જાણકાર આ બાબતમાં પ્રકાશ પાડશે તો મહાન ઉપકાર થશે.

(અમદાવાદ-૧૪) —ર. શુ. શાહ

~

લગભગ એક વર્ષ પહેલાં મેં 'કુમાર' લાયબ્રેરીમાં પ્રથમ વાર જોયું ત્યારે તેણે મને બહુ આકર્ષ્યો નહિ. એવું બેત્રણ વાર બન્યું. લગભગ ચાર માસ પછી ફરીથી તેનું વાચન કર્યું ત્યારે ખયાલ આવ્યો કે ગુજરાતનું જૂનામાં જૂનું માસિક 'કુમાર' આટલા લાંબા સમયથી પ્રસિદ્ધ કેમ છે ? નિયમિત ગ્રાહક બની શક્યો નથી તેનું દુ:ખ છે. ચેસની રમત વિષે સંપૂર્ણ માહિતીવાળું કોઈ ગુજરાતી પુસ્તક બહાર પડ્યું છે ?

(ગોધરા) —ભરતકુમાર રાઠોડ

[*'બુદ્ધિપ્રકાશ' 'કુમાર' કરતાં ૭૦ વર્ષ ને 'નવચેતન' એકાદ વર્ષ જૂનાં છે. 'શતરંજ'ના પુસ્તકની જાહેરાત આ અંકમાં જોશો.]

~

'કુમાર' વાંચવાની શરૂઆત તો હું ચંદ્રવદનભાઈના લેખથી જ કરું છું. આપણા માટે તે અશ્વઘોષના સારિપુત્ર નાટકનાં મૂળ પાનિયાંના ફોટોગ્રાફો લાવે. ઇચ્છું છું આપ એને 'કુમાર'માં સુંદર રીતે મૂકો અને કોઈ સંસ્કૃત વિદ્વાન પાસે એનો અનુવાદ કરાવી છાપો: હું પણ મરતાં મરતાં ૮૦ વર્ષની ઉમરે આપણા કવિઓને વાંચતો જાઉં. આપણું જે આપણે ન સાચવી શક્યા, એ જર્મનોએ બે બે યુદ્ધમાં ભસ્મીભૂત થયા છતાં સાચવ્યું. જર્મન વિદ્વાનોએ ચંદ્રવદનભાઈને કેટલા વિવેકથી, સત્ય પ્રેમથી આવકારીને સહાય કરી!

'કુમાર'માં જે ભાઈએ શેક્સપીઅરનાં નાટકો લખ્યાં તે સંસ્કૃત કવિઓ શરૂ કરીને અટકી કેમ ગયા ? હવે આપણે પણ કેટલા દિવસ ? બને તેટલું કરો, ભાઈ !

૫૧૯મા અંકમાં સ્વ. ડાહ્યાભાઈ ધોળશાજીનો અને સ્વ. ઘેલાભાઇનો બંને લેખ ખૂબ ગમ્યા. ૧૯૦૮માં દેશી કંપની ભાવનગર આવેલી ત્યારે એમનાં બધાં જ નાટકો જોએલાં. તેમાં 'ઉદયભાણ' તો છ સાત વખત. ત્રંબકની વાંકાનેર નાટક કંપનીનો ખેલ 'શેલબાળા' તો એક ગામડામાં લગ્નમાં ગએલો ત્યાં પંદર પૈસાનાં કાલાં ફોલ્યાં, અને ભાવનગર આવી જનેતા પાસેથી એક પૈસો લઈ ૧૬ પૈસાથી પીટ ક્લાસમાં બેસી જોએલો. નાટકનો અનુભવ અને ૭૦ વર્ષનો પણ મને કાંઈ થોડું જ લખતાં આવડે ? છતાં અનુભવો લખીલખીને એક પેટીમાં ભરી રાખ્યા છે.

(ભાવનગર) —શિવલાલ ફોટોગ્રાફર

~

'કુમાર'નો હું ગ્રાહક નથી, પણ ચાહક તો ખૂબ છું. પ્રત્યેક અંકની સામગ્રીથી સામાજિક તંદુરસ્તી અર્પતું 'કુમાર' સાચે જ અનુપમ છે. તેમાંની રસસભર સામગ્રીના મુકુટમણિ શા ફાધર વાલેસની 'વ્યક્તિઘડતર' લેખમાળાની પ્રશંસા માટે મારી પાસે શબ્દો નથી. મારી વિનતિ છે કે તે લેખમાળા પુસ્તકરૂપે પ્રકાશિત થઈ હોય તો તેની ઉપલબ્ધિ વિષયક માહિતી આપશો.* આપના સંપાદનને અને રેવ. ફાધર વાલેસને મારા ધન્યવાદ.

(નવસારી) —પી. સી. આચાર્ય

[*ગયા અંકમાં ફાધર વાલેસનો પત્ર હતો.]

~

૫૧૭ અંકમાં ફાધર વાલેસે ક્ષેત્રપસંદગી અને દિશાસૂચન વિષે લખ્યું છે, એ લખાણ અનેક જિજ્ઞાસુના જીવનપથ ઉજાળશે. ફાધર વાલેસને ગમે તેટલા ધન્યવાદ આપીએ તે ઓછા જ પડશે. હવે તો તેમનું સવિસ્તર જીવનચરિત્ર વાંચવાની આકાંક્ષા ઉદ્ભવે છે. ગુજરાતનાં સદ્ભાગ્ય કે અહીં ફાર્બસ આવ્યા, ભિક્ષુ અખંડાનંદ પાક્યા, કલાગુરુ રવિભાઈ થયા અને 'નવજીવન' નીપજ્યું.

ગુજરાત વિદ્યાસભા, ફાર્બસ સભા, સસ્તુ સાહિત્યવર્ધક કાર્યાલય, કુમાર કાર્યાલય, નવજીવન કાર્યાલય, આ બધાંએ જિજ્ઞાસુઓને જ્ઞાનામૃત પાવા સાથે દોરવણી આપી. જેવી જેની રુચિ અને શક્તિ એ પ્રમાણે પ્રેરણાથી વિકાસને પંથે વિચર્યા. આવી વ્યક્તિઓ પોતાને વ્યક્ત ભલે ન કરી શકતી હોય પણ ઘણી હોવા સંભવ છે.

મારી જ્ઞાનભૂખ ગજા પ્રમાણે સંતોષવામાં આ બધી સાહિત્યસંસ્થાઓની મને ખૂબ મદદ મળી છે. આમાં 'કુમાર'નો સવિશેષ ફાળો છે. મારામાં જે ન હતું અને જીવન જીવવામાં જેની ખાસ જરૂર હતી તેનું ઘણાએ આપ્યું. આથી મારી જાતને ધન્ય ગણું છું.

(મોરબી) —ભૂરભા જાડેજા

મે ૧૯૫૭ · અંક ૫૨૧

અનુક્રમણિકા

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૧૫; પરદેશમાં રૂ. ૨૮ અથવા શિ૦ ૨૭; છૂટક નકલ : રૂ. ૧-૫૦

આવતી કાલનાં નાગરિકો માટેનું જ્ઞાન અને સંસ્કારઘડતરનું માસિક **કુમાર** ૫૨૧

તંત્રી બચુભાઈ રાવત

વ્યક્તિઘડતર · ૨૩

શ્રેષ્ઠતા

રેવ૦ ફાધર વાલેસ

'ચાલશે' જેવો ઘાતક શબ્દ આપણા શબ્દકોશમાં બીજો નથી.

વાંચવો હતો તો આખો અભ્યાસક્રમ, પણ સારો એવો ભાગ વાંચ્યા પછી લાગ્યું કે બાકીનો નહિ કરીએ તો યે ખાસ વાંધો નહિ આવે; એટલે 'ચાલશે' કહીને અધૂરી તૈયારીએ પરીક્ષામાં બેઠો.

કરવાનો હતો વિજ્ઞાનનો ચોક્કસ પ્રયોગ, પણ છેલ્લે દશાંશમાં ખાસ્સો ફરક હોવા છતાં નવેસરથી કામ ફરીથી શરૂ કરતાં આળસ આવી, એટલે 'ચાલશે' બબડીને પ્રયોગ-પોથી પર અધ્યાપકની સહી લીધી.

રમવાનું હતું હરીફાઈની છેલ્લી રમતમાં. અઠવાડિયા સુધી રોજ સૌએ આવી-મહાવરો કરવાનું નક્કી કરેલું. પણ એક આવે ત્યારે બીજો ન આવે. અંતે 'ચાલશે'-નો મંત્ર ભણીને સીધા મેદાનમાં ઊતર્યા.

અને આગળ જતાં, નોકરી-ધંધે ચડતાં વેપારીની દુકાનમાં હલકો માલ આવ્યો હોય ત્યારે 'ચાલશે' કરીને એ ઘરાકોને ધકેલી દેવાય; ઉદ્યોગપતિના કારખાનામાં કુશળ કારીગરો ન હોય ત્યારે પણ 'ચાલશે' કહીને બજારમાં ખામીવાળાં નંગ મુકાય; એંજિનીઅરની ગણતરી ચોક્કસ ન હોય ત્યારે 'ચાલશે'ને પરિણામે સડક વાંકીચૂકી દોરાય, ને પુલ નદીને ભેટવા ક્યારે ઝૂકી પડે એ કહેવાય નહિ એવો બંધાય.

આમ, સાચું પણ નહિ ને સાવ ખોટું પણ નહિ, સ્વીકાર્ય પણ નહિ કે એકદમ અસ્વીકાર્ય પણ નહિ, કેટલું ચાલશે એ કહેવાય નહિ પણ કંઈક 'ચાલશે' તો ખરું, એ રીતે ઘરનો વ્યવહાર અને ઑફિસનું કામકાજ, બૅંકનો હિસાબ ને મિલની કામગીરી, બજારનો વેપાર ને વર્ગનો અભ્યાસ ચાલે છે, અને અંગત જીવન તથા સમાજ-તંત્ર ખોરવાઈ જાય છે. 'ચાલશે'નો અભિશાપ આપણને ચોંટ્યો છે. જો આ એક જ શબ્દ આપણા શબ્દકોશમાંથી—અને આપણા લોહીમાંથી કાયમ માટે નાબૂદ કરીએ તો એકઝપાટે આપણું અંગત તેમજ સામાજિક જીવન સુધરી જાય.

વિમાન ઉડાડવાની તૈયારીરૂપે જે અનેક સૂક્ષ્મ ગણતરીઓ કરવાની હોય છે એ કરી-કરીને અધીરો વિમાની કંટાળી ગયો, એટલે રોજના અનુભવ પરથી આંકડા બેસાડીને કળ—ચાંપ ગોઠવી દીધી. એમાં બદલાતા હવામાન અનુસાર સુધારો કરવાનું એ ભૂલી ગયો. દિવસની વધતી ગરમીમાં વિમાનનું વજન વધુ લાગવાથી વિમાન ઊંચું થઈ શક્યું નહિ અને અંદર બેઠેલા બધા જીવ સાથે તે એક મકાન સાથે અથડાયું. બેદરકારીનું પરિણામ મોત આવ્યું. શુક્ર ગ્રહ તરફ પ્રથમ અમેરિકન ઉપગ્રહ છોડાયો ત્યારે એક કોણની કોજ્યાની ગણતરીમાં સહેજ ભૂલ પડી એટલે ઉપગ્રહ આડી કક્ષાએ ચડ્યો ને આખો પ્રયોગ નિષ્ફળ ગયો. કેટલા અકસ્માતો ને નિષ્ફળતાઓનાં મૂળમાં કોઇએ ઉચ્ચારેલો 'ચાલશે' ઉદ્‌ગાર હશે!

વ્યક્તિના બંધારણમાં એવી કચાશ નહિ પાલવે. જીવનઘડતરમાં એવી ઢીલાશ નહિ પરવડે. યુવાન હૃદયમાં એવી કૃપણતા નહિ શોભે. 'ઓછામાં ઓછું કેટલું તૈયાર કરવાથી પરીક્ષામાં પાસ થવાય' એમ નહિ, પણ મારાથી વધારેમાં વધારે કેટલું તૈયાર કરી શકાય એ સાચી વૃત્તિ છે. કયા ખૂણામાં ભરાઇને જીવન સહીસલામત પસાર કરી શકીશ એમ નહિ, પણ કયેકયે મોરચે જઇને મારા આદર્શોમાટે લડીશ એ ખરી આકાંક્ષા છે. પાંખો મળી છે તે ઊડવા માટે. ગરુડ જો આકાશનાં ઉડ્ડયન છોડીને મરઘીની જેમ જમીન પર પાંખો ફફડાવીને આમતેમ ફરે તો કેવું હસવું — ને કેવી દયા આવે!

દરેક કામમાં મન મૂકીને, પ્રાણ પૂરીને અને 'મારા કામમાં ઊણપ ન આવે' એવી ભાવનાથી એ કામ કરવું જોઇએ: પછી ભલે એ પ્રદર્શનમાં મૂકવાનું હોય કે ફેંકી દેવાનું હોય. મારું કામ છે એટલે મારા આત્માનો આવિર્ભાવ છે, મારા વ્યક્તિત્વનું પ્રતિબિંબ છે, મારા આદર્શનો પ્રતિનિધિ છે. મારા હાથના કામમાં ખામી નહિ સાંખી લેવાય.

ઇટાલીના મિલાનો શહેરમાં વિશ્વવિખ્યાત દેવાલય બાંધતી વખતે કેટલીક મૂર્તિઓ એવી ઊંચી ને ભિડાતી જગ્યાએ મૂકવાની હતી કે કોઈની નજર ત્યાં સુધી ન જ પહોંચી શકે; તો પણ શિલ્પકાર પોતાના કામમાં લીન થઇને એક એક રેખામાં ને મરોડમાં પોતાની કલા ઠાલવીને મૂર્તિઓ કોતરતો હતો. એક મિત્રે એ જોઇને ટીકા કરી: 'આ મૂર્તિ પર કોઈની નજર સરખી યે પડવાની નથી, તો પછી એની પાછળ આટલી બધી મહેનત કેમ ઉઠાવો છો? જેમતેમ કરીને ઝટ પતાવી દેશો તો ત્યાં તો ચાલશે.' શિલ્પીએ મૂર્તિમાંથી આંખો ઊંચી કર્યા વગર જવાબ આપ્યો: 'મારી કૃતિ છે એટલે શ્રેષ્ઠ જોઇએ; પછી ભલે કોઈ એ જુએ કે ન જુએ. હું તો જોઉં છું, અને… કોઈ નહિ તો ભગવાન તો જોશે જ ને?'

'મારી કૃતિ છે એટલે શ્રેષ્ઠ જોઇએ' એ કલાકારનો આદર્શલેખ છે અને જીવનઘડતરનો અગ્રસિદ્ધાંત છે. મારે હાથે કાચું કામ નહિ શોભે; મારી મર્યાદાઓ તો છે જ પણ એમાં રહીને મારાથી જેટલું સારામાં સારું કામ થઈ શકે એટલું હમેશ વ્યવહારમાં ઉતારવાનો મારો આગ્રહ રહેશે; મારું કામ છે એટલે-મારા પ્રમાણમાં ઉત્તમ જ હોય.

યુવાન માઈકલાંજેલોની કેટલીક શિલ્પકૃતિઓ ચોરાઈ અને બીજાના નામે વેચાઈ

ત્યારે એને ખૂબ લાગી આવ્યું, અને જે મૂર્તિ પોતે ઘડી રહ્યા હતા એના ઉપર જ મોટા અક્ષરોથી પોતાનું નામ કોતરી દીધું. પણ એ ઉપાય બેહૂદો લાગતાં એમણે મન-સૂબો કર્યો કે મારી એક-એક કૃતિ હવે પછી એવી થશે કે તે જોતાંવેંત એ માઈકલાં-જેલોની જ છે એની સૌકોઈને પ્રતીતિ થઈ જશે. સ્થૂળ અક્ષરોથી નહિ પણ મારો પ્રાણ મારી દરેક મૂર્તિમાં રેડીને હું તે મારી કૃતિ તરીકે ઓળખાવીશ. અને ખરેખર, આજના કલાનિષ્ણાતો પણ માઈકલાં-જેલોની એક-એક મૂર્તિમાં ને એક-એક ચિત્રમાં એમની આગવી છાપ પારખી શકે છે.

મારા જીવનઘડતરમાં, મારા અંતરના ચિત્રમાં પણ એવી છાપ ને એવી કારીગરી જોઈએ. 'કૉપીરાઈટ'ના કાયદાને જોરે નહિ, પણ મારા આત્માના પ્રભાવથી મારું કામ ને મારું જીવન ખરેખર મારાં જ છે એ હું સિદ્ધ કરી દઈશ; મારી સહી ન હોય તો યે કાગળ મારો છે એમ વાંચનારને થાય એવી રીતે હું લખીશ; ભજનની છેલ્લી કડીમાં 'ભણે નરસૈંયો'ન આવે તો યે ભજન નરસૈંયાનું જ છે એની પ્રતીતિ આપોઆપ થાય એવી રીતે મારું જીવનકાવ્ય હું રચીશ.

'કેટલું' કરો છો એ નહિ, પણ 'કેવી રીતે' કામ કરો છો એ મુદ્દાની વાત છે. કામની 'વિપુલતા' નહિ પણ 'શ્રેષ્ઠતા' સાધવાનો આદેશ છે. દુનિયામાં શ્રેષ્ઠ જાતનાં વાયોલિન બનાવનાર સ્ત્રાદિવારી નામે સત્તરમી સદીના તંતુવાદ્યોના કારીગર હતા. તેમને હાથે થોડાં જ વાયોલિન સર્જાયાં હતાં. ('સર્જાયાં' શબ્દ અહીં સહેતુક વાપર્યો છે; કારણ કે એમને માટે દરેક વાયોલિન એક નવું સર્જન હતું.) એનાં થોડાં વાયોલિન હજી દુનિયામાં છે, અને દરેકની કિંમત લાખો રૂપિયામાં અંકાય છે; અથવા ખરું કહીએ તો તેની કિંમત છે જ નહિ, કેમ કે તેના માલિકો એ બીજાના હાથમાં જવા દેવા તૈયાર નથી. પોતાની એ ઉત્તમ કામગીરીને પ્રતાપે વાદ્યોના કારખાનાના એ મામૂલી કારીગરનું નામ અમર બન્યું.

ફ્રાન્સના અગ્રણી તત્ત્વચિંતક સાર્ત્રની આગળ તેમના એક શિષ્યે એક દિવસ ફરિયાદ કરી કે 'આપે પ્રમાણમાં ખૂબ ઓછાં પુસ્તકો લખ્યાં છે', ત્યારે એમણે જવાબમાં કહ્યું : 'મેં લખ્યું છે તો ઘણું, પરંતુ મારાં લખાણોનો ફક્ત પાંચમો ભાગ મેં છપાવીને પ્રસિદ્ધ કર્યો છે;' અને ઉમેર્યું : 'જો મારાં બધાં જ લખાણો મેં પ્રગટ કર્યાં હોત તો મને આટલી ખ્યાતિ મળી ન હોત, અને તમે મારા શિષ્ય ન પણ હોત!' એ શ્રેષ્ઠતાએ એમને સાક્ષરોના કીર્તિમંદિરમાં સ્થાન અપાવ્યું.

શ્રેષ્ઠની ઉપાસના એ કલામાં ને વિજ્ઞાનમાં, ધર્મમાં ને જીવનમાં વિજય અપાવનાર મંત્ર છે. લોકો મારું કામ જુએ કે ન જુએ, તેની કદર કરે કે ન કરે, મને શાબાશી આપે કે ન આપે, તો યે હું સંપૂર્ણ નિષ્ઠાથી અને મારી શક્તિના ઉચ્ચતમ ધોરણ મુજબ મારું એ કામ કરતો રહીશ; પરીક્ષા હોય કે ન હોય તો યે હું સરખી રીતે વાંચીશ; કસોટીના ગુણ છેલ્લા પરિણામ માટે ગણાય કે ન ગણાય તો યે હું તે સરખી કાળજીથી લખીશ; ક્રિકેટ-મૅચ ટ્રૉફી માટેની હોય કે ખાલી 'મૈત્રી-રમત' હોય તો યે હું સરખા ઉત્સાહથી રમીશ; સ્થૂળ વળતરની આશા નહિ, પણ મારા લાયક કામ કર્યાનો આત્મ-સંતોષ એ મારું પ્રેરક બળ હશે. મનના આ વલણને કલાકારો 'કલા ખાતર કલા', દાર્શનિકો 'કર્તવ્યબુદ્ધિ', ને ધર્મગુરુઓ 'નિષ્કામ કર્મ' કહે છે; પણ છે તો જુદીજુદી પરિભાષામાં એક જ સિદ્ધાંતનાં ભાષાંતર : કામને અર્થે જ કરેલું ઉત્તમ કોટિનું કામ.

પૂજામાં દેવમૂર્તિને ચોખા ચડાવે છે એ ચોખાના દાણા અખંડ, અણિશુદ્ધ અક્ષત હોવા ઘટે. સો સારા દાણા ભેગો એક તૂટેલો હોય તો 'ચાલશે' (ફરી પાછો એ અપશુકનિયાળ શબ્દ!) એમ માને તે સાચો પૂજારી નથી. આપણું જીવન પણ એક યજ્ઞ છે; દિવસે દિવસે, દાણે દાણે હૃદય-મંદિરમાં બિરાજતા અંતર્યામીના ચરણની આગળ આપણું એક-એક કાર્ય આપણે અર્પણ કરતા જઈએ છીએ. એવું એકએક કાર્ય વિશુદ્ધ, શ્રેષ્ઠ, અક્ષત રાખવાનો જેને દિલથી આગ્રહ ન હોય તે સાચો જીવન-પૂજારી નથી.

સાચું બ્રાહ્મણત્વ

આજે શિક્ષિત મનુષ્ય-સમાજ સામે સૌથી મોટું સંકટ એ આવીને ઊભું છે કે દરેક કામ વ્યવસાય અને ધંધાનું રૂપ ધારણ કરતું જાય છે. દાખલા તરીકે ડૉક્ટર કે પત્રકારનાં કાર્ય લો. બંને કામ લોકહિતકારી અને સેવાભાવનાં જ છે. જો ડૉક્ટરનું મુખ્ય લક્ષણ રોગીના કષ્ટનું નિવારણ હોય તો તે માનવસમાજ માટે વરદાન રૂપ છે, પરંતુ તેનો ઉદ્દેશ પૈસા પેદા કરવાનો હોય તો તે અભિશાપ રૂપ થઈ જાય છે. આ જ હકીકત પત્રકારત્વ પરત્વે છે. તેને પ્રજાનાં મન અને હૃદયને પ્રભાવિત કરવાનો દુર્લભ અવસર મળે છે. જો તે આ અવસરને માનવજાતમાં સદ્ભાવના અને જાગૃતિ આણવાના ઉપકારી કામમાં લગાડે તો ધન્ય કહેવાય; પણ જો તે મનુષ્યો વચ્ચે, વર્ગો વચ્ચે અને દેશો વચ્ચે વૈમનસ્ય પેદા કરી પોતાના આર્થિક સ્વાર્થમાં લાગી જાય તો તેના કરતાં મોટો માનવજાતનો બીજો કોઈ શત્રુ નથી.

શિક્ષકનું પદ તો ડૉક્ટર કે પત્રકાર કરતાં પણ ઊંચું છે, કારણ કે તે તો આખા ભાવિ રાષ્ટ્રનો નિર્માતા છે. રાષ્ટ્ર પોતાનાં બાળકોને શિક્ષકોને સોંપીને નિશ્ચિંત થઈ જાય છે. એક રીતે તો શિક્ષકો રાષ્ટ્રની માનવી-થાપણના રક્ષકો છે. આવી મોટી જવાબદારી ઉઠાવવા માટે તેમનામાં આટલા ગુણ હોવા જોઈએ: (૧) તે ચારિત્ર્યવાન હોય; (૨) પોતાના વિષયના વિદ્વાન હોય; (૩) શિક્ષણપદ્ધતિના જ્ઞાતા હોય, માત્ર 'પંતુજી' ન હોય; (૪) રાષ્ટ્રીયતાની ભાવનાવાળા હોય; અને (૫) તે શિક્ષણને કર્તવ્ય—'ધર્મ' માને, 'નોકરી' નહિ.

…અધ્યાપકપણું એ કેવળ 'આજીવિકા' નથી તે એક 'સાધના' છે, તપસ્યા છે; પણ 'તપસ્યા'નો એવો પણ અર્થ નથી કે કોઈ પણ રાષ્ટ્ર પોતાના શિક્ષકોને 'દરિદ્ર' રાખે. યાદ રાખવું જોઈએ કે કોઈ પણ દરિદ્ર શિક્ષક સંતોષપૂર્વક વિદ્યાદાન નથી દઈ શકતો. રાષ્ટ્રનું એ કર્તવ્ય છે કે તે શિક્ષકોના નિશ્ચિન્ત નિર્વાહની સંતોષપ્રદ વ્યવસ્થા કરે; અને શિક્ષકો 'ત્યાગભાવનાથી' કામ કરે. એનો અર્થ એ કે તે વિલાસ અને અમીરીપણા પાછળ ન જતાં મધ્યમ વર્ગના સાધનસંપન્ન અને શિષ્ટ જીવનમાં સંતોષ માને. તેઓ પોતાના અધ્યાપનને પોતાનો 'ધર્મ' માને, 'આજીવિકા' નહિ. એ જ સાચું બ્રાહ્મણત્વ ગણાય.

આચાર્ય ઇન્દ્ર

મથું[1] / ચન્દ્રકાન્ત શેઠ

·ગાન·

લોચનને જલ સૂરજ બાંધી, સ્મિતમાં બાંધી ચાંદ.
પદછાયામાં રાત વીંટાળી મનને મારે પાંદ
ચોઢી હું બાળપણાને અંગૂઠાને ટેરવે મૂકી ચાખવા મથું!

ક્યાંક કોલાહલભારથી લચ્યા કાન,
તો છે ક્યાંક ગીત વિનાના અડવા કોમળ હોઠ;
કોઈ ખૂણામાં રણની સાથે વધતો જે સૂનકાર
ત્યાં જાગી ઝાંઝવાંનાં મૃગ કરતાં દોટંદોટ,
એ રણે શ્વાસનો લાંબો લય વાવી મુજ
રાગને ફૂલે ખીલતો ચોગમ વ્યાપવા મથું!

કોઈની આંખે અંધારાની ઊઘડે પેલી પાર,
ને એને ફરતા ઝૂલે ઉરના હીરક તાર,
એ તારે ભીતરના મુજ આભને આજે સાંધવા મથું,
ઊડતું જતું ખગ પાછું કો' વાળવા મથું!

વહી ગયાં તમે[3] / ગોપાલ સોલંકી

·પૃથ્વી·

સુણી કથની (ઘૂમતા દિવસરાત અબ્ધિતટે
કશી ય પરવા વિના લઘુક વૃક્ષની ઓથમાં
બનાવી મઢુલી અશી) ફકીર મસ્તની, છોડીને
તમે સ્ફટિક શ્વેત રમ્ય નભચુંબી પ્રાસાદને
વસેલ અહીં આવી, ને કરી લીધી તમારી જગા
મઢુલી મહીં; રે, વસ્યાં. તટપરે હવે ઘૂમતાં
વીણી વિવિધ શંખલાં કરત એકઠાં; સાંજ ને
સવાર બસ રંગછોળ નિરખંત આનંદતાં...

વહ્યા દિવસ એમ સ્વપ્ન સમ. એકદા સાંજના
તટે ઉભય બેસીને ઘર બનાવતાં વેળુમાં
બનાવી મઢુલી લઘુ હુબહુ આપણી મેં; તમે
હતાં અતીવ વ્યગ્ર મ્હેલ રચવા; થતાં નિષ્ફળ
હસ્યો, જલધિ યે હસ્યો; વહી ગયાં તમે રોષમાં!

અને અહીં મઢુલી મ્હેલ પદચિહ્ન એ ભૂંસતો
હજી જલધિ ઊછળે...

૧ સ્પષ્ટ વાચ્યાર્થને બદલે કલ્પનારંગી ધ્વનિત આલેખન વડે ('લોચનને જલ સૂરજ બાંધી' વગેરે) પોતાની અનુભૂતિનું સૌંદર્ય આપણામાં સંક્રાન્ત કરવા આજનો કવિ મથે છે. પાંદડા પર અંગૂઠો ચૂસતા સૂતેલા બાલકૃષ્ણના ચિત્ર દ્વારા શૈશવની માધુરી સ્મરીને, આજના જંજાળ જડતા ને ઝાંઝવાંથી વ્યાપ્ત જગતમાં સૌંદર્યસ્થાપના કરવાની એવી મથામણ. ૨. (નીચે) એ જ રીતે નિરૂપેલી કરુણ ભેંકારતા. ૩. (ઉપર) ફકીરની મસ્તીથી સમુદ્રતટે મઢૂલી બાંધીને રહેનારના ખબર સાંભળીને, મોટો મહેલ છોડી આવીને મામૂલી મઢૂલીમાં વાસ તો કર્યો; પણ એ મોદભર્યા જીવનમાં યે પાછો મહેલ ઊભો કરવાની મથામણ નિષ્ફળ જતાં રોષથી વિદાય લીધી—અને પાછળ મઢૂલી તથા મહેલ બંને વિલય પામ્યાં.

ભૂતાવળનું ગીત[2] / હરિકૃષ્ણ પાઠક

·ગાન·

લેખડની ધારે ચડી ડોકિયું કરીને
ઘેલા ખીજડાએ સાંભળ્યું જ્યાં રેતીનું ગીત,
સૂરજ નમ્યો ને જરી અજવાળાં ઓસર્યાં
ત્યાં બાવળમાં અટવાયું બોરડીનું ચિત્ત!

ટીંબામાં પોઢેલો ફરક્યો જ્યાં ભૂતકાળ,
ઝાડ-પાન-ઝાંખરાંની ફફડી ગૈ પાંખ;
તરસ્યું તળાવ મેહ વરસ્યાની વાત કરે,
સાંભળતાં ચૂઈ પડી સૂરજની આંખ!

સળગ્યું મસાણ જ્યાં અઘોરીની આંખોમાં
ગીધડાંની પાંખોમાં સરક્યું મેદાન,
વાયકાના વાયરાને હૈયે શી વાત ચડી—
સૂસવતો છૂટ્યો એ ભૂલીને ભાન!

રડવડતી રાત ક્યાંક અટવાણી વાટમાં,
પગલાં પરખીને એના સળવળ્યા કંઈ જીવ,
રાફડાને રોમેરોમ દીવા ઊગ્યા
ને પણે ઝાંખરિયા માળાના ફફડી ગ્યા જીવ!

લેખડની ધારે ચડી ડોકિયું કરીને
ઘેલા ખીજડાએ સાંભળ્યું જ્યાં રેતીનું ગીત,
સૂરજ ડૂબ્યો ને પછી અંધારાં ઊતર્યાં
ત્યાં બાવળમાં અટવાયું બોરડીનું ચિત્ત!

ગ્રીષ્મ-ગાય / ઉશનસ્

·ગાન·

કંઈ તડકે તપતી ઝૂંપડી,
ને કંઈ ઝૂંપડે લીંપી છાંય,
કે છાંયમાં ઊંઘ્યા કરે એક ગાય.

કંઈ અરધી ઊઘડી આંખડી
ને કંઈ ઝંઝા ઘૂમરી ખાય,
કે એની ઊનીઊની લૂ વાય.

એને અધમીંચેલે પોપચે
તે કંઈ મૃગજળ મલકી જાય,
કે વગડો તરવર તરવર થાય.

કંઈ જડબું આછું હાલતું
ને કંઈ તડકા વાગોળાય,
કે ખડની ગંજી ઓછી થાય.

કંઈ ચમકી ઊઠે ચામડી
ને કંઈ થરકી ઊઠે કાય,
કે મનમાં મેહુલિયો ઘેરાય...

કંઈ તડકે તપતી ઝૂંપડી
ને કંઈ ઝૂંપડે લીંપી છાંય
કે છાંયમાં ઊંઘ્યા કરે એક ગાય.

હાઈકુ

નભની છાયા
કાંઠે વસ્ત્ર ઉતારી
ન્હાય નદીમાં.

ભીંત પરેના
સાબરસિંગે હવા
ફેરવે હાથ.

પાંખ શબ્દની
રહેરી હવામાં ઊડે
મૌનની પરી.

હજી સાંભળું
પગલાં વસંતનાં
ખર્યાં પર્ણમાં.

અરધી રાતે
શ્વાન ચાવતું સાવ
સૂકું એકાંત.
(ઉષા પારેખ)

卐

પરોઢે ગાયું
હાલરડું, ને ઉડુ
પાંપણ ઢાળે.
(લાભુભાઈ પંડ્યા)

'બાળપણમાં મેં એક પરદેશી અને એક બર્મી મુક્કાબાજ વચ્ચેની કુસ્તી જોએલી. ત્યારે મને એક ક્ષણ માટે યે એવો વિચાર આવેલો કે મારો દેશવાસી બર્મી એમાં જીતે તો સારું.'

રમત માટેના આવા શુદ્ધ કુતૂહલ સિવાય અન્ય કશો પક્ષિલ ભાવ ઊગતી વયે પણ જેના અંતરમાં ઊગ્યો ન હતો, એવો માણસ આજે વિશ્વમાનવ જેવા મહત્ત્વના પદે—જગતભરની પ્રજાઓના સંયુક્ત રાષ્ટ્રસંઘ 'યૂનો (યુનાઈટેડ નેશન્સ ઑર્ગેનિઝેશન)'ના મંત્રીપદે હોય એ તદ્દન સ્વાભાવિક છે. અને, દુનિયાના દેશો વચ્ચેના આંતરરાષ્ટ્રીય સંબંધો સુધારવામાં સૌથી શ્રેષ્ઠ પ્રયાસ કરનાર વ્યક્તિને આપવા માટે શરૂ થએલા, એક લાખ રૂપિયાના 'નેહરુ-પુરસ્કાર'ના પ્રથમ વિજેતા પણ એ જ માણસ ઠરે એ સર્વથા યોગ્ય હતું. એ પુરસ્કાર લેવા એ વિશ્વમાનવ હમણાં ગયા માસમાં ભારત આવી ગયા.

ઈ. ૧૯૬૧માં યૂનોના મંત્રી દાગ હૅમરશીલ્ડનું એક વિમાની દુર્ઘટનામાં અવસાન થતાં એ પદે સંયુક્ત રાષ્ટ્રસંઘ ખાતેના બ્રહ્મદેશના આ પ્રતિનિધિની કામચલાઉ નિમણૂક જ્યારે થઈ ત્યારે ભાગ્યે જ કોઈએ ધાર્યું હશે કે તેઓ મરહૂમની એ જગ્યા, બાકી રહેલી એક વર્ષની મુદત માટે સંભાળી રાખવા સિવાય વિશેષ કંઈ કરી શકશે. પણ પછી, દાગની એ જગ્યા પર ત્રણ માણસોની બનેલી કોઈ કમિટી અથવા રશિયાની 'ટ્રૉઈકા' જેવી વ્યવસ્થા સ્થાપવાની રશિયાની દઢાગ્રહી દલીલને નમી પડવાને બદલે તે સામે ખપી જવા તૈયાર એવા આ શાંત છતાં સહાગ્રહી મુત્સદ્દીએ પોતાની કામગીરીથી આખું ચિત્ર પલટી નાખ્યું.

હજી એ કામચલાઉ મહામંત્રી હતા ત્યારે જ, ૧૯૬૨માં ક્યૂબાનો કપરો પ્રશ્ન ઊભો થયો અને તે અંગે સંયુક્ત-રાષ્ટ્રસંઘ-દિને એમણે પ્રવચન આપતાં એ પ્રશ્ન પર ટકરાઈ પડેલી વિશ્વની બે મહાસત્તાઓ—અમેરિકા ને રશિયા-ને બે કે ત્રણ અઠવાડિયાં માટે થોભી જવા અપીલ કરી. સોવિયેટ-પ્રતિનિધિ ઝૉરીને તરત જ એનો વિરોધ કરતાં જણાવ્યું કે આ પ્રશ્નમાં મૉસ્કો અને વૉશિંગ્ટનને એક સરખાં ગુનેગાર ગણવાં એ તાટસ્થ્યનો સરિયામ ભંગ છે, અને એ જ બતાવે છે કે ઊ-થાંની જગ્યા પર 'ટ્રૉઈકા'ની જરૂર છે. એ વેળા તરત જ ઊ-થાંએ નમ્રતાથી, પણ જરા યે વિચલિત થયા વિના, ઝૉરીનને આહ્વાન આપ્યું કે ટ્રીબ્યૂનલ પાસે જઇને મને ઉતારી પાડીને ખસેડવાની માગણી કરી શકો છો! ત્યાં તો થોડી જ વારમાં ઝૉરીનને ખ્રુશ્ચોવનો તાર મળ્યો, જેમાં ઊ-થાંની દરખાસ્તને સ્વીકારી લેવાનો આદેશ હતો. ત્યાર પછી 'ટ્રૉઈકા'ની એવી દરખાસ્ત સાંભળવા ન મળી, એટલું જ નહિ પણ કામચલાઉ મહામંત્રીપદનું વર્ષ પૂરું થતાં એમને બીજાં ચાર વર્ષ માટે મહામંત્રી તરીકે સર્વાનુમતે પસંદગી મળી.

જગતભરના માંધાતાઓ સામે પોતાની નિર્ભીકતા અને અવિચલિતતાનો આવો પરિચય કરાવનાર આ શાંતમના રાજપુરુષનો જન્મ ઈ. ૧૯૦૯ના જાન્યુઆરીમાં બ્રહ્મદેશની ઈરાવદી નદીના કાંપ પ્રદેશમાં એક ગર્ભશ્રીમંત જમીનદાર કુટુંબમાં થયો હતો. પોતાના વતનની નૅશનલ હાઈસ્કૂલ અને રંગૂન યુનિવર્સિટીમાં અભ્યાસ કરી તે પિતાના મૃત્યુ બાદ પોતાની શાળામાં અંગ્રેજી ને ઈતિહાસના શિક્ષક તરીકે જોડાયા. ઈ. ૧૯૪૭માં બ્રહ્મદેશની સ્વાતંત્ર્ય-ચળવળમાં 'એન્ટી ફાશિસ્ટ પીપલ્સ ફ્રીડમ લીગ'ના પ્રચારક-નિયામક બની એમણે જાહેર કારકિર્દીની શરૂઆત કરી. એ પછી તેઓ બ્રહ્મી સરકારના વડા અખબારી-અધિકારીના પદે, નિમાયા અને એ જ માર્ગે પ્રગતિ કરતાંકરતાં બ્રહ્મદેશના પ્રથમ વડા પ્રધાન ઊ-નૂના અંગત મંત્રી ને પ્રવક્તા બન્યા, જે દરજ્જે તેઓ ઊ-નૂના મુખ્ય સલાહકાર તરીકે ૧૯૫૫ની બાડુંગ પરિષદ તેમજ ૧૯૬૧માં બેલગ્રેડમાં ભરાએલા તટસ્થ રાષ્ટ્રોના સંમેલનમાં એમને પડખે છાયાની જેમ વળગેલા રહ્યા. ઈ. ૧૯૫૨માં સંયુક્ત રાષ્ટ્રસંઘમાં બ્રહ્મદેશના પ્રતિનિધિમંડળના એક સભ્ય તરીકે એમની નિમણૂક થઈ, અને પાંચ વર્ષ બાદ એ મંડળના વડા તથા યૂનોમાં કાયમી પ્રતિનિધિ બન્યા. ત્યાં એમની તટસ્થ ને તેજસ્વી કામગીરીએ યૂનોની આંતરરાષ્ટ્રીય વિકાસભંડોળ સમિતિ, કૉંગોના સમાધાન-પંચ, અલ્જીરિયા અંગેની આફ્રો-એશિયન દેશોની ખડી સમિતિ, વગેરે મહત્ત્વની સમિતિઓ પર એમની નિમણૂક કરાવી અને તેમાં એમણે કૉંગોમાં કાયદો ને વ્યવસ્થા સ્થાપવામાં, અલ્જીરિયાના સંઘર્ષનો સાવધાનીપૂર્વક અંત લાવવામાં તથા ક્યૂબા ને હંગેરીના પ્રશ્નોને ઉકેલવામાં જે પ્રમાણિકતા ને પ્રતિભા, મક્કમતા ને મુત્સદ્દીગીરી, તથા કાર્યદક્ષતા બતાવ્યાં તે વડે તે જગજાણીતા થયા.

પોતાની એ કારકિર્દી દરમ્યાન 'યૂનો'ની ધરતી પર ઘણા આંતરરાષ્ટ્રીય પ્રશ્નોના જ્વાળામુખી ભભૂકતા હતા અને જગતના રાજકારણીઓ એ અગ્નિને સંકોરી રાખતા હતા. સાઈપ્રસમાં તંગદિલી હળવી કરવાના, આફ્રિકાની રંગભેદની નીતિ હઠાવવાના અને વિયેટનામમાં શાંતિ સ્થાપવાના રાષ્ટ્રસંઘના પ્રયાસો નાકામયાબ નીવડતાં તેઓ એ પદે ચાલુ રહેવા ઇચ્છતા ન હતા. પરંતુ અંતે તો યૂનોના મહામંત્રીપદના બાણશય્યા જેવા એ હોદ્દા પર તેઓ ફરીથી ચૂંટાઈ આવ્યા.

એમની આ અદ્વિતીયતાનું કારણ એ નથી કે તેઓ દરેકને ખુશ રાખવાનો પ્રયાસ કરે છે. ઊલટાનું એક વાર એમણે જ વ્યંગ્યસભર હાસ્ય સાથે કહેલું: 'છેલ્લા વર્ષમાં બ્રિટન સિવાયના દરેક મોટા રાષ્ટ્રે મારી ટીકા કરી છે.' સાચી વાત તો એ છે કે (યુનોના એક અધિકારીના શબ્દોમાં) "ઊ-થાં પોતે જ ટ્રૉઇકાનો દેહ છે. એમના એકલામાં જ





જાણે ત્રણ વ્યક્તિઓ રહેલી છે. આખા વિશ્વના આદરના એ અધિકારી છે. એનું કારણ જેટલું એમનું તાટસ્થ્ય નથી, એટલી એમની પૂર્વગ્રહરહિતતા છે."

'વ્યક્તિ મટીને બનું વિશ્વમાનવી'

એ ભાવનાના મૂર્તિમંત સ્વરૂપ જેવા ઊ-થાંના સ્વભાવની કેટલીક વિશિષ્ટતાઓ પણ એમને એમના વર્તમાન પદ માટે એકમેવ ઠરાવે છે. પોતાના વ્યક્તિત્વ-ઘડતર અંગે એમણે પોતે જ કહ્યું છે એમ 'હું રૂઢિચુસ્ત બૌદ્ધ કુટુંબમાં ઊછર્યો છું... મને લાગણીઓની સમતુલા સાચવવાની કે નિર્લિપ્તતા કેળવવાની તાલીમ આપવામાં આવેલી... ઉપરાંત મને માનવજાતને એક સમૂહના ભાગ કે ખંડ તરીકે નહિ પણ સમગ્રરીતે જોવાની ટેવ પાડવામાં આવેલી.' આંતરિક સ્વસ્થતા, સહનશીલતા અને ધીરજ જેવા એમના સદ્‌ગુણો સામાન્ય રીતે એમની ધર્મશ્રદ્ધા અને ખાસ તો બૌદ્ધ ધર્મ પ્રત્યેની નિષ્ઠામાંથી ઉદ્‌ભવેલા છે. બાળવયથી લાગણી ને ગુસ્સાના આવેગ પર કાબૂ રાખવાની પડેલી ટેવ એમને અનેક ગૂંચવતા પ્રશ્નોમાં સહાયક થાય છે. અફર રીતે શાંત એવા આ સ્થિતપ્રજ્ઞ મુત્સદ્દી ગુસ્સાથી અવાજ મોટો કરી બોલતા કદી સાંભળવા મળ્યા નથી. લાગણી પર કાબૂ રાખવાની એમની અસાધારણ શક્તિનો પરિચય તો થયો એમના એકમાત્ર ને આશાસ્પદ ભાવિ ધરાવતા પુત્રના અકાળ મૃત્યુ વેળા, રંગૂનમાં એક મોટર અકસ્માતથી પુત્રનું મૃત્યુ થયાના સમાચાર સાંભળ્યા પછી એમણે જે આઘાત અનુભવ્યો એની વેદના નિકટના સંબંધીને પણ જાણવા દીધી નહોતી, એટલું જ નહિ પણ વિવિધ દેશોના પ્રતિનિધિઓના આશ્વાસન-સંદેશા એમણે એવી સંકોચશીલતા સાથે ઝીલેલા કે જાણે પોતાના અંગત કારણસર સૌને દુભાવવા માટે ક્ષમાયાચના ન કરતા હોય!

પણ એમનો આ નમ્ર સ્વભાવ ઢીલાશ કે ડરપોકપણાની નીપજ નથી. દુનિયાનાં મહા રાષ્ટ્રોને ય એમણે સાચી વાત કહેવામાં પાછી પાની કરી નથી. અમેરિકા હોય કે રશિયા, ઉત્તર વિયેટનામ હોય કે ચીન, ઊ-થાં કોઈને સાચી વાત સંભળાવતાં ખમચાયા નથી.

જાડાં ચશ્માંમાંથી ચમકતી સ્નેહાળ આંખોવાળા, ગોળાકાર વદનવાળા, ને મિતભાષી ઊ-થાં દેખાય છે અતડા, પણ સહજલભ્ય ને આનંદી છે. છાપાંઓના પ્રતિનિધિઓ સાથે એ ખૂબ ખુલ્લા દિલથી વાત કરે છે: વધારેપડતી નિખાલસતાથી; પણ એનું કારણ એ છે કે તેઓ સંયુક્ત રાષ્ટ્રસંઘને લોકશાહી રસમની પાર્લામેન્ટ જ માને છે. દફતરી કામોમાં તે શ્રેષ્ઠતમ ગણાયા છે. પ્રવચનો કરતાં પ્રશ્નોનો અભ્યાસ વિશેષ પસંદ કરતા હોવાથી દૂરગામી પરિણામો લાવી શકનાર એમનાં કેટલાંક કાર્યો ઉપલક નજરે દેખાતાં નથી. ને એથી એમની





સંયુક્ત રાષ્ટ્રસંઘના શાંતમના મહામંત્રી
શાન્તિનાં સ્વપ્નાંના સોદાગર
ઊ-થાં

પ્રભાવકતા વિષે કચ્ચ અંદેશો પણ રખાય છે અને તે ગેરસમજ દાગ હૅમરશીલ્ડ કરતાં જુદી પડતી એમની કાર્યપદ્ધતિને કારણે છે. હૅમરશીલ્ડ નીડર નિર્ણય લઈ, નાટ્યાત્મક કાર્યપદ્ધતિથી, વિના ભયે પ્રશ્ન પર જાણે ધસારો કરતા. ઊ-થાં યૂનોના બાવડામાં જોર છે એથી વિશેષ કાર્ય એની પાસે કરાવવામાં માનતા નથી. હરીફ રાષ્ટ્રો યૂનોમાંથી વિશ્વાસ ગુમાવી બેસે એવો આપખુદ નિર્ણય તે ભાગ્યે જ લે છે. કેમ કે એ પોતે વિશ્વના મધ્યસ્થી છે, એની મુશ્કેલીઓના શરણરૂપ છે, સાંધિવિગ્રહક છે, પણ ન્યાયાધીશ નથી એમ એ માને છે. એમની માયાળુતા, એમનું ગૌરવ અને પૂજ્યભાવ પેદા કરતું વ્યક્તિત્વ એમની સ્વયં હાજરીથી જ પ્રભાવક અસર પાડે છે. દાગ પોતાની સજ્જડ દલીલો ને ગતિશીલ વ્યક્તિત્વથી સંઘર્ષનો ઉકેલ આણવાનો પ્રયાસ કરતા; જ્યારે ઊ-થાં પોતાની હાજરીમાત્રથી જ પ્રશ્નનો ઉકેલ આણવામાં સહાયક નીવડે છે. ૧૯૬૨માં ક્યુબાનો (અન. પ. ૧૮૧)



છેક ડાબી બાજુથી અનુક્રમે: ઊ-થાં, પત્ની, પુત્રી અને જમાઈ સાથે; માતૃવંદના કરતા; અને ગયા માસમાં ભારત આવ્યા ત્યારે રાષ્ટ્રપતિ તથા વડાં પ્રધાન સાથે; મથાળે: ઊ-થાં, 'યૂનો'માં પોતાના દફતરમાં

૧ પ્રયાણ

નવા ગગનની નીચે

ગુલાબદાસ બ્રોકર

સાંજે ઘેર આવ્યો. જરા આનંદમાં હતો. મિત્રો જોડે રસભરી વાતો થઈ હતી. મોં કશુંક યાદ આવતાં હસુંહસું થઈ રહ્યું હતું. બારણામાં પત્ની મળી. તે તો હસતી જ હતી. આજે દિવસ આનંદનો લાગે છે, મનમાં થયું. ત્યાં તો એણે પૂછ્યું: 'વિલાયત જવું છે?'

'શા'બાશ. આ વળી નવી સત્તા તારા હાથમાં આવી લાગે છે.'

'ત્યારે!......પણ કહો, જવું છે?'

'કોણ મોકલે છે?' 'હું'

'તો તો જવું જ છે.'

'તો કરો તૈયારી. જુલાઈની અધવચ્ચે ઊપડવાનું છે.'

'પણ છે શું આ બધું?' હું ગંભીર થઈ ગયો: 'આવી વાત કેમ કરે છે?'

'સોફિયા વાડિયાનો ફોન હતો. ત્યાં જર્મનીમાં તમારી પી. ઇ. એન.ની કંઈ કૉન્ફરન્સ બૉન્ફરન્સ છે. તમને એમાં પ્રતિનિધિ તરીકે મોકલવા એમનો વિચાર છે. જવું હોય તો તરત ટેલિફોન કરજો.'

'સાચે જ?'

'પૂછી જુઓ, સાચું ન લાગતું હોય તો '

પૂછ્યું. વાત સાચી નીકળી જુલાઈની ૧૯મીથી ફ્રૅન્કફર્ટમાં પી.ઈ. એન. ઇન્ટરનૅશનલની કૉંગ્રેસ મળવાની હતી. હિંદમાંથી પી.ઈ.એન.ના પ્રતિનિધિઓમાંના એક તરીકે મને મોકલવાનું નક્કી થયું હતું, મારી તૈયારી હોય તો. ખાસ આમંત્રિત પ્રતિનિધિ તરીકે ડૉ. રાધાકૃષ્ણન્ જવાના હતા. બીજા પ્રતિનિધિઓમાં હંસાબહેન મહેતા હતાં. તે પારીસમાં હતાં. એ વખતે ત્યાંથી સીધાં જશે. ને ડૉ. હિંગોરાણી લંડનથી જશે. 'જશોને ગુલાબદાસ?' શ્રીમતી વાડિયાએ પૂછ્યું.

'સમય થોડો છે તૈયારીનો. આજે અઠ્ઠાવીસમી જૂન તો થઈ.'

'હા, થઈ જ. પણ એ તો થઈ રહેશે.'

'હં......'

'ઉતાવળ નથી વિચાર કરીને કહેજો એકબે દિવસમાં.'

'ભલે' કહી ટેલિફોન મૂકી દીધો.

વિચાર આવવા લાગ્યા: જવું? ન જવું?

આ જ આદત મનની. મન બહુ થયા કરે, પરદેશ જવાનું. પણ તક આવે ત્યારે એ જ મન ન જવાનાં બહાનાં શોધ્યા કરે. અગાઉ એક વાર એમ જ થયું હતું એ યાદ આવ્યું. ભણવા માટે જવાનું હતું, બી. એ. થયા પછી. માતાની માંડ પરવાનગી મેળવી હતી, આંખમાંથી આંસુ પડાવીને. ને છતાં ટાણે બહાનું મળી ગયું હતું ને ગયો નહોતો.

આ વખતે જવું? મન બહાનાં શોધવા લાગ્યું: પાચન નબળું હતું મારું. ખાવાનું ન ફાવે તો હેરાન થઈ જઈએ. જોવાનું શું હશે ત્યાં વળી? શહેર જેવાં શહેર. મુંબાઈ-કલકત્તા જોયાં તો લંડન-પારીસમાં વળી વિશેષ શું હોય? થોડાં વિશેષ ચોખ્ખાં માણસો, વિશેષ ચોખ્ખા રસ્તા, વિશેષ ચોખ્ખાં ઘર ને એ તો બધું સિનેમામાં જોઈએ જ છીએ સુખાપણો જીવ છે, ને સત્તર દહાડામાં પાસપોર્ટ કઢાવવો, એકસચેન્જ મેળવવું, તૈયારીઓ કરવી, કૉલેજકાળથી ઉતારેલાં કોટ-પાટલૂન શરીરે ચઢાવવાં...ને એથી યે વિશેષ તો ચંપલ પહેરવા ટેવાએલા પગને બૂટ પહેરવાની ટેવ પાડવી! પહેરવાં પણ ન ફાવે...

ને વળી, સવારનો પહોર થાય ત્યારે ગૅલેરીમાં આવી, હાથમાં છાપું લઈ આરામખુરશીમાં પડ્યાં પડ્યાં જગતના બનાવો જોતા રહેવા, ને સાથે સાથે આજુબાજુ ફરવા મંડેલા જગતને પણ જોઈ રહેવું! એવો આનંદ આ એક ગામથી બીજે ગામ અથડાવામાં, એક વિમાનમાંથી બીજા વિમાનમાં કુદાવામાં, એક ભાષાભાષી દેશમાંથી બીજી ભાષા બોલાતી હોય એવા પ્રદેશમાં વીંઝાવામાં મળે ખરો?

બહાનાં બધાં ક્ષુલ્લક હતાં. મને પોતાને જ હસવું આવે એવાં. બીજાંને તો કહેવાય પણ કેમ? પણ છતાં મનની આનાકાની ચાલુ રહી.

એ આનાકાની કોઈએ ન ગણકારી. પત્નીએ પ્રોત્સાહન આપ્યું, મિત્રોએ આ તક ન જવા દેવા આગ્રહ કર્યો. અમારી પી. ઈ. એન.ની ઑફિસની બન્ને બહેનો તો મારા ન જવાના ખયાલ પર એવું મર્માળું હસી રહી કે એવો વિચાર કરવા માટે હું પોતે જ મને પોતાને મૂર્ખ લાગવા માંડયો... ને ત્રીજે દિવસે હિંમત કરીને મેં હા પાડી દીધી.

પછી તો ધમાચકડી મચી રહી. રાત થોડી હતી ને વેશ ઝાઝા હતા. પહેલી જુલાઈએ જવાનો નિર્ણય લીધો. સત્તરમી જુલાઈએ મોડામાં મોડા ઊપડી જવું જોઈએ. એટલા દિવસોમાં પાસપોર્ટ કઢાવવો, એકસચેઇન્જ મેળવવું, કપડાં તૈયાર કરવાં, ને કૉન્ફરન્સમાં બોલવા માટે ભાષણ તૈયાર કરવું! વિષય સરસ હતો: 'વિજ્ઞાનના યુગમાં કલ્પનોત્થ સાહિત્યનું સ્થાન.' પણ સમય? એની જ મારામારી હતી!

ટપાલને બદલે તાર દોડવા માંડ્યા. ટેલિફોનને બદલે મારા પોતાના ટાંટિયા ઑફિસોનાં ચક્કર મારવા માંડ્યા મન ઉપર બોજો થઈ રહ્યો. આને મળો, આને લખો, જે. પી. જોઈએ, ઈન્જેકશન લેવાનાં, સર્ટિફિકેટ, સર્ટિફિકેટ, સર્ટિફિકેટ! જન્મની તારીખ. કયા દેશના વતની...? ભારતમાં જ મારે મારી જાતને ભારતીય તરીકે ઓળખાવવી પડશે એવો તો સ્વપ્ને ય ખયાલ નહોતો. પણ એમ કરવું પડ્યું. ત્યારે જાત ઉપર આવી ગયો. પૂછનારા પોલીસ અધિકારીને કહ્યું: 'પુરાવો છે મારી પાસે મારા ભારતીયપણાનો.'

'શો?' એણે પૂછ્યું. 'આ મારો ચહેરો.'

એ હસ્યો. હું ખીજાયો: 'નથી લાગતો એ ભારતીય?'

'લાગે છે ને!'—હજી યે સ્મિત સહિત.

'તો પછી?'

'પણ એ ચહેરો પાકિસ્તાની પણ ન હોઈ શકે?' વાત સાચી હતી. આપણે જ મૂર્ખાઓએ એક ચહેરાને બે દેશમાં વહેંચી દીધો હતો.

દિવસો જવા લાગ્યા. બોજો વધવા લાગ્યો. દિવસમાં હજાર વાર, જવાનો નિર્ણય કરવા માટે, મન મને ફિટકારતું રહ્યું. સામે જવું જ એવો નિર્ણય બેવડાતો ગયો. દોડાદોડ કરી અને મિત્રોને કરાવી. ભૂપતભાઈ વસા તો આદર્શ સૂચનોથી ભરપૂર. એથી કામ અર્ધું થઈ જાય. ગિજુભાઈ જોશીએ એમની બૅન્કની બધી સગવડ મારા ઉપયોગ માટે ખુલ્લી મૂકી દીધી. ઉમાશંકરે આનંદ દર્શાવ્યો. મનસુખભાઈએ ઉત્સાહ. બેટાઈ જેવા બેટાઈ પણ ધીરો પડું તો પડકારવા લાગ્યા. વિનોદ અને મહેન્દ્ર પરદેશની મારી વેશભૂષાની તૈયારી કરવા લાગ્યા. નવનીત પારેખ પાસપોર્ટ અને એકસચેઈન્જની.

પણ છેવટ સુધી કશું થાળે પડતું લાગે નહિ. પત્ની ખાતરીપૂર્વક

કહે: 'જશો જ.' કલાવતીબહેન કહે: 'જનારા બધાને આમ જ થાય છે, ને જવાની તારીખે એ લોકો ઊપડી જ જાય છે.' હું હસ્યું.

પણ એમ જ થયું. જવાની તારીખ આવી જ્યારે, તા. ૧૭મી જુલાઈ ૧૯૫૯, ત્યારે કોણ જાણે કેમ બધું યે થાળે પડી ગયું, ને રાત્રે એક વાગ્યે એર ઇન્ડિયા ઇન્ટરનૅશનલના વિમાનમાં હું ઊપડી ગયો. ત્યારે મને પાસપોર્ટ મળી ગયો હતો. એક્સચેઇન્જ મળી ગયું હતું. જાઉં જ છું યુરોપ, તો યુરોપના બીજા દેશો પણ સાથેસાથે જોઈ આવવા એમ વિચારીને બીજા દેશોમાં ઊતરવા માટેના પરવાનાઓ મારા ખિસ્સામાં પડ્યા હતા. દેશદેશના માણસો ઉપર પરિચયના પત્રો મારા કબજામાં હતા ને મારી બૅગમાં, સુંદર રીતે ટાઇપ થએલું, મારું ત્યાં બોલવાનું ભાષણ વ્યવસ્થિત રીતે દબાઈને પડ્યું હતું. એ બધું જ મારી સાથે આવતું હતું. પાછળ અહીં રહી જતા હતા—જતાં હતાં—મને ચાહનારાં આટલાં બધાં માણસો! છેલ્લી વિદાયસૂચક નિશાની તરીકે જ્યારે મેં મારો હાથ હવામાં ઉછાળ્યો, સાડા બાર વાગ્યાની એ અંધકાર ઘેરી રાત્રિમાં, ત્યારે પ્રકાશમાં પલળતા એ બધા યે ચહેરા ઉપર પ્રેમની સ્પષ્ટ છાયા છવાએલી દેખાતી હતી.

૨ ઘનહીંચે

બરાબર એક વાગ્યે વિમાન ધરતીથી ઊંચું થઈ જવાનું હતું. એ પહેલાં આજુબાજુ જોઈ લીધું. સ્ત્રીઓ હતી, પુરુષો હતા. બધા ચહેરા નવા હતા. બધાં ઊડવાની પૂર્વતૈયારી રૂપે કમર આસપાસ પટા બાંધવામાં મશગૂલ હતાં. બધા ચહેરા ઉપર એક જાતની આકાંક્ષા ફેલાએલી હતી: દૂરદૂરના પ્રદેશોમાં ફેંકાઈ ગયા પહેલાંની આકાંક્ષા.

પણ જેવું ઘરૂઘરૂ થવા લાગ્યું કે એ આકાંક્ષા આતુરતામાં ફેરવાઈ ગઈ. પંખા ફરવા લાગ્યા તેમ લોકો સ્થિર થવા લાગ્યા. હળવા એવા એક આંચકા સાથે વિમાન અધ્ધર થઈ ગયું કે રાહતની લાગણી ફેલાઈ ગઈ. પટ્ટા છોડીને સૌએ ચોમેર જોઈ લીધું, ચહેરા ઉપર સ્મિત સહિત જાણે એ સ્મિત એકબીજા જોડે મૈત્રીના કોલકરાર ન કરી આપતું હોય!

વિમાનની દુનિયા સંચારિત બનવા લાગી. મઢેલા સ્મિતવાળી હોસ્ટેસ આવીને દરેક જણને કાનમાં પૂછી રહી હોય એમ કશુંક પૂછી રહી. શું પૂછતી હશે આવે ટાણે, રાત્રિના એક વાગ્યે? મારી પાસે ન આવી ત્યાં સુધી એ પ્રશ્ન મનમાં ઘૂંટાતો રહ્યો. આવી ત્યારે કુતૂહલ ઓસરી ગયું: 'કયું પેય જોઈશે તમને, સાહેબ?' રાતના એક વાગ્યે શું પીવાનું? ના પાડી દીધી. બધાંએ એમ જ કર્યું હશે તેમ ધાર્યું. ધારણા ખોટી હતી, સદંતર ખોટી. બધાં જ ઉતારુઓની સામે આગલી સીટની પછીત જોડે જડાઈ ગએલી ટ્રે ઢાળી દેવામાં આવી હતી. થોડી વારમાં એ ટ્રે રંગબેરંગી પીણાંના ગ્લાસોથી શોભવા લાગી. એ ગ્લાસને હાથમાં લેતી વખતે લેનારાઓના ચહેરા ઉપર ન કળી શકાય એવી કોઈક તૃપ્તિનું સ્મિત ફરકતું હતું. એ રંગ અને એ સ્મિત જોયાં કે સમજાઈ ગયું. દારૂબંધીનું ક્ષેત્ર હવે અસ્તિત્વ ધરાવતું નહોતું!

થોડી વારમાં એક ભાઈ આવીને ભાષણ કરવા લાગ્યા. વિમાન જોખમમાં આવી જાય તો શી રીતે લાઇફ-ગાર્ડ્સ પહેરવા એ બતાવવાનો પુરુષાર્થ એ કરી રહ્યા હતા. મેં તો એ સામે પૂરું જોયું પણ નહિ. જ્યારે વિમાન જોખમમાં હોય ત્યારે એ લાઈફ ગાર્ડ્સ પહેરવાની હોંશ પણ શી રહેવાની? એ તો એ...ને યાત્રા પૂરી! તો પછી નાહકના આવી નિઃસ્તબ્ધ રાત્રિમાં...

એ ચોમેર બાજુ ફેલાઈ ગઈ હતી: ઉપર, નીચે, આજુબાજુ, ચારે દિશામાં. વિમાને મુંબઈ છોડી દીધું હતું. શહેરો છોડી દીધાં હતાં. જંગલો છોડી દીધાં હતાં. એ તો વિહરી રહ્યું હતું માત્ર વ્યોમમાં.

'નહિ ઊંચે, નહિ નીચે, મળે આધાર ઘનહીંચે.'

પંક્તિ યાદ આવી ગઈ. માનવીજીવનના સંકેતરૂપ એ વિમાન જાણે કે બની ગયું. પોતામાં રહેલી શક્તિથી ચાલે, ને છતાં કોઈક એને ચલાવે. શક્તિનો સ્રોત તૂટી જાય ત્યારે ચલાવનાર લાચાર બની જાય અને એ ધબ્બ દઈને નીચે આવી જાય. પણ એ સ્રોત ચાલુ હોય ત્યાં સુધી? ત્યાં સુધી તો એ ખંડેખંડમાં ઘૂમી વળે. ઘૂમી જ રહ્યું હતું આ વિમાન. હિંદુસ્તાનના ઉપખંડને દૂરદૂર મૂકી દેવાની તૈયારી સ્પષ્ટ વરતાતી હતી. પણ આંખો ઘેરાતી હતી. સીટને, એ થઈ શકે એટલી પાછળ કરી. પણ બહુ જ ઓછી જગ્યા થઈ શકી સૂવા માટે. આટલામાં ઊંઘાય શા રીતે? નિરાંતે સૂવા ટેવાએલું શરીર સૂવાની ના પાડવા લાગ્યું. થાકોડો સુવાડવાની ચેષ્ટા કરવા લાગ્યો. બન્ને વચ્ચે યુદ્ધ મચી રહ્યું. ઘડીકમાં આંખ મીંચાય ને પાછી ઊઘડી જાય. વિમાન તો એ બધા યે સમય દરમિયાન ઊડ્યા કરે, ઊડ્યા જ કરે. 'હવે આપણે હિન્દુસ્તાનની બહાર નીકળી ગયા છીએ' એવો અવાજ આવે. ઊઘડી ગએલી આંખો ચારે બાજુ ફરી લે. ઘડી પહેલાં સ્વસ્થ બેઠેલાં શરીર આરામ મેળવવા આડાંઅવળાં અફળાતાં હોય. એ આકારો! કોઈ સર-રિયાલિસ્ટ ચિત્રકારને મઝા આવી જાય એવા બની ગએલા.

રાત્રિ ચાલતી રહી. વિમાન ચાલતું રહ્યું. મારા મગજની અંદર ઘટમાળ ચાલતી રહી. ક્યાંથી ક્યાં ફેંકાઈએ છીએ આપણે! સ્થળ અને કાળ... સ્થળ તો બદલાતું હતું જ. પણ કાળ પણ. હજી અંધારી ઘોર રાત્રિ હતી. ત્યાં દૂર દૂર દીવા દેખાયા એટલે ઘડિયાળ જોયું. સમય મેં મુંબઈનો જ રાખ્યો હતો. સવારના નવ થવા આવ્યા હતા, એને હિસાબે. પણ અહીં તો રાત્રિ જ રાત્રિ હતી! કેટલા વાગ્યા હશે?

વિમાન ધીમું પડતું ગયું. અટક્યું. બેરુત આવ્યું હતું. અને સવારના માત્ર પાંચ જ વાગ્યા હતા! સમયનો સંકેત બદલાયો હતો. લોકો પણ બદલાયા હતા. એક જ પ્રકારના લોકોને જોવા ટેવાએલી આંખોને આ નવા દેશના નવા લોકોને જોતાં આશ્ચર્ય થયું.

બહાર નીકળ્યા. પગ લંબાવવા મળ્યા એ એટલું તો મીઠું લાગ્યું! ચાપાણી પીધાં. લટાર મારી. વિમાનઘરની દુકાન જોઈ આટલી બધી ચીજો! અને આટલી સસ્તી પાછી! આખી ને આખી દુકાન ખરીદી લેવાનું મન થઈ જાય. પણ આવા મનને...

ફરી પાછા વિમાનમાં બેઠા. પગ જરા છૂટા થયા હતા., ખાઈપીને જરા તાજામાજા પણ થયા હતા. એથી સ્ફૂર્તિ વરતાતી હતી. ને, હવે થોડા સમયમાં જ યુરોપનું આકાશ અમારી સામે ડોકાવાનું હતું.

ઊલટી દિશાની એ દોડ—વિમાનની અને આકાશની. જોવાની મઝા આવવા લાગી. અવાજની ગતિએ વિમાન ઊડતું હતું. સમય કપાતો જતો હતો. ઓચિંતા જ કાને શબ્દો પડ્યા: 'આપણે હવે યુરોપની ભૂમિ ઉપર ઊડી રહ્યાં છીએ.'

યુરોપ! સમજણો થયો ત્યારથી એ શબ્દ જાણે જાદુભર્યો બની ગયો હતો મારા માટે. અનેક વાર એનાં સ્વપ્નાં સેવ્યાં હતાં. અનેક વાર એને ધિક્કાર્યો હતો ને હરહંમેશ એને ચાહ્યો હતો. કેટલો બધો ચાહ્યો હતો! મારી રગેરગમાં જેટલો ભારત ભર્યો હતો, કદાચ, એટલો જ એ પણ રગેરગમાં ભરાઈ બેઠો હતો. એના તાલે હૃદય નાચ્યું હતું. તેણે આપેલી વાણીથી પ્રેમ કર્યો હતો. તેણે સેવેલી ભાવનાથી યુદ્ધ કર્યાં હતાં. તેણે સર્જેલાં સ્વરૂપોમાં સર્જન કરવા પ્રયત્ન કર્યાં હતા. એ યુરોપ! આવી પહોંચ્યો?!

બારીમાંથી બહાર નજર કરી. માત્ર આકાશ, માત્ર અવકાશ. રૂના પોલ જેવાં ધોળાં ધોળાં વાદળાં: ઉપર, નીચે, બધે ય. ને છતાં ચિત્તની તંત્રીમાં નવો તાલ પુરાતો જતો હતો. જાણે એ વાદળો ભૂમધ્યની પશ્ચિમ કાંઠાની સંસ્કૃતિનાં પ્રતીક ન હોય!

વિમાન ધીમું પડતું ગયું. વાદળ નીચે જમીન દેખાવા લાગી ને જમીન ઉપર ઘર. રોમ આવી રહ્યું હતું. માત્ર ચારપાંચ કલાકનો વિરામ જેમાં લેવાનો હતો તે રોમ. જેનું પેટ ભરીને દર્શન કરવાનું હતું એ રોમ આવવાને તો હજી વાર હતી, દોઢેક મહિનાની. યુરોપથી પાછાં વળતાં. અત્યારે તો......

અત્યારે તો ઊતરીને તરત સુભાષ મઝુમદારને ટેલિફોન કરવાનો હતો–તેમનું સંપેતરું લઈ જવા માટે. એટલે પેલા બધા રોમૅન્ટિક ભાવો આપોઆપ ચિત્તને એક તળિયે બેસી ગયા. ધરતી ઉપર ઊતર્યો તે ભેળો જ ધરતીના વાસ્તવે મારો કબજો લઈ લીધો. પૂછતાછ કરીને ટેલિફોન કરવાની જગ્યા શોધી કાઢી. કર્યો ટેલિફોન. સુભાષ જ હતા. આવી પહોંચતા હતા પંદરેક મિનિટમાં.

આવ્યા. હું આમતેમ જોતો બેઠો હતો. દેશ નવો હતો. વેશ નવા હતા. અંગ, ઢંગ, બોલચાલ બધું જ નવું હતું. ને તો યે કોણ જાણે કેમ, બધું ચિરપરિચિત લાગતું હતું. બાળકને હાથમાં લઈને હાંફળી-હાંફળી બની આમથી તેમ દોડતી પેલી સ્ત્રી, કામના કાગળો હાથમાં લઈને પોતાના અધિકારનું ગૌરવ પ્રકાશતી, માથે આડી ટોપી મૂકેલી વિમાનઘરની પેલી અમલદાર યુવતી, આમતેમ નજર ઘુમાવતા અને રૂપાળો ચહેરો દેખાતાં એ નજરમાં ચમક આણી દેતા પેલા સશક્ત જુવાનો,—બધા જ, બધું જ જાણે ચિરપરિચિત હતું. ને છતાં એ નવીન હતું. એ જ પ્રમાણે લાઉડ સ્પીકરમાંથી ઉચ્ચારાતી જાહેરાતોની ચાર ભાષાઓમાંની ત્રણ ભાષા નવી હતી. રોમનું એ વિશાળ વિમાનઘર નવું હતું—બધું જ નવું હતું. આ નવીન છતાં પરિચિતનો મેળ બેસાડવા મારું મન પ્રયત્ન કરી રહ્યું હતું, ત્યાં જ શુદ્ધ ગુજરાતી ભાષામાં અવાજ સંભળાયો: 'ગુલાબદાસભાઈ!'

સફાળો ઊભો થઇ ગયો. ગુજરાતીનું શ્રવણ એ જાણે અપૂર્વ લહાવો ન હોય! હજી તો એ ભાષા સાંભળ્યે પૂરા ચોવીસ કલાક પણ વીત્યા નહોતા! ખાતરી થઈ ગઈ કે પરદેશમાં આવી પહોંચ્યો છું.

થોડોક સમય હતો હાથમાં, એટલે સુભાષ એમને ઘેર લઈ ગયા. જતાં જતાં એક દિશામાં એમણે મારું ધ્યાન ખેંચ્યું. એક બાંકડા પર બેસી સ્તનોને તદ્દન ઉઘાડા કરી એક સ્ત્રી બાળકને ધવડાવી રહી હતી. 'આ ઇટૅલી' એમણે કહ્યું: 'આવાં અર્ધ પ્રાકૃત લોકો અહીં મળશે તમને. યુરોપમાં બીજે ક્યાં ય નહિ.'

બીજે શું કરતી હશે સ્ત્રીઓ? આવો પહેરવેશ પહેરનારી બીજું શું કરી શકે? પ્રશ્ન મનમાં ઊઠ્યો ને મનમાં જ શમી ગયો.

એમને ઘેર એમનાં પત્ની અંજનીબહેનનો પરિચય થયો. મધુરીનાં એ મિત્ર થાય. વિવેકી સ્ત્રી. મધુર યુવતી. સરસ જમાડ્યું. ઈટૅલિનો વાઈન વખણાય. સુભાષે મને એ પીવા કહ્યું. ત્યાં તો મહેમાનોને એ અપાય ને? મેં ના પાડી. એમણે કહ્યું હસતાં હસતાં: 'અહીંનો દારુ પાણી જેવો છે.'

'તો આપણે પાણી જ પીએ.' મેં કહ્યું.

'પાણી જ આપો, સુભાષ.' હસીને અંજનીબહેને કહ્યું.

પછી પાછાં ઍરોડ્રોમ પર. એ બન્ને સાથે આવ્યાં. ક્યાંક જવાનાં હતાં એટલે. વળતી વખતે રોમમાં પાંચેક દિવસ રહેવું હતું એટલે મને ફાવે એવી હોટેલમાં મારે માટે જગ્યા નોંધાવી રાખવા મેં વિનંતી કરી. હોંશથી તેમણે એ માથે લઈ લીધું. મારી જગ્યાએ મને મૂકીને ગયાં. રોમની એ અજાણી ધરતીનું અણજાણપણું માણતો હું બેસી રહ્યો.

લાઉડ સ્પીકરો હર પળે જાહેરાતો બરાડ્યે રાખતાં હતાં. એકધારા એ અવાજનો કંટાળો આવવા લાગ્યો. એનો અર્થ નોંધવાનું મગજે બંધ કરી દીધું. ઉજાગરો કરીને અને કલાકો સુધી આ ને આ વિમાનઘરની દુનિયાને જોઈજોઈને થાકી ગએલી આંખો મીંચાઈ જવા લાગી. આજુબાજુ લોકો જતા હતા, આવતા હતા. કેટલા બધા લોકો! આટલી બધી વસતિ? આટલી બધી આવ-જા?



આલ્બર્ટો મોરેવિયા

ચિત્ત એ બધાંમાં ક્યાં અટવાઈ ગયું એની ખબર ન પડી. પણ પોણા છ વાગ્યાની આસપાસ એચિંતાનો જાણે મનને ધક્કો લાગ્યા જેવું થયું! ચોંકીને બેઠો થઈ ગયો. ચેતનાની એ અર્ધમૂર્છાભરી સ્થિતિ ચાલી ગઈ. આજુબાજુ જોયું તો માણસો, એક દરવાજામાંથી, ઊપડવા તૈયાર થઈ ગએલા વિમાન ભણી જતા હતા. મારું વિમાન તો ન હોય? દોડ્યો. એ દરવાજા પાસે પહોંચ્યો. જનારા બધા ચાલી ગયા હતા ત્યાં ઊભેલો માણસ હસ્યો: 'ક્યાં ઊંઘતા હતા? બે મિનિટ મોડા પડ્યા હોત તો વિમાન ઊપડી જાત.' હું યે હસ્યો મારી બાઘાઈ ઉપર.

અલ ઈ ટૅલિયાનું વિમાન હતું. સુંદર હતું. એ ફ્રૅન્કફર્ટ જતું હતું.

હવે વિમાનની અંદરની વસતિ બદલાઈ ગઈ હતી. અંદર હિંદી એકલો હું જ હતો. બાકીના બધા યુરોપિયનો હતા. કદાચ પી. ઈ. એન. માટે જ એ લોકો પણ ફ્રૅન્કફર્ટ જતા હશે, થયું. પણ પૂછ્યું નહિ.

રાત્રે નવ વાગ્યે, ફ્રૅન્કફર્ટ આવી ગયું. ફ્રેન્કફર્ટ-એમ-મેઈન. ચોખ્ખું ચણક જેવું ઍરોડ્રોમ. પૂર્ણ વ્યવસ્થિત એવું વાતાવરણ. જર્મની, જોયા પહેલાં જ, વરતાવા માંડ્યું. મારા વિમાનમાંના સાથીદારોમાંના કેટલાક મારી સાથે જ હતા, વિમાનઘરથી ગામ તરફ જતા કોચમાં. એમાંથી કોઇકને મારી જોડે વાત કરવાનું મન થયું. અંગ્રેજીમાં પૂછ્યું: 'હિંદુસ્તાનથી આવો છો?' હા કહી.

'કંઈ વ્યાપાર-ધંધા માટે?'

'ના, અહીં લેખકોની એક કૉન્ફરન્સ છે ને? એમાં ભાગ લેવા.'

'ઓ—હો! પી. ઈ. એન. કૉંગ્રેસમાં?' ડોકું હલાવ્યું.

'અમે પણ એમાં જ જઇએ છીએ. આવો તમને ઓળખાણ કરાવું.'

આગળ બેઠેલા એક સજ્જન તરફ તેણે આંગળી ચીંધી: 'આમને ઓળખો છો?' મેં ના પાડી.

તે હસ્યો: 'ઓળખતા જ હશો.' ખભે હાથ મૂકી તે માણસને તેણે પાછળ જોવા કહ્યું. પછી મને કહે: 'આ આલ્બર્ટો મોરેવિયા.'

'ઓહો! ઓહો!' કરતો હું અર્ધો ઊભો થઈ ગયો. પ્રેમપૂર્વક હાથ મિલાવ્યા. 'એમને તો હિંદુસ્તાનમાં બધા જ ઓળખે છે.' મેં કહ્યું.

'એમ?' કહી મોરેવિયા મીઠું હસ્યા. મારું નામઠામ પૂછ્યું. કઈ ભાષામાં મેં એમની કૃતિ વાંચી હતી એમ પણ પૂછ્યું.

'અંગ્રેજીમાં.' ને ઊમેર્યું: 'ને મારી ભાષામાં પણ ખરી.'

'કઈ ભાષા તમારી?' 'ગુજરાતી.'

'હા, હિંદની ભાષાઓમાં મારી કૃતિઓના અનુવાદ થયા છે ખરા.' તેમણે કહ્યું: 'સારો છે અનુવાદ તમારી ભાષામાં? કોણે કર્યો છે?'

હું ચેતી ગયો. જયાબહેન ઠાકોરે અનુવાદ કર્યો છે એ મને ખબર હતી. પણ તે માટે આમની સંમતિ લીધી હશે કે નહિ તે હું જાણતો નહોતો. ન લીધી હોય, ને હું ડહાપણ કરું, ને એ મુશ્કેલીમાં મુકાઈ જાય તો? આ લોકોનું, રૉયલ્ટીની બાબતમાં, મોં બહુ મોટું હોય. વાત ઉડાવી દીધી: 'હમણાં શું લખો છો?' એમ પૂછીને. (અનુ. પૃ. ૨૦૭)

આત્મકથાનક-૧૨

લેખક

રવિશંકર મ. રાવળ

જીવનપટનાં સ્મૃતિચિત્રો

૨૯૫ ભાવનગરમાં

મારામાં કામની ધગશ વધી હતી, એટલે ફરી પરેલનો વાસ છોડી પીપળવાડીમાં હરિભાઈ જોડે રહેવાનું રાખ્યું. ભોજનની વ્યવસ્થા ડોકામરડીમાં જ ચાલુ રાખી. રોજ સવારમાં ચોપાટી સુધી ફરવા તેમજ સ્કેચ કરવા જતો, અને રવિવારે ગીરગામ પરના આર્યસમાજ મંદિરમાં પંડિત બાલકૃષ્ણનાં વ્યાખ્યાનો સાંભળવા જતો.

હરિભાઈને મથુરાની નોકરી મળી, એટલે તે મુંબાઈ છોડી ગયા. મારી ટર્મ-પરીક્ષા પૂરી થયા બાદ રજાઓ પડવાની હતી, એટલે તેમની ગેરહાજરીમાં બેચેની લાગતી હોવા છતાં મેં પીપળવાડીમાં જ રહેવાનું ચાલુ રાખ્યું અને ૩૧મી માર્ચે (ઈ. ૧૯૧૪) પરીક્ષા પૂરી થતાં જ મુંબાઈ છોડયું. હવે ઠેઠ જૂનમાં મુંબાઈ આવવાનું હતું, એટલે વચ્ચે નવસારી ઊતરી મોટા ભાઈ બીમાર હતા તેમની પાસે મહિનો રહ્યો. નવસારીમાં નવું લોકજીવન તથા માનવસમાજ જોયાં અને ખૂબ સ્કેચ કર્યા. પછી ભાવનગર જતાં વીરમગામથી બહેનને સાથે તેડતો ગયો.

ભાવનગરમાં હજી રજાના બે માસ ગુજારવાના હતા, પણ ભર્યા કુટુંબમાં અને મળેલી વૅકેશનની ફુરસદમાં મિત્રો સાથે તે બહુ ઝડપથી પસાર થયા. દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનની પ્રસિદ્ધિ વધી હતી. નગરનું તે એક સંસ્કારકેન્દ્ર બની ચૂકયું હતું. હું, મસ્તરામ, હરિશંકર અને ગિરીશ તો તેના દરેક પ્રસંગમાં સહકાર અને સાથ આપતા. તેમજ મુ. નાનાભાઈ સાથે જીવનવિષયક ચર્ચાઓ પણ કરતા. દક્ષિણામૂર્તિ ભવનમાં મારા કુટુંબના નાના ભાઇઓ પણ ભણતા હતા, તેમજ મસ્તરામના નાના ભાઈ તથા તેમના બીજા કુટુંબીઓમાં ગિજુભાઈના ભાઈ અને તેમનાં માશીના પુત્રો ચુનીલાલ અને શાંતિલાલ પણ હતા. ઉપરાંત ગોપાળરાવ વિદ્વાંસ, લીમડીના નટવરસિંહ રાણા અને બીજા અનેક આપ્તજનોના નબીરા હતા. તે બધામાં અમારું મંડળ થોડી મુરબ્બીવટ સાથે ભળી ગયું હતું. મસ્તરામનું મૂળ નામ તો માણેકલાલ, પણ સ્વભાવે આરામી અને ઉત્સવિયા સ્વભાવના. વળી એ દાંપત્યરસિક છે એવું નાનાભાઈની નજરમાં આવી ગએલું, ને તે વાત તેમણે મોટા ભાઇને જણાવેલી એટલે તેમને પૂનાની કૉલેજમાં ભણવા મોકલવાનું ઠર્યું હતું. બીજા પણ જાણીતા એકબે જુવાનો એન્જિનીઅરિંગ કૉલેજમાં જવાના હતા, તેમના સાથમાં તેમણે પૂનાની કૉલેજમાં પ્રવેશ મેળવ્યો.

હું મુંબાઈની ઓરડીની ખટપટ અને ખાવાપીવાની અગવડોથી કંટાળી ગયો હતો તેથી ભાવનગર છોડતાં બહુ જ ખેદ પામ્યો હતો; પણ મારા ઉદ્દેશો સાધવા માટે મારે મુંબાઈનો અભ્યાસ પૂરો જ કરવાનો હતો, એટલે તા. ૭મી જૂને ઘેરથી વિદાય લઇ નીકળ્યો.

૨૯૬ ભરૂચ

ભાવનગરમાં હતો ત્યારે જ ખબર મળ્યા હતા કે મોટા ભાઇનો શિશુ સુરતમાં અવસાન પામ્યો હતો, ત્યાર પછી તેમની તબિયત સારી રહેતી નહોતી તેમજ ભાભી નિરાશાપૂર્ણ રહેતાં હતાં, એટલે તેમણે નવસારીથી ભરૂચ બદલી કરાવી હતી અને ત્યાં નવા દેરા પાસે હરકિસનદાસ (અર્જુનલાલ શેઠના પિતા)ના મકાનમાં રહેતા હતા. આ હેતાળ વડીલના સમાગમમાં તેમને ઘણું આશ્વાસન મળ્યું હતું. મેં જઇને તેમને બંનેને ત્યાં સ્વસ્થતા મળેલી જાણીને નિરાંત અનુભવી. ભરૂચમાં નર્મદાના કિનારેથી તેનો વિશાળ પટ, જતાં-આવતાં વહાણો, ભરૂચવાસીઓની નર્મદા-ભક્તિ વગેરે જોઇને મારા માટે મને ગુજરાતનું હૃદય ઊઘડતું લાગ્યું. બે દિવસ રોકાઇને હું મુંબાઈ ગયો.

૨૯૭ ત્રીજા વર્ષમાં ગૌરીશંકર સ્કૉલરશિપ

૧૦મી જૂને મુંબાઈ પહોંચીને (મુકામ તો પરેલમાં મનુની સાથે જ હતો) ૧૧મીએ ઊઘડતી સ્કૂલે હાજર થતાં પ્રથમ ખબર એ મળ્યા કે મને રૂ.૯ની ગૌરીશંકર સ્કૉલરશિપ મળી હતી. ભાવનગર રાજ્યની આ સ્કૉલરશિપ ભાવનગરના વિદ્યાર્થીને, તે ન હોય તો કચ્છ-સૌરાષ્ટ્રના વિદ્યાર્થીને, અને તેને અભાવે પ્રિન્સિપાલ ઇચ્છે તેને આપી દેવાતી. મેં શાળાના વિજ્ઞાપન-પત્રમાંથી તેની માહિતી તો મેળવી હતી, પણ પહેલે જ વર્ષે મેં જાણ્યું કે તે કોઈ મહારાષ્ટ્રીઅન વિદ્યાર્થીને અપાઈ ચૂકી હતી; એટલે એ ભાઈ તે અભ્યાસ પૂરો કરી શાળામાંથી વિદાય ન થયા ત્યાં સુધી તે તેને જ મળ્યા કરી! પણ હવે હું ભાવનગરનો ખરો વિદ્યાર્થી હાજર થયો હોઈ મને આપ્યા સિવાય શાળાના સંચાલકોનો છૂટકો નહોતો. મને તો એથી એટલી બધી ખુશી થઈ કે વીતેલાં વર્ષોથી મને આવેલી બધી નિરાશાઓ ઊડી ગઈ અને આગળ જવાનો ઉમંગ વધ્યો. મેં તે દિવસે ડાયરીમાં નોંધ કરી: 'અભ્યાસમાં વધારે ખંત, આગ્રહ ને ગાંભીર્યની જરૂર છે. જેના માટે જીવન છે તે સિદ્ધિ મેળવવા શરમ, આળસ કે પ્રમાદ વગેરેને શા માટે અવકાશ આપું?'

જુલાઈમાં મારા પિતાશ્રી પોતાના વિષે તેમજ મારા મોટા ભાઈના સંબંધમાં પૂના ખાતે પોસ્ટ-માસ્તર જનરલ સમક્ષ રજૂઆત કરવા મુંબાઈ આવ્યા એ તકનો લાભ લઈ હું પણ રજા લઈ તેમની સાથે પૂના ગયો. ચોમાસામાં ઘાટનાં દશ્યો જોતાં એ પ્રવાસ ખૂબ જ આહ્લાદક બન્યો. વિશેષ મજા તો એ આવી કે સાંજને વખતે પિતાશ્રીએ મને કૉલેજની નજીકમાં તારા મૅન્શન નામના બંગલામાં રહેતા મસ્તરામ આદિ મિત્રોની પાસે છોડી દીધો અને રાત તેમની સાથે ગુજારવાની અનુકૂળતા કરી આપી.

૨૯૮ તારા મૅન્શનની રાત્રિ

મને એકાએક આવેલો જોઈ બધા મિત્રો ખુશાલીમાં નાચી ઊઠયા. ચારે બાજુના ખંડોમાંથી એકએક જણ મધ્ય ખંડમાં આવી ગયો. ગિરજાશંકર ભટ્ટ, કેશવ ત્રવાડી અને ઘણે ભાગે મનુ બધેકા—બધા જ સાથ રહેતા હતા. એમની રસોઈ પણ ત્યાં જ થતી. કેશુભાઈ ત્રવાડી તો મારો બાળપણનો ગોઠિયો. વઢવાણ કૅમ્પ (હાલ સુરેન્દ્રનગર)ની શાળામાં અમે સાથે ભણતા. અમારા કુટુંબોને પણ ગાઢ સંબંધ હતો. તે ભાઈ બહુ જ સુકોમળ અને ભીરુ પ્રકૃતિના હતા. જીવન વિષે સ્વતંત્ર વિચાર કરનારા મસ્તરામ અને ગિરજાશંકર આગળ તે છોભીલા રહેતા. રાત્રે અમે તડાકા મારવા લાગ્યા. બગીચામાં ગુલાબનાં ફૂલો ખૂબ ખીલતાં, તેનો ડગલો ટેબલ પર ગોઠવી રસિક મસ્તરામે પોતાની પત્નીની છબિ ત્યાં ગોઠવેલી. કેશુ કહે: 'ભાઈ, અમારા ઝાલાવાડમાં તો હોટાની હાજરીમાં પત્નીની સામે યે ન જોવાય, તો વાત તો કેમ જ થાય? પણ હવે હું સમજ્યો છું કે તેમાં દાંપત્યજીવન ઝૂરે છે. મારી પત્નીને હું દિવસે મળી શકતો નથી, તેમ મારી બાળકીને હાથમાં લઇને હુલાવી તો શું પણ પારણામાં ઝુલાવી યે શકતો નથી.'

એ નરમ દિલના જુવાનને મારી વાતો આકાશમાં ઊડતા ગબારા જેવી લાગી. વાતવાતમાં હું ડિટેક્ટિવ શેરલૉક હોમ્સની વાત કહેવા લાગ્યો. એ વખતે વાંચેલી વાતો રંગથી કહેવામાં મને મજા આવતી.



જર્મન સમ્રાટ કૈસર બીજો



ફર્ડિનાન્ડનું ખૂન, જેમાથી પહેલું મહાયુદ્ધ સળગ્યું .



આર્કડ્યૂક ફર્ડિનાન્ડ

પહેલા વિશ્વયુદ્ધનો ભડકો

મધ્યયુગનું એક વખતનું મહારાજ્ય ગણાતું સર્બિયા ઈ. ૧૩૮૯માં તુર્કીને હાથે જમીનદોસ્ત થયા બાદ ઓગણીસમી સદીની સ્વાતંત્ર્ય-ચળવળથી બાલ્કન વિગ્રહ બાદ એક નાનું સ્વતંત્ર્ય રાજ્ય બની શક્યુ હતું. પરંતુ પડોશના ઑસ્ટ્રિયા-હંગેરીના પ્રદેશમાં વસતી સ્લાવ પ્રજાની અસ્મિતાને પોષક તેનું અસ્તિત્વ, ઑ૦-હં૦ને ખૂંચતું હતું. એટલે ઈ. ૧૯૧૪ની ૨૮મી જૂનની સાંજે બૉઝનિયા પ્રાંતના સારાજેવો શહેરમાં જ્યારે ઑસ્ટ્રિયા-હંગેરીના પાટવી કુંવર આર્ક ડ્યૂક ફ્રાન્ઝ ફર્ડિનાન્ડનું ખૂન થયું ત્યારે ઑ૦-હં૦ને જોઈતું બહાનું મળી ગયું, અને તે અંગેના પુરાવા લલા હોવા છતાં, એ ખૂનના કાવતરામાં સર્બિયાનો હાથ હોવાનો આક્ષેપ મૂકી તેને આખરીનામું આપ્યું. સર્બિયાએ એનો નિખાલસ અને સહકારભર્યો ઉત્તર આપ્યો, પણ ઉન્મત્ત ઑસ્ટ્રિયાએ તો આ નિમિત્તે સર્બિયાનો કાંટો કાઢવાનો નિશ્ચય જ કર્યો હતો.

બાલ્કન વિસ્તારમાં ઑસ્ટ્રિયાનો પગદંડો વધે એ રશિયાને મંજૂર ન હતું, એટલે એણે સર્બિયાનો પક્ષ લીધો; તેની સામે જર્મનીએ ઑસ્ટ્રિયાને ટેકો આપ્યો; ફ્રાંકો-પ્રૂશિયન યુદ્ધમાં જર્મનીને હાથે પડેલા પોતાના આલ્સેસ અને લોરાં પરગણાંની દાઝ વાળવા આ તક ઝડપીને ફ્રાન્સ રશિયા સાથે જોડાયું; અને એ કાળે જર્મનીની વધતી જતી દરિયાઈ તાકાત અને તુમાખીથી ચીડાએલું ઇંગ્લંડ ફ્રાન્સ ને રશિયાને પક્ષે ગયું. આમ, અંગત હિત સાધવાની આ એક તકના લાભની લાલચે, ઑસ્ટ્રિયાએ સર્બિયાને આપેલા આખરીનામા પછી એક પખવાડિયામાં તો યુરોપ આખામાં મહાયુદ્ધની ભયાનક આગ ભભૂકી ઊઠી.

જ્યારે એ વાતમાં ભેદી કટોકટી આવી અને માણસો છુપાયા હોવાનો તથા કંઈ ન ધાર્યુ બનવાનો પ્રસંગ આવ્યો ત્યાં તો કેશુભાઈ દબાતા અવાજે બોલી ઊઠ્યા: 'પહેલાં બારીઓ બંધ કરી દો, બહારનું અંધારું મારા મનમાં ભય ઉપજાવે છે!' આવી ભીરુ પ્રકૃતિના જુવાનના દાંપત્યજીવનને ગૂંગળાવતા સમાજે તેની આસપાસ ખોટા પ્રતિબંધો અને આમન્યાઓનો આડંબર રચ્યો હતો. હું એ રાત્રિનો આનંદ એક સુંદર સ્વપ્ન માણ્યા જેવો ગણું છું, પણ વર્ષો બાદ જાણ્યું કે ભાઈ કેશુના જીવનનો સામાજિક પ્રતિબંધોએ મહાન કરુણ અંત આણ્યો હતો.

૨૯૯ કેશુનો કરુણ અંજામ

એ મિત્રોના સમાગમથી કેશુએ સંકલ્પ કર્યો કે પોતે ઘેર જઈને યુવાન પત્ની સાથે નવું ઉદાર જીવન મહાલશે. પણ રજામાં ઘેર જઈને પહેલી જ વાર પોતાની પુત્રીને રમાડવા પારણામાંથી લઈને રસોઈ કરતી પત્ની પાસે તે લઈ ગયો, એ દૃશ્ય જૂનવાણી પડોશણે જોયું ને તેણે કેશુની બા આગળ ચાડી ખાધી. થઈ રહ્યું: 'છોકરો વહુને વશ થઈ ગયો', 'વહુએ કંઈક કામણ કર્યું!' તે રાત્રે કેશુ એની પત્નીને મળી શક્યો નહિ;—પછી કદી નહિ! બીજી રજામાં ઘેર ગયો ત્યારે બીજો સંબંધ ગોઠવાઈ ગયો હતો અને જૂની વહુને પીઅર વળાવી હતી! કેશુ માટે નવી લાડી આવી ગઈ! શો વાંક, શો ગુનો, એ તો ઈશ્વર જાણે! કેશુએ મગજ ગુમાવ્યુ. વર્ષો બાદ મેં એને દીવાની હાલતમાં જોયો. મને ઓળખી પણ શક્યો નહિ, સાંભળ્યું કે જૂની વહુ ભરણ-પોષણ માટે લીમડીની કોર્ટમાં આંટાફેરા મારતી હતી. આજે આ જગતમાં તેઓ કોઈ હયાત નથી.

૧૭૯ ('કુમાર' અંક ૫૨૧)

૩૦૦ પહેલું વિશ્વયુદ્ધ

તારીખ ૬ ઑગસ્ટ, ૧૯૧૪ની નોંધમાંથી: 'યુરોપમાં લડાઈ સળગી છે. જર્મની મશાલ લઈ ફરે છે. બેલ્જિયમ હાથ કર્યું છે. બચાવ પક્ષે ગ્રેઈટ બ્રિટન તથા ફ્રાંસને જોડાવું પડયું છે. હિંદ ગ્રેઈટ બ્રિટન સાથે ગાઢ સંબંધમાં છે. હિંદમાં તમામ ચીજો યુરોપથી આવે છે. આ લડાઈથી તે વેપાર બંધ થયો છે. મુંબાઈના વેપારીઓમાં મોટો ખળભળાટ છે. નાણાં-માલની દહેશત છે, એટલું જ નહિ પણ હિંદના કિનારા પર દુશ્મનો આવી પહોંચે તો શું થાય?

૧૮૫૭ના બળવા પછી આટલે વર્ષે અશાંતિનો ભૂત જાગ્યો છે. વસ્તુઓ બધી મોંઘી થઈ ગઈ છે. દીવાસળીની પેટીઓ ગઈ કાલે પૈસાની બે મળતી હતી તે આજે બે પૈસાની એક થઈ ગઈ છે. તે પ્રમાણે તમામ વસ્તુઓના ભાવ વધી પડયા છે. શું થશે ને શું નહિ તે કોઈ કહી શકતું નથી. લોકોમાં જાતજાતના ગપગોળા ઊડે છે. કોઈ કહે છે, લોકોને મુંબાઈ છોડી નાસી જવું પડશે; કોઈ કહે છે કે નાસવાનો સમય પણ મળશે નહિ.

અમારા ચિત્રકામના સામાન મોંઘા થઈ ગયા છે. પેન્સિલો (જૉહાન ફેબર, મેઈડ ઈન બાવેરિયા) બે પૈસાની એક મળતી તેના સાંજે જ બે આના થઈ ગયા છે. એ જ રીતે કાગળો, રંગો ને પીંછીઓના ભાવ ચડી ગયા છે. હવે હિંદ પોતાની ખેતી તેમજ ઉદ્યોગોની ખરી કદર કરી શકશે. પરદેશનું ગમે તેવું સારું પણ શા કામનું?'

૧૯૧૪ના જૂન માસમાં યુરોપ પૃથ્વીનું શિરોમણિ હતું અને તેમાં જર્મની તો સ્વર્ગનું ધામ લેખાતું હતું. અમેરિકનો, રશિયનો, અંગ્રેજો

તેમજ હિંદીઓ છેલ્લી ઘડી સુધી જર્મનીની મહત્તાનાં ગુણગાન કરતા હતા. જર્મની નિયમિતતા, શાસ્ત્રીયતા, કર્તવ્યનિષ્ઠા, અભિનિવેશ, આત્મનિષ્ઠા, આત્મબળ, ગંભીરતા, દેશાભિમાન ને રાષ્ટ્રીય ગૌરવથી દીપતું હતું. યુરોપના પ્રાણ સમાન લેખાતા જર્મનીએ આંખ મીચીને ઉઘાડીએ તેટલા સમયમાં યુરોપની કેટલી દુર્દશા કરી નાખી છે.

૧૯૧૪ની ૧લી ઑગસ્ટે યુરોપના ચૂરેચૂરા થઈ ગયા ત્યારથી આજ સુધી દરેકેદરેક દિવસ અપૂર્વ શોકનો નોંધાઈ ચૂક્યો છે...યુગો સુધી તે ભૂંસાશે નહિ. પ્રજાકીય અને રાજકીય આત્માઓના ગંભીર સોદા ૧૮૭૦ના જુલાઈની ૧૯મીથી શરૂ થયા હતા. એ દિવસે ફ્રાન્સે પોતાનો આત્મા એક શહેનશાહના હાથમાંથી છૂટવી પ્રજાના હાથમાં સોંપ્યો. તે જ સમયે જર્મનીએ બધી ઠકરાતોના હાથમાંથી લઈને આત્મા એક શહેનશાહને–કેસરને સોંપ્યો...'' નૃ. ભ. વિભાકર.

૧૯૧૪ના ઑગસ્ટમાં યુરોપમાં સુધરેલા દેશોમાં વિગ્રહ જાગ્યો. જર્મની આગલી ફતેહોથી મદોન્મત્ત થએલું. યુરોપ આખા ઉપર વિજય મેળવી પૃથ્વીપતિ થવાના તેને અભિલાષ જાગ્યા. કૅસરે ગાદીએ આવ્યા પછી બે વર્ષે શાણા પ્રધાન બિસ્માર્કને દૂર કર્યો. મોટાં રાજ્યોમાં એક ઈટલી અલગ રહ્યું. નાનાં રાજ્યોએ તટસ્થતા જાહેર કરી. તે વખતે યુરોપની વસતિ ૪૦ કરોડની ગણાતી. તેમાંથી ૩૪ કરોડ એકબીજાનો નાશ કરવામાં રોકાયા. બીજા દેશો લડાઈથી મુક્ત રહી શકે તેમ નહોતું. એશિયાનો ૬/૧૦ ભાગ લડનારાં રાજ્યોના કબજા તળે હતો.

૩૦૧ લડાઈનું મૂળ

૧૯૧૪ની ૨૮મી જૂને ઑસ્ટ્રિયાના પાટવી આર્ક ડ્યૂક ફ્રાન્સિસ ફર્ડિનાન્ડ અને તેની રાણી હોહેનબર્ગની ડચેસ સેરાજિવોના જાહેર માર્ગ પર ખૂન થયાં. તેનો આરોપ સર્વિયા પર પડ્યો. ઑસ્ટ્રિયાએ ૪૮ કલાકમાં તેનો જવાબ માગ્યો, અને તે ન મળતાં લડાઈ જાહેર કરી.

બેલ્જિયમે પડોશી સરકારોને પૂછ્યું કે ફ્રેન્ચ ને જર્મન સરકારો તેની તટસ્થતાને માન આપશે કે નહિ. ફ્રાન્સે સંતોષકારક જવાબ આપ્યો, જર્મની મૂંગું રહ્યું. બેલ્જિયમે ઇંગ્લંડના રાજાને જૂની મિત્રતા ખાતર આ બાબત બનતું કરવા કહ્યું. ઇંગ્લંડે એ બાબત જર્મની પાસે વચન માગ્યું, પણ તે વખતે તો જર્મન લશ્કર બેલ્જિયમમાં દાખલ થઈ ગયું હતું! બ્રિટિશરો માટે બીજો માર્ગ ન રહ્યો અને જર્મની સંતોષકારક જવાબ ન આપે તો પોતાના એલચીને ચાલ્યા આવવા કહ્યું. પણ તે પહેલાં 'ઇંગ્લંડે વિગ્રહ શરૂ કર્યો છે' એવું જર્મનીએ જાહેર કરી દીધું. ત્યારે જ દુનિયાએ જર્મનીનું આંધળું ઝનૂન અને તુમાખીભર્યું દેશાભિમાન જોયું. જર્મન પ્રજામાં ઇંગ્લંડ સામે દ્વેષનો પ્રબળ પ્રચાર થવા માંડ્યો. ઇંગ્લંડને કૅનેડા, ઑસ્ટ્રેલિયા અને દુનિયાનાં બીજાં બ્રિટિશ સંસ્થાનોએ સહાય, સહાનુભૂતિ અને સેવાના સંદેશા મોકલ્યા. એ વખતે હિન્દમાં લગભગ ૭૦૦ દેશી રાજ્યો હતાં. તેમણે એકી અવાજે વિગ્રહ માટે પોતાનાં સેવા-સાધનો આપ્યાં અને યુદ્ધક્ષેત્ર પર જવા રાજાઓ અને ઠાકોરોએ ઉત્સાહ બતાવ્યો. તેમાં સરદારો ને ફટાયા-કુંવરો જોડાયા. રશિયનોએ તુર્કી સામે લડાઈ જાહેર કરી.

ફ્રાન્સમાં હિન્દી લશ્કર પહેલું પહોંચી ગયું. ત્યાંના યુદ્ધક્ષેત્રમાં શીખો ને ગુરખાઓએ બહાદુરી બતાવી 'વિક્ટોરિયા ક્રોસ' મેળવ્યા.*

આ વખતે ભાવનગરના સર પટ્ટણી મુંબાઈના ગવર્નર લૉર્ડ સિડનહામની કાઉન્સિલમાં સર ક્લૉડ હિલ સાથે મેમ્બર હતા. ભાવનગર રાજ્યને સરકારમાં લાગવગ વધારવાની જરૂર લાગવાથી સર પટ્ટણી ભાવનગર છોડી નાસિકમાં જઈ રહ્યા. આ વખતે જ તેમણે પ્રથમ વાર દાઢી વધારી હતી. મુંબાઈની કાઉન્સિલના એક મેમ્બર મહાદેવ ભાસ્કર ૧૯૧૨ના જૂનમાં ફારેગ થયા ત્યારથી તેની જગ્યા પર સર પટ્ટણી ગોઠવાઈ ગયા હતા.

ભાવનગરના મહારાજાએ રાજ્યના ક્ષત્રિયો અને સરદારોને આ મહાભારત સમા આધુનિક યુદ્ધની પદ્ધતિ અને પરિચય મેળવવા તેમજ રાજપૂતી બતાવવા ખૂબ જ ઉત્તેજન આપવા માંડ્યું હતું.

જર્મન પેઢીઓના જર્મન માલિકો પોતાની કંપનીઓ તથા તેમાંના માલ પોતાના વહીવટકર્તા મુખ્ય હિંદી અધિકારીઓને ભળાવી લશ્કરમાં ભરતી થવા ચાલ્યા ગયા હતા. તેથી રંગોની, રસાયણોની અને યંત્રોની ઘણી પેઢીઓ હિંદી વેપારીઓના હાથમાં આવી પડી હતી અને તેમાંથી તેઓ પછીથી માલેતુજાર બની ગયા હતા.

૩૦૨ જર્મન વેપારી મિ. ગૉલનો કલાસંગ્રહ

મારા પિતાશ્રીના મિત્ર શ્રી ઈશ્વરરાય પંડ્યાનો પરિચય મને, ભાવનગરમાં તેઓ સ્પીસી બૅંકના મૅનેજર હતા ત્યારથી થએલો. તેઓ આ અરસામાં મુંબાઈ આવેલા ને તેમણે મને પોતાના મોટા ભાઈ વસંતરાય પંડ્યાનો ત્યાં પરિચય કરાવેલો. વસંતરાય પંડ્યાને મારામાં બહુ રસ પડ્યો ત્યારે મને આશ્ચર્ય થએલું, પણ પછી જાણ્યું કે તેઓ જર્મનીની રંગની પેઢીના એક મૅનેજર મિ. ગૉલની પાસે નોકરીમાં હતા. એ મિ. ગૉલ ભારતની કલાસામગ્રીનો મોટો સંગ્રહ કરી રહ્યા હતા. યુદ્ધને કારણે તેઓ જર્મની ચાલ્યા ગયા હતા અને તેમનો સરસામાન કસ્ટડીમાં મુકાયો હતો. હું કળાનો અભ્યાસી છું તે જાણીને વસંતરાય પંડ્યા તે જોવાને વાલકેશ્વર પરના ગૉલસાહેબના બંગલામાં મને લઈ ગયા. તેનો ખંડેખંડ ભારતની વિરલ કારીગરી અને કલાકૃતિઓથી ભરેલો હતો. કિસમકિસમના ગાલીચા, કાપડ, રમકડાં, કાષ્ઠ ને પથ્થરની કારીગરીઓ, ધાતુકૃતિઓ, પ્રતિમાઓ વગેરે પાર વિનાની ચીજો એમાં હતી. એમ કહેવાતું કે ગૉલસાહેબ પાસે જે કોઈ જતું તે ખાલી હાથે પાછું ન ફરતું. એ સંગ્રહમાં મેં સમકાલીન ચિત્રકારોની કૃતિઓનો એક થોકડો જોયો. પ્રદર્શનોમાંથી પસંદ કરીને ખરીદેલી એ ચિત્રકૃતિઓમાં મેં મુંબાઈના ઘણા શ્રેષ્ઠ ચિત્રકારોનાં નામ જોયાં. તેમાં નિસર્ગદૃશ્યો (લૅન્ડ-સ્કેપ)નાં બેચાર ચિત્રોમાં મેં 'ચુનીલાલ મુરલીધર'નું નામ વાંચ્યું. આજ સુધી કોઈ ગુજરાતી ચિત્રકારને નિસર્ગ દૃશ્યોમાં તૈયાર થએલો મેં જાણ્યો નહોતો, એટલે આ નામવાળી વ્યક્તિને જાણવા-ઓળખવાની મનમાં ઘડ બાંધી.

૩૦૩ પરભુભાઈના પત્રો

પત્રો લખનારા મિત્રમાં પરભુભાઈ નિયમિત રીતે આદર્શ મૈત્રીભાવથી સ્નેહપૂર્ણ પત્રો લખતા. તેમાં તે વિચાર ને ભાવનાના રત્નકણ છાંટી દેતા. આ ભાવના-પ્રધાન તેજસ્વી મિત્રને, પોતે બીમારીના પંજામાં પકડાએલા હોઈ, કર્તવ્ય અને વ્યવહારની દુનિયામાં કંઈ ન કરી શકવાનો બહુ જ અસંતોષ રહેતો. નીચેના એક તારણમાંથી તે જણાશે.

'પ્રિય રવિભાઈ, મારી સાથે મુરબ્બીનો સંબંધ રાખશો તો ઘડિયાળના કાંટા ફેરવી નાખવા પડશે. હું તમને સ્નેહી ને ગુરુની 'લાઇટ'માં જોતો આવ્યો છું......આધુનિક civilization (સભ્યતા) માટે શું કહેશો? આ કહેવાતી સભ્યતામાં એક પણ તાનસેન, નરસિંહ મહેતો, પદ્મિની કે મીરાં, એકેય રાફેલ કે માઇકલ ઍન્જેલો, અથવા પૃથ્વીરાજ, પ્રતાપ, કાલિદાસ કે શેક્સપીઅર, યા તો લયલા કે શીરીં બતાવી શકશો? To what purpose? (આ બધું શા માટે)નો ઉત્તર શું આ સભ્યતા આપશે? કદાચ કદી નહિ, કદાચ અસંભવ...

...તમારું વડોદરાનું વર્ણન વાંચી મોંમાં પાણી છૂટે છે. મારા

*'બ્રિટિશ અને હિંદી વિક્રમ'માંથી

માટે તો: Fate has willed it otherwise. Can I envy your fortune? (નસીબ અવળું પડયું છે! તમારા નસીબની ઇર્ષ્યા કરું?) ચિત્રકળાનો મારો શોખ તમે જાણો છો. મને એ નાનપણથી જ લાગ્યો છે. કોઈ ગાઇડના અભાવે પણ રંગની પેન્સિલોથી જેવુંતેવું કામ કરીને મનને રીઝવતો. પુસ્તકોના અભ્યાસના તાપમાં સરી જતાં (ચીતરવા) બેસી જાઉં છું. કલ્પનાઓને બહાર લાવવાનો યત્ન કરું છું. હજી બે દિવસ પહેલાં જ કલર-બૉક્સ લઈ બેઠો હતો. કંટાળતા નહિ; મારા મનના ઊભરા ક્યાં કાઢું? 'Hidden Sides of Things' જેમજેમ વાંચું છું તેમતેમ જીવનની રહેણીકરણી ઉપર વધારે અજવાળું પડતું જાય છે. વખત બચાવીને આ Noble Art (ઉમદા કળા)ની પછવાડે હું લાગ્યો રહેતો હતો. ડ્રૉઇંગનું કંઈ પણ શિક્ષણ લીધા વિના હું ચહેરા આબેહૂબ મેળવી શકતો એથી મને નવાઈ લાગતી, અને તેથી મારા કામમાં મને ઉત્તેજન મળતું. હું ખાતરીથી કહું છું કે આ ને આ રીતે મારું ગાડું આગળ ચાલ્યું હોત તો હું અત્યારે સારું કામ કરતો હોત... ખરેખર અત્યારનું વરતેજ તે વર તેજ નહિ પણ ગત-તેજ લાગે છે...

ઊંચું માગી લેવું એ તો દુનિયાનો વ્યવહાર છે. મીઠું ઊંચું માગી લેવું અને કડવું ન માગવું તે ન્યાય કહેવાય? સુખ માગવું તો દુઃખ પણ માગી લેવું. દુઃખો ય આવો અને આ કઠોરને કુમળાં કરો...'


વૅકેશન પડે ત્યારે પરભુભાઈ મારી કાગ ડોળે રાહ જોતા હોય, અને હું ભાવનગર આવી ગયો છું એમ જાણે ત્યારે બીજે દિવસે હું ન મળું તો એ જાતે હાથે ચલાવવાની રબર-ટાયર-ગાડી અને સાથે એક નોકર લઇને મારે ત્યાં આવ્યા જ હોય. ખૂબ હેતથી મળે, અને નવી ચોપડીઓ તથા ચિત્રપોથીઓ કે ચોપાનિયાં પોતે મંગાવ્યાં હોય તે જોવાનું વાજીદનું નિમંત્રણ આપી જાય. હું પણ એમને ત્યાં જઈ મારા નવા અનુભવો કહેતો અને નવા ચિત્રપ્રયોગો બતાવતો. મને તેમાં ઊંડા સંતોષ અને તૃપ્તિનો અનુભવ થતો. (ચાલુ)

ઊ-થાં (અનુ. પૃ ૧૭૪થી) ૧૯૬૩માં કાંગોનો ને ૧૯૬૫માં કાશ્મીરનો કોયડો ઉકેલવામાં એમની હાજરીએ જ ઘણી અસર ઉત્પન્ન કરી હતી.

ઊ-થાં અર્થશાસ્ત્રની કે વહીવટીતંત્રની તાલીમ પામ્યા નથી, છતાં એ બંને પર એ વધારેમાં વધારે લક્ષ આપે છે; કેમ કે એ માને છે કે અણુશસ્ત્રો કરતાં પણ એ પ્રશ્નો વિશ્વ માટે વધારે ભયાવહ છે. એક વાર એમણે કહેલું: 'જગતની આજની તંગદિલીનું કારણ એ છે કે વિશ્વ ધનવાન અને ગરીબ રાષ્ટ્રો વચ્ચે વિભાજિત થએલું છે, અને આ પરિસ્થિતિ ઠંડા યુદ્ધ કરતાં વધારે સ્ફોટક છે.' સ્વાતંત્ર્ય ઇચ્છતાં રાષ્ટ્રો માટે એમને સહાનુભૂતિ છે અને લોકોનું જીવનધોરણ ઊંચું આણવું જોઈએ એવા એમના આગ્રહને તો સમૃદ્ધ દેશોએ ટેકો પણ આપ્યો છે; તેમ છતાં આફ્રો-એશિયન દેશોના સ્વાતંત્ર્ય પછીનાં કાર્યોની એમણે કડવી ટીકા પણ કરી હતી. એક વાર એમણે આફ્રિકાનાં નવોદિત રાષ્ટ્રોના નેતાઓને 'વિદૂષકોના ટોળા' સાથે સરખાવ્યા હતા.

ઊ-થાં પોતાના અંગત જીવનને જાહેર જીવનથી તદ્દન અલગ રાખે છે. ન્યૂ યૉર્કના યુનાઇટેડ નેશન્સ બિલ્ડિંગના ૩૮મા માળે આવેલી એમની ઑફિસમાં પ્રસન્નકર તત્ત્વો માત્ર બે જ છે: નીચે વહેતી નદીનું દૃશ્ય અને ફ્રેન્ચ કલાકાર રેનવાનું એક ચિત્ર. એ ઑફિસથી ૨૫ મિનિટના અંતરે, હડસન નદી પર, રીવરડેલ નામક મધ્યવર્ગીય વસાહતવાળા પરામાં આવેલા એમના મકાનમાં તેઓ પોતાની શરમાળ ને અંગ્રેજી ન જાણતી પત્ની, પુત્રી આય-આય, જમાઈ ટીનમિન્ટ અને દત્તક પુત્ર સાથે રહે છે. સવારે છ વાગ્યે ઊઠી તેઓ નાસ્તા પહેલાં ઘરમાં રાખેલી બૌદ્ધપ્રતિમા સામે એક કલાક ધ્યાન કરે છે, અને ત્યાર બાદ કૉફી લઈ પોતાના ખાનગી હોજમાં તરવાની, અને હવામાન પ્રતિકૂળ હોય તો ટેલિવિઝન સેટ પર સમાચાર જોતાંજોતાં સ્થિર સાયકલને પૅડલ મારવાની કસરત કરી લે છે. બપોરના ૧૦-૩૦ થી રાતના ૮-૩૦ સુધી દસ કલાક તેઓ ઑફિસમાં કામ કરે છે. વાર્ષિક ૧૨,૦૦૦ પાઉંડ (અઢીલાખ રૂપિયા)ની આવકવાળી આકરી ફરજવાળી મહામંત્રીની પદવી એમને બહારના કોઈ રસનો આસ્વાદ લેવા દેતી નથી. ઘરમાં એ કોઈ સમૂહઆનંદના સાથી બની શકતા નથી કે કોઈના ભોજનના આમંત્રણને સ્વીકારી શકતા નથી. નાની ચિરુટ, સારા ખોરાક ને દારૂના શોખીન ઊ-થાં ફિલ્મના રસિયા છે, પણ તેઓએ એક મુલાકાતીને કહેલું: ગયા શિયાળામાં ટોબેગોમાં એક અઠવાડિયાની રજા મેં ગાળેલી જે પાંચ વર્ષમાં પહેલી જ હતી. અને ફિલ્મનો તો હું અત્યંત શોખીન છું. હું બર્મીઝ ફિલ્મ ઍવૉર્ડ બોર્ડનો ચાર વર્ષ સુધી ચેરમૅન હતો. કેવળ મોજ ખાતર જોવા ઉપરાંત હું હોદ્દાની રૂએ પણ વર્ષે ૫૦ ફિલ્મો જોતો અને એમની સમીક્ષા કરતો. પણ હમણાં જ મેં ગણતરી કરેલી કે છેલ્લાં ચાર વર્ષમાં હું ત્રણ જ ફિલ્મ જોઈ શક્યો છું!'

શતરંજનો કોયડો



H. F. BLANDFORD

સ્થિતિ: 8/k2K4/24/2B5/2P5/5n2.

કોયડો: સફેદે રમવાનું અને જીતવાનું.

અહીં સફેદના ઊંટ અને પ્યાદાને બદલે કાળા પાસે ઘોડો છે. પ્યાદુ બીજી હરોળ ઉપર છે તેને વજીર બનવા માટે જે જે ખાના ઉપરથી પસાર થવું પડે તેમાંથી કોઈ પણ એકનો કાબૂ કાળો ઘોડો સમયસર મેળવી શકે તો રમત ડ્રૉ થાય અહીં તે શક્ય નથી છતાં સફેદને જીતવું તદ્દન સહેલું તો નથી જ. (ઉકેલ પૃ. ૨૦૫ ઉપર) **સુરેશ મોદી**

અનુસધાન] **તરંગકથા** [પૃ. ૨૦૧થી

પેલા પોલીસ-અધિકારીને લાગ્યું કે આ દાઢીવાળાના ભેજામાં એકલું ભૂસું જ નથી ભર્યું. પ્રોફેસરની કલ્પનાશક્તિનો ખયાલ તો ધડાકો થયો તે જ ક્ષણે તેને આવી ગયો હતો.

'પણ નિખિલનું શું?' એકાએક આયંગર બોલી ઊઠ્યો. 'એ પણ યાનમાં હતો.'

પ્રબુદ્ધની સખત આંખોમાં કોઈ દાવાનળ સળગી સળગીને ઓલવાઈ જતો હતો. તેની આંખમાં કંઈક પવાલી ઊભરાતું હતું જેનું સંપૂર્ણ પૃથક્કરણ કોઈ રસાયણશાસ્ત્રી નથી કરી શક્યો! પ્રોફેસર બિજ્જેતા ચેટર્જી એમ જ સ્થિર ઊભા હતા. તેમની સ્થિરતા કદાચ અંતરમાં ચાલી રહેલા ભયંકર ઘમસાણનું સૂચન કરતી હતી. આયંગરના પ્રશ્નનો જવાબ કોઈએ ન દીધો. ઓરડામાંની શાંતિ જ એનો જવાબ હતો. (ચાલુ)

શકવર્તી સફર

ભાવાનુવાદ · શિવપ્રસાદ જોષી

ઇતિહાસ કુદરતની જ પ્રતિચ્છવિ છે અને તેથી કુદરતની લીલા પેઠે જાતજાતનાં રૂપ અને બહુરૂપી સ્વાંગ ધારણ કરે છે. રૂઢિને તે હસી કાઢે છે અને નિયમોનું જાણે ઉલ્લંઘન કરે છે. જલપ્રવાહની જેમ ક્યારેક તે ધ્યેય તરફ વહે છે, તો બીજી કોઈ પળે પવનની પાંખે ચડી આકસ્મિક બનાવ પણ સરજે છે. અખૂટ ધીરજથી ઘડાતા કોઈ નીલમાણિક્યની અદાથી તે યુગોનું સર્જન કરે છે, તો વળી નિમિષમાત્રમાં નાટકીય ઘટનાઓની હારમાળા પણ ભજવી જાણે છે. સ્વભાવે સર્જનાત્મક હોવાથી જ ઇતિહાસની પ્રક્રિયાનું કલાસ્વરૂપ ઉત્તેજનાભરી ક્ષણોના બાહુલ્યમાંથી સાંપડી રહે છે. કંઈક લાખ સર્જનશક્તિઓ સૃષ્ટિની ચેતનામાં પ્રાણ પૂરે છે પણ તેનું આવિષ્કરણ તો ઐતિહાસિક બનાવોના સંદર્ભમાં જ સુલભ બને છે ઇતિહાસ જે કલામય રજૂઆત કરે છે તેને રંગવા કોઈ લેખકની પીંછી જરૂરી નથી—પ્રમાણિક પુનરોચ્ચાર જ બસ છે. ઇતિહાસની કરવટ બદલતી આવી એક ક્ષણને સ્ટીફન ઝવાઈગના શબ્દો પરથી અહીં ઉતારી છે.

વિશ્વશાંતિને હરીઠામ થવા માટેના નાનકડા ટાપુ જેવડા સ્વિટ્ઝર્લૅન્ડ દેશની સીમાઓ ચોતરફથી વિશ્વયુદ્ધનાં પ્રલયકારી મોજાંઓની થાપટો ખાઈ રહી હતી. ઈ. સ. ૧૯૧૫-૧૯૧૮ સુધીના ગાળામાં ત્યાં અવિરામપણે જાણે કોઈ જાસૂસી નવલકથાનાં પ્રકરણો ભજવાઈ રહ્યાં હતાં. હજી વર્ષ પહેલાં જ જુદાજુદા દેશના જે એલચીઓ એક જ ટેબલ પર બેસીને 'બ્રિજ' રમતા અને એકમેકને ભોજન માટે આમંત્રતા તેઓ આજે જાણે અજાણ્યા હોય તેમ એકબીજાની સામે જોયા વિના પસાર થઈ જતા હતા. તેમના આવાસોમાંથી અજાણ વ્યક્તિઓની કતારો નીકળી પડતી: રાજકીય પ્રતિનિધિઓ, મંત્રીઓ વેપારીઓ, પરદેનશીન તેમજ ખુલ્લા ચહેરાવાળી બાનુઓ—એમ તરેહતરેહની વ્યક્તિઓ ભેદી ઢામે લાગી જતી હતી. જુદાંજુદાં ચિહ્નોવાળી મોટરગાડીઓ ચોતરફ ઘૂમતી, અને જ્યાં અટકતી ત્યાં કોઈ ઉદ્યોગપતિ, અખબારનવીસ, કે સાંસ્કૃતિક જૂથનાં સ્ત્રીપુરુષો ટપકી પડતાં. બધાંનું ધ્યેય એક જ હતું: જાસૂસી. સામાન ઊંચકનાર મજૂરો, ઘરકામ કરતી નોકરડીઓ કે બાળકોની માવજત કરતી આયાઓ—સૌના કાનમાં એક જ મંત્ર ફૂંકી દેવામાં આવ્યો હતો: શું ચાલે છે તે જોવું અને શી વાતચીત થાય છે તે સાંભળવી. ઠેરઠેર જાણે આ બાબતમાં હરીફાઈ ચાલી રહી હતી: કોણ વધુ સારી જાસૂસી કરી શકે છે! વીશીઓમાં, ધર્મશાળાઓમાં, કાફે અને રેસ્ટોરાંઓમાં રેલવે સ્ટેશન અને પોસ્ટઑફિસોમાં એક જ વાત હતી: પ્રચારને નામે પ્રપંચ અને પ્રેમના અંચળા નીચે રાષ્ટ્રદ્રોહ! આગંતુકો પોતાનો જે ધંધો જાહેર કરતા તેનાથી સાવ ભિન્ન એવી તેમની પ્રવૃત્તિઓ રહેતી. નાનામાં નાની વાતનું નિરીક્ષણ થતું અને તે બીજે પહોંચાડાતી. ઝુરીખમાં ભૂલેચૂકે કોઈ જર્મન આવી ચડે તો તે વાત બીજી ક્ષણે બર્ન થઇને પારીસ પહોંચી જતી. પાનાં ને પાનાં ભરીને સાચાખોટા, અહેવાલો નાનામોટા ગુપ્તચરો મારફત રાજદૂતોને મળતા અને તેઓ તે પોતાને દેશ મોકલતા. દીવાલો જાણે પારદર્શક કાચની બની હતી; ટેલિફોનમાં બે પક્ષ વચ્ચે થતી વાતચીત ત્રીજો પણ ટપકાવી લેતો; કચરાપેટીના કાગળો અને શાહીચૂસમાં અંકાઈ ગએલા શબ્દો ઉપરથી આખા પત્રવ્યવહારની નકલો ઉપજાવી શકાતી; આવી ઈદમ્ તૃતીયમ્ પ્રવૃત્તિઓ એટલી વ્યાપક બની રહી હતી કે ગાંડપણ આડે કોઇને એ ખયાલ પણ ન રહ્યો કે પોતે લક્ષ્ય વીંધે છે કે બને છે! જાસૂસી કરે છે કે જાસૂસીનો ભોગ બને છે!

આ વાતાવરણમાં આખા સ્વિસ મુલકમાં એક જ એવો પરદેશી હતો જેની કોઇને પડી ન હતી અને જેના વિષે કાંઈ પણ બાતમી કોઈએ મેળવી ન હતી. તે પોતે જાહેરમાં ભાગ્યે જ દેખાતો. તેણે કદી કોઈ ભભકાદાર હોટેલમાં કે કૉફીઘરમાં પગ મૂક્યો ન હતો. શહેરના એક અજાણ ખૂણે એક મોચીને ત્યાં પોતાની પત્ની સાથે તે પડ્યો રહેતો. તેની પડોશનાં બીજાં બે ભાડૂતોમાં એક ઇટાલિયન સ્ત્રી હતી અને બીજો હતો ઑસ્ટ્રિયાની રંગભૂમિનો નટ. તેઓ માત્ર એટલું જ જાણતા કે ત્રીજો ભાડૂત એક રશિયન હતો અને તેનું નામ બોલવું જીભને ફાવે તેમ નહોતું. મકાનમાલિક બાઇને પણ એટલી જ ખબર હતી કે તેનાં રશિયન ભાડૂત તદ્દન ગરીબ સ્થિતિનાં પતિપત્ની હતાં અને માંડ પેટિયું કાઢતાં. તેમના કંગાલ પોશાક અને સાદા ખોરાક ઉપરથી આ વાતને સમર્થન મળતું. પુરુષ ઠીંગણો ને બેઠી દડીનો હતો. તેના દેખાવમાં અસામાન્ય કશું જ ન હતું. દુનિયાની નજરથી દૂર રહેતો અને સમાજમાં બહુ ભળતો નહિ. તેનાં પાડોશીઓ પણ તેની તીણી અને ચબરાક આંખો ભાગ્યે જ જોવા પામતાં. તેનો રોજિંદો કાર્યક્રમ પણ સાદો હતો: સવારે નવને ટકોરે લાયબ્રેરીમાં જવું; બાર વાગ્યા સુધી વાંચવું; ફરીથી ભોજન બાદ એક વાગ્યે લાયબ્રેરીમાં જવું અને સાંજના છ વાગ્યા સુધી વાંચ્યા કરવું. જાસૂસો સામાન્યરીતે વાચાળ વ્યક્તિઓની પાછળ ઘૂમતા હોય છે, અને તેથી જ આવા શાંત અને મૂંગા પુરુષ વિષે માહિતી મેળવવાનું કોઇને સૂઝતું નહિ। આ વિચિત્ર પુરુષ વિષે માત્ર આછી પાતળી લોકવાયકા પ્રચલિત હતી કે પીટર્સબર્ગ છોડ્યું તે પહેલાં લંડનમાં તે એક છાપું કાઢતો, અને રશિયનો તે વાંચતા. પોતાના જ જેવા એક વિચિત્ર નામધારી પક્ષનો તે નેતા હતો; ઘણાંની તે ટીકા કરતો; તેની પાસે કોઇ જતું નહિ; તે પણ કોઈ સાથે તડજોડ કરતો નહિ; તે સભાઓ બોલાવતો તેમાં ફ઼. ફઈ અને રતનિયો સિવાય કોઈ હાજર રહેતું નહિ. ઘણા રશિયન નિરાશ્રિતોમાંના એક તરીકે તે ઓળખાતો.

અને આવડા ઠીંગુજીનું મહત્ત્વ શું? ઝુરિખમાં એવા પચ્ચીસત્રીસ માણસો ભાગ્યે હશે જેને મોચીના આ ભાડૂતના નામની યે ખબર હતી: એટલું જ નહિ, અનેક એલચીઓની પૂરપાટ દોડતી મોટરોમાંની એક નીચે આ માણસ ચગદાઈ ગયો હોત તો યે દુનિયાને ભાગ્યે જ ખબર પડત કે એ મડદું ભવિષ્યના પ્રખ્યાત લેનિનનું હશે!

ઈ. ૧૯૧૫ના માર્ચની ૧૫મી તારીખે ઝુરિખની એક લાયબ્રેરીના ગ્રંથપાળને નવાઈ લાગી. નવના ટકોરા પડી ચૂક્યા હતા પણ ગ્રંથાલયનો સૌથી નિયમિત વાચક આજે આવ્યો ન હતો. સાડાનવ...દસ થયા તો યે તે ન આવ્યો. કદાચ હવે આવે પણ નહિ. કારણ સ્પષ્ટ હતું. તે ગ્રંથાલય તરફ આવતો હતો ત્યારે રસ્તામાં એક મિત્રે એને એવા સમાચાર આપ્યા હતા કે તે હર્ષઘેલો બની ગયો હતો. સમાચાર આટલા જ હતા: રશિયામાં બળવો ફાટી નીકળ્યો છે! પ્રથમ તો લેનિનને સમાચારમાં તથ્ય લાગ્યું નહિ, કેમ કે તે અચાનક આવી

પડયા હતા. ક્ષણના પણ વિલંબ વિના તે અખબાર-કચેરીએ દોડી ગયો અને કલાકો સુધી બહાર બેસી રહ્યો; એટલું જ નહિ, સમાચાર સમર્થન માટે દિવસો સુધી રાહ જોઈ. જેમ સમય જતો ગયો તેમ વધુ વિગતે સમાચાર પ્રાપ્ત થતા ગયા. વાત સાચી હતી. પ્રથમ દૃષ્ટિએ લાગ્યું કે આ તો મહેલની ક્રાંતિ છે. પણ ના. ઝાર ભાગી છૂટયો હતો ને કામચલાઉ સરકારની રચના થઈ હતી. રશિયામાં મુક્તિના શ્રીગણેશ મંડાઈ ચૂકયા હતા. બધા જ રાજકારી કેદીઓને મુક્તિ મળી હતી. વર્ષોથી આ શુભ દિવસની તે ઝંખના કરતો હતો. સાઇબીરિયામાં ને કારાવાસમાં, દેશવટા દરમ્યાન તેમજ ખાનગી મંડળોમાં આજે બે દાયકાથી જે ગુપ્ત પ્રવૃત્તિઓ તે કરતો હતો તેનું ફળ નજર સમક્ષ દેખાઈ રહ્યું. હવે તેને ખાતરી થઈ કે જે અસંખ્ય બલિદાનો દીધાં તે ગેરવલ્લે નથી ગયાં. તેમની શહીદી અમર બની છે અને તેમની કબર પર આજે ન્યાય શાંતિ અને મુક્તિનું સામ્રાજ્ય સ્થપાયું છે. સ્વપ્નદ્રષ્ટા તરીકે ભમતા આ માણસને આજે જાણે મુક્તિનો કેફ ચડયો!

તેને એકલાને જ નહિ, પણ જ્યાં જ્યાં રશિયનો વેરાએલાં પડયાં હતાં—ઝૂરિખ, જીનિવા, બર્ન એમ સર્વત્ર આનંદ વ્યાપી રહ્યો હતો; કેમ કે તેઓ સૌ હવે માદરેવતન જઈ શકશે; ખોટાં નામ ધારણ કર્યા વિના, બનાવટી પાસપોર્ટ વિના અને જીવના જોખમ વિના. એક વખત જે વાઈઝારનો દેશ ગણાતો તેમાં તેઓ આઝાદ ભોમના આઝાદ નાગરિકો તરીકે પ્રવેશ પામશે. તેમણે સૌએ તાબડતોબ સરસામાન બાંધવો શરૂ કર્યો કેમ કે છાપાંઓમાં ઝારીના સંદેશ મોટા અક્ષરે છપાતો હતો: 'વતન પાછા ફરો!' દરેક દેશમાં અને ચોતરફ તાકીદના સંદેશાઓ છૂટયા: જ્યાં હો ત્યાંથી તમામ રશિયનો એકત્ર થઇને એક મહાન કાર્ય પૂરું કરવા વતન પાછા ફરો. આ હતી ક્રાંતિ પૂર્વેની બુલંદ ઘોષણા!

થોડા દિવસ વિત્યા ને ચિંતાજનક સમાચાર મળવા લાગ્યા. ક્રાંતિનું નામ સાંભળીને, સૌ ગરુડની પાંખે હવામાં જાણે તરતા હતા. તેમને ભાન થયું કે આ તો ઝારના મહેલમાં બળવો થયો છે અને તેના મૂળમાં બ્રિટિશ અને ફ્રેન્ચ રાજપુરુષોનો હાથ હતો. તેમનું ધ્યેય એ હતું કે ઝાર નિકોલસ જર્મની સાથે અલગ સંધિ ન કરી બેસે. આ વ્યાપક લોકક્રાંતિ ન હતી કે જેને માટે સેંકડો રશિયનો દેશવટો ભોગવી રહ્યાં હતાં ને પ્રાણ આપવા પણ તૈયાર હતાં. આ તો રાજકારણની ખટપટ હતી. લેનિન અને તેના મિત્રોને સમજતાં વાર ન લાગી કે વતનમાં પાછા ફરવાનું નિમંત્રણ એવા લોકો માટે ન હતું જે આમૂલાગ્ર ક્રાંતિ ઈચ્છતા હતા. તેમને માટે તો, દેશમાં દાખલ થતાં જ અટકાવવાની સૂચના સરહદ ઉપર મોકલાઈ ચૂકી હતી! જે છૂટછાટ જાહેર થઈ તે મવાળ તત્ત્વો માટે જ હતી. વિનીત નેતાઓને શોધીશોધીને બ્રિટિશ ટોર્પિડો બોટમાં સેન્ટ પીટર્સબર્ગ ઉતારવામાં આવતા હતા જ્યારે બીજા ક્રાંતિવીરો તેમજ ટ્રૉટસ્કીને હૅલીફૅકસ ખાતે સરહદ ઉપર રોકી દેવામાં આવ્યા. આવાં નામોની એક 'કાળી' યાદી દરેક દેશમાં મોકલવામાં આવી, જેથી ઉદ્દામ તત્ત્વો તડીપાર સ્થિતિમાં જ રહે. લેનિને સેન્ટ પીટર્સબર્ગ ખાતે તાર ઉપર તાર છોડયા પણ કાંઈ જ જવાબ મળ્યો નહિ. બધાને ખબર હતી—રશિયામાં—કે વ્લાડિમિર ઈલાયિચ લેનિન ભારે શક્તિશાળી દૂરંદેશી ને ભયંકર પ્રતિસ્પર્ધી હતો.

દેશવટો ભોગવી રહેલાં રશિયનોમાં ભારે નિરાશા વ્યાપી ગઈ. તેમણે કેટકેટલાં વર્ષોથી લંડન, પારીસ, વિયેના ખાતેની અસંખ્ય બેઠકોમાં રશિયન ક્રાંતિની યોજના ઘડી કાઢી હતી અને તેની વિગતો છાપાઓમાં દાયકાઓથી ચર્ચાતી હતી. લેનિને અત્યાર સુધીનું પોતાનું સમગ્ર જીવન ક્રાંતિની યોજનાને સર્વાંગસંપૂર્ણ બનાવવામાં જ ખર્ચી નાખ્યું હતું. પોતે અહીં સ્વિસ દેશમાં પરાધીન છે ત્યારે મુઠ્ઠીભર તકવાદીઓ ઈશ્વરદીધી તકને પરદેશી સત્તાવાળાઓના સાથમાં વેડફી રહ્યા હતા. જે કમનસીબી લડાઈની શરૂઆતના તબક્કાઓમાં હિન્ડનબર્ગની હતી તે જ કરુણતા લેનિનને ભાગે આવી. ચાલીશ વર્ષ સુધી હિંડનબર્ગે લડાઈની યોજના ઘડી રાખી હતી, અને રશિયા પર મીટ માંડીને બેઠો હતો. પણ જ્યારે યુદ્ધ આવી પડયું ત્યારે ઘરઆંગણે કેદી જેવી સ્થિતિમાં, પોતાના સેનાપતિઓના જય-પરાજયનો વ્યૂહ નકશા ઉપર ચીતરીને જોવામાં જ તેને સંતોષ માનવો પડયો હતો. લેનિન પણ દિવાસ્વપ્ન જોવા લાગ્યો: પોતે વિમાન ભાડે કરી, ઑસ્ટ્રિયા અથવા જર્મની પાર ન થઈ શકે? અથવા બનાવટી પાસપોર્ટ વડે તેમજ એકબીજાં રાજ્યોની મદદથી રશિયન સરહદ સુધી પહોંચી ન શકે? એક જણે તો તેને આ યોજનામાં મદદનું વચન આપ્યું, પણ તે જાસૂસ નીકળ્યો! પોતે મૂગો છે એ બહાના તળે તેણે સ્વીડનમાં થઈને જવા પાસપૉર્ટ મેળવવા પેરવી કરી. રાત્રે ઘડેલી યોજના બીજે દિવસે તેને અસંગત લાગતી. ભયંકર માનસિક અશાંતિમાં એ રોજ નવીનવી યોજના ઘડવા લાગ્યો. જે ક્રાંતિએ જન્મ લીધો છે તેને જ સાચી ક્રાંતિમાં પલટી નાખવા કોઈ પણ ભોગે વતનમાં પહોંચી જવાનો દૃઢ સંકલ્પ કરી તેણે તેને ખાતર અકલ્પિત ઉપાયો શોધવા માંડયા.

સ્વિટ્ઝર્લૅન્ડ ચોતરફથી ઇટાલી, ફ્રાન્સ, જર્મની અને ઑસ્ટ્રિયાની સરહદોથી ઘેરાએલો દેશ છે. મિત્રદેશોમાંથી લેનિનને વતનમાં જવાની સગવડ મળે તેમ નહોતું, કેમ કે તેની ગણતરી ક્રાંતિકારીઓમાં થતી હતી. જર્મની અને ઑસ્ટ્રિયામાં તે દુશ્મન દેશોનો નાગરિક ગણાતો હતો છતાં સંજોગોની વિચિત્રતા તો એ હતી કે મિત્રતાની છૂટછાટ જેટલી જર્મન રાજવી વિલિયમ પાસેથી મળવાની શકયતા હતી તેનો શતાંશ પણ ખુદ રશિયા કે ફ્રાંસમાંથી મળવો અસંભવિત હતો. કારણ સ્પષ્ટ હતું: અમેરિકા જર્મની સામે હથિયાર ઉપાડે ત્યારે ગમે તે ભોગે રશિયન મૈત્રીની તેને જરૂર હતી. અને તેમાં યે પીટર્સબર્ગ ખાતેના બ્રિટિશ તેમ જ ફ્રેન્ચ રાજપુરુષોને પજવી મૂકે તેવો ક્રાંતિકારી જણ હાથમાં આવતો હોય તો શા માટે જર્મની તક જવા દે? આ બધી સાનુકૂળતા છતાં, જર્મની સાથે વાટાઘાટોમાં ગૂંથાવામાં લેનિનને શિરે જવાબદારી રહેતી હતી કેમ કે પોતાનાં પુસ્તકોમાં તેણે આ દેશ સામે જ કાદવ ઉછાળ્યો હતો. લડાઈનો સમય હતો અને એક કટ્ટર દુશ્મનના દેશમાંથી તેના રાજાની પરવાનગીથી પસાર થવામાં પણ દેશદ્રોહ થતો હતો. વળી પોતાના પક્ષનું હિત પણ ગંભીરપણે જોખમાતું હતું. એટલું જ નહિ પણ પોતાના દેશવાસીઓની નજરમાં પોતે જર્મનોનો ભાડૂતી એજન્ટ લેખાવાની શકયતા હતી અને જર્મની સાથે કોઈ સમાધાનની યોજના પ્રકાશમાં આવે તો તો બધા જ ક્રાંતિકારીઓ તેને માથે ફિટકાર વરસાવે તેમ હતું. એ સૌ તો એક જ વાત પકડી બેઠા હતા કે ક્રાંતિવીરોને વતન પાછા મોકલવાની ગોઠવણ સ્વિસ જેવા તટસ્થ દેશ મારફત જ થવી જોઈએ. પણ લેનિનને આમાં વિલંબની ગંધ આવતી હતી. અત્યારની પળેપળ કિંમતી હતી જ્યારે સૂચિત યોજનામાં તો રશિયન સત્તાધીશોને ઈરાદાસર ઢીલ કરવાની તક મળી જાય. લેનિનના મગજમાં એક જ વિચાર ઘોળાતો હતો ગમે તેમ કરીને વતનમાં પહોંચી જવાનો. ઓછા વાસ્તવદર્શી અને ઢચુપચુ મનના મિત્રોએ લેનિનની યોજનાને દેશને માટે વિઘાતક ગણી તેનો વિરોધ કર્યો પણ તેમની બધી જ દલીલોને બીજે કાનેથી કાઢી, લેનિને જાણે કે કાયદો ગજવામાં મૂકયો અને જર્મની સાથે વાટાઘાટો શરૂ કરી.

પોતે જે યોજના અમલી બનાવવા માગતો હતો તેના પ્રત્યાઘાત કેટલા વ્યાપક પડશે તેનો ખયાલ રાખીને જ લેનિને તેની વ્યાપક પ્રસિદ્ધિ થવા દીધી. એની વતી સ્વિસ મજૂર પ્રવૃત્તિના નેતા ફ્રીટ્ઝ પ્લૅટને જર્મન એલચી સાથે વાટાઘાટો શરૂ કરી અને લેનિનની શરતો જણાવી. ખરી ખૂબી તો એ હતી કે અત્યાર સુધી અજ્ઞાત એવા એક રશિયન નિરાશ્રિતે જાણે કે બધી જ રશિયન સત્તા પોતાના હાથમાં આવી જવાની હોય એવી ઢબે જર્મન સરકાર સમક્ષ વિનતિ નહિ પણ શરતો મૂકી! અને તે પણ કેવી? જાણે કોઈ સાર્વભૌમ સત્તા સાથે જર્મની મસલત કરતું નહોય! ૧) લેનિન અને તેના સાગરીતો જર્મન પ્રદેશમાંથી પસાર થઈ શકે; ૨) રેલવેના જે ડબ્બાઓમાં તેઓ મુસાફરી કરે તેને અસાધારણ આંતરરાષ્ટ્રીય હક મળે; ૩) જર્મન હદમાં દાખલ થતાં કે છોડી જતાં આ ડબ્બામાં મુસાફરી કરતા કોઈ પણ પ્રવાસીની ચકાસણી થઈ શકે નહિ; ૪) કોઈની પાસેથી પાસપૉર્ટ માગવામાં આવે નહિ; ૫) દરેક મુસાફર માત્ર પોતા પૂરતું સામાન્ય રેલવે ભાડું આપશે; ૬) કોઈ પણ જર્મન સત્તાવાળાઓના કહેવાથી કોઈ મુસાફર ડબ્બા બહાર નહિ નીકળે; ૭) જે સ્ટેશને ગાડી ઊભી રહે ત્યાં એ ડબ્બાઓ સામે ચાકની નિશાની આંકીને એટલો વિસ્તાર ટ્રેઈન ઊપડે ત્યાં સુધી આંતરરાષ્ટ્રીય ગણાય, અને તટસ્થ રહે.

જેવી આ દરખાસ્તો હાથમાં આવી કે તાબડતોબ જર્મન એલચી રોમબર્ગે તે ઉપર મોકલી આપી. જર્મનીના લ્યૂડનડૉર્ફે પણ તેને અનુમોદન આપી દીધું—જે નિર્ણય શકવર્તી થવાનો હતો તેના પર ક્ષણનો પણ વિચાર કર્યો નહિ. પાછળથી સ્વિસ ખાતેના જર્મન એલચીએ એ શરતોમાં છૂટછાટ મેળવવા ઘણા પ્રયત્નો કરી જોયા, કેમ કે લેનિને એવી ભાષા અને દ્વિઅર્થી શબ્દો વાપર્યા હતા કે રશિયનો સાથે રાડેક' (ઑસ્ટ્રિયન) મુસાફરોને પણ એ છૂટછાટોનો લાભ મળે. પણ જર્મન સરકારને ઘણી જ ઉતાવળ હતી. ૧૯૧૭ની પાંચમી એપ્રિલે અમેરિકાએ જર્મની સામે લડાઈ જાહેર કરી દીધી હતી.

છઠ્ઠી એપ્રિલે બપોરના ફ્રિટ્ઝ પ્લૅટનને તાકીદનો સંદેશો મળ્યો: 'તમારી ઇચ્છા પ્રમાણે ગોઠવણ થઈ ગઈ છે!' અને નવમી એપ્રિલના બપોરના અઢી વાગ્યે, સ્ત્રી-પુરુષો-બાળકો મળીને બત્રીસ મુસાફરોનું જૂથ, થોડોક સરસામાન લઈ જેવોતેવો પોશાક પરિધાન કરી, ઝૂરિખ સ્ટેશને જવા ઊપડ્યું. આમાંથી ત્રણ પુરુષોએ જ પાછળથી નામના મેળવી: તે હતા લેનિન, ઝીનોવે અને રાડેક. સ્ટેશનના રેસ્ટોરાંમાં સામાન્ય ભોજન લીધા બાદ સૌએ એક દસ્તાવેજમાં સહી કરી. તેમાં જણાવ્યું હતું કે જર્મનીમાં થઇને રશિયા આવનાર દેશદ્રોહી ગણાશે એવી કામચલાઉ સરકારની જાહેરાત તેઓ જાણે છે, આ મુસાફરીની જોખમદારી અંગતરીતે સ્વીકારે છે અને અન્ય શરતો કબૂલ કરે છે. આ સહી કર્યા બાદ એ સૌ એક શકવર્તી સફરનાં યાત્રી બન્યાં. સ્ટેશન પર તેમના આગમને કોઈ ચકચાર જગાવી નહિ. છાપાનો કોઈ ખબરપત્રી કે ફોટોગ્રાફર પણ હાજર ન હતા. સ્વિટ્ઝર્લૅન્ડમાં કોઈને ખબર ન હતી કે સ્ટેશનના પ્લૅટફૉર્મ ઉપર બિગ-બિસ્તર અને પેટીઓ ઉપર બેઠેલાં એ બત્રીસ મુસાફરોમાં એક જણ, જેના પોશાકમાં, ઘસી ગએલી હૅટ, ચૂંથાઈ ગએલો સૂટ અને ખીલાવાળા બૂટ ધ્યાન ખેંચતાં હતાં, તે હેર ઉલ્યાનોવ (લેનિન) આ બધા નિરાશ્રિતોમાં ગુપચુપ જઈ રહ્યો હતો, અને કોઈ તેને ઓળખે તેમ ન હતું. વિરોધને કારણે, સ્વિસ મજૂર પક્ષે પણ કોઈ પ્રતિનિધિને સ્ટેશને મોકલ્યો ન હતો. થોડાંક રશિયનો વિદાય આપવા અને વતનમાં સંદેશો મોકલવા આવ્યાં હતાં, જેમાંનાં કેટલાંક તો હજુ પણ આવી જોખમી મુસાફરી પડતી મૂકવા લેનિનને સમજાવી રહ્યાં હતાં! બરોબર ૩-૧૦ કલાકે ગાર્ડે સીટી વગાડી, એન્જિને એક લાંબી ચીસ નાખી અને ગાડીનાં પૈડાંએ ઉત્તરોત્તર ગતિ પકડવા માંડી.

આ ગગાડીને જે બે ઐતિહાસિક ડબ્બા જોડવામાં આવ્યા તેમાં એક બીજા વર્ગનો હતો જેમાં સ્ત્રીઓ અને બાળકોને બેસાડવામાં આવેલાં. પુરુષોએ ત્રીજા વર્ગમાં જગ્યા લીધી. ડબ્બાની સામે ચાકથી જમીન પર 'તટસ્થ રશિયન હદ' અંકિત કરવામાં આવી હતી આ જીવતા માનવ દારૂગોળાની ચોકી કરવા બે જર્મન સશસ્ત્ર ચોકિયાતો સાથે હતા. પહેલા વિશ્વયુદ્ધ દરમિયાન બંને પક્ષે લાખો તોપગોળા ને અઢળક દારૂગોળો વાપરી નાખ્યો; લાંબે સુધી ફેંકી શકે તેવાં નવાં પ્રક્ષેપક શસ્ત્રોથી અજેય ગણાતા અંતરને પણ આવરી લીધું; પણ આ બધામાં સૌથી વધુ અસરકારક અને ઇતિહાસનું વહેણ ફેરવી નાખનાર બનાવ તો આ જ હતો, કે જેમાં સ્વિસ ભૂમિ ઓળંગીને જર્મન સરહદમાં થઇને જે ગાડીએ પ્રયાણ કર્યું તેમાં મુસાફરી કરી રહેલા ચાલુ સદીના ખતરનાક ક્રાંતિકારીઓ પીટર્સબર્ગ ખાતે પગ મૂકતાંવેંત ચાલી આવતી રૂઢિનું એકધડાકે ખોફનાક દેશવ્યાપી ક્રાંતિમાં પરિવર્તન કરવાના હતા. એક નાનકડા બનાવની કેવી ગજબનાક શકયતા! આખી રાત ગાડીની મુસાફરી ચાલુ જ રહી. માત્ર ફ્રેન્કફર્ટ ખાતે થોડાક જર્મન સૈનિકો ભેગા થયા હતા. તેમને ખબર પડી ગઈ હતી કે અમુક રશિયન ક્રાંતિકારીઓ વતન ભણી જાય છે. તેમણે રશિયનો સાથે વાતચીત કરવા નિષ્ફળ પ્રયાસો કર્યા. લેનિનને ખબર હતી કે જર્મન ભૂમિ ઉપર જે શબ્દો બોલશે તેની પ્રતિકૂળ અસર થશે. ગાડી સ્વીડનમાં પહોંચી ત્યારે તેમનું ભાવભીનું સ્વાગત થયું અને ભોજનની અનેક વાનગીઓ ભેટ ધરવામાં આવી. લેનિને અહીં નવાં પગરખાં ને નવો પોશાક પરિધાન કર્યા. સવાર પડવા આવી હતી અને હવે તેઓ રશિયન સરહદમાં ગમે તે પળે આવી પહોંચવાના હતા. કોઈ પણ બનાવ વિના આખો કાફલો હેમખેમ અંતિમ ધ્યેય તરફ ધપી રહ્યો હતો.

ફિનલૅન્ડ અને રશિયન ભૂમિની સરહદો જ્યાં મળે છે ત્યાં ગાડી આવી પહોંચી. રશિયન ભૂમિનાં દર્શને જે પ્રત્યાઘાત લેનિનના મનમાં ઊઠ્યા તે તેની પેઠે વિચક્ષણ હતા. બીજા બધાંની આંખમાં હર્ષનાં આંસુ ઊમટ્યાં અને એકબીજાને પ્રેમથી ભેટી પડ્યાં, ત્યારે પોલાદી ઇચ્છાશક્તિ ધરાવતા આ પુરુષે આસપાસના કોઈ મનુષ્ય તરફ ધ્યાન આપ્યું નહિ, પણ દૈનિકો અને છાપાંઓ ઉપર તૂટી પડ્યો! ચૌદ ચૌદ વર્ષથી તેણે આ દેશ ત્યજી દીધો હતો; ક્રાંતિનાં વિચારબીજ રોપવાની શરૂઆત તેણે છાપાંઓ દ્વારા કરી હતી. 'પ્રવદા' તેનું જ વાજિંત્ર હતું. તેનો છેલ્લો અંક મેળવીને પોતાની ગરુડદષ્ટિ તેમાં પરોવી: આટઆટલાં વર્ષો સુધી પોતે જે કર્યું-કારવ્યું તે ધૂળમાં તો નથી નાખ્યું ને? છાપું વાંચીને બીજી જ ક્ષણે તેનો ડૂચો વાળી ફેંકી દીધું! લખાણ હતું પણ કેવું ઢીલુંપોચું! લાલ ક્રાંતિના વર્ષોજૂના સ્વપ્નને અનુરૂપ કાંઈ જ નહિ! એક જ પળમાં તેણે દૃઢ નિશ્ચય કરી લીધો. 'મારે જ પરિસ્થિતિને સંભાળી લેવી પડશે; કાં તો જય મળશે નહિતર પરાજય; પણ હું સફળ થઈશ?' પોતાને આવકાર આપવા આવેલા મિત્રો સ્ટાલિન તથા કામેનેવ તરફ તેણે પૃચ્છાભરી દૃષ્ટિ ફેંકી. તેમણે માત્ર માર્મિક હાસ્ય વેર્યું. તે ઘણો જ અધીર બની ગયો. પીટર્સબર્ગ પહોંચતાંની સાથે મિલ્યુકોવ તેને કેદ કરી જેલમાં પૂરી દે તો? ક્રાંતિનું ભાવિ શું? જેવી ગાડી પીટર્સબર્ગ સ્ટેશને પહોંચી કે એક અભૂતપૂર્વ દૃશ્ય લેનિનને જોવા મળ્યું. સ્ટેશન બહાર ચૉકમાં હજારોની માનવમેદની જમા થઈ હતી. લશ્કરની દરેક પાંખમાંથી પણ સેંકડોની સંખ્યામાં રશિયન સૈનિકો, દેશવટો ભોગવીને પાછા ફરતા ક્રાંતિવીરનું સ્વાગત કરવા થનગની



વ્લાડિમિર ઇલાયિચ ઉલ્યાર્નોવ લેનિનમાં માર્ક્સવાદને પચાવી જઈને એને વ્યવહારમાં ઉતારવાની પ્રચંડ સંચાલનશક્તિ હતી. હજારોના ટોળામાં જલતી ચિનગારી ચાંપવાની એના વક્તૃત્વમાં શક્તિ હતી. બંદૂકની ગોળીઓ પેઠે એના શબ્દો છૂટતા ત્યારે આળસ ખંખેરીને જાણે કાળ બેઠો થતો લાગતો. ઈ. ૧૯૦૦માં એણે રશિયા છોડયું અને પરદેશમાં વસતા સમાજવાદીઓનો એ ટૂંક સમયમાં જ નેતા બની રહ્યો. મ્યુનિખ, લંડન, જીનિવા ને અન્ય પાટનગરોમાં એણે પક્ષનું સંચાલન કર્યું. તીખા લેખો લખી એણે પક્ષનાં અખબારો ચલાવ્યાં. ઈ. ૧૯૦૩માં એણે મેન્શેવિકથી અલગ પોતાનો બોલ્શેવિક પક્ષ જમાવ્યો. જ્યારે યુદ્ધ જાગ્યું ત્યારે એ તટસ્થ સ્વિટ્ઝર્લૅન્ડમાં જઈ રહ્યો ને ત્યાંથી જર્મનીની સહાયથી એ રશિયા પાછો પહોંચ્યો. ચર્ચિલના શબ્દોમાં કહીએ તો 'લેનિનને રશિયા પહોંચાડીને જર્મનીએ એક મહા સ્ફોટક શસ્ત્ર—મરકી જેવી એક મહામારી રશિયામાં દાખલ કરી.' આ લેખમાં વર્ણવેલી રોમાંચક સફરને અંતે મૉસ્કોમાં તેણે જે પહેલું વ્યાખ્યાન કર્યું તે સમયની આ તસવીર છે. ગણ્યાગાંઠયા દિવસોમાં જ ત્યાંની ક્રાંતિકારી પ્રજાનું નેતૃત્વ તેણે પ્રાપ્ત કરી ઝાર સામેના બળવાનો બધો દોર પોતાના હાથમાં લઈ લીધો. અને પોતાના તીખા વક્તૃત્વ વડે એણે ક્રાંતિકારીઓમાં ઝારશાહી સામે તેજાબ રેડવા માંડયો.

રહ્યા હતા. આવડી જબ્બર માનવમેદની અને સત્કારની તેણે આશા રાખી ન હતી. જેવો તેણે ગાડીના ડબ્બામાંથી નીચે પગ મૂક્યો કે એકસામટા હજારો મુખેથી રાષ્ટ્રગીત—International—ના સૂરો હવામાં લહેરાઈ ઊઠયા !

વિધિને પણ હસવું આવે એવી વાત હતી. ક્યાં આજથી ત્રણ દિવસ પૂર્વે ઝૂરિખના એક અદના મોચીને ત્યાં રહેતો ભાડૂત અને ક્યાં વ્લાડિમિર ઈલાયિચ ઉલ્યાનૉવ, જેને પોતાના ખભે ઉપાડી લેવા સેંકડો બલ્કે હજારો હાથ હવામાં ઊછળીને હરીફાઈ કરી રહ્યા હતા ! છેવટે તેને એક લશ્કરી ગાડીમાં બેસાડવામાં આવ્યો. બીજી જ ક્ષણે તેણે તક ઝડપી લીધી અને ઊભા થઈને હાજર રહેલી વિરાટ મેદની સમક્ષ પોતાનું પહેલું ભાષણ શરૂ કરી દીધું. હવે પછીના દસ દિવસ આખી દુનિયાને ધ્રુજાવનાર નીવડવાના હતા અને તેનો પ્રારંભ થઈ ચૂક્યો હતો.

લેનિનનું તાકયું તીર કામયાબ નીવડયું હતું. રશિયાની રુઢિના બખ્તરને તેણે ભેદી નાખ્યું હતું.

કલાવાર્તા

ગીતગોવિન્દ-ઉત્સવ

સુનીલ કોઠારી

સંગીત-નાટક અને લલિતકલા અકાદમી-ઓના સમાશ્રયે નવી દિલ્હી ખાતે રવીન્દ્ર ભવનમાં તા. ૧૮મીથી ૨૦મી માર્ચ '૬૭લગી 'સંગીત, નૃત્ય અને ચિત્રકળામાં ગીતગોવિંદ' એ વિષય પર પરિ-સંવાદ, સંગીત-નૃત્યના કાર્યક્રમો અને પ્રદર્શન યોજાઈ ગયાં. પરંતુ જે અકાદમીના અનુશાસનવાળા સભાગૃહમાં પરિસંવાદ યોજાયો હતો તે ખુદ સાહિત્ય અકાદમી તરફથી આમાં કેમ કશો કાર્યક્રમ ન યોજાયો તે વિષે કુતૂહલ રહ્યા કર્યું અને જે રીતે એ ત્રણે વિભાગો પરસ્પર વ્યવહાર કરે છે તે ભાગ્યે જ અછતું રહ્યું.





કટકનાં કુ. કુંકુમ દાસ 'ગીતગોવિંદ'ની અષ્ટપદીમાં ઓરિસ્સી શૈલીમાં 'મુરલીભંગી'માં ભાવરત (ફોટો · ગોવિંદ વિદ્યાર્થી) અને 'લલિતલવંગ લતાપરિશિલન'ના સ્થાનક નિરૂપણમાં લતાશ્રિત વિભાગમાં (ફોટો · દેવ મહાપાત્ર)

પહેલી બેઠકમાં 'ભારતીય સંગીત ને તેના સાંગીતિક માળખામાં ગીતગોવિન્દનું પ્રદાન' વિષય પર શ્રી ટી. એલ. વેંકટરામ અય્યરના પ્રમુખપદે નિમંત્રિત તજ્જ્ઞોના નિબંધોનું વાચન હતું. સર્વશ્રી પ્રા. એન. એસ. રામચંદ્રન, પ્રા. સી. એસ. પંત, બનારસના ડૉ. શ્રી પ્રેમલતા શર્મા અને શ્રી દિલીપકુમાર મુખર્જીના નિબંધોની તો પ્રતો પણ શ્રોતાઓને વહેંચી દેવામાં આવી હતી. સંગીતવિભાગના શ્રી દેવાએ બેઠકનો ખયાલ આપ્યો અને નિબંધ-વાચન શરૂ થયું. બેઠકોનો સમય સવારના દસથી બપોરના એક લગી રાખવામાં આવેલો. વચ્ચે ચા કે કૉફી માટે વિરામ હતો. એ વિરામ, તેમજ સભાના અંતે વૃંદાવનના શ્રી બલરામ મિશ્રાના ધીર ગંભીર સૂરમાં સાંભળવા મળેલી અષ્ટપદીઓના ગાન સિવાય એ બેઠક નીરસ લંબાણવાળી બની. શ્રી મિશ્રાએ પ્રથમ સંસ્કૃત અને પછી હિંદીમાં રજૂ કરેલા અનુવાદોનાં ગાન તો હજી કાનમાં ગુંજે છે. ચર્ચામાં તો આચાર્યશ્રી બૃહસ્પતિ તથા ડૉ. પ્રેમલતા શર્મા વાતાવરણમાં કંઈક તાજગી લાવી શક્યા. સભાના પ્રારંભે દક્ષિણ ભારતમાં કેરળમાં જે પદ્ધતિએ હજી સોપાન શૈલીમાં અષ્ટપદી ગવાય છે તેની અને ઓરિસ્સામાં ગવાતી શૈલીની ટેઈપ વગાડવામાં આવી હતી. બન્ને શૈલીમાં સાંસ્કૃતિક પરિબળોને કારણે થએલા ફેરફારો હિન્દુસ્તાની અને કર્ણાટકી સંગીતશૈલી જેટલા જ ભિન્ન હતા. બપોરે ત્રણથી છ લગી જે કોઇને અકાદમીના સંગ્રહમાંની ગીતગોવિન્દ પરની ટેઈપ સાંભળવી હોય તેને માટે વ્યવસ્થા કરવામાં આવેલી. પણ ધારું છું કે કોઇને તેનો લાભ મળ્યો નહોતો. કેટલાક રસિકો સાંભળવા માગતા હતા ત્યારે 'લિસનિંગ રૂમ'ને તાળું હતું.

તા. ૧૮મી માર્ચની રાત્રે ગીતગોવિન્દ પર ઓરિસ્સી ને ભરતનાટ્યમ્ શૈલીમાં શાસ્ત્રીય નૃત્યો રજૂ થયાં. અકાદમીના મકાનની પાછળ-

નીચે (ડાબી બાજુ): સંગીત પરની બેઠકમાં ચર્ચામાં ભાગ લેતા શ્રી બૃહસ્પતિ. જમણી બાજુથી બેઠેલાં; સંગીત-નાટક અકાદમીના મંત્રી ડૉ. સુરેશ અવસ્થી, પ્રો. દેવા-સંગીતવિભાગના મુખ્ય અધિકારી, ડૉ. પ્રેમલતા શર્મા, કટકના શ્રી કાલિચરણ પટ્ટનાયક અને છેલ્લે વિજયવાડાના શ્રી બન્દા કનકલિંગેશ્વર. (જમણી બાજુ) નૃત્યની બેઠકમાં નિબંધ વાંચતા શ્રી કાલિચરણ પટ્ટનાયક. પાછળ નૃત્યવિભાગના મુખ્ય અધિકારી શ્રી મોહન ખોકર અને (કૅમેરા તરફ પીઠ કરી બેઠેલા) સંગીત નાટક અકાદમીના મંત્રી ડૉ. સુરેશ અવસ્થી.
(બંને ફોટો : ગોવિંદ વિદ્યાર્થી · સંગીત-નાટક અકાદમી)





કવિ જયદેવ અને ગીતગોવિંદ

જ્યાં રિદ્ધિ રસરાજની વડી, ઊંડી સંગીતની માધુરી,
ધાડી કાવ્યતણી ચમત્કૃતિ, અમી ભક્તિની ભારી ભરી,
તે જોવા અભિલાષ જો ઉર વસે, તો નંદના નંદની
લ્હેમાં લીન કવિની વાણી સુણજો શ્રી ગીતગોવિંદની.

કોઈ સમકાલીન કવિએ જેની આવી ઉત્તમ પ્રશસ્તિ કરી છે એવા અદ્વિતીય 'ગીતગોવિંદ'નો ભક્તકવિ જયદેવ, બંગાળના, જાતે કવિ અને સવિશેષ તો કવિપોષક મહારાજા લક્ષ્મણસેનના દરબારના પંચરત્ન (ઉમાપતિધર, શરણ, ધોયી, ગોવર્ધન, જયદેવ)માંનો એક હતો. ગીતગોવિંદ સિવાય બીજું એક સુભાષિત પણ ન રચનાર આ કવિનો જન્મ, પિતા ભોજદેવ અને માતા વામાદેવીને ત્યાં કેંદુલી ગામમાં થયો હતો. ભક્તિમય હૃદય અને પ્રેમમય જીવનવાળા સર્વોત્તમ શૃંગારી કવિ જયદેવ અને એની પત્ની પદ્માવતી વચ્ચે અપૂર્વ પ્રેમ હતો. પર્ણકુટી નિવાસી આ દંપતીના પ્રણયાનુરાગની એક કથા સતીત્વના એક પ્રતીક રૂપે સુપ્રસિદ્ધ છે. 'ખરી સતી તો પતિના મૃત્યુ પછી ક્ષણ પણ જીવી ન શકે, પતિની પાછળ ચિતા રચીને ચડવા સુધીનો કાલક્ષેપ પણ સ્ત્રીના સતીત્વની વિડંબના છે' એમ માનતી પતિવ્રતા પદ્માવતીની કસોટી કરવા તેના પ્રિયતમના અકાળમૃત્યુના ખોટા સમાચાર એને આપવામાં આવ્યા. પતિ સહગમનની અધીરી સાધ્વી આ સમાચાર સાંભળતાં તત્કાળ મૃત્યુ પામી. હસવાનું ખસવું થતાં ખસિયાણાં પડી ગએલાં લોકોમાં હાહાકાર મચી ગયો. એવામાં અકસ્માત જ આવી ચડેલા જયદેવે મૃત પ્રિયતમાને જોઈ, અને એ ભક્તકવિએ વીણા હાથમાં લઈ 'શ્રિત કમલાકુચ મંડલ...' આદિથી શરૂ થતો મહા પ્રબંધ રચીને ગાવા માંડ્યો. આઠ પદ પૂરાં થતાં સતી જીવંત થઈ અને કવિએ નવમું પદ રચી પ્રબંધ પૂરો કર્યો.

માધુર્યભક્તિના પ્રવાહમાં સ્વચ્છંદ વિહાર કરનાર ને કરાવનાર જયદેવનું 'ગીતગોવિંદ' શ્રી કૃષ્ણ ભગવાનની 'કેવળ રસશૃંગાર'ની લીલા ગાતું હોઈ શૃંગારરસિક યુવાનોને તેમજ ભક્તહૃદયોને એકસરખું પ્રિય છે. એમાં ભક્તિથી શૃંગારનો ઉત્કર્ષ થાય છે અને સંગીતથી ભક્તિની માધુરી પોષાય છે. શ્રાવ્ય હોવા છતાં એના રસનો સાક્ષાત્કાર દૃશ્ય કાવ્યની રીતિએ થાય છે, કારણ કે કવિ ભરત-નાટ્યશાસ્ત્રના નિયમને અનુસરી, ઢંકાવવા જેવું ઢંકાવી, સૂચવવા યોગ્ય માત્ર સૂચવી અને ત્યાજ્યનો ત્યાગ કરી કેવળ રસમયને જ આગળ ધરે છે. પંચસંધિનો ક્રમ સાચવી કરેલું સંવિધાન, પાત્રમુખે થએલું વસ્તુનિરૂપણ, ને ઉક્તિના અંકોડા જોડતા ચૂલિકા સમા અવતરણ-શ્લોક આ પ્રબંધને દૃશ્યકાવ્ય બનાવે છે. આ કાવ્યમાં જયદેવે અલંકારનો યથેચ્છ વિનિયોગ કર્યો છે. વિસ્મય પમાડે એવા અર્થાલંકારના ચમત્કારનો એમાં સ્થળે સ્થળે પરિચય થાય છે, અને અનુપ્રાસ યમકનો રણકાર તો વીણાના ઝંકારની જેમ કાનમાં ક્યાં ય સુધી રમ્યા કરે છે.

કાવ્યનાં નાયક-નાયિકા શૃંગાર રસના અધિષ્ઠાતા શ્રીકૃષ્ણ અને રાસેશ્વરી રાધા છે. બહુજન-વલ્લભ કૃષ્ણને ગોપીઓથી વીંટળાએલા જોઈ ઈર્ષ્યાળુ બનવાને બદલે અધિક પ્રેમાતુર બનતી રાધા પ્રત્યે આકર્ષાતા ભગવાન મદનમહોત્સવ પ્રસંગે થએલા અપરાધ માટે ક્ષમા યાચે છે. પણ સમયભંગને લીધે રીસાએલી રાધાને મનાવવા સખી દ્વારા એમને અનેક ઉપાયો અજમાવવા પડે છે, જેને પ્રતાપે પ્રણયોન્મુખ બનેલી રાધા અંતે હરિને મળે છે. આ રીસામણાં-મનામણાંની કથા રચતાં કવિ સાહિત્યમાં આપેલી, નાયિકાની 'પ્રોષિત પતિકા' સિવાયની, બીજી સાતે અવસ્થાઓનાં મનોહર ચિત્રો આલેખે છે. એથી ગીતગોવિંદ નાયિકાભેદની ઉદાહરણચંદ્રિકા સમું લાગે છે.

બે દિવસના સમયગાળામાં પૂરા થતા 'ગીતગોવિંદ'માં કવિએ તિમિર ને જ્યોત્સ્નાના સંગમથી રમણીય લાગતી વસંત ઋતુના કૃષ્ણપક્ષની અષ્ટમી ને નવમી પસંદ કરવામાં જાળવેલું ઔચિત્ય પ્રશંસનીય છે. સમયની જેમ, યમુનાનદીના તટ પ્રદેશને ને મદનમહોત્સવ માટે વૃંદાવનને પસંદ કરવામાં પણ કવિએ સ્થળ-પસંદગીનું ઔચિત્ય રસોપકારક રીતે બતાવ્યું છે.

કાવ્યનો રસમય ભાગ પ્રબંધનો બનેલો છે, અને 'ઉત્થાનિકા' તથા 'અવસાનિકા' છંદનો. એથી પાઠ્ય અને ગેયની ફૂલગૂંથણીવાળી એ કૃતિ સંસ્કૃત સાહિત્યમાં વિરલ ને અપ્રતિમ ગણાય છે.

કાલિદાસ કે ભારવિની પંક્તિમાં ન મૂકી શકાય એવા હોવા છતાં જયદેવ બીજા વર્ગના પ્રથમ પદના અધિકારી કવિ છે અને એમનું 'ગીતગોવિંદ' ભક્તિશૃંગારનું અપૂર્વ કાવ્ય છે.

ના વિશાળ મેદાનમાં જ ઓપન એર થીએટર જેવું કરી બેએક વૃક્ષની વચમાં સ્ટેજ બાંધેલું. તેનું સુચિતરીતે વૃંદાવનનું વાતાવરણ નૃત્ય માટે ઉપકારક હતું. શરૂમાં શ્રી બલરામ મિશ્રાએ અષ્ટપદીઓનું ગાન (જોકે વધુ પડતું લાંબું) મથુરાની પરંપરાગત શૈલીમાં કર્યું તે પછી.

શ્રીમતી રુક્મિણીદેવી દિગ્દર્શિત તેમના 'કલાક્ષેત્ર'ના નૃત્યકાવ્ય 'ગીતગોવિંદ'માંથી રાધા અને કૃષ્ણના પ્રસંગો ભરતનાટ્યમમાં કૃષ્ણવેણી ને બાલગોપાલે રજૂ કર્યા. તેમાં શાસ્ત્રીય સ્વચ્છતા હતી, પણ શૃંગાર નાટ્યતત્ત્વના અભાવ તથા બન્ને કલાકારોની થોડી વૈયક્તિક મર્યાદાને કારણે, ગીતગોવિન્દમાંનો ભક્તિભાવ પૂરો ખીલી શક્યો નહિ. વળી કર્ણાટકી સંગીતમાં ગીતગોવિન્દકારના સૂચિત રાગોમાં પણ વૈવિધ્ય જળવાયું નહિ. માત્ર મુદ્રા, આંગિક ચલનો, શુદ્ધ નૃત્ત વગેરેમાં અષ્ટપદીઓનું રૂપાંતર જોવા મળ્યું. એને પડછે ઓરિસ્સાનાં કુમારી કુંકુમ દાસે રજૂ કરેલી ચારે અષ્ટપદીઓના નિરૂપણમાં ગુરુ શ્રી કેળુચરણ મહાપાત્રે મુખ્ય રસને પ્રાધાન્ય આપી ભાવાભિનય દ્વારા શૃંગારની વિવક્ષિત છાયાઓ રજૂ કરી. કુંકુમ દાસની મોહક મુખાકૃતિ ને અભ્રષ્ટ અભિનય 'કલાક્ષેત્ર'ના નિરૂપણ કરતાં ગીતગોવિન્દકારના લક્ષ્યને વધુ નજીક રહ્યાં. સંગીત પણ હિન્દુસ્તાની પદ્ધતિનું હોવાથી વધુ લોકભોગ્ય રહ્યું. જોકે નૃત્ત વિભાગમાં કુંકુમની પણ પોતાની વ્યક્તિગત મર્યાદાઓને લીધે ઓરિસ્સી નૃત્યનું પૂરું લાલિત્ય માણવા મળ્યું નહિ.

બીજે દિવસે ઓરિસ્સાના શ્રી કાલિચરણ પટ્ટનાયકના સભાપતિપદે નૃત્ય પરના નિબંધવાચનમાં નૃત્ય-વિભાગના શ્રી મોહન ખોકરે, વાચનને બદલે માત્ર મુખ્ય કથયિતવ્યને રજૂ



ગુરુ શ્રી કેળુચરણ મહાપાત્ર 'પશ્યતિ દિશિ દિશિ' અષ્ટપદીનું સાભિપ્રયોગ વિવરણ કરતા (ફોટો · ગોવિંદ વિદ્યાર્થી)

કરવાનો આગ્રહ સેવ્યા છતાં બેઠક સમયસર પૂરી ન થઈ. શ્રી કાલિચરણ પટ્ટનાયકે પોતાના વિદ્વત્તાપૂર્ણ નિબંધમાં ઓરિસ્સામાં આજ લગી સચવાઈ રહેલી આ પરંપરાનું સુંદર બયાન કર્યું. પછી ઓરિસ્સી નૃત્યથી સાભિપ્રયોગ રચનાઓ રજૂ થતી ગઈ. કુ. કુંકુમે 'પશ્યતિ દિશિદિશિ ભવસિ રહન્તમ્' એ અષ્ટપદીની નૃત્યમય રજૂઆત અને સંચારીભાવ આદિથી પ્રધાન રસની સઘનતા સિદ્ધ કરી; પણ જ્યારે ગુરુ કેળુચરણ મહાપાત્રે કેટલાંક ભાવનિરૂપણ દર્શાવ્યાં ત્યારે તો દર્શકો ધન્યોદ્ગાર કાઢચા વિના રહી શકચા નહિ. સમગ્ર પદ્ધતિમાં જ કાવ્યનો સ્પર્શ રહ્યો હતો.

શ્રીમતી રુક્મિણીદેવીના નિબંધનો સાર શ્રી ખોકર વાંચી ગયા, ને 'લલિતલવંગ લતા પરિશીલન' વિભાગનું ભરતનાટ્યમ્ શૈલીમાં નિરૂપણ થયું. તે આગલી રાત્રે રજૂ થએલા નૃત્ય કરતાં વધુ ભાવવાહી હતું. કુચીપુડી શૈલીમાં 'સિદ્ધેન્દ્ર કલાક્ષેત્રમ્'થી આવેલા શ્રી પ્રહ્લાદ શર્મા ને તેમના શિષ્યે 'દશાવતાર'નું ભાષાંતર રજૂ કર્યું. શ્રી બન્દા કનકલિંગેશ્વરે 'ભામાકલાપમ્' રચના પર ગીતગોવિન્દના પ્રભાવની રસમય ચર્ચા કરી. તેમાં નાટકીય છટાથી સિદ્ધાન્ત પ્રતિપાદન કરવાની ઢબ ને રમૂજને વણી લેવાની તેમની કળાએ શ્રોતાઓનાં મન હરી લીધાં, પણ ઓરિસ્સી નૃત્ય અને કુંકુમની અતિપ્રશંસા વિવેક વિનાનાં હતાં. દિલ્હીના 'સ્ટેટસમૅન' દૈનિકના નૃત્યવિવેચક ને જાણીતા કલામર્મજ્ઞ ડૉ. ચાર્લ્સ ફાબ્રીએ ચર્ચા કરતાં કરતાં 'કલાક્ષેત્ર'ના ગીતગોવિન્દની શુષ્કતા પર પ્રહાર કરી ઓરિસ્સી નૃત્યની ઊર્મિકાવ્ય કોટિની પ્રવાહી લયલીનતાને બિરદાવી. અલબત્ત, 'કલાક્ષેત્ર'નાં પ્રતિનિધિ શ્રીમતી શારદા (સીનિયર)એ રુક્મિણીદેવીનું દષ્ટિબિંદુ સમજાવીને બચાવ કરેલો, પણ એ નૃત્યરચનામાં વ્યાકરણ બધું સાચું હોવા છતાં કાવ્યનો આત્મા ક્યાંક છટકી ગયો હતો. કુચીપુડીમાં દશાવતાર રજૂ કરનાર આંધ્રના યુવાન કલાકારનાં વસ્ત્રો ભારે સૂગ ઉત્પન્ન થાય તેવાં હતાં. એ નૃત્યશૈલીના પુનરુદ્ધારનો ઘણો યશ શ્રી બન્દા-કનકલિંગેશ્વરને જાય છે; પણ તેમણે આહાર્યાભિનયમાં ઉચ્ચ રસધ્વનિ ટકાવવી જ પડશે.



ગોપીજનવલ્લભ કૃષ્ણ
'ગીતગોવિંદ' પરના કાંગડા શૈલીના એક મધુર ચિત્રમાંનો એક ભાગ

છેલ્લે મણિપુરની 'નેહરુ કૉલેજ ઑવ ડાન્સ'નાં કલાકાર શ્રીમતી ટોન્ડોનદેવીએ 'વિહરતિ હરિરિહ સરસ વસન્તે'નું હૃદયસ્પર્શી નિરૂપણ મણિપુરી શૈલીમાં રજૂ કર્યું. નૃત્યના લયાન્વિત નિરૂપણથી માંડીને મણિપુરીના મુખાભિનયના ભાવનિવેષવાળા કેવળ આંગિકાભિનયથી જ વ્યક્ત થએલા કાવ્યનો સાક્ષાત્કાર દર્શકો તથા શ્રોતાઓએ મનભર માણ્યો. માત્ર કથકલી અને કથક નૃત્યશૈલીમાં ગીતગોવિન્દના નિરૂપણ વિષે આયોજકોએ કંઈ વિચારેલું નહિ. જોકે એ બે શૈલીમાં પણ અષ્ટપદીઓના આધારે નૃત્યો રજૂ તો થાય છે.

ત્રીજે દિવસે બપોરે ત્રણ વાગ્યે બેઠક મળી. ડૉ. મુલ્કરાજ આનન્દ તે જ દિવસે પરદેશથી પાછા ફરેલા. બીજા બે વક્તાઓ ડૉ. નિહારરંજન રાય અને ડૉ. ગોસ્વામી આવી શકચા નહોતા. 'નૅશનલ સ્કૂલ ઑવ ડ્રામા'ના ડિરેક્ટર શ્રી અલ્કાઝી તથા શ્રીમતી ડૉ. કપિલા વાત્સ્યાયને ચર્ચામાં ભાગ લીધો હતો. વિષય હતો: 'ભારતીય ચિત્રકળામાં ગીતગોવિન્દ'. બશોલી શૈલીનાં ગીતગોવિન્દનાં ચિત્રોની લલિતકલા અકાદમીએ પ્રસિદ્ધ કરેલી પ્રતોનું પ્રદર્શન ગોઠવાયું હતું. ડૉ. કપિલા વાત્સ્યાયને

૧૧મી સદીની, તેમજ તે પૂર્વેના ને પછીની ખૂટતી મહત્ત્વની કડીઓ વિષેનાં વિદ્વાનોનાં સંશોધન વિષે યોગ્ય ટીકા કરી હતી. પણ બીજા વક્તાઓના અભાવે ચર્ચાનું ધોરણ નબળું રહ્યું.

આશ્ચર્ય તો એ વાતનું થયું કે દિલ્હીના ઢગલો ચિત્રકારો જે બે દિવસ પછી 'અમેરિકન ચિત્રકળાના બે દાયકા'ના પરિસંવાદમાં પળેપળ હાજર રહ્યા તેમાંનું કોઈ પણ આ એકેય બેઠકમાં ફરક્યું સુદ્ધાં નહિ! મેં ડૉ. મુલ્કરાજ આનંદને તે વાત કરી. તેમણે કહ્યું કે ગુમાવવાનું ન આવનાર માટે છે, અને જે આવ્યા તે તો લાભ્યા જ છે. હું તેમાં પૂરેપૂરો સંમત નથી થતો. બન્ને અકાદમીઓની આયોજનશક્તિના અભાવનું આમાં સ્પષ્ટ દર્શન હતું. અલબત્ત આ નિમિત્તે દેશને ખૂણેખૂણેથી આવી શકનાર ભિન્ન શૈલીના નૃત્ય સંગીત-ઉપાસકો તથા કલાકારોનો મેળો મળી શક્યો; પણ પ્રજાસત્તાક રાજ્યની આવી માતબર સંસ્થાઓએ મેળાથી વધુ આગળ જવાની જરૂર છે. દિલ્હીનાં છાપાંએ પણ આવા મોટા ઉત્સવની પૂરતી જાહેરાત કરી નહિ. દિલ્હીનાં પત્રો કલાપ્રવાહો પ્રત્યે જે સાવકો વર્તાવ રાખે છે તે લલિતકલા અકાદમી અને યુનાઇટેડ સ્ટેટ્સ ઈન્ફર્મેશન સર્વિસના સમાશ્રયે આયોજિત અમેરિકન ચિત્રકળાના પરિસંવાદમાં પણ છતું થયા વિના રહ્યું નહિ. 'સ્ટેટ્સમૅન'ના કલાવિવેચક ડૉ. ચાર્લ્સ ફાબ્રીના અંગત રસ વિના જે ટૂંકી નોંધ પણ એ પત્રમાં આવી તે યે ન આવી હોત. સંગીત-નાટક અકાદમી અને લલિતકલા અકાદમી આની નોંધ લેશે?

જિનેવ્રા

આ અંકની ચિત્ર-તકતી ઉપરનું મોટામાં મોટી કિંમત (રૂ. ૩ાા કરોડ)નું નાનામાં નાનું (૧૫$\frac{૧}{૨}$×૧૪$\frac{૧}{૮}$ ઇંચનું) ચિત્ર.

અમેરિકામાં આજ સુધી વિખ્યાત કલાકાર લીઓનાર્દો દ વિન્ચીની એક પણ કૃતિ ન હતી, એ ઊણપ એ દેશને ખૂચતી. અને તેથી તો ત્યાંની નૅશનલ ગૅલેરીનો ક્યૂરેટર સ્વ બર્નાર્ડ બૅરેન્સેન આજના ક્યૂરેટર જૉન વૅાકરને કહ્યા કરતો કે મારા મૃત્યુ પહેલાં લીઓનાર્દોની કૃતિ અમેરિકાપાસે આવીગએલી જોવાની મારી મહેચ્છા છે. તે માટે એણે લિખ્ટેન્સ્ટાઈનના પ્રિન્સ ફ્રાન્ઝ જૉસેફ (બીજા) ના કલાસંગ્રહમાંનું ચિત્ર 'જિનેવ્રા દેઈ બેન્ચી' નજરમાં રાખેલું.ઇટાલિયનકળાના પુનર્જાગૃતિ કાળની લીઓનાર્દોની એ નાની (૧૫$\frac{૧}{૨}$×૧૪$\frac{૧}{૮}$ ઇંચના જ માપની) કૃતિ છેવટે હમણાં જગતમાં કોઈ પણ ચિત્ર માટે અપાએલી મોટામાં મોટી રકમ: ૫૦ લાખ ડૉલર (રૂ. ૩ાા કરોડ) ખર્ચીને અમેરિકાએ પોતાને ત્યાં વસાવી.

જગતકળાનું અતિ મૂલ્યવાન ગણાએલું એ ચિત્રરત્ન (જુઓ આ અંકમાંની પાછલા પૂઠામાંની આર્ટપ્લેટ) ભારે તકેદારી અને મોટા ખર્ચથી પોતાને ત્યાં લાવ્યા બાદ નૅશનલ ગૅલેરીમાં શાંત દબદબાપૂર્વક મૂકવામાં આવ્યું. લગભગ સાડાનવ હજાર રૂપિયાને ખર્ચે, બંદૂકની ગોળી સામે સુરક્ષિત એવા, લાલ મખમલ મઢ્યા પ્લેક્સીગ્લાસના કેઈસમાં યુગાનુરૂપ ઘાટની ફ્રેઈમમાં તેને રાખવામાં આવ્યુ છે.

બૅરેન્સેને છેક ઇ. ૧૯૩૦માં પ્રિન્સના સંગ્રહમાં આ ચિત્ર જોયું ત્યારથી તે અમેરિકા માટે એ મેળવવાની વાટાઘાટો ચલાવતા આવેલા, પણ એ પાર પાડી નહિ શકેલા. તેથી પોતાના અનુગામી મિ. વૅાકરને એ વારસો સોંપતા ગએલા. અને જ્યારે લંડનની નૅશનલ ગૅલેરીએ ઈ. ૧૯૫૧-૫૩માં પ્રિન્સ પાસેથી તે ઉછીનું લાવીને ત્યાં પ્રદર્શિત કરેલું ત્યારે એને નજરેજોતાં વૅાકરને બૅરેન્સેનનો આગ્રહ સર્વથા વાજબી લાગ્યો, અને અંતે તેણે સ્વર્ગસ્થનું એ સ્વપ્ન ગયા માર્ચ માસમાં સિદ્ધ કર્યું.

પૂઠા પરનાં ગ્રાફિક્સ

આ અંકના પૂઠા ઉપરના 'ક્રુદ્ધ સાગર'ના એચિંગમાં પતરા પર એકેએક ઘસરકો જે વિચારણાપૂર્વક કોર્યો છે એથી ચિત્રવિષયની સચોટતા પૂરેપૂરી સિદ્ધ થાય છે; અને એવી જ સિદ્ધિ 'વૃક્ષ'ના વૂડકટમાં લાકડાની સપાટી પર ઉત્તુંગ વૃક્ષનું ગરિમાસૌંદર્ય ઉતારવા કલાકારે એની એકેએક ડાળને પૂરા ધૈર્યથી કોતરીને દાખવી છે. આ ગ્રાફિક્સ (મુદ્રણાઈ) કળાના વિવિધ પ્રકારોમાં એક બીજી પદ્ધતિની મિલાવટના પ્રયોગો પણ પ્રયોજાય છે.

સુધારો

ગયા અંકની 'કલાવાર્તા'માં આપેલાં ફોટોચિત્રો સાથે એના છબિકારનાં નામ ખોટાંમુકાઈ ગયાં હતાં; એ બદલ દિલગીરી વ્યક્ત કરવા સાથે એનાં ખરાં નામ આ નીચે આપ્યાં છે:

ચિનાઈ લિલી (બાગ્બોટ એન. એસ.-મુંબાઈ); કુદરતને ખોળે (ગોવિંદ જી. આર.-ખડગપુર); ચેકૂસ (કુ. મેહદી સાફિયા-હૈદરાબાદ); સદ્યસ્નાતા (તેલી મધુકાન્ત નંદલાલ-વડોદરા); ગામડાનો માર્ગ (વસનજી એમ.-મુંબાઇ); તડકાનો સ્પર્શ (રાજગોપાલ સી.-બૅંગલોર); કંઈ ખોવાયું? (મુખરજી એ.-કલકત્તા); વિષાદની આર્દ્રતા (વર્મા એન પી.-નવી દિલ્હી) વાઘ (મૅકવાન જે.-જમશેદપુર)

કલાક્ષેત્રે ઈઝરાએલ

સ્વાતંત્ર્ય પછી ઈઝરાએલે સાહિત્ય અને વિજ્ઞાનની સાથે કલાના ક્ષેત્રમાં પણ પ્રેરક વિકાસ સાધ્યો છે. જેરુસલેમનું 'બેઝલેલ' ત્યાંનું સૌથી જૂનું સંગ્રહસ્થાન છે. ઈ. ૧૯૦૬માં એક પુરાણા મકાનમાં એની સ્થાપના થઈ ત્યારથી તેની સાથે એક કલાશાળા પણ સંકળાએલી છે; અને આજે ૬૦ વર્ષ પછી તો, ત્યાંની પાર્લમેન્ટ 'નેસેટ' અને જેરુસલેમની હિબ્રૂ યુનિવર્સિટી પાસેના એના નવા મકાનમાં વિશાળ ગ્રંથાલય ને પુરાવસ્તુસંગ્રહ સાથે તેમાં અનેક ચિત્રખંડો પણ ઉમેરાયા છે, જેમાં યહૂદી કળાનો દુનિયાનો મોટામાં મોટો સંગ્રહ છે. વળી, હિંદી, ઈરાની, મિસરી, ગ્રીક ને ગોથિક જેવી પ્રાચીન કળા સાથે ઈટાલિયન ને ફ્લેમિશ ઉસ્તાદોનાં અસલ ચિત્રરત્નો, ૩૫૦૦૦ જેટલી ચિત્રછાપો તથા ૨૦૦૦ જેટલાં આલેખનો પણ ત્યાં છે. આ સ્થાયી સંગ્રહ ઉપરાંત નવા કલાપ્રવાહોનો પરિચય આપવા ખાસ પરિપત્રો પણ પ્રકટ થાય છે ને ચર્ચાઓ યોજાય છે. વિદ્યાર્થીઓને દેશવિદેશની પ્રાચીન કળા સાથે આધુનિક કળાના પણ પાઠ ભણાવવામાં આવે છે.

'બેઝલેલ'ના આ કલાગાર ઉપરાંત, ઈઝરાએલ મ્યૂઝિયમ તથા હાઈફા ને તેલ-અવિવનાં સંગ્રહસ્થાનો પણ આ ક્ષેત્રે એવાં જ સમૃદ્ધ છે. જાપાની કળાનો સંગ્રહ તો માત્ર જાપાન સિવાય દુનિયામાં બીજા કોઈ દેશ પાસે અહીં જેટલો નથી. વિશેષમાં દરિયાઈ જીવન સાથે સંકળાએલી કળા, દુનિયાના બધા દેશોની લોકકળા વગેરે જેવા વિશિષ્ટ સંગ્રહો પણ ત્યાં છે.


ગ્રામવિસ્તારોમાં પણ નાનાંનાનાં કલાગૃહો છે. કલાકારો માટેની જ ખાસ વસાહતો પણ છે. ચિત્રકારો અને શિલ્પીઓનું એક મહામંડળ ચાલે છે, જે આવી વસાહતો ચલાવવા ઉપરાંત કલાકારોને બીજી પણ ઘણી રીતે મદદ કરે છે. એમના કાર્યક્ષેત્રે વધુ વિકાસ સાધવામાં સહાયરૂપ થવા ઉપરાંત સરકાર તરફથી દેશ-વિદેશમાં એમની કૃતિઓ પ્રદર્શિત કરવાની અને વેચવાની સવલતો તે કલાકારોને કરી આપે છે. વળી વિદેશમાં વધુ અભ્યાસ માટે કલાકારોને ઈનામો અને લોન દ્વારા આર્થિક સહાય પણ સારી પેઠે મળી રહે છે.

ટૂંકમાં આજના ને આવતી કાલના કલા ને કલાકારના વિકાસ માટે સજગ રહી, શક્ય એટલી બધી સગવડો વધારતા રહેવાની એ સરકારની નેમ હોઈ સ્વતંત્ર થયા પછી બહુ ઓછાં વર્ષોના ગાળામાં યે ઈઝરાએલે કલાક્ષેત્રે ઘણી સારી ખ્યાતિ તથા પ્રગતિ સાધી છે.

જમણી બાજુ : 'કિબુત્ઝ ઍવલોન' નામની કલાકારોની વસાહતમાં પોતાની એક શિલ્પકૃતિને આખરી ઓપ આપતા કલાકાર મિઝાએલ માન. (છેક) ઈઝરાએલના એક અન્ય ખ્યાતનામ કલાકાર શારગા વેઈલ પોતાના સ્ટૂડિયોમાં. (બંને ફોટો : ઇઝરાએલ કૉન્સ્યુલેટના સૌજન્યથી.) તેની નીચે જીન લર્સેટનું એક વણાટચિત્ર-ટૅપેસ્ટ્રી-'ગૌરવવંતો કૂકડો' ('ઍરિયલ'માંથી)







ડાબીબાગ: મિઝાએલ શાત્ઝના આલેખનને આધારે કરેલું ભીંતે લટકાવવાનું વણાટચિત્ર





ગાય. માર્ડેકાઈ મૅરેહનું એક આલેખન. ('ઍરિયલ'માંથી)

સુધારો

આ અંકમાં


પૃ. ૧૭૯ પર આર્કડ્યૂક ફર્ડિનાન્ડ તથા જર્મન સમ્રાટ કૈસરનાં ચિત્રો નીચે એકબીજાનાં નામો બદલાઈ ગયાં છે તે સુધારીને જોવા વિનતિ.



ઉપર: પાલમૅકનો સૈનિક. હેઈમ આતર (ઍપ્ટેકર)નું એક તૈલરંગી છબિચિત્ર



(જમણીબાજુ) સાફેદ ગામની શેરી. શિમશૉન હૉલ્ઝમૅનનું જલરંગી દશ્યચિત્ર.



નોઆની હોડી. આદમની દસમી પેઢીના એ વારસ હતો. ઈશ્વરાજ્ઞાથી એણે એક વિશાળ હોડી બનાવેલી અને પરમેશ્વરે જ્યારે પૃથ્વી પર પ્રલયનું પૂર વહાવ્યું ત્યારે તેની આજ્ઞા પ્રમાણે નોઆએ એ હોડી દ્વારા પોતાના કુટુંબ સાથે દરેક જાતના પ્રાણીની નરમાદાની એકએક જોડને ઉગારી લીધી. આ નોઆના પુત્રો શેમ, હેમ અને જાફેથ સમગ્ર માનવજાતિઓના પૂર્વજો ગણાય છે. જૂના કરાર (ઓલ્ડ ટેસ્ટામેન્ટ)ના એ પ્રસંગને યોઝલ બર્ગનરે ઇઝરાએલની લોકકળાની શૈલીને સાંકળી લઇને એક આગવી રીતે આમાં ચિત્રિત કર્યો છે.

સાહિત્યસંપર્ક

ભાવસાધનની સમસ્યા

ફલજ્યોતિષમાં 'ભાવસાધન'ની સૂક્ષ્મતા દર્શાવતી તથા તે દ્વારા સચોટ ફલકથન માટે તેની પ્રમાણિત ઉપયોગિતા સિદ્ધ કરતું આ નાનું પણ મહત્ત્વનું પુસ્તક છે.

ભાવસાધન માટે અતિ સૂક્ષ્મ ગણિત-પદ્ધતિ અપનાવવી પડે. સૂર્યાદિ ગ્રહોનાં ગોચરમાં થતાં રાશિ-ભ્રમણ સંક્રમણોની જાતકની જન્મકુંડલીના બારે ભાવો પર જે ઉત્કટ અને તલસ્પર્શી અસરો પડે છે તે ભાવોના ફલાદેશ કહેવામાં જ્યોતિષીઓને સરળતા, સુગમતા તથા અચૂક સિદ્ધિ પ્રાપ્ત કરાવતું સુફળ સૈદ્ધાંતિક પ્રતિપાદન, તેમણે પોતાની પદ્ધતિઅત્યંત વિશદરીતે સમજાવીને, આ નાના પુસ્તકમાં કર્યું છે. તેમની સંશોધક અને તાર્કિકદૃષ્ટિ આ બાબતમાં જે વેધક પ્રકાશ પાડે છે તે પ્રશંસા માગી લે તેવી છે.

પુસ્તક નાનું હોવા છતાં તમામ કથન ખૂબ સંભાળથી, તેમજ અભિજ્ઞ વ્યક્તિને હાથે લખાયું હોય તેમ તરત દેખાઈ આવે છે. પૂર્વ તેમજ પશ્ચિમના વિદ્વાનોનાં ગણિત તથા ફલ જ્યોતિષની તેમણે કરેલી તુલના તથા તેમનો નિરયન પદ્ધતિ પ્રત્યેનો મત ઘણો સૂચક છે.

જ્યોતિષશાસ્ત્ર એ ભારતનું કેવળ પ્રાચીનતમ જ નહિ પણ એક ભવ્ય, પ્રેરક અને અત્યંત રોચક આગમશાસ્ત્ર છે. એનો થોડો પરિચય આ અંકમાં અન્યત્ર આપ્યો છે. તદનુસાર જ્યોતિષશાસ્ત્ર સૂક્ષ્મ ગણિતથી સિદ્ધ થએલું હોવું જોઈએ, તથા દેશકાળને અનુસરીને વેધશાળાઓથી પ્રત્યેક ગ્રહના વેધ, સંચારક્રાંતિ વગેરેનું નિત્ય પરિશીલન કરતા રહીને સિદ્ધ કુંડલીગણિત કરવું જોઇએ આધુનિક કાળમાં સાયનગ્રહો સ્પષ્ટ રીતે કાઢી પ્રત્યક્ષ પંચાંગો રચવા વિષે બે મત હોઈ શકે નહિ. પરંતુ ફલાદેશ માટે ભચક્રને સ્થિર માની નિરયન પદ્ધતિથી ફલકથન કરવું, એટલે અયનાંશનો પ્રશ્ન તો સાચવવાનો જ. મને લાગે છે કે જાતકની કુડલી વિશ્વની ભ્રમણક્રિયામાં અત્યંત નજીવી છે. વિશ્વના હિસાબે ક્યાં બિચારી નાની અમસ્તી પૃથ્વી ને પૃથ્વીના હિસાબે નહિવત્ જેવું માનવજંતુ!

આ સ્થળે સાયન-નિરયન પદ્ધતિના ફલકથનની ચર્ચા કરવાનો મારો ઉદ્દેશ નથી. લેખક પોતે જ કહે છે કે ભાવસ્થાનના નિરૂપિત કરેલા સિદ્ધાંતને કસોટીએ ચડાવવાનો ઉત્તમ માર્ગ જેમ જૂના જગતમાં પૃથ્વીને કેન્દ્ર માની વર્તાતું તેમ કુંડલીને વ્યક્તિ-કેન્દ્રી પૃથ્વી બનાવી જે તે અંશોમાં આકાશ સ્થિર રાખી ગ્રહોને ભ્રમણ સંક્રમણ કરતાં કલ્પવાનો છે. આ જ છે નિરયન ફલજ્યોતિષ પદ્ધતિ. પૃથ્વીને સ્થિરા નામ પણ કદાચ આથી અપાયું હશે.

લેખકે ચાલુ પદ્ધતિ, જે 'શ્રીપતિ પદ્ધતિ'ને નામે ઓળખાય છે અને જેમાં ઈષ્ટ જન્મકાળ પરથી પ્રથમ સ્પષ્ટ દશમ ભાવમધ્ય કાઢી, બાદ લગ્ન સાધન કરી, તથા તેના ષડભાજનથી સંધિસહિત બારે ભાવો ઉપજાવવામાં આવે છે, તેને મુકાબલે પોતે પ્રયોજિત રીજિયો મોન્ટેનસ પદ્ધતિ કેટલી સૂક્ષ્મ છે અને પ્રચલિત ઈંગ્લિશ કેમ્પનસ પદ્ધતિ કરતાં પણ કેટલી ચડિયાતી છે તે ઉદાહરણ સહિત સાબિત કરી બતાવ્યું છે અને તે સહેતુક તથા સપ્રમાણ લાગે છે. પોતે ફલજ્યોતિષના પણ સૂક્ષ્મ જાણકાર છે તે પણ ભાવોના ફલકથન ઉપરથી સરસરીતે સિદ્ધ કરી બતાવ્યું છે.

એક બાબત તરફ તેમનું ધ્યાન દોરવું ઉચિત લાગે છે. તેમના જ કથન મુજબ ચોવીસ ભાગમાં કુંડલી રચવી જેથી ભાવમધ્યો તથા આરંભ-વિરામસંધિનાં મર્મ સ્થળો પણ નક્કી થઈ શકે, તથા તે દરેક પર પણ ગ્રહોના ભ્રમણ સંક્રમણની ઉત્કટ અસર માલૂમ પડે. એ જો સિદ્ધ હોય તો આપણા આચાર્યોએ એ પણ વિચારી રાખ્યું હશે કે ભાવો સ્થિર નથી—હોઈ શકે નહિ. કારણ રાશિચક્ર સાથે ભાવચક્ર અંશાત્મક રીતે કદી કોઈ પણ કુંડળીમાં બંધબેસતું synchronize ભાગ્યે જ થતું હોય છે. તેથી ચલિત કુંડલીની આવશ્યકતા છે જ. તે જ પ્રમાણે રાશિઓનું ઉપર-નીચેના ભાવોમાં પ્રવાહિત થતું જેને ભાવગણિત કહે છે તેનાથી પણ ભાવોનું પ્રવાહીપણું ફલજ્યોતિષમાં સિદ્ધ થાય છે. પ્રચારમાં ભલે તેની સૂક્ષ્મતાને લીધે તેનો ઉપયોગ થતો ન હોય.

પુસ્તિકાની ભાષા વધુપડતી પારિભાષિક હોવાથી સામાન્ય વાચકને સુગમ થાય તેવી નથી. ગણિત-જ્યોતિષના અભ્યાસીઓ માટે તે સરળ અને સુગમ હશે. પરંતુ ગણિતની પરિભાષાથી અજાણ લોકો માટે છેલ્લે એક પરિશિષ્ટ જોડી સામાન્ય જ્યોતિષીને મદદકર્તા થઈ પડે તેવી ભાષામાં થોડાંક ઉદાહરણો સહિત, દશમ ભાવસાધન તથા લગ્નસાધનથી માંડી, બારે ભાવો સ-સંધિ કાઢી આપવાથી પુસ્તિકાની ઉપયોગિતામાં ઘણો વધારો થશે. પર્યાયોની સૂચિ પણ વધારવી જોઇએ જેથી મોટા ભાગના પર્યાયોની સૌને જાણ થાય.

એકંદરે, જ્યોતિષના અભ્યાસીઓ માટે ઉત્તમ માર્ગદર્શન પૂરું પાડે તેવી તથા ફલજ્યોતિષ માટે ભાવસાધનની સૂક્ષ્મતા સિદ્ધ કરતી ગુજરાતી ભાષામાં આ એક અજોડ પુસ્તિકા છે અને લેખક તે માટે ખરેખર ધન્યવાદને પાત્ર છે. —સાધુરામ ગોધ

(લેખક: શ્રી ધીરજલાલ અ. વોરા; સંસ્કાર સાહિત્યમંદિર, ભાવનગર; રૂ. પાંચ.)

શબ્દકથા : અજવાળું · અંધારું · તમ્મર

'અજવાળું થયું', 'અંધારું થયું' અને 'અજવાળું ઘર', 'અંધારું ઘર' એવા પ્રયોગોમાં 'અજવાળું' ને 'અંધારું' નામ પણ છે, અને પણ વિશેષણ છે. આપણને જેમ સંસ્કૃત 'ઉજ્જ્વલ' ઉપરથી 'ઊજળું' અને 'ઉજ્જ્વાલ' ઉપરથી 'ઉજાળવું' શબ્દ મળ્યા, તેમ લોકપ્રચલિત 'ઉજ્જ્વાલક' ઉપરથી 'ઉજ્જુઆલઉ' દ્વારા 'અજવાળું' મળ્યો. હિન્દી 'ઉજાલા'નું મૂળ પણ એ જ છે.

તે જ રીતે 'અંધકારકં' ઉપરથી 'અંધારઉ' અને પછી 'અંધારું'.

સંસ્કૃતમાં 'અંધકાર' ઉપરાંત 'તમસ્' અને 'તિમિર' પણ છે. આમાંથી 'તિમિર'નો બીજો એક અર્થ છે: 'આંખે થોડા સમયનો અંધાપો'. સુશ્રુતમાં આ અર્થમાં 'તિમિર' શબ્દ વપરાયો છે. તે ઉપરથી ગુજરાતીમાં 'તમ્મર' શબ્દ થયો. 'આંખે તમ્મર આવ્યાં' એટલે 'આંખે અંધારાં આવ્યાં.' આમ ગુજરાતી 'અંધારાં'ના પણ તેવા જ બે અર્થ છે:

રાત્રીના તિમિરમાં સંતાઇને બોલતું 'તમરું' દેખીતું જ અંધારાનું જીવડું છે. તેનું જૂનું રૂપ 'તિમિરિ' છે, તે 'તિમિર' ની નિકટ છે. જોકે તે તિમ્ તિમ્ અવાજ કરતું હોવાથી શબ્દ રવાનુકારી પણ ગણી શકાય.

મુરારિ કવિની કલ્પનાએ તિમિરના જથ્થાને દિશાઓને કોરતા ઘુણ તરીકે ક[illegible] પણ આ સંદર્ભમાં યાદ આવે. જુઓ:

> ઘનતમ-તિમિર-ઘુણોત્કર-જગ્ધાનામિવ પતન્તિ કાષ્ઠાનામ્,
> છિદ્રૈરમીભિરુડુભિઃ કિરણવ્યાજેન ચૂર્ણાનિ.


ઘનઘોર તિમિરના ઘુણોએ કોરી ખાધેલી કાષ્ઠાઓ (બેવડો અર્થ: 'દિશાઓ'; 'કાષ્ઠો')-નાં પેલાં તારારૂપી છિદ્રોમાંથી કિરણરૂપી ચૂર્ણ ખરે છે'. હરિવલ્લભ ભાયાણી

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનના ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર : ચંપકલાલ મહેતા



શ્રી ગુલાબદાસ બ્રોકર



૧ તમારે મન નવલિકા એટલે ?

❡ અનુભૂતિના એકમને આકૃતિના સૌન્દર્યે અજવાળી, જીવનની સાચી ઓળખ આપતી કલા-કલિકા.

૨ નવલિકા હેતુલક્ષી હોવી જોઇએ કે 'કલાને ખાતર કલા' સરખી ?

❡ કોઈ પણ કલાકૃતિની માફક નવલિકા કલાલક્ષી હોવી જોઇએ. એ કલાકૃતિ બની શકે એ જ એનો એકમાત્ર હેતુ હોય.

૩ તમને તમારું કયું પાત્ર વધારે ગમે છે? શા માટે?

❡ મારાં ઘણાં પાત્રો મને ગમે છે. તેમાં ગુલામદીન પણ આવે અને ચિત્રા પણ આવે; બા પણ આવે અને લતા કે સુરભિ પણ આવે; અનેક આવે...શા માટે એ બધાં ગમે છે ! પ્રેમને કારણે સાથે સંબંધ કાંઈ યે નથી.

૪ તમારા જ શબ્દોમાં 'આદર્શ માટે મરી ફીટનારું હૃદય' તમે કોને કહી શકો ?

❡ એ કહેવાની જરૂર ખરી? કે ગાંધી અને નેહરુ સાથે એ હૃદય પણ મરી પરવાર્યું છે? પણ વિનોબા કે રવિશંકર મહારાજ જેવા જીવંત હોય ત્યારે એમ કેમ કહેવાય? છતાં એ તો મોટા માણસો થયા. એવા મોટા નહિ એવા અનેક માણસોમાં મને તો એ હૃદયનાં દર્શન થયાં છે.

૫ સાહિત્યની શ્રેષ્ઠ કૃતિ તમે કોને કહેશો ?

❡ કલાની સિદ્ધિ દ્વારા જે માનવ ચેતનાના અનેક સ્તરોને ઉજ્જ્વળ કરી મૂકે તેને.

૬ તમે શેરબજારની સાથેસાથ સાહિત્યબજાર તરફ કેવી રીતે ઢળ્યા ?

❡ ઢળવાનો પ્રશ્ન જ નહોતો. સાહિત્ય મને પહેલેથી જ આકર્ષતું, ને શેરબજાર તો મારા બાપદાદાનો ધંધો. એ ધંધો મોટા ભાઇએ સંભાળી લીધો ને મને સાહિત્યવિહાર કરવાની છૂટ આપી. હવે તો એ ધંધો મેં છોડી દીધો છે, એટલે; ઢળાણ હોય તો એકલા સાહિત્ય તરફનું જ રહ્યું છે.

સસ્તી પોષક વાનગીઓ

આજના કપરા કાળમાં ઊંચાં પોષણ મૂલ્યોવાળા ખોરાક અને ખર્ચનો મેળ બેસાડવો એ ભારે મુશ્કેલ બની રહ્યું છે. વળી, આજે તો રોજિંદા આહારની પણ ઘણી ચીજો મળવી લગભગ દુર્લભ બનતી જતી હોઈ અવનવી મોંઘી સ્વાદિષ્ટ વાનગીઓનાં પુસ્તકો ક્યારેક જીવનની એક મશ્કરી જેવાં લાગે છે. પરંતુ અમદાવાદની જાણીતી સ્ત્રીસંસ્થા જ્યોતિસંઘે પ્રકટ કરેલું 'સસ્તી પોષક વાનગીઓ'નું પ્રકાશન (પૃ. ૨૬૭, પાકું પૂઠું, કિં. ૧-૫૦) આવકાર્ય ગણી શકાય તેવું છે. સમતોલ આહાર અને આપણી રસોઈ-પદ્ધતિની ઉપયોગિતાની સારી સમજણ આપ્યા પછી એમાં સોળ વિભાગમાં અનેકવિધ ખાદ્ય અને પેય વાનગીઓ બનાવવાની સરળ રીતો આપી છે. પણ આની ખાસ વિશેષતા તો એ છે કે દરેક વાનગીનું પોષણ મૂલ્ય તથા તે બનાવવાનો ખર્ચ વિગતવાર અંદાજી ખર્ચ પણ આપ્યો છે જે આ પુસ્તકની ઉપયોગિતા વધારે છે.

વળી, બધી વાનગીઓ આજે પ્રાપ્ય અને ઓછા ખર્ચાળ એવા પદાર્થોની જ હોઈ અવારનવાર અજમાવવી સરળ પડે તેમ છે. કઠોળ અને અનાજનાં મિશ્રણ, મગફળી, ખોળ અને 'મલ્ટીપર્પઝ ફૂડ' અને આપણા ખોરાકમાં ઓછાં વપરાતાં ખાદ્યોના ઉપયોગવાળી વાનગીઓ પોષણની દૃષ્ટિએ પણ અજમાવવા યોગ્ય છે. ટૂંકમાં નામ પ્રમાણે આ પુસ્તક એના લક્ષ્યને સિદ્ધ કરતું હોઈ અને એની કિંમત કોઈ પણ જાતનો વધારાનો ખર્ચ ચડાવ્યા વિના (લેખકે સેવાભાવથી લખી આપ્યું છે અને સંસ્થાએ કશો નફો ચડાવ્યો નથી) પડતર જ કિંમત રાખેલી હોઈ ઝડપથી ખપી ગયું છે અને તેની બીજી સુધારેલી અને સવાગણી મોટી આવૃત્તિ હાલ છપાય છે.

થોડાં પ્રકાશનો

ત્રણ સ્ત્રીઓનો પ્રેમ: માનવમનના અંતસ્તલમાં દૃષ્ટિ કરી, તેનાં ઊંડાણોમાં પડેલા ભાવો ને લાગણીઓને તપાસી, તે નાણી જોવાની ખોજ કરતા સિંધી વાર્તાકાર 'લાલપુષ્પ'-ની ટૂંકી વાર્તાઓ : અનુ૰ કુ. રાજ બુટાણી, જયંત રેલવાણી; પ્ર૰ સિંધુ સાહિત્યસંગમ, ૭ જંકશન પ્લૉટ, રાજકોટ, પૃ. ૭૯, રૂ. ૧.

મસ્તી : મસ્ત હબીબ સારોદીના લેખો, કાવ્યો અને ગઝલોનો સંગ્રહ. પ્ર. પોતે, સુરત, અર્ધપાકું પૂઠું; પૃ. ૧૦૫, કિં. ૨-૫૦.

પ્રગતિને પંથે : મજૂર મહાજન સંઘનાં સ્થાપક ને પ્રમુખ અનસૂયાબહેનનાં, ગાંધીજીની વિચારસરણી વ્યક્ત કરતાં, તેમજ મહત્ત્વના ઔદ્યોગિક પ્રશ્નોની સમાલોચના કરતાં પ્રવચનોનો સંગ્રહ; પ્ર. ગાંધી મજૂર સ્મારક ટ્રસ્ટ; અમદાવાદ. પૃ. ૭૬, રૂ. ૧

Federal Financial Relations in India: શ્રી એ. ડી. શ્રૉફ સ્મારક વ્યાખ્યાનમાળામાં શ્રી મુરારજી જે. વૈદ્યે આપેલું મનનીય વ્યાખ્યાન; પ્ર. ફોરમ ઑવ ફ્રી એન્ટરપ્રાઈઝ, મુંબાઈ; પૃ. ૨૮, કિં. છાપી નથી.

સૂનો મિજાજ : જેના કિલ્લામાંથી એક કાંકરી પણ ઓછી થવા પામતી નથી એવી એક સૌંદર્યને લીધે અનેકનો શિકાર બનતી ઠસ્સાદાર છોકરીની કથા. ફાલ્ગુની પ્રકાશન, ૨૨૬, સૅમ્યુઅલ સ્ટ્રીટ, મુંબાઈ ૨, પૃ. ૪૨૨, રૂ. ૯.

ગુજરાતી સાહિત્ય પરિષદના

ઑક્ટોબરમાં દિલ્હી ખાતે મળનારા ૨૪મા અધિવેશનમાં ડેલિગેટ તરીકેનો દરજ્જો અને રેલવે કન્સેશન તથા ઉતારાની સગવડના લાભ એ જ સભ્યોને મળી શકશે, જે તા. ૩૧-૮-'૬૭ સુધીમાં પરિષદના સભ્ય તથા પ્રતિનિધિ તરીકે નોંધાયા હશે, તેમજ જે અઢાર (૧૮) વર્ષ પૂરાં કરી ચૂક્યા હશે.

પ્રમુખની ચૂંટણી કરવા માટે બંધારણ અનુસાર સભ્ય-સંસ્થાને એક તેમજ પરિષદના દસ સામાન્ય સભ્યો સંયુક્તરીતે પોતાની પસંદગીનું એક નામ તા. ૧૫-૬-'૬૭ સુધીમાં સૂચવી શકે. તા. ૧૦-૬-'૬૭ સુધીમાં નોંધાએલા સભ્યો જ આ માટે મત આપી શકશે.



શ્રી કિશનસિંહ ચાવડાએ હિમાલયયાત્રા દરમ્યાન કરેલી આંતરયાત્રાનો પોતાની વિલક્ષણ શૈલીમાં લખેલા પત્રો દ્વારા આપેલો પરિચય. રવાણીપ્રકાશન, અમદાવાદ ૧, પૃ. ૧૮૫ રૂ. ૪


જ્યોતિષશાસ્ત્ર

વેદનું અંગ ગણાએલા એ આગમશાસ્ત્ર વિષે બે બોલ

સાધુરામ યોધ

આપણા પ્રાચીન જ્યોતિષશાસ્ત્રને વેદનું એક અંગ ગણવામાં આવ્યું છે. ગૂઢ વિદ્યા તરીકે એ પ્રસિદ્ધ છે. ગર્ગ, પરાશર, સત્યાચાર્ય વગેરે જેવા પુરાણકાલીન મહર્ષિઓએ તેના સિદ્ધાંતો પ્રતિપાદિત કરેલા છે. શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં ભગવાનની વિભૂતિઓમાં સૂર્યને 'જ્યોતિષામ્ રવિઃ અંશુમાન્' તથા ચંદ્રને 'નક્ષત્રાણામ્ અહમ્ શશી' કહ્યા છે.

જ્યોતિષશાસ્ત્ર એ સૂર્ય તથા સૂર્યમંડળની આકાશમાં સ્થિતિ તથા તેમના ભ્રમણ-સંક્રમણની મનુષ્ય તથા તમામ સચરાચર જીવસૃષ્ટિ પર થતી સૂક્ષ્મ અસરો જાણવાનું એક આગવું શાસ્ત્ર છે. આજે તો આધુનિક ઢબે વૈજ્ઞાનિક પદ્ધતિથી તેની ચર્ચા તથા સંશોધન થઈ રહ્યાં છે. પરંતુ તેનો પાર પામવાનું કામ સામાન્ય મનુષ્ય માટે સહજ કે સરળ નથી. શતરંજની રમત કે રાગદારી સંગીત જેવું એને કહી શકાય. શતરંજમાં દરેક મહોરાની ચાલ જાણો એટલે તેની પદ્ધતિ આવડે એટલું જ. તેવી જ રીતે રાગની પકડ કે આરોહ-અવરોહ જાણ્યા એટલે રાગનું જ્ઞાન થયું. પણ એટલાથી જ કાંઈ શતરંજ રમતાં કે રાગદારી સંગીત ગાતાં-વગાડતાં આવડશે? એવું જ આ જ્યોતિષશાસ્ત્રનું છે.



જ્યોતિષશાસ્ત્રમાં આકાશમાં સ્થિત રાશિચક્રને કાલપુરુષની ઉપમા આપી. તેનાં વિવિધ અંગો પર રાશિઓનાં સ્થાન કલ્પવામાં આવ્યાં છે, અને ફલાદેશ માટે એ અમુક ચોક્કસ ભાવનું સૂચન કરે છે. પશ્ચિમી મત પ્રમાણે મનુષ્યદેહનાં આ બારે અંગો પર તે તે સ્થાન પરની રાશિનો પ્રભાવ રહે છે, અને એ મત પ્રમાણે જાતકને જે રાશિ જ્યારે નડતી હોય ત્યારે તે રાશિના પ્રભાવ તળેના અંગના ઔષધોપચાર નિષિદ્ધ ગણાયા છે. વૈદક અને જ્યોતિષ આમ એકબીજામાં ઘણી રીતે ભળી ગએલાં જોવા મળે છે.

તેના અંતસ્તમ સંકેતો જાણવા દાર્શનિક દૃષ્ટિ હોવી જોઇએ. અંતઃપ્રેરણા વગર તે સિદ્ધ ન થાય; કારણ એને પ્રાપ્ત કરવા ઉપાસનાની જરૂર છે. એની પ્રાપ્તિ એ સિદ્ધિ છે.

જ્યોતિષનાં બે અંગો છે: એક ગણિત-જ્યોતિષ, બીજું ફલ-જ્યોતિષ. ફલ-જ્યોતિષ ગમે તેટલું રોમાંચક લાગે, છતાં ગણિત જ્યોતિષ સિદ્ધ થયા વગર તેના કોઈ ફલાદેશો સાચા પડતા નથી. તેથી ગણિત-જ્યોતિષ એ ખૂબ મહત્ત્વનું હોવા ઉપરાંત પ્રત્યક્ષ પ્રમાણવાળું છે. એમાં તર્ક કે કલ્પના કામ નથી આવતાં.


દરેક વ્યક્તિનો જન્મ થવાની સાથે જ તના સ્પષ્ટ ર... નોંધી લેવામાં આવે છે. ત્યાર બાદ તેની એક કુંડલી દોરવામાં આવે છે. આ કુંડલી બીજું કાંઈ નહિ પણ તે વ્યક્તિના જન્મ સમયે આકાશમાં સૂર્ય તથા સૂર્યમંડલના તમામ ગ્રહોની સ્થિતિનો નકશો છે. આ કુંડલી સાચી દોરવા માટે તે વ્યક્તિના જન્મસ્થળનો 'સાચો' સમય લેવો જોઇએ; તથા પૃથ્વીની ચોપાસ પ્રસરેલા આકાશચક્રનો તે સમયનો પૃથ્વી સાથેનો સંબંધ તથા સૂર્યાદિ તમામ ગ્રહો તેમાં કઈ નિયત જગ્યાએ છે તે દર્શાવતું ગણિતથી માપ કાઢેલું હોવું જોઇએ.

પૃથ્વીના સૂર્યની આસપાસ તથા પોતાની ધરી પરના ભ્રમણને લીધે જે કાલમાપન થાય છે તેના, તથા પૃથ્વીની આસપાસ વીંટળાએલા આકાશ-ચક્રના કેવા વિભાગો પાડી તે દરેકનું નામકરણ કરી તેને પૃથ્વી પરના સ્થળો સાથે જોડવાની કલ્પના આપણા આચાર્યોએ કરી છે. આકાશમાંનાં તે તે વિભાગોમાં આવતા તારાઓનાં ૨૭ વિશિષ્ટ જૂથો નક્કી કર્યાં છે, જે નક્ષત્ર નામે ઓળખાય છે. ભારતીય જ્યોતિષશાસ્ત્રની સંજ્ઞા પ્રમાણે આકાશચક્ર અશ્વિની નક્ષત્રના યોગતારાથી શરૂ થઈ રેવતી નક્ષત્રના છેલ્લા તારા સુધીમાં સંપૂર્ણ આવર્ત ફરે છે. સૂર્યાદિ ગ્રહો આ વિસ્તારમાં જ ભ્રમણ કરે છે. આ દરેક નક્ષત્રના પણ ચાર વિભાગ છે, તેમને નક્ષત્રચરણ કહે છે એટલે નક્ષત્રચક્રના કુલ ૧૦૮ વિભાગ છે.


ત્યાર બાદ આકાશચક્રના નવા બાર વિભાગ પાડવામાં આવ્યા છે જેને 'રાશિ' કહે છે. રાશિના વિભાગોને નક્ષત્ર-વિભાગો સાથે એવી રીતે સંલગ્ન કરવામાં આવ્યા છે કે બાર રાશિમાંની પહેલી રાશિ 'મેષ' નક્ષત્રચક્રના અશ્વિની નક્ષત્રના યોગતારાથી શરૂ થાય અને છેલ્લી રાશિ 'મીન'નો અંત રેવતી નક્ષત્રના છેલ્લા તારા સાથે (પાછળની આકૃતિ) પૂરો થાય. આ રાશિઓ સાથે સંલગ્ન નક્ષત્રચક્ર વ્યોમમાં નિરંતર ફર્યા કરતું દૃશ્યમાન થાય છે. કાલમાપનનું એ એક સક્રિય નસર્ગિક ચક્ર છે, જેના વડે આકાશી ગ્રહોની ગતિ પ્રત્યક્ષ જોઈ શકાય છે.

આપણા જ્યોતિષાચાર્યોએ આકાશસ્થિત આ કાલ્પનિક રાશિચક્રને કાલપુરુષની ઉપમા આપી છે અને તેના કાલ્પનિક દેહને મનુષ્ય-શરીરનાં અંગો સાથે નીચે પ્રમાણે બાર ભાગમાં વિભક્ત કર્યો છે. એ બારે ભાગને 'ભાવ'ની સંજ્ઞા આપી છે, ને ફલાદેશ માટે તે તે ભાવ મનુષ્યમાત્રને પ્રાપ્ત થતા અમુક ભાવનું સૂચન કરે છે તેમ સિદ્ધ કર્યું છે.

આ ઉપરાંત, બીજી પણ અનેક રીતે રાશિઓનું વિભાજન કરી તેમાંથી નિરનિરાળા માનવભાવોની—લાગણીઓ વગેરેની સ્થાપના આ જ બાર ભાવોમાં જ્યોતિષાચાર્યોએ કરી છે અને તેવી રાશિ-



મીન
કુંભ
મકર
ધનુ
વૃશ્ચિક
તુલા
મેષ
પૃથ્વી
કન્યા
વૃષભ
મિથુન
કર્ક
સિંહ



આશ્લેષા
પુષ્ય
પુનર્વસુ
આર્દ્રા
મૃગશીર્ષ
રોહિણી
કૃત્તિકા
ભરણી
અશ્વિની
રેવતી
ઉ.ભાદ્રપદા
પૂ.ભાદ્રપદા
શતતારા
ધનિષ્ઠા
શ્રવણ
ઉત્તરાષાઢા
પૂર્વાષાઢા
મૂલ
જ્યેષ્ઠા
અનુરાધા
વિશાખા
સ્વાતિ
ચિત્રા
હસ્ત
ઉ.ફાલ્ગુની
પૂ.ફાલ્ગુની
મઘા
કર્ક
મિથુન
વૃષભ
મેષ
મીન
કુંભ
મકર
ધનુ
વૃશ્ચિક
તુલા
કન્યા
સિંહ
૯૦°
૬૦°
૩૦°
૦°
૩૩૦°
૩૦૦°
૨૭૦°
૨૪૦°
૨૧૦°
૧૮૦°
૧૫૦°
૧૨૦°

ઓને તે માટેની વિશિષ્ટ સંજ્ઞાઓ આપી છે. પરંતુ આપણા પ્રસ્તુત વિષયને હાલ તો ઉપર કહ્યા તે કાલપુરુષનાં બાર અંગો તથા તેનાથી ફલિત થતા બાર મુખ્ય ભાવ સાથે જ સંબંધ છે, તેથી તે વિષે જ જોઈશું. પૃ. ૧૯૪ની આકૃતિ એ સમજવામાં સહાયભૂત થશે.

	રાશિ	કાલપુરુષનું અંગ	ફલિત પ્રથમ ભાવ
૧	મેષ	મસ્તક	તન, સ્વભાવ
૨	વૃષભ	ગરદન	ધનસંચય, વાણી
૩	મિથુન	બાહુ	સહોદર, પરાક્રમ
૪	કર્ક	છાતી	સુખ, માતા
૫	સિંહ	હૃદય	વિદ્યા, સંતાન
૬	કન્યા	આંતરડાં	રોગ, શત્રુ
૭	તુલા	કટિ	સ્ત્રી-સુખ, માર્ગ
૮	વૃશ્ચિક	ગુહ્ય અંગો	આયુષ્ય
૯	ધનુ	જંઘા	ભાગ્ય, ધર્મ
૧૦	મકર	ઢીંચણ	ધંધો, પિતા
૧૧	કુંભ	પગના નળા	લાભ
૧૨	મીન	પગની ઘૂંટીથી તળિયાં	ખર્ચ, બંધન

પ્રાચીન ભારતીય જ્યોતિષમાં આકાશમાં સૂર્ય જે માર્ગે ચાલે છે તે ક્રાંતિવૃત્ત પરના આકાશી ગોળને ૨૭ નક્ષત્રોમાં વહેંચી નાખેલ છે. આ જ વિસ્તારને આગળ જતાં બાર રાશિઓમાં પણ વહેંચેલો છે. એ દરેક રાશિના વિસ્તારમાંના અગ્રગણ્ય તારાઓને સાંકળીને વિવિધ આકૃતિઓની કલ્પના કરી, તે રાશિને તેનાં નામ અપાયાં છે. (જુઓ સામેના પૃષ્ઠ પરની ઉપરની આકૃતિ) આ નામ પરથી તે તે રાશિ માટે સૂચક એવાં અનેકવિધ શોભન-આલેખનો પણ સદીઓથી થતાં રહ્યાં છે, તેમ તેની ઓળખ માટેની નિશ્ચિત વૈજ્ઞાનિક સંજ્ઞાઓ પણ યોજાઈ છે. સામેની નીચેની આકૃતિમાં એ ૨૭ નક્ષત્રો, એ જ વિસ્તારમાંની બાર રાશિઓ અને એની ઓળખની શોભન-આકૃતિઓ સાથે બાજુના નાના વર્તુળમાં તેની વૈજ્ઞાનિક સંજ્ઞાઓ દર્શાવી છે.


કાલપુરુષનાં આ અંગો પ્રમાણે જન્મકુંડળીની રચના કરી, જન્મ સમયે ક્ષિતિજ પર જે રાશિ હોય તેને પ્રથમ ભાવમાં મૂકી, પછી બીજા ભાવમાં તેના પછીની, એમ અનુક્રમે બાર ભાવોમાં બાર રાશિઓ સ્થાપી કુંડળીચક્ર સંપૂર્ણ કરવામાં આવે છે. એક વાત સામાન્ય જ્ઞાન માટે જરૂરી છે કે દરેક રાશિના પણ ગણિતગણના માટે ત્રીસ ભાગ પાડી તેને 'અંશ' સંજ્ઞા આપી છે. તથા 'અંશ'ના સાઠ ભાગ કરી તેને 'કલા' તથા 'કળા'ના સાઠ ભાગ કરી તેને 'વિકલા' સંજ્ઞા આપવામાં આવી છે.

તાત્પર્ય એ છે કે કોઈ પણ વ્યક્તિનો કોઈ પણ સમયે જન્મ થાય ત્યારે જે રાશિ જેટલા અંશ કલા તથા વિકલા સહિત, તે સમયે આકાશમાં ક્ષિતિજ પર સ્થિત હોય તે રાશિનું તેટલા અંશ-કલા-વિકલાનું જાતકનું 'પ્રથમ ભાવલગ્ન' એટલે (પૃથ્વી સાથેનું જોડાણ) માનવામાં આવે છે અને તે જ પ્રમાણે એક પછી એક બાર ભાવો મૂકવામાં આવે છે. તેથી એ તો સ્પષ્ટ જ છે કે દરેક વ્યક્તિની કુંડળી મેષ રાશિના પ્રથમ અંશથી શરૂ થાય તેમ બનતું નથી. છતાં ગમે તે [illegible] હોય, તોપણ જન્મસમયે તે ઉદિત થતી હોઈ તેને પહેલા [illegible] વ્યક્તિ માટે તેના મસ્તકના ભાગમાં-સ્થિત થએલી માનવા[illegible] આવે છે અને તેના પછીની રાશિઓ તે તે વ્યક્તિનાં તે પછીનાં મુખ વગેરે અંગોને વ્યક્ત કરતી સિદ્ધ કરવામાં આવી છે. તે પ્રમાણે ફલજ્યોતિષમાં કુંડળીની રચના સમયે બારે ભાવો હરકોઈ વ્યક્તિ માટે અલગ-અલગ રચવા પડે છે અને વ્યક્તિ દીઠ બારે ભાવો અનુક્રમે જુદીજુદી રાશિના જુદાજુદા અંશ, કલા, વિકલાથી શરૂ તથા પૂર્ણ થાય છે. આ ભાવો સૂક્ષ્મ રીતે ગણિતની મદદથી, પ્રત્યેક કુંડળીમાં સ્પષ્ટરીતે સાધી, કુંડળી મૂકીને તે ભાવોનાં આરંભ મધ્ય તથા વિરામસ્થાનો નક્કી કરવાં જોઈએ, જેથી તે તે સ્થાનો પરથી જુદાજુદા ગ્રહોનું ભ્રમણ-સંક્રમણ વિશિષ્ટ ફલાદેશ અને તેનાં ઉત્કટ પરિણામો, ઘટનાઓ વગેરેનું સૂચન મળી શકે. સૂક્ષ્મ ભાવસ્પષ્ટનની આ મહત્તા છે.

આ વિષયને સ્પર્શતી એક નાની પણ ગણનાપાત્ર પુસ્તિકાનો પરિચય 'સાહિત્યસંપર્ક'માં આપ્યો છે.

સંખ્યાઓના ઉપવનમાં વિહાર

મથાળું જરા વિચિત્ર લાગે એવું છે; પરંતુ ખરેખર તો એ એક પુસ્તકનું નામ છે પુસ્તક અંગ્રેજીમાં છે: 'Excursion into the Realm of Numbers' by M. N. Khatri.



વડોદરા જિલ્લાની એક પ્રાથમિક શાળાના આચાર્યપદેથી હમણાં જ નિવૃત્ત થએલા શ્રી ખત્રીએ આખી જિન્દગી કેવળ પ્રાથમિક શિક્ષક તરીકે કાર્ય કર્યું છે. અંગ્રેજી ને ગણિત તો એ આપમેળે જ ભણ્યા છે.

પુસ્તકનાં કેટલાંક પ્રકરણોનાં મથાળાં જોઈએ: શ્રેણીઓ, ફિબોનાકી શ્રેણી, ડાયોફન્ટાઈન સમીકરણો, ત્રિકોણ સંખ્યાઓ, પંચકોણ સંખ્યાઓ, પાઈથાગોરિયન સંખ્યાઓ ... આ બધાં પરથી સ્પષ્ટ થશે કે એમના આ 'સંખ્યાના ઉપવન'માં વિહારનો આનંદ મેળવવા થોડી લાયકાત કેળવવાની જરૂર રહેશે. જેમ ચિત્ર, શિલ્પ કે સંગીતને માણવા માટે ખાસ દૃષ્ટિ અને કલાસૂઝ જરૂરી છે તેમ સંખ્યા-ગણિતનો આનંદ માણવા માટે પણ આગવી સૂઝ અને થોડી તાલીમની જરૂર પડે છે. આવી સહજ ગાણિતિક સૂઝ ધરાવનારને શ્રી ખત્રી સાથે સંખ્યાઓના ઉપવનમાં વિહાર કરતાં આનંદ આવશે; અન્યને થોડું કષ્ટ પડશે.

અંકગણિત અને બીજગણિતના દાખલા ગણતાં આપણા વિદ્યાર્થીઓને 'સંખ્યાઓના ઉપવનમાં વિહાર' કરવાનો આનંદ આવતો હોય તેવો મને અનુભવ નથી; અને તેથી આ પુસ્તકના વાચન વિષે હું ભલામણ કરું તે પહેલાં સંખ્યાના અધ્યયનથી મળતા આનંદ વિષે થોડો અનુભવ કરાવવો અસ્થાને નહિ થાય.

ગણિતનાં પાઠ્યપુસ્તકો ઉપરાંત છાપાંઓમાં પણ આંકડા તો આવે છે. બજારભાવનાં પાનાં ઉપર ખૂબ આંકડા હોય છે; મોટી મોટી કંપનીઓના વાર્ષિક રિપોર્ટોમાં ઉત્પાદન અને ખર્ચના મોટા મોટા આંકડા આવે છે. આપણો એક સામાન્ય ખયાલ એવો પણ બંધાએલો છે કે આંકડાઓની ઈન્દ્રજાળ રચીને જેવાં પરિણામ બતાવવાં હોય તેવાં બતાવી શકાય છે! એક બાજુ આ 'આંકડાઓની ઈન્દ્રજાળ' છે, તો બીજી બાજુ શ્રી ખત્રીએ 'આંકડાઓનું ઉપવન' રચીને તેમાં વિહરવાનું આપણને આમંત્રણ આપે છે. ચાલો, આપણે પણ 'ઈન્દ્રજાળ' છોડીને શ્રી ખત્રી સાથે 'ઉપવન'માં પ્રવેશ કરીએ.

શ્રી ચાંપશીભાઈના જીવનનું અમૃતપર્વ



'નવચેતન' માસિકના નિર્માતા-તંત્રી મુ. શ્રી ચાંપશીભાઈ ઉદેશી તા. ૬ઠ્ઠી મે ૧૯૬૭ના રોજ જીવનનાં ૭૫ વર્ષ પૂરાં કરી સાહિત્યસેવામાં સફળતાપૂર્વક પોતાની જીવનયાત્રા આગળ ધપાવી રહ્યા છે એ અવસરે, તેમણે એકનિષ્ઠાથી પોતાના સામયિક દ્વારા ગુજરાતને સમાજ, સાહિત્ય અને કલાનાં ક્ષેત્રોમાં જે અનેક નવા લેખકો તેમજ કલાકારોની પિછાન આપી છે, તેમજ નાટ્યક્ષેત્રમાં પોતાની રચનાઓ જાતે તખ્તા પર રજૂ કરીને, નીડર ફિલ્મ-વિવેચના કરીને તથા અનેક નવલ-નવલિકાઓ-લેખો દ્વારા જીવન-સંશોધનાત્મક વિચારો આપ્યા છે તેનો સમગ્રતયા અંદાજ લેતાં એ એકલ સરસ્વતીસેવકને અભિનંદન આપતાં અમને સ્વાભાવિક જ આનંદ ને ઉમળકો થાય છે. કશા ફંડફાળા કે લાચારીના અવલંબન વિના, સ્વસંકલ્પબળે, પૂરી નિષ્ઠા અને ચીવટથી 'નવચેતન'ને પોતાના લાડીલા બાળકની જેમ માવજત આપનાર અને તેને નિયમિતતાપૂર્વક આજ ૪૬ વર્ષ લગી એકધારું ચાલુ રાખનાર ઉમદા અને પ્રેમલ પ્રકૃતિના ચાંપશીભાઈએ પોતાના સંપાદનકાર્યથી ગુજરાતનાં સામયિકોમાં એક આગવી કારકિર્દી સ્થાપી છે. એમનું વ્યક્તિત્વ જે શીતલ અને સંસ્કારપૂત હવા સાહિત્યક્ષેત્રે વહેવડાવી રહ્યું છે તે બીજાં અનેક વર્ષોનું સાતત્ય પામો એવી અમારી ઇશ્વર પ્રત્યે પ્રાર્થના છે.

—ર. મ. રા.   બ. રા.




૧ ૩ ૬ ૧૦

આકૃતિ ૧

ઉપરની આકૃતિ ૧ જોઈ? તેમાં ટપકાંની મદદથી સમબાજુ ત્રિકોણ બનાવેલા છે. આવા સમબાજુ ત્રિકોણ બનાવવા માટે કેટલાં ટપકાંની જરૂર પડે? ૩, ૬ અને ૧૦ ટપકાંથી બનતા ત્રિકોણો તો આકૃતિમાં બતાવ્યા છે, પણ તેમાંના ૧૦ ટપકાંથી બનેલા ત્રિકોણ કરતાં પણ મોટો ત્રિકોણ બનાવવો હોય તો કેટલાં ટપકાંની જરૂર પડશે તે નક્કી કરવું સહેલું છે. ત્રિકોણના પાયામાં રહેલાં ટપકાંની સંખ્યા ૨, ૩, ૪ એમ ક્રમ પ્રમાણે વધતી જાય છે અને તેથી જ આકૃતિમાં સૌથી પહેલાં એક ટપકું મૂકેલું છે. જેથી આ ક્રમ ૧, ૨, ૩, ૪...એમ પ્રાકૃતિક ક્રમ થઈ જાય. આ પાયા ઉપર એક એક વધુ સંખ્યાના ટપકાંની હારમાળા મૂકીને આખો ઢગલો ઊભો થાય છે. બસ ત્યારે; ૩, ૬ અને ૧૦ ટપકાંવાળા ત્રિકોણ પછીના ત્રિકોણના પાયામાં ૫ ટપકાં હશે. અને કુલ ટપકાં ૫+૪+૩+૨+૧ મળીને ૧૫ થશે. આ પદ્ધતિ પ્રમાણે સમભુજ ત્રિકોણ બનાવવા માટે જરૂરી ટપકાંની સંખ્યાને ત્રિકોણ સંખ્યા (Triangular numbers) કહે છે. એ ત્રિકોણ સંખ્યાઓ નીચે પ્રમાણે ક્રમમાં ગોઠવી શકાય:

૧, ૧+૨, ૧+૨+૩, ૧+૨+૩+૪, ૧+૨+૩+૪+૫...
=૧, ૩, ૬, ૧૦, ૧૫...

હવે આ પ્રમાણે ચોરસ સંખ્યાઓ, પંચકોણ સંખ્યાઓ વગેરેની વ્યાખ્યા પણ આપી શકાય. નીચેની આકૃતિ ૨ જુઓ:



૧ ૪ ૯ ૧૬

આકૃતિ ૨

સમચોરસ બનાવવા માટે જેટલી સંખ્યામાં ટપકાંની જરૂર પડે તે ચોરસ સંખ્યા. ૧, ૪, ૯, ૧૬, ૨૫ એ ચોરસ સંખ્યાઓ થઈ એ જ રીતે પંચકોણ, ષટ્કોણ વગેરે સંખ્યાઓની વ્યાખ્યા આપી શકાય.

પરંતુ દર વખતે આમ ભૂમિતિની આકૃતિઓ લઇને સંખ્યાઓની વ્યાખ્યા આપવા બેસીએ તો ત્રિકોણ અને ચોરસ સુધી તો ઠીક, પણ ૧૫ બાજુની સમકોણ આકૃતિ બનાવવા માટે કેટલાં ટપકાં જોઇએ તે નક્કી કરવામાં તો કેટલો બધો સમય જાય! અને એમાં મજા પણ શી આવે? આકૃતિ દોર્યા વગર ગમે તેવડો બહુકોણ બનાવતી સંખ્યાઓ નક્કી કરી શકાય તેમાં જ ગણિતની ખૂબી અને કલાત્મકતા રહેલી છે. ત્રિકોણ સંખ્યાઓ ૧, ૩, ૬, ૧૦, ૧૫... અને ચોરસ સંખ્યાઓ ૧, ૪, ૯, ૧૬, ૨૫... ને નીચે પ્રમાણે ગોઠવીને ફરી લખીએ:

ત્રિ. સં. ૧, ૧+૨, ૧+૨+૩, ૧+૨+૩+૪, ૧+૨+૩+૪+૫, ...
ચો. સં. ૧, ૧+૩, ૧+૩+૫, ૧+૩+૫+૭, ૧+૩+૫+૭+૯, ...

આ હિસાબે આગળ વધવું હોય તો પંચકોણ અને ષટ્કોણ સંખ્યાઓ પણ લખી શકાય

પં. સં. ૧, ૧+૪, ૧+૪+૭, ૧+૪+૭+૧૦, ૧+૪+૭+૧૦+૧૩...
ષ. સં. ૧, ૧+૫, ૧+૫+૯, ૧+૫+૯+૧૩, ૧+૫+૯+૧૩+૧૭...

નિયમ પકડાઈ ગયો? ખાતરી કરવા પચીસ-કોણ સંખ્યાઓ લખીએ:

૧, ૧+૨૪, ૧+૨૪+૪૭, ૧+૨૪+૪૭+૭૦,...
એટલે કે ૧, ૨૫, ૭૨, ૧૪૨...

ઉપર બતાવેલી પ્રવૃત્તિ કરતી વખતે તમારા મનમાં જાતજાતના પ્રત્યાઘાતો પડયા હશે. જો તમને તે પ્રવૃત્તિ દરમિયાન કોઈ પ્રકારના આનંદનો અનુભવ થયો હોય તો શ્રી ખત્રી સાથે તેમના સંખ્યા-ઉપવનમાં વિહાર કરવાનું આમંત્રણ સ્વીકારી લેશો.

પરંતુ એક વાતની સ્પષ્ટતા કરી લેવી જોઇએ. ઉપરની પ્રવૃત્તિમાં તો આપણે જુદીજુદી સંખ્યાઓની વ્યાખ્યા માત્ર આપી છે; એટલે કે તે પ્રવૃત્તિથી સંખ્યા-ઉપવનની દિશામાં માત્ર નજર જ ઠેરવી છે એમ ગણી શકાય. શ્રી ખત્રીના પુસ્તકમાં ત્રિકોણ સંખ્યાના પ્રકરણમાં તે સંખ્યાઓના અનેક રસપ્રદ ગુણધર્મો બતાવેલા છે. ધીરજ તથા ખંતથી પુસ્તકનું એકેએક વાક્ય અને સૂત્ર સમજતા જઇએ તેમ તેમ ઉપવન-વિહારનો આનંદ મળતો જાય. આપણે આશા રાખીએ કે શ્રી ખત્રી તથા અન્ય ગણિત શિક્ષકો આપણા યુવાન વર્ગને આનંદ પડે ને સાથેસાથે આધુનિક ગણિત વિષે માહિતી સાંપડે તેવાં સરળ પર્યટનોની યોજના કરે, કે જેથી શ્રી ખત્રીના સંખ્યા-ઉપવનમાં વિહાર કરીને આનંદ મેળવનાર વર્ગ ઘણો મોટો બને.

શ્રી ખત્રીને, વિપરીત સંયોગોમાં, તેમણે સ્વાશ્રયે મેળવેલી સિદ્ધિ માટે અભિનન્દન આપીને આ અવલોકન પૂરું કરીશું. પ્ર. ચુ. વૈદ્ય



લેખક · હર્ષદ શેઠ

નિખિલનો અનુભવ અને પ્રોફેસરની ચડાઈ

નિખિલની સ્વપ્નશીલ પ્રકૃતિ પ્રોફેસરના સહવાસથી ઘણી પ્રભાવિત થઈ હતી. ક્યારેક તેના મનમાં તરંગો આવતા કે જાણે પોતે પ્રકાશશાસ્ત્રમાં મોટીમોટી શોધો કરીને પ્રોફેસરને પણ દંગ કરી દીધા છે. છેલ્લા દોઢેક માસમાં એને જાણવા મળેલા નવાનવા ખ્યાલો પણ તેના દિવસનો મોટો ભાગ રોકી રાખતા.

એક રાત્રે જ્યારે તે સીતાપુર સ્ટેશનેથી પાછો આવતો હતો ત્યારે દૂર પહાડની તળેટીમાં એક અંડાકાર દેખાયો. તેની સહજ કુતૂહલ-વૃત્તિએ અને સાહસવૃત્તિએ તેને એ તરફ જવા પ્રેર્યો. પ્રથમ તો વિચાર આવ્યો કે એણે પ્રોફેસરની રજા લેવી જોઇએ, પણ પછી થયું કે તેને એમ તો રજા નહિ મળે અને કંઈક સાહસ કરવાની આ એકની એક તક પણ પોતે ગુમાવશે. એ જે ઓરડામાં સૂતો હતો તેનો દરવાજો બહાર ચાલીમાં ખૂલતો હતો. જ્યારે તેને લાગ્યું કે હવે બધાં જ સૂઈ ગયાં છે અને પ્રોફેસર પોતાના પ્રયોગમાં મસ્ત છે ત્યારે તે દબાતે પગલે મકાનની બહાર નીકળી પેલા પ્રકાશિત અંડાકાર તરફ ચાલ્યો. તેણે જોયું તો કેટલાક વિચિત્ર આકારો એક ઝાડના થડને કાપી તેને પેલા અંડાકાર તરફ લઈ જતા હતા. અચાનક તેમનું ધ્યાન નિખિલ તરફ ગયું. નિખિલ એક ક્ષણ તો એમનો દેખાવ જોઈને ડરી ગયો, પરંતુ પાછી હિંમત એકઠી કરી કે આજે તો પોતે સાહસ કરવા નીકળ્યો છે આમ ડરી ગયે ન ચાલે. પેલા આકારોમાંનો એક નિખિલની સામે જોઈ રહ્યો. યંત્ર-માનવ જેવા એના દેહાકારમાં નિખિલે આંખને સ્થાને લાલ બત્તી ઝબકતી જોઈ.

'તારો શો વિચાર છે? અંદર આવવું છે?'

પેલાના હોઠ ફફડ્યા નહિ અને છતાં પોતાને એ પ્રશ્ન સંભળાયો હોય એવો અનુભવ નિખિલને થતાં એને આશ્ચર્ય તો થયું જ, છતાં હિંમત એકઠી કરી એણે જવાબ આપ્યો, 'હા, જો તમને વાંધો ન હોય તો?'

'તો અમારી પાછળ ચાલ્યો આવ.'

નિખિલ હજુ ગડમથલમાં હતો, અંદર જવું કે નહિ? પણ પછી હિંમત એકઠી કરી તે અંદર દાખલ થયો. ત્યાં તો જાણે પોતે કલ્પેલાં સ્વપ્નોની જ દુનિયા હતી. અનેકવિધ પ્રકારના પ્રકાશ ફેંકનારાં સંખ્યાબંધ યંત્રો અંદર દેખાતાં હતાં, પેલા લોકોએ સાથે આણેલું થડિયું એક ટેબલ પર મૂક્યું અને તેના પર શ્વેત પ્રકાશ ફેંક્યો. પરાવર્ત-પ્રકાશ વિવિધ રંગોનો હતો ઉપર રાખેલા એક યંત્રમાં ફરતી પટ્ટી પર આ પરાવર્ત-પ્રકાશ અંકાઈ જતો હતો. બાજુના ટેબલ પર બેઠેલા બે પરગ્રહવાસી વૈજ્ઞાનિકો આ પરાવર્ત-પ્રકાશાંકિત પટ્ટીનું પૃથક્કરણ કરી એક યંત્રની બે-ત્રણ કળો જુદીજુદી રીતે દબાવી એક નોંધ તૈયાર કરતા હતા. લગભગ અડધા કલાકમાં પેલા થડ વિષેની પૂરેપૂરી માહિતી-નોંધ તે લોકો પાસે તૈયાર થઈ ગઈ લાગી.

હવે પેલા વૈજ્ઞાનિકોના નાયકે નિખિલ તરફ જોયું. નિખિલની આસપાસ એ સમયે હતું તેવું જંગલી પ્રકાશવૃત ન હોવા છતાં એને હલનચલન કરતો જોઈને તેને નવાઈ લાગી હોય એમ નિખિલને લાગ્યું.

'તું કોણ છે? અને જંગલી પ્રકાશવૃત સિવાય કેવી રીતે જીવે છે?'

'કેમ, જીવવા માટે જંગલી પ્રકાશવૃત્તની વળી શી જરૂર છે?'

'શું કહે છે તું? જીવવા માટે જંગલી પ્રકાશવૃત્તની જરૂર નથી?'

નિખિલને પણ એના આ પ્રશ્નથી આશ્ચર્ય તો થયું. પણ તુરત તેને લાગ્યું કે આ કોઈ નવતર જીવો જ લાગે છે અને એમના જીવનવ્યવહારમાં પ્રકાશનું પ્રાધાન્ય જ અગ્રતમ લાગે છે. એણે પેલા નાયકને પૂછ્યું. 'તમે અમારાથી તદ્દન ભિન્ન જણાઓ છો. શું તમે કોઈ અન્ય ગ્રહના વાસી છો?'

'હા, અમે 'સ-૨૩'ના વાસી છીએ.'

'તમે મને આ પ્રકાશ-પ્રતિક્રિયાઓ કઈ રીતે થાય છે તે ન શીખવો?'

'હા, પણ શું તમે ય અમારી જેમ વિજ્ઞાનમાં માનો [illegible]'

'હા હા, ચોક્કસ વળી!' નિખિલે કહ્યું.

'પરંતુ આ બધું શીખવતાં તો ઓછામાં ઓછું ત[illegible] એકાદ અઠવાડિયું તો લાગશે જ.'

'બસ! શું ફક્ત એક જ અઠવાડિયામાં આ બધું શીખી શકાશે?'

'હા, અમારી પાસે વિચાર-આંદોલનોથી શીખવવાની પદ્ધતિ છે. તેના વડે જે સિદ્ધાંત તમારા મગજમાં આંદોલિત થશે તેને સમજવા માટે તમારે વિશેષ મહેનત નહિ કરવી પડે.' નિખિલ આશ્ચર્યથી સાંભળી રહ્યો–કહો કે સમજી રહ્યો. મોં ખોલ્યા વિના આ લોકો પોતાની સાથે કઈ રીતે વાતો કરી શકે છે એ એને હવે થોડુંથોડું સમજાવા લાગ્યું.

'તમે અહીં શા માટે આવ્યા છો?'

'અમે તમારા ગ્રહ 'સ-૧૦૫'ની જીવનસૃષ્ટિનો પરિચય અને અભ્યાસ કરવા આવ્યા છીએ.'

'સ-૧૦૫!? અમે તો એને પૃથ્વી કહીએ છીએ.'

'અમે બધા ગ્રહોને ક્રમાંકોથી ઓળખીએ છીએ.'

'તો કાલે હું અહીં લગભગ આ જ સમયે આવું?'

'તમે ક્યાં રહો છો? અમારું વાહન તમને લેવા આવશે.'

નિખિલે આંગળી ચીંધી સંશોધન સંસ્થાનું મકાન બતાવ્યું.

અંડાકારમાંથી પાછો ફર્યો ત્યારે નિખિલ તો પોતાને પ્રકાશ-શાસ્ત્રના તદ્દન અવનવા સિદ્ધાંતો ફક્ત એક જ અઠવાડિયામાં જાણવા મળી જશે તેના ખયાલમાં હર્ષથી ગાંડોગાંડો થઈ ગયો હતો.

બીજે દિવસે જ્યારે પ્રોફેસરે એકાએક અંધકારક્ષેપક ટોર્ચનો પ્રયોગ રજૂ કર્યો ત્યારે ફેલાએલા અંધકારમાં બહાર નીકળી જઈ પોતાને લેવા આવેલા પરગ્રહવાસીઓના વાહનમાં બેસી નિખિલ ચાલી નીકળ્યો. ગમે તેમ પણ આજે તેને પેલા લોકોનો વર્તાવ કંઈક વિચિત્ર લાગ્યો, પણ એ હિંમત ધારી મૂગે મોંએ એમની સાથે ગયો.

જ્યારે તે પેલા મુખ્ય યાનમાં દાખલ થયો ત્યારે સ્વાગત કરતા એમના મુખીએ નિખિલને જણાવ્યું, 'તમારે કદાચ અઠવાડિયા કરતાં વધારે સમય અહીં રોકાવું પડશે.'

'કેમ?'

'અમારા એક જીવ-શાસ્ત્રીને તમારો અભ્યાસ કરવામાં રસ પડ્યો છે. કારણ અમારામાંના એક જણને તમારા ગયા પછી વિચાર આવ્યો કે તમે જંગલી પ્રકાશવૃત્ત સિવાય જીવો છો એટલે તમારી શરીર રચના પણ બહુ જટિલ હોવી જોઈએ. અને તેથી તમારા શરીરનો અભ્યાસ કરવાની એને ખૂબ જ જિજ્ઞાસા જાગી છે.'

'ભલે, પણ તેથી મને કંઈ નુકસાન તો નહિ થાય ને?'

'જુઓ, તમારી શરીર-રચના વિષે અમને કશી જ માહિતી નથી,

તેથી હાલ તો કઈ રીતે ખબર પડે કે સંશોધનની અમારી પ્રકાશ-પદ્ધતિ તમને નુકસાન પહોંચાડશે કે નહિ?'

'પણ તમે મને પૂછો તો હું પોતે જ તમને મારા શરીર વિષે જોઈતી માહિતી આપી શકું તેમ છું.'

'અમને મુખ્યત્વે તમારી જીવન-પ્રવૃત્તિનું કારણ જાણવામાં એટલે કે તમે શાથી જીવો છો એ જાણવામાં રસ છે. કહો, આ વિષયમાં તમે સંપૂર્ણ માહિતી આપી શકશો?'

નિખિલ મુંઝાયો. જીવ અને જીવન શું છે તે તો હજી એક કોયડો જ હતો. સહસા તેને એક વાતની ગંભીરતાનો પણ ખયાલ આવી ગયો કે 'જીવ'ને જાણવા જતાં કદાચ આ લોકો પોતાનો જીવ લેતાં પણ નહિ અચકાય. એણે અચકાતાં અચકાતાં પૂછ્યું પણ ખરું.

'પણ એમ કરતાં હું મરી જાઉં તો?'

'તો શું?–તો કંઈ નહિ. તમે પણ વિજ્ઞાનમાં માનો છો ને.'

'પણ તમને દયા નથી.'

પેલા મુખીની લાલ આંખના ઝબકારાની ગતિ પહેલાં જેટલી જ હતી. એમાંથી કોઈ ભાવ નીતરતો જણાતો નહોતો તદ્દન સ્વાભાવિકતાથી એણે જવાબ આપ્યો: 'વિજ્ઞાનમાં માનતો જીવ દયા, માયા, મમતા જેવી અવૈજ્ઞાનિક લાગણીઓને પોષી શકે નહિ. અમે તો એવી બધી લાગણીઓનાં કેન્દ્રોને અમારામાંથી દૂર કરી નાખ્યાં છે! અમને ફક્ત બે જ વાતમાં રસ છે–એક સ્વાર્થ અને બીજું વિજ્ઞાનનો વિકાસ!' કોઈ પણ જાતનો ભાવ એના જવાબમાં જણાતો નહોતો.

'પરંતુ એવા સ્વાર્થથી શો ફાયદો?' નિખિલથી પૂછાઈ ગયું.

'કેમ તમે બધી પ્રગતિનું મૂળ શું ધારો છો? સ્વાર્થ કે બીજું કંઈ? અલબત્ત, એ સ્વાર્થ શિસ્તબદ્ધ હોવો જોઈએ'

નિખિલને સમજાયું નહિ કે 'શિસ્તબદ્ધ સ્વાર્થ'થી પેલો શું કહેવા માગે છે, પણ તેને પોતાની પરિસ્થિતિની ભયંકરતાનો અંદાજ આવી ગયો. બીજી પણ એક વાત નિખિલના ખયાલમાં આવી કે આ લોકો આવેશથી સંપૂર્ણ રીતે પર છે. જેટલી સ્વસ્થતાથી તેઓ તેને પ્રકાશ-શાસ્ત્ર શીખવવાની વાત કરી શક્તા હતા તેટલી જ સ્વાભાવિકતાથી તેઓ તેને મારી નાખવાની વાત પણ કરી શકતા હતા.

નિખિલને બે પરગ્રહવાસીઓએ એક ટેબલ પર સુવરાવીને બાંધી દીધો અને ઉપરથી જુદીજુદી જાતનાં કિરણો તેની પર ફેંકાવા માંડયાં. થોડી વાર તો તેણે સ્વસ્થતા જાળવી રાખી, પણ પછી તેને બધા રંગો એકબીજામાં ભળી જતા હોય અને ગોળ-ગોળ ફરતા હોય એવું દેખાયું. તેને ચક્કર આવ્યા અને અંતે એ બેભાન બની ગયો.

જે જીવશાસ્ત્રી નિખિલના શરીરમાંથી પરાવર્ત-પ્રકાશની પટ્ટી પરની નોંધ તૈયાર કરતો હતો તેણે તેને ટેબલ પરથી ખસેડી લેવાની સૂચના આપી અને મુખીને કહ્યુ: 'આ લોકોનું બંધારણ અતિશય જટિલ છે. એનું પૃથક્કરણ કરવા માટે નવાં યંત્રો બનાવવાં પડશે.'

મુખીએ નિખિલને બીજા ખંડમાં ખસેડવાનો હુકમ કર્યો.

નિખિલ જ્યારે ભાનમાં આવ્યો ત્યારે તેના માથા પર શીતળતા આપતો ઘેરો વાદળી પ્રકાશ પડતો હતો. આ પ્રકાશમાં તેને બહુ સુખદ લાગણી થતી હતી. એને એટલી તો ખાતરી થઈ કે એ લોકોને પોતાના પ્રત્યે વેર જેવી કોઈ લાગણી તો નથી જ, પણ તે છતાં તેઓ માત્ર વિજ્ઞાનના વિકાસ ખાતર જરૂર પડે તો એને મારી નાખતાં પણ અચકાય એમ નથી. 'તેઓ વિજ્ઞાનના વિકાસમાં માને છે!' તે હસ્યો. એકાએક તેને પ્રોફેસર યાદ આવ્યા. તુરત જ ખિસ્સામાંથી ડાયરી કાઢી એણે એક ચિઠ્ઠી લખી અને નાનકડી–માત્ર હાથ જ બહાર જઈ શકે એવડી બારીમાંથી એ બહાર ફેંકી દીધી અને પછી એ ખંડમાં ફરવા લાગ્યો. તેણે એક ખૂણામાં બેઠક પર એક ચોપડી જોઈ. કોઈ પણ ભાષાનાં લખાણને બદલે તેના પાનાંઓ પર અવનવા રંગના લીટા જ હતા. એ વાંચી શકાય એમ તો હતું જ નહિ, છતાં પોતે જાણે એમાંની વિગત સમજી શકતો હોય એવું એને લાગ્યું. રંગકિરણો દ્વારા વિચારનાં આંદોલનો પ્રસારવાની એ કોઈ રીત હશે એમ એણે માન્યું.

ચોપડી પણ અલબત્ત, પ્રકાશ-શાસ્ત્ર વિષે જ હતી. એને માટે જ કદાચ એ ત્યાં રાખી હશે. નિખિલ ખુશખુશાલ થઈ ગયો. તેણે ઝડપથી ચોપડી ઉથલાવવા માંડી અને પ્રકાશ વિષે અવનવી બાબતો તેને સમજાવા માંડી. એણે એ પોતાની ડાયરીમાં ટપકાવવા માંડી. તેણે જોયું કે એ સિદ્ધાંતો અને પ્રોફેસરે સમજાવેલા સિદ્ધાંતો વચ્ચે તો ખૂબ જ તફાવત હતો. તેને ખાતરી થવા લાગી કે પ્રકાશ-શક્તિથી ચાલતું જગત સર્જવું હોય તો આ નવા સિદ્ધાંતો જ સ્વીકારવા પડશે. આ નૂતન વિચારો વડે સમગ્ર જગતમાં સનસનાટી ફેલાવી દેવાના ખયાલોમાં એ રાચી રહ્યો, પરંતુ ફરીથી પેલું સંભવિત મૃત્યુ તેને ડારવા લાગ્યું.

બે દિવસ સુધી તો તેના પર કંઈ વધારે પ્રયોગ કરવામાં આવ્યા નહિ. યાનમાં હરવાફરવાની છૂટ પણ એને સારા પ્રમાણમાં મળતી હતી. તેની સાથેનો વર્તાવ પણ સામાન્ય રહેતો–સારો પણ નહિ તેમ ખરાબ પણ નહિ. આ સમયમાં એણે આખા અંડાકાર-યાનનો સારો એવો પરિચય મેળવી લીધો. એણે અંદર બેઠાં બેઠાં પણ એવું અનુમાન કર્યું હતું કે યાન રાત્રે પહાડની સીતાપુર તરફની બાજુએ રહેતું અને દિવસે પહાડની બીજી બાજુના તદ્દન નિર્જન વિસ્તારમાં છુપાઈ રહેતું. પહાડનો એ પૂર્વ તરફનો ભાગ હોવાથી ત્યાં તડકો પણ સારા પ્રમાણમાં રહેતો. નિખિલ જોતો કે જ્યાં સુધી તડકો પડતો હોય ત્યાં સુધી મોટામોટા દક્કાચો વડે તેઓ સૂર્યના પ્રકાશને કોઈ ચોક્કસ રસાયણો પર કેન્દ્રિત કરતા હતા અને એ જ રસાયણો રાત્રે ફરીથી પ્રકાશને પાછો બહાર પાડતાં અને તેઓ વિવિધ યંત્રો વડે એ પ્રકાશનો જોઇએ તેવો ઉપયોગ કરતા. આ લોકોની સંશોધન કરવાની રીતનું પણ તેણે ઝીણવટભર્યું નિરીક્ષણ કરવા માંડેલું. તેની ડાયરી પણ ભરાઈ ચૂકી હતી. તેણે એ પણ નોંધ્યું કે આ લોકોના શરીરની રચના બહુ કરીને યાંત્રિક હતી. કારણ કે તેમનામાંથી કોઈ બીમાર પડે તો તેના દેહના અમુક ભાગો ખોલી એમાં સમારકામ કરવામાં આવતું હતું. છતાં એટલું નક્કી હતું કે આ માણસો યાંત્રિક મનુષ્ય તો નહોતા જ, પરંતુ તેમણે પોતાના દેહનું સ્વેચ્છાએ યંત્રીકરણ સ્વીકાર્યું હતું. નિખિલને એ પણ જાણવા મળ્યું કે આ લોકોમાંનો એકાદ જણ ગુમ થયો હતો.

ત્રીજે દિવસે તેઓ નવા યંત્ર વડે નિખિલના દેહ વિષે સંશોધન શરૂ કરતા હતા ત્યાં એકાએક પેલો ગુમ થએલો માણસ પાછો આવ્યો. એણે મુખીને કહ્યુ: 'આપણે આ છોકરાને છોડી દેવો જોઈએ'.

બધાને આ સાંભળી નવાઈ લાગી. નિખિલ પણ એનું કારણ સમજવા સતેજ બની ગયો.

પેલાએ પોતાના અનુભવની વાત કરવા માંડી. તેના મુખ પર અલબત્ત,ભયની કોઈછાયા નહોતી.પોતાના દેહના ઉપલા પડનો ઊખડી ગએલો ભાગ બતાવતાં તે બોલ્યો: 'તમે મારું શરીર જુઓ છો ને! આ સ-૧૦૫ના લોકોએ આપણા શરીરમાંના વીજાણુઓને છૂટા પાડી શકાય એવી શોધ કરી છે.'

'પણ આપણે વેરને તો જાણતા નથી!' મુખીએ કહ્યુ, 'શું તેઓ વિજ્ઞાનમાં માનતા નથી?'

'તેઓ વિજ્ઞાનમાં માને છે એમ ન કહેવાય; કારણ કે તેઓને મન મમતા અગત્યની વસ્તુ છે. મેં તેમને પૂછ્યું કે તમારે છોકરાને શા માટે છોડાવવો છે? તો કહે કે અમને તેના માટે અસાધારણ પ્રેમ

છે. એ મમતાને કારણે તેઓ આપણને એમના દુશ્મન માને છે. વળી, તમણે કહેવડાવ્યું છે કે જો ચોવીસ કલાકમાં આ છોકરાને જીવતો નહિ, છોડી મૂકીએ તો તેઓ આપણો નાશ કરશે.'

મુખી હસ્યો, 'આપણા આ પ્રકાશ-કિલ્લાને તેમનાં શસ્ત્રો ભેદી નહિ શકે. આપણે આ છોકરા પરનું સંશોધન પૂરું કરીને પછી તેને છોડી શકાય તેમ હશે તો જરૂર છોડી દઈશું.' અને જાણે કંઈ જ બન્યું ન હોય તેમ નિખિલ પરનું સંશોધનકાર્ય ફરીથી ચાલુ થયું. નિખિલને હજારો કીડીના ચટકા જેવી વેદના ઊપજતી હોય તેમ લાગવા માંડ્યું.

ટ-૧૮૫ને સમજ્યાથી પ્રોફેસરને ખાતરી થઈ ગઈ કે માત્ર એને પાછો મેળવવા ખાતર તો પરગ્રહવાસીઓ નિખિલને નહિ છોડે. કારણ કે તેઓમાં પોતાના માણસો માટે કોઈ વિશેષ લાગણી નહોતી અને ખરેખર બે દિવસને અંતે યે જ્યારે કંઈ જ પરિણામ ન આવ્યું ત્યારે પછી પ્રોફેસરને આ ટ-૧૮૫ને છોડી દઈને એની સાથે નિખિલને છોડાવવાનો, અને સાથેસાથે જો તેમ ન થાય તો એ લોકોને નાશની ધમકી પહોંચાડવાનો વિચાર આવ્યો.

દરમિયાન પ્રબુદ્ધ પેલું રસાયણ જથ્થાબંધ પ્રમાણમાં તૈયાર કરાવવા કલકત્તા ગયો હતો. ટ-૧૮૫ને જે રાતના છોડ્યો તેને આગલે દિવસે આયંગર અને ચંદ્રશેખર જીપકારલઈને પેલા અંડાકારનું દિવસનું રહેઠાણ શોધી કાઢવા સવારના પાંચ વાગ્યે ઊપડી ગયા હતા. પ્રોફેસર સંશોધન-સંસ્થામાં બેઠાબેઠા પોતાની અંધકાર-ક્ષેપક ટૉર્ચમાં સુધારા વધારા કરતા રહ્યા હતા. અને સાથોસાથ અન્ય ધંધાદારી સંશોધન-સંસ્થા દ્વારા પણ બીજી આવી એકાદ ડઝન અંધકાર-ક્ષેપક ટૉર્ચો બનાવરાવી લાવવાનું એણે પ્રબુદ્ધને કહ્યું હતું. એમની સંશોધન-સંસ્થાની આવી છિન્નભિન્નતાથી તેમનું હૃદય દુખિત થયું હતું. પરંતુ અત્યારે સૌથી મોટી ફિકર તો નિખિલની હતી. આયંગર ખબર લાવ્યો કે પેલું યાન દિવસ દરમિયાન પહાડની પૂર્વ બાજુએ છુપાઈ રહે છે.

રાતના આઠેક વાગ્યાનો સમય હતો. પ્રોફેસરને લાગ્યું કે આજે અસહ્ય ઉકળાટ થઈ રહ્યો હતો. નવ વાગ્યા સુધીમાં તો ગરમી એટલી વધી ગઈ કે સંશોધન-સંસ્થામાં રહેવું યે મુશ્કેલ બની ગયું હતું. અજાણતાં એમનો હાથ એક લોખંડના સળિયાને અડી ગયો. એકાએક એમને કંઈક ખયાલ આવ્યો. એમણે તુરત આયંગરને બૂમ મારી:

'આયંગર, જલદીથી જરૂરી સામાન એકઠો કરી જીપમાં ભરો. કદાચ આપણે નાસવું પડશે.' 'કેમ?'

'કેમ, તું હવાથી દાઝતો નથી? આ સળિયાને અડી જો તો.'

આયંગર લોખંડના સળિયાને અડયો ને તુરત હાથ પાછો ખેંચી લીધો. એનું ધ્યાન બારી બહાર ગયું ને એ બોલી ઊઠયો:

'પ્રોફેસર, પેલા અંડાકાર તરફ તો જુઓ. પેલી સર્ચલાઇટો આપણા તરફ મંડાઈ લાગે છે. આજે તેમનો રંગ પીળાને બદલે લાલ છે.' પ્રોફેસરે એ જોયું અને તુરત સમજી ગયો.

'આયંગર, જલદી ભાગો નહીંતર મૂઆ પડયા છીએ.' એટલામાં ચન્દ્રશેખર પણ પોતાના ઓરડામાંથી પરસેવે રેબઝેબ થતો દોડી આવ્યો. પ્રોફેસરે ફરી કહ્યુ, 'જલદી ભાગો, રક્તકિરણો વડે આ લોકો આપણને બાફી નાખવા ઇચ્છતા લાગે છે.'

પ્રોફેસર આયંગર અને ચન્દ્રશેખર તથા પેલા ચોકીદારોએ અત્યંત જરૂરી એવો જે હાથ ચડયો તે સામાન એકઠો કરી દીધો. આયંગરે જીપ ૧૨ ભગાડી મૂકી ત્યારે ઉષ્ણતામાન ઓરડામાંઆશું ૧૩૦° ફે. સુધી પહોંચ્યુ હશે. એ વખતે બધાનાં માથાં ગરમીથી ફાટફાટ થતાં હતાં.

નજીકના નાનકડા ગામમાંથી એમની ગાડી નીકળી ત્યારે ત્યાં પણ બધાં ગરમીથી પરેશાન થતાં હતાં, છતાં અહીં હજી દઝાડે એવું ઉષ્ણતામાન ન હતું. પ્રોફેસરે બૂમ પાડી બે ત્રણ જણને બોલાવ્યા અને જણાવ્યું કે, 'જલદી ગામ છોડી નાસવા માંડો; નહીંતર બધાં અહીં ને અહીં શેકાઈ જશો. આ ઉષ્ણતામાન હજી પણ વધતું જ જશે. અને જો, પેલા પહાડની દિશામાં ન જતા, નહિ તો સળગી મરશો.'

એ પછી પ્રોફેસરે જીપકારને કલકત્તા તરફ દોડાવી મૂકવા કહ્યુ.

પ્રથમ તો ગામમાં કોઈએ કંઈ માન્યું નહિ, પણ પછી જ્યારે ગરમી વ[illegible] હવા આગની જેમ દઝાડવા માંડી ત્યારે તેમને ગંભીરતા સમજાઈ. [illegible] નાનું જ હતું. થોડા સમયમાં ખાલી થઈ ગયું. બધે સ્મશાન જેવી શાંતિ છવાઈ ગઈ.

બીજા દિવસના અખબારોમાં આ સમાચારોએ ભારે સનસનાટી ફેલાવી દીધી. કલકત્તામાં પ્રોફેસરે પ્રબુદ્ધને બધી વાત સમજાવી અને કહ્યુ કે, 'પેલા પરગ્રહવાસીઓએ આપણી ચેતવણીનો જવાબ વાળવો શરૂ કરી દીધો છે. જો નિખિલને બચાવવો હોય તો હવે આપણે ઝડપથી એ લોકોનો નાશ કરી દેવો જોઈશે.'

પ્રબુદ્ધે પૂછ્યું: 'પ્રોફેસર, તમે આ લોકો વિષે [redacted]ઠો?'

'આપણા કરતાં તેઓ વિજ્ઞાનમાં ઘણા આગળ છે. [illegible] દિવસે જેમ આપણી મર્યાદાઓ જાણતા જશે તેમ તેઓની આત્મશ્રદ્ધા વધતી જશે. બીજું હવે આપણે સૌથી પહેલાં પોલીસ ખાતાને પણ વિશ્વાસમાં લેવું પડશે. નહિ તો આ લોકોનું આક્રમણ જોરદાર બનતાં પોલીસ તેઓના યાનને ઉડાડી મૂકવાનો મિથ્યા પ્રયાસ કરીને તેમને વધુ છંછેડી બેસશે.' પ્રોફેસરની વાતને અનુમોદન આપતાં પ્રબુદ્ધે કહ્યુ, 'હા, અને હવે આમેય પોલીસને જણાવ્યા સિવાય છૂટકો નથી. કારણ કે આપણે તેમના યાન પર સવારના સમયે ઉપરથી પેલું દ્રવ્ય વરસાવવું પડશે. એ પછી થોડા જ વખતમાં તેનું પાતળું પડ યાન પર બાઝી જતાં તેમાંથી ચળાઇને દાખલ થતા સૂર્યપ્રકાશની અસરથી તેમના દેહના વીજાણુઓ ઝડપથી શરીરની બહાર ફેંકાવા માંડશે. આ પ્રવાહી રેડવા માટે આપણને હેલીકૉપ્ટરની જરૂર પડશે. બીજી બાજુ ઝડપથી ધસી જઈને આપણે એ યાનનો દરવાજો બહારથી શિલા મૂકી અટકાવી દેવો પડશે. જો પેલા પ્રકાશથી તેમના દેહના વીજાણુઓ તેના કેન્દ્રની આકર્ષણ-મર્યાદાની બહાર ફેંકાવા માંડે અને તેઓ જો બહાર દોડી આવે તો અંધકાર ક્ષેપક ટૉર્ચની મદદથી તેમને ગૂંગળાવવી મારવાની તૈયારી પણ રાખવી પડશે.'

અંતે તેઓ બન્ને પોલીસના ઉચ્ચ અધિકારીને મળવા ગયા. આગલી રાતની સીતાપુરની પ્રચંડ ગરમીનું કારણ સમજાવીને તેમણે પેલા યાનના વિનાશની અને નિખિલને બચાવી લેવાની આખી યોજના અમલદારને સમજાવી અને તે માટે એમનો સહકાર માગ્યો. શરૂઆતમાં તો પોલીસ અધિકારીએ યાનને ઉડાવી દેવાની જ વાત કરી, પરંતુ એ અંડાકારને બંદૂક જેવા કોઈ પણ શસ્ત્રથી ભેદી શકાય એમ નથી અને વળી તેમાં ફસાએલા નિખિલને પણ બચાવવાનો હતો એ જ્યારે એમણે જાણ્યું ત્યારે એમણે આ લોકોને પૂરેપૂરી સહાય આપવાનું વચન આપ્યું. જોકે અધિકારીએ પોતાને આ પરિસ્થિતિની જાણ બહુ મોડી આપ્યાનો વસવસો પણ દર્શાવ્યો તો ખરો જ.

પ્રબુદ્ધ અને પ્રોફેસર હવે યાન પરના હુમલાની યોજના પાર પાડવાની વિગતો વિચારવા લાગ્યા. નક્કી થયુ કે ત્રીજે દિવસે શુક્રવારે સવારે પેલા યાન પર હુમલો કરી દેવો. અને એ માટે આયંગર અને પ્રબુદ્ધે હેલીકૉપ્ટરમાં જવું અને ચંદ્રશેખરે પોલીસોની ટુકડી સાથે ટ્રકમાં પહાડની પૂર્વ દિશાની તળેટીમાં નિશ્ચિત સમયે આવી પહોંચવું. પોલીસોને ગોળીબાર નહિ કરવાની સખત સૂચના આપવામાં આવી. કેમ કે એથી તે લોકોનો પ્રકાશકિલ્લો ભેદાવો તો અશક્ય જ હતો અને

નાઢકની તેમને સન્નગ થવાની તક મળે.
સૌના અંતરમાં એક જ ઇચ્છા હતી કે આટલા દિવસ સુધી નિ-
ખિલ જીવતો રહ્યો હોય તો સારું. ગુરુવારે રાત્રે જ એક હેલીકૉપ્ટર,
એક ટ્રક અને એક જીપ સાથે પોલીસો અને વૈજ્ઞાનિકો આધુનિક સંશો-
ધન-સંસ્થાના મકાન આગળ આવી પહોંચ્યા. પ્રોફેસરને ભય હતો કે
પેલા ઉષ્ણતાના આક્રમણમાં કદાચ તેમની સંશોધનસંસ્થા નાશ પામી
હશે, પરંતુ સદ્‌ભાગ્યે તેને ઝાઝું નુકસાન નહોતું થયું. એ પરથી પ્રોફે-
સરે માન્યું કે તે લોકોએ ઉષ્ણતામાનને ૧૪૦ થી ૧૫૦ અંશ ફેરન-
હીટથી વિશેષ વધાર્યું નહિ હોય.

'પ્રોફેસર સાહેબ, આપણે અત્યારે જ હુમલો કરીએ તો કેમ? પેલા અંડાકારને ઉડાવી દેવાનો છે એટલું જ ને?' પોલીસ અધિકારીએ કહ્યું.

'અત્યારે તેની પર પ્રકાશ કોણ નાખશે? ધારો કે આપણે હેલીકૉપ્ટરમાંથી કૃત્રિમ પ્રકાશ નાખીએ પણ જો હેલીકૉપ્ટર પેલા અંડાકાર ઉપર વધુ સમય રહે તો તેઓ આપણા હેલીકૉપ્ટરને ઓગાળીને રસ બનાવી દે. હેલીકૉપ્ટરે પોતાનું કામ વધુમાં વધુ દસ મિનિટમાં પતાવીને દૂર નાસી જવાનું છે. પછીનું કામ તો સૂર્યનો પ્રકાશ એની મેળે કરશે.' પ્રોફેસરે કહ્યું.

'પણ પ્રકાશની શી જરૂર છે?'

પ્રોફેસર મૂઝાયા કે આ પોલીસ-અધિકારીને અત્યારે વિજ્ઞાન કઈ રીતે સમજાવવું, છતાં પ્રોફેસરે શાંતિથી કહ્યું.

'જુઓ સાહેબ, આ એટલી બધી સાદી વાત નથી! તમે માઠું ન લગાડશો, પણ અત્યારે તો હું તમને એટલું જ કહી શકું કે પ્રકાશ સિવાય મુદ્દલ ન ચાલે.'

એમની સામે હજી બીજો મૂંઝવતો પ્રશ્ન બહારથી અંડાકારનું બારણું અટકાવી દેવાનો હતો. બહારથી શિલા મૂકવાનો વિચાર તો સૌને આવ્યો, પરંતુ એ કાર્ય અતિશય મુશ્કેલ હતું, કેમ કે એ માટે જનાર જૂથના જાનની એમાં જરા ય સલામતી નહોતી.

પ્રોફેસરે આખરે માર્ગ કાઢ્યો. તેમણે કહ્યું, 'પોલીસોએ ઝાડીમાં જ સંતાઈ રહેવું અને અંડાકારમાંથી બહાર નીકળતા માણસોને અંધકાર-ક્ષેપક ટૉર્ચ વડે ગૂંગળાવી મારવા. ઓછામાં ઓછું એ સૌને અંડાકારમાંથી બહાર તો નીકળવું જ પડશે અને પછીથી મારે, ચંદ્રશેખરે અને થોડા પોલીસોએ અંડાકારની અંદર ધૂસી જઈ નિખિલને બહાર લાવી ઝડપથી જીપકારમાં બેસાડી ભગાડી જવો.'

બધાએ વાત કબૂલ કરી. સવારના પાંચ વાગ્યે સંશોધનસંસ્થામાંથી એક જીપકાર અને એક ટ્રકે નીકળવાનું ને એ પછી હેલીકૉપ્ટરે જરા મોડેથી નીકળી સમયસર હાજર થવાનું નક્કી થયું.

આયંગરે પ્રોફેસરને પેલા અંડાકારના દિવસના રહેઠાણનો રસ્તો સમજાવી દીધો. પહાડની બાજુમાંથી પસાર થતો માર્ગ એ સ્થાનની ઘણે નજીક સુધી લઈ જતો હતો.

સવારના સાડાસાતે આજુબાજુની ઝાડીમાં ચંદ્રશેખર, પ્રોફેસર અને બીજા આઠદસ પોલીસો બંદૂકો અને અંધકાર-ક્ષેપક ટૉર્ચ લઈ સંતાઈ ગયા હતા. પ્રોફેસરે પહેલી જ વખત સ-૨૩ ગ્રહના આ યાનને દિવસે જોયું. સૂર્યની દિશામાં રાખેલા મોટામોટા દર્પણો વડે કેન્દ્રિત થતાં કિરણો યાનમાં દાખલ થતાં હતાં. યાન કાચ જેવા દ્રવ્યનું બનેલું હોવા છતાં અંદરની કોઈ જ પ્રક્રિયા તેઓ જોઈ શકતા નહોતા. શું થશે તેનો પ્રશ્નાર્થ સૌના હૃદયના ધબકારા વધારતો હતો. આઠમાં દસ મિનિટે હેલીકૉપ્ટર યાનની બરાબર ઉપરના ભાગમાં આવ્યું અને આવતાંની સાથે જ તેણે તેના પર પેલા રસાયણની વર્ષા શરૂ કરી દીધી. દર્પણો અને સર્ચલાઈટો સહિત આખું યાન એ રસાયણથી ભીંજાવા લાગ્યું. પરગ્રહવાસીઓને પણ આની કંઈક ગંધ આવતાં હેલીકૉપ્ટરની દિશામાં ધાતુને ઓગાળનારાં કિરણોની સેરો છોડી. એની અસર ઓછી થાય એટલા ઠાઠ કૉપ્ટર ઝડપથી ઊંચું જવા માંડ્યું. પણ સાથોસાથ પેલા રસાયણની વર્ષા તો ચાલુ જ રાખી. અને આખરે કામ પૂરું થયું લાગ્યું એટલે પછી તો એ યાનથી દૂર ભાગવા માંડ્યું.

પ્રોફેસરે જોયું કે યાન ઉપર તપખીરી રંગનું એક પાતળું પડ જામવા માંડ્યું હતું. સૂર્યનો સીધો અને કેન્દ્રિત પ્રકાશ હવે એ રંગીન આવરણમાં થઈને અંદર જતો હતો. પ્રોફેસરને હવે પોતાના પ્રયાસોની સફળતા માટે આશા બંધાવા માંડી. પરગ્રહવાસીઓના શરીરમાંથી વીજાણુઓ બહાર ફેંકાવાની ક્રિયા પ્રોફેસરને જાણે તાદૃશ દેખાવા લાગી. એકાએક એક વિચાર તેમના મનમાં ઝબૂક્યો અને તેમણે એકદમ બૂમ મારી. 'ચંદ્રશેખર, પોલીસો, જલદી નાસવા માંડો' ને એ પોતે પેલી જીપ અને ટ્રક તરફ દોડવા માંડ્યા.

પોલીસ-અધિકારીને લાગ્યું કે આ દાઢીવાળાનું ભેજું ચસકી ગયું છે, પરંતુ અહીં તો તેમને પોતાને આ બધું શું થાય છે તેમાં કંઈ જ ખબર પડતી નહોતી એટલે પ્રોફેસરને અનુસર્યે જ છૂટકો!

બધા પૂર ઝડપે દોડી વાહનોમાં ચડી ગયા. પ્રોફેસરે બન્ને વાહનોને ઝડપથી પાછા પ્રયોગશાળા તરફ દોડાવવા સૂચના કરી.

સંશોધન સંસ્થાથી તેઓ ભાગ્યે જ પચાસેક ફૂટ દૂર રહ્યા હશે ત્યાં પેલા પહાડની પાછળથી એક કાન ફાડી નાખે એવો ભયંકર ધડાકો થયો. ધરતી જાણે ધણધણી ઊઠી. પહાડની પાછળ મોટામોટા પથ્થરો ઊડતા દેખાયા. એક ક્ષણ તો બધાને લાગ્યું કે પ્રલયકાળ નજીક આવી ગયો છે. ધડાકો ભલભલાની છાતી બેસાડી દે તેવો હતો.

હેલીકૉપ્ટર તેમનાથી થોડું વહેલું પાછું આવી પહોંચ્યું હતું. પ્રબુદ્ધ મકાનમાંથી બહાર દોડી આવ્યો. ધડાકાના અવાજ પરથી જ એ સમજી ગયો હતો કે પહાડની પાછળના ભાગના ફૂરચેફૂરચા ઊડી ગયા હશે. બહાર આવતાં તેણે જોયું તો પ્રોફેસર નિરાશાથી તદ્દન ભાંગી પડ્યા જેવી સ્થિતિમાં મકાનમાં દાખલ થતા હતા. એમના મુખ પર વિષાદની આવી છાયા પ્રબુદ્ધે કદી નહોતી જોઈ.

'પ્રોફેસર, તમે બચી ગયા!' ધડાકાની ક્ષણે જ પ્રબુદ્ધને ત્યાં રોકાએલાઓની શી દશા થઈ હશે તેની કલ્પના આવી ગઈ હતી. એટલે એને આ સૌને જીવતા આવેલા જોઈ આશ્ચર્ય પણ થયું. 'પ્રબુદ્ધ, આપણે ભયંકર મૂર્ખાઈ કરી?' પ્રોફેસરે રડમસ અવાજે કહ્યું. 'કેમ પ્રોફેસર, આપણી યોજના નિષ્ફળ ગઈ? આટલો ભયાનક ધડાકો શાનો થયો?'

'પ્રબુદ્ધ, આપણે એક સંભાવનાની તો છેલ્લે સુધી કલ્પના જ ન કરી શક્યા. સારે નસીબે મને છેલ્લી ઘડીએ સૂઝ્યું. નહીંતર અમે બધા પણ એ ધડાકાની સાથે જ સ્વર્ગમાં પહોંચી ગયા હોત. આ વીજાણુઓને પરમાણુના કેન્દ્રના આકર્ષણ-ક્ષેત્રમાંથી બહાર ફેંકી દેવાની પ્રક્રિયામાં બીજા નવા તત્ત્વોના પરમાણુઓનો માધ્યમિક-પ્રક્રિયાઓમાં જન્મ થાય અને એ પ્રક્રિયા દરમિયાન જો થોડાઘણા પણ મૂળભૂત કણોનું શક્તિમાં રૂપાંતર થાય તો...કલ્પના કર પ્રબુદ્ધ કેટલી ભયંકર શક્તિનું ઉત્પાદન થાય! જોકે આવું થવું જોઈએ એમ ખાતરીપૂર્વક ન કહી શકાય, પણ આ સંભાવનાને આપણે સાવ જ નહોતી ભૂલવી જોઈતી!'

પ્રબુદ્ધ માથું પકડીને બેસી ગયો ને બોલ્યો : 'પરંતુ આપણે પ્રયોગ કર્યો ત્યારે તો આવો કોઈ ધડાકો નહોતો થયો.'

'ત્યારે જે પ્રક્રિયા થઈ હશે તેટલી સાદી પ્રક્રિયાથી તેમનું આખું શરીર વિભક્ત ન પણ થાય. તેમની અંદરના પરમાણુઓનું બંધારણ જટિલ હોય અને વીજાણુઓને બહાર ફેંકવાની પ્રક્રિયા પણ એટલી જ જટિલ હોય!'

(અનુસંધાન પૃ. ૨૮૧ ઉપર)

કવિ પત્રલેખકો અને વરણાગિયા સાહિત્યકારો



ડાહ્યાભાઈ દેરાસરી

અતીતનાં પુષ્પો

ધનસુખલાલ મહેતા

આપણા સાહિત્યજગતમાં કેટલા લેખકો પત્રવ્યવહારમાં નિયામત હશે? મારા અનુભવમાં તો આશરે પંચોતેર-એંશી ટકા સાક્ષરો ભયંકરરીતે અનિયમિત છે. અને એમની આ પ્રકૃતિ બધા જાણે પણ છે. અમારા જ્યોતીન્દ્રભાઈ ને આ બાબતમાં ગણાવતાં મને સહેજ પણ સંકોચ નથી થતો. પત્ર લખવામાં તો શું, પણ લેખ નિર્ણિત સમયે આપવામાં પણ જ્યોતીન્દ્રભાઈનું અનિયમિતપણું જાણીતું છે અને એ પણ કબૂલ કરે છે.

પણ એમની એક ટેવ બહુ સારી હતી;—'હતી' કહું છું, કારણ કે હમણાંનો મને અનુભવ નથી. પહેલાં તો આપણે ગદ્યમાં પત્ર લખીએ તો જવાબ પદ્યમાં આપે! આવી એમની ઘણી કૃતિઓ મારી પાસે હતી, પણ અત્યારે હાથવગી નથી.

જ્યોતીન્દ્રભાઈ ને પણ આંટી મારે તેવા બીજા એક મિત્ર ઉમાશંકર છે. પત્રોના જવાબ નહિ આપવાની એમની ટેવ સાહિત્યજગતમાં જાણીતી છે. છતાં એક વાર, કોણ જાણે શાથી, એમણે મને એક પત્ર લખેલો એટલું જ નહિ, પણ હાસ્યરસિક લખેલો. ઉમાશંકરભાઈ આવો હાસ્યરસ અંતરમાં છુપાવીને ફર્યા કરે છે એની મને ત્યારે જ ભાળ લાગી.

કેટલાક સાક્ષર મિત્રો આપણા પત્રનો જવાબ વીસ-પચીસ દિવસે આપે, અને તે પણ એવા અક્ષરે કે મારે બીજું બધું કામ પડતું મૂકીને રામભાઈ બક્ષી પાસે એ વંચાવવા જવા પડે!

અને રામભાઈની પોતાની જ વાત કહું: એમને આપણે નાનીસરખી પણ ચિઠ્ઠી મોકલીએ કે જવાબ પદ્યમાં! જ્યોતીન્દ્રભાઈની જેમ. કમનસીબે એ બધા તો નથી સચવાયા; પણ બેચાર નમૂના આપીશ:

મારા રાંધણકળા શીખી લેવાના યત્ન વિષે મેં જણાવ્યું છે. એ લેખ મેં એમને વંચાવેલો. જવાબમાં:

'રસોઈ તો ભલે કદી ન આવડી,
પરંતુ વાતોનાં વડાં, બનાવવાં, ચખાડવાં.
કલા ભલેરી આપને એ સાંપડી.
હોય રજકણ જ ભલે, પરંતુ રત્ન એ દિસે,
ઈન્દ્રજાળ એવી થાય છે ખડી.'

એક વાર મેં 'ગરબા' વિષે એક લેખ લખેલો. એમણે તે વાંચેલો અને મારા પર નીચેનું કાવ્યું આવી પડ્યું:

'શા રંગ જૂના ગરબા તણા એ! ગયા વિલાઈ, સ્મરવા રહ્યા એ.
શા ઢંગ આજે બદલ્યા જણાયે! જોવા રહ્યા એ, સહેવા રહ્યા એ.
ભલે પડે માસિક અંક-પાને, આ લેખ ને છો ગુજરાત જાણે;
કે કોઈ, ઝીણા દગ, તીવ્ર કાને, ગોતી રહ્યો છે ગરબા-કલાને.'

એક વધારે નમૂનો આપીને આ બંધ કરું. વચમાં મેં પાનમાં તંબાકુ ખાવાનો શૉખ માંડેલો. પણ મારા કૃત્રિમ દાંતે સોપારી ચવાય નહિ. પરોપકારી રામભાઈ એ બીડું ઝડપ્યું કે હું સોપારી ઝીણી કાતરી આપીશ. હું બોરલીની સોપારી હાજર કરું અને રામભાઈ કાતરીને મોકલી આપે. એક વખત કાતરેલી સોપારી સાથે આ મળ્યું:

આજની સોપારી રળિયામણી
મારો વહાલો લઇ આવ્યો સોહામણી રે—મારે આજની૦
સૂડી વચ્ચે તેને મૂકી તે મૂકી,
છટકી શકી ન છટકામણી રે—મારે૦
વાંકી તો વટકે ને સટ દઈને છટકે
એવી હોય કો સોપારી સતામણી રે—મારે૦
આ તો બિચારી ભલી ભોળી તે ભોળી
ભોળી બનીને દયામણી રે—મારે૦
સરસર સરકી સૂડી, પતી ગઈ
વીસ જ મિનિટમાં કતરામણી રે—મારે૦
ઝીણી ને ફૂણી એ કાતરી છે રામે
હોંસે ધનસુખને સુખામણી રે—મારે૦

હમણાં સૂતાં સૂતાં અતીત ઊકૃચતો હતો, એમાં સાંભરી આવ્યું: વર્ષો પહેલાં ઈંગ્લંડની પાર્લમેન્ટમાં સર ગિલબર્ટ પાર્કર સૌથી વરણાગિયો—સુંદર વસ્ત્રોમાં સજ્જ થનાર મનાતો. તે પછી હમણાં થોડાં વર્ષ પહેલાં વિન્સ્ટન ચર્ચિલનો જમાઈ સર ઍન્થની ઈડન એવો જ ગણાતો. ત્યારે મને વિચાર આવ્યો કે આપણા સાહિત્યજગતમાં અસલથી માંડીને હમણાં સુધીમાં આવા વરણાગિયા કોઈ ખરા કે નહિ?

અલબત્ત, આવો વિચાર કરતાં નરસિંહરાવ, રમણભાઈ, બળવંતરાય વગેરેનાં નામ તો કાઢી જ નાખવાં પડે. ડાહ્યાભાઈ દેરાસરી ખરા વરણાગિયા. છેલ્લે છેલ્લે મેં એમને ઍંશીએકની વયે જોએલા ત્યારે પણ તે સરસ લાગતા હતા. આનંદશંકર પણ સોહામણા તો ખરા.



એડવોકેટ કનૈ[illegible] મુનશી ૧૯૨૧માં



આ હપતામાં જેનો ઉલ્લેખ (તથા નમૂના) છે તે પ્રકારના શ્રી જ્યોતીન્દ્ર દવેના ઉત્તરની વાનગી: ઈ ૧૯૪૧માં એમને ગુજરાત સાહિત્ય સભાનો રણજિતરામ સુવર્ણચન્દ્રક મળ્યો ત્યારે એમની પરિચય-પત્રિકા માટે આ પત્રના તંત્રીએ એમની પાસેથી એમના જીવનના મુદ્દા મંગાવ્યા. તેના ઉત્તરમાં એમણે આ નીચેનું હાસ્યભર કાવ્ય જ લખી મોકલેલું!...અને છતાં એમાં જેમ એમના વિદ્વત્તા અછતી નથી રહેતી, તેમ લાઘવભરી વિશદ અભિવ્યક્તિનો પણ તે સુંદર નમૂનો છે.

આત્મ-પરિચય

(અનુષ્ટુપ)

'તમારી જાતનો આપો તમે જાતે પરિચય',
તમારું વાક્ય એ વાંચી મને આશ્ચર્ય ઊપજે.

જાતને જાણી છે કોણે, કે હું જાણી શકું, સખે!
જાણે જે જાતને તે યે જણાવે નહિ અન્યને.

તથાપિ પૂછતા ત્યારે, મિત્રનું માન રાખવા,
જાણું ન જાણું હું તો યે મથું જાત જણાવવા.

જન્મે બ્રાહ્મણ, વૃત્તિએ વૈશ્ય, ને હું પ્રવૃત્તિએ
શૂદ્ર છું; કલ્પના માંહે ક્ષત્રિયે હું બનું વળી!

શૈશવે ખેલતો ખેલો, શાળામાં ભણતો વળી,
બ્રહ્મચર્યાશ્રમે ત્યારે સ્થિતિ મારી ગણી હતી.

શાળાને છોડીને જ્યારે 'સાળાની બહેન'ને વર્યો,
ગાર્હસ્થ્યે આશ્રમ જ્યેષ્ઠે તદા પ્રેમે હું સંચર્યો.

પ્રભુતામાં ધર્યા પાદ, પૃથ્વીને રસ-પાટલે,
પયગમ્બર પ્રભુ કેરા પધાર્યા બે પછી ગૃહે.

દિનનાં કાર્ય આટોપી વાનપ્રસ્થ અનુભવું,
પારકાં કામ આવે ત્યાં સંન્યાસી હું બની રહું.

વર્ણાશ્રમ તણા આમ બધા હું ધર્મ પાળતો,
જાળવવા મથું નિત્યે આર્યસંસ્કૃતિ વારસો.

અરિને મોદ અર્પન્તુ, દ્રવ્ય અર્પન્તું વૈદ્યને,
વ્હાલાંને અર્પતું ચિંતા, મને પીડા સમર્પતું;
પૃથ્વી યે ખેંચતી જેને બહુ જોર થકી નહિ,
ભારહીણું મને એવું ઇશે શરીર આપિયું.

રોગ ને સ્વાસ્થ્યની નિત્યે રણભૂમિ બની રહ્યું,
એવું શરીર આ મારું, દવાઓથી ઘડાયલું.

સોટી ને શિક્ષકો કેરા શાળા માંહે સમાગમે
વિદ્યા ને વેદના બે મેં એકસાથે જ મેળવ્યાં.

મન કેળવવા માટે દેહ વિદ્યાલયે પૂર્યો,
મન કિંતુ રહ્યું ના ત્યાં, બ્રહ્માંડો ભટકી વળ્યું!

વિદ્યાને પામવા પ્હેલાં અર્થનો વ્યય મેં કર્યો,
પછીથી અર્થને કાજે વિદ્યાવિક્રય આદર્યો.

ઘરમાં હોય ના કાંઈ, ક્ષુધા ત્યારે સતાવતી,
ભર્યું ભાણું નિહાળીને, ભૂખ મારી મરી જતી.

વૃત્તિ મારી સદા એવી: હોય તે ના ગ્રહુ કદી,
હોય ના તે સદા માગે, મળ્યે, માગ્યું ય ના ગમે!

(મિશ્ર)

સાહિત્ય, સંગીત, કલા વિષે મેં
ધરી રુચિ. કિંતુ ન સિદ્ધિ સાધી.
ગાઉં ન હું, કારણ માત્ર તેનું:
આવે દયા કૈં સુણનાર કાનની.

કર્યું હતું એક જ વેળ જીવને
અપૂર્વ મેં નૃત્ય વિનાપ્રયાસે:
હું એકદા માર્ગ પરે નિરાંતે
ઉઘાડ પાદે ફરતો હતો, ત્યાં
અર્ધી બળેલી બીડી કોક મૂર્ખે
ફેંકી હતી તે પર પાદ મૂક્યો;
અને પછી નૃત્ય કરી ઊઠ્યો હું જે
તેવું હજી નૃત્ય કર્યું ન કોઈએ.

સાહિત્યની કંટકવાડ ભેદવા
કરે ગ્રહી કાતર કાવ્ય કેરી,
પાડી છીંડું નાનકું એક ત્યાં હું
ખૂણે ઊભો, કાતર ફેંકી દીધી!

(અનુષ્ટુપ)

દેહ દાતણના જેવો, મન મર્કટના સમું,
આત્મ કિન્તુ ગણું મારો વડો બ્રહ્માન્ડ જેવડો.

(શાર્દૂલવિક્રીડિત)

નાના રૂપ ધરી હું એમ ખીલવું માયામયી સૃષ્ટિને,
ખેલું ખેલ અનંત ભ્રાન્ત જગમાં દિક્‌કાલને કંદુકે;
હું ચૈતન્યચૂડામણિ સકલ આ બ્રહ્માંડ વ્યાપી રહ્યો,
જે દેખાય, સુણાય, થાય જગમાં, તે સર્વ મારા થકી.

કુંજે કોકિલ કૂજતી કલરવે તે નાદ મારો નકી,
નિદ્રાભંગ કરંત શ્વાન ભસતાં, તે યે ક્રિયા માહરી;
દાતા હું જ સુવર્ણચંદ્રક તણો, લેનાર યે હું જ છું,
હું કૂટસ્થ, અનસ્ત બ્રહ્મ, મુજથી ના ભિન્ન લેશે કશું.

(અનુષ્ટુપ)

રજ્જુમાં સર્પની ભ્રાંતિ થાય, તેમ મને સખે!
મહાજ્યોતિ પરબ્રહ્મ દીસે જ્યોતીન્દ્ર હ. દવે.

થઈ, ઘૂંટણ સુધીનાં મોજાં, પહોળી રેશમી કિનારનું ધોતિયું, ઉપર કાળો લાંબો ડગલો અને માથે અમદાવાદી પાઘડી: અચ્છા લાગતા. નંદશંકરને મેં દીઠેલા નહિ, કદાચ એ પણ આ વર્ગમાં આવે ખરા.

અત્યારના સાહિત્યજગતમાં એવા શ્રેષ્ઠ કોણ? તરત જ ધ્યાન ખેંચાય છે મુનશીજી તરફ. એમણે પણ કાંઈકાંઈ સ્વાંગ ધરેલા જોયા છે.

આરંભમાં સફેદ પાટલૂન, લાંબો કાળો ડગલો અને માથે નાની

ઇસ્કી બસ્ની પાઘડી. પછી એકદમ યુરોપિયન પોશાક. અને એ પછી ખાદી યુગમાં પણ મુનશીજી જ મેદાન મારી ગયા એમ કહેવું પડે. પગમાં નાજુક ચંપલ, ખાદીનું પણ ઝીણું ધોતિયું, તે પર શેરવાની ને માથે બાસ્તા જેવી ટોપી. એ ટોપીની પણ ખ્યાતિ એવી કે દરજીઓને ત્યાં 'મુનશી કટ'ની ટોપી જ કહેવાય.

આજે ય મુનશીજીનો હરીફ કોઈ નથી. પણ જેમ 'જવાહર પછી કોણ?' એક વાર પૂછાતું તેમ 'મુનશીજી પછી કોણ?' એમ પૂછીએ તો જવાબ શો નીકળે? આજના યુગમાં જેમ દરખાસ્ત મૂકનાર પોતાનું નામ પણ આસાનીથી મૂકી શકે છે તેમ આ સ્થાને હું પણ મનસુખલાલનું નામ મૂકું છું (તે સિત્તેરના થયા ત્યાં સુધીના જ); પણ એની સાથે જોડું છું હું ગગનવિહારી મહેતાને. સાથે સાથે યુરોપિયન લેબાસમાં ફરનાર રવિશંકર ભટ્ટ પણ આવે.

વળી નજર ફેરવીએ તો એક વખતના રામપ્રસાદ બક્ષી પોતાના ધોળા શૂઝ, ધોળી પાટલૂન, ધોળા કોટ અને ધોળા ફેંટા સાથે સાહિત્યજગતમાં સારા શોભતા. ઉમાશંકર એમનાં ચંપલ, ધોતિયું અને કફનીમાં અને ભાયાણી પણ લગભગ એ જ પોશાકમાં હજી પણ સરસ લાગે છે. ગુલાબદાસ બ્રોકર પણ આ વર્ગમાં ખુશીથી સ્થાન લે.

પણ સમયે કોઈનું યે માન રાખ્યું નથી. મુનશીજી ખખડી ગયા છે; મનસુખલાલ પીંછાં વગરની મુરઘી જેવા જણાય છે. ગગનભાઇને પણ વૃદ્ધાવસ્થાની અસર થઈ છે. હા, ગુલાબદાસે બેએક વર્ષ થયાં પોતાનું એ સ્થાન છોડી દીધું જણાય છે. રવિશંકર ભટ્ટ, ઉમાશંકર અને ભાયાણી પણ હજી ટંકણખાર રહેલા છે.

બબ્બે વિશ્વયુદ્ધ થયાં એટલે સારા ય જગતમાં અનેક પરિવર્તન થઈ ગયાં. જ્યાં ઝીણામાં ઝીણી બાબતમાં પણ 'એટીકેટ' પાળવી જ પડે એવા ઇંગ્લંડ જેવા દેશમાં પણ હવે તો ઘણી એવી એટિકેટો ભૂતકાળની બની ગઈ છે. ઘણાંઘણાં વર્ષો પહેલાં ગોપાળકૃષ્ણ ગોખલે ઇંગ્લંડ ગએલા અને ત્યાં એક અંગ્રેજ કુટુંબમાં રહેલા. એક વાર ઉતાવળ થઈ અને ખાસ પ્રૅક્ટિસ પણ નહિ, એથી ગોખલે ટાઈ પહેરવાની ભૂલી ગયા અને ટાઈ વિહોણા જ ભોજન પર બેઠા. એમને તરત જ લાગ્યું કે કાંઈક કાચું કપાય છે, કારણ કે કોઈ એમની જોડે વાત જ ન કરે!

આખરે ગોખલેએ પોતે સાફ વાત કરી કે મારાથી કંઈ ગલતી થઈ હોય તો કહી દેજો. ત્યારે કહેવામાં આવ્યું કે તમે ટાઈ પહેર્યા વગર આવ્યા છો અને તેમ કરીને અમારી સ્ત્રીઓનું અપમાન કર્યું છે! ગોખલેએ માફી માગી અને ટાઈ પહેરી આવ્યા.

તેમનો એક બીજો દાખલો છે: એક વાર યજમાનની એક કૉલેજિયન પુત્રી ગોખલેને લઇને બાગમાં ફરતી હતી. તેણે તો જુદાંજુદાં વૃક્ષ, પુષ્પો વગેરે—ત્યાંના તેમજ આપણા દેશનાં-વિષે વાતો કરવા માંડી અને ગોખલેને સવાલો પૂછવા માંડ્યા. ગોખલેએ અટવાઈને કહી દીધું કે, 'તમારા સાહિત્યમાં જે વૃક્ષ અને પુષ્પોના ઉલ્લેખ આવે છે તે બધાંનાં માત્ર હું નામ જ જાણું છું. અને મારા દેશનાં વૃક્ષ અને પુષ્પો વિષે હું કશું જ જાણતો નથી.' પછી પોતે એક ઠેકાણે લખે છે કે, 'આપણે ત્યાંનું ભણતર કેવું પાંગળું છે! કુદરત—ઘરને આંગણે મહોરતી કુદરતને પણ આપણે આલેખતા નથી!'

એક વધારે કિસ્સો: ગોખલે ઇંગ્લંડમાં ભાષણ આપતા હતા તેમાં એક વાર હિંદને બ્રિટિશોએ કેવો ગુલામીનો દેશ બનાવી દીધો છે વગેરે વગેરે એમણે કહ્યું. સાંભળનારમાંથી મજૂર પક્ષને માનનારા એક ગૃહસ્થ બોલી ઊઠ્યા: 'મહેરબાન તમારે ત્યાં બ્રિટિશો કેટલા?

'બે લાખ.' ગોખલેએ ઉત્તર આપ્યો.

'તમે કેટલા.' પ્રશ્ન પૂછ્યો.

'તેત્રીસ કરોડ.' જવાબ મળ્યો.

'ઓહોહો! ત્યારે ભલા, તમે અહીં આવીને રોદણાં શીદને રડો છો? તેત્રીસ કરોડ આદમી એક વખત માત્ર થૂકે તો પણ આ બે લાખ લોકો એમાં તણાઈ જાય! પછી તમે આ ગુલામી શીદને સહન કરો છો?'

લ ઘુ ક થા

ઘરઘર

ઉપેન્દ્ર રાવળ

સુષમા ઝુકાઈને જોઈ રહી...

'આ વરરાજા!' મીનુ બોલ્યો.

'આ વહુરાણી!' મીની ટહુકી. પોતાની ટચૂકડી આંગળીઓ વડે તેણે ઢીંગલીના માથા ઉપર રહેલો નાયલોનનો નાનકડો લાલ રૂમાલ કપાળ સુધી નીચે ખેંચ્યો.

'એય...શું કરે છે?!'

'લાજ કાઢવી જોઈએને વહુએ, કેમ વળી?' મીનીએ ઠાવકું મોં રાખી રૂમાલ ઠીક ગોઠવતાં કહ્યું.

મીનુ હસ્યો, મીની હસી. સુષમા મલકાઈ...ઘર-ઘર રમતાં હતાં બન્ને બાળકો. સુષમાને ગમ્મત પડી. પોતાના નાનકડા સંસારને તે જોઈ રહી. મીનુએ સુંદર સોનેરી રંગનો સાફો વરરાજાના માથા ઉપર વીંટાળી દીધો. ઉપર મોરનું નાનકડું પીછું મૂક્યું: 'કેવો લાગે છે?'

'રૂપાળો!' કહીને મીનીએ કોલસો ઘસીને એક નાનકડું ટીલું વરરાજાના કાન આગળ કરી દીધું. સુષમા પોતાને આ પ્રમાણે કરતી તેથી મીનુને તે તરત સમજાઈ ગયું. મીનીએ ઓવરણાં લીધાં. ઝીણાઝીણા ટચાકા ફૂટ્યા. 'ગજબ છે આ છોકરી!...' સુષમાના હોઠ ફરક્યા.

ત્રણચાર ઢીંગલીઓ પણ સાજન રૂપે ગોઠવાઈ ગઈ હતી. તેમાં એક ઢીંગલી સફેદ કપડાં પહેરીને બેઠી હતી. સુષમાનું ધ્યાન રહીરહીને તે તરફ જતું હતું.

મીનીએ કંકુ ઘોળ્યું. તેણે વહુરાણીના કપાળમાં ઝીણો ચાંદલો કર્યો. સુષમાના આખા શરીરમાં એક આછું કંપન વહી ગયું. મીનીએ ધીમેથી પેલા સાજનમાંથી એક ઢીંગલી ઉઠાવી. તેને ચાંદલો કર્યો.

'એ ય, કેમ આટલો નાનો કર્યો! મોટીબા તો મોટો ગોળ ચાંદલો કરે છે ને!'

'અરે, હા...ભૂલી ગઈ!' કહી મીનીએ ઢીંગલીના કપાળે મોટો ગોળ ચાંદલો કર્યો. મીનીએ એક પછી એક ત્રણે ય ઢીંગલીને ચાંદલા કર્યા.

'એ ય બુધ્ધુ! આ મમ્મી તો રહી ગઈ!' મીનુએ પેલી સફેદ વસ્ત્રો પહેરીને બેઠેલી ઢીંગલી તરફ ઈશારો કરતાં ફરી ભૂલ બતાવી.

'જા જા હવે, મમ્મી ક્યાં ચાંદલો કરે છે?!' ઠાવકા મોં પર રોષ આણી મીનીએ કહ્યું. સુષમાના શરીરમાંથી વીજળી પસાર થઈ ગઈ.

'હું કરીશ!' મીનુ બોલ્યો.

'ના-નહિ કરવા દઉં!...'

'કરીશ, કરીશ, કરીશ જ!' મીનુએ સત્તાવાહી અવાજે કહ્યું.

'તો હું મમ્મીને કહી દઈશ...'

સુષમાએ તેમના તરફ જવા પ્રયત્ન કર્યો, પણ જાણે તેનો પગ જ ન ઊપડ્યો. મીનુએ ઝડપથી પેલી સફેદ ઢીંગલી ખૂંચવી લીધી. અને તેના કપાળ ઉપર ગોળ ચાંદલો કરી દીધો: 'મીની!...' 'હં...'

'જો તો મમ્મી કેવી લાગે છે?!' ,રૂપાળી!!...'

સુષમાની આંખમાંથી આંસુ ટપકી રહ્યાં. અનાયાસે તેનો હાથ તેના કોરા કપાળ ઉપર ફરી વળ્યો. હજુ પણ જાણે ત્યાં આછી ભીનાશ હતી.



આજથી પચ્ચીસ વર્ષ પહેલાં આવેલી વિવિધ જ્ઞાન-રસથી ભરેલી શ્રી અમૃતલાલ પંડ્યાની લેખમાળા 'ભૂતકાળની શોધમાં' અંક ૨૨૧માંની એક વધુ વાનગી વાછડાદાદા :

અહીં કચ્છના રણને કાંઠે આવેલા બેટમાં તેમ કાઠિયાવાડના બરડા બારાડી પ્રદેશમાં પણ વાછડાદાદા પૂજાય છે. એનું થાનક આવે કે હરેક ઘોડેસવાર ઘોડા પરથી ઊતરીને થોડેક સુધી ચાલે, એટલું બધું એમને ત્યાં માન છે. હડકાયો કૂતરો કરડે એટલે લોકો વાછડાદાદાની માનતાએ આવે. જેમ અહીં દાદાને હિંદુ અને મુસલમાન બધાં માને છે, તેવી જ રીતે બરડા-બારાડીમાં પણ માને છે. ફેર એટલો છે કે ત્યાં મુસલમાનોએ વાછડા પીર તરીકે તેમની જુદી સ્થાપના કરી છે.

ગુર્જરભૂમિમાં અણહિલવાડ પત્તનના સોલંકી રાજ્યવંશનો દીપક હોલવાયો અને તેનું સ્થાન દિલ્હીની ઇસ્લામી શહેનશાહતે લીધું. સોલંકીઓ વેરણછેરણ થયા, અનેક શાખાઓમાં વહેંચાયા, ને નાના રાજવીઓ કે ઠાકોરો તરીકે જ્યાંત્યાં નાનાનાના પ્રદેશો પર રાજ્ય ચલાવવા લાગ્યા. મેવાડમાં રૂપનગરના અભેદ્ય કિલ્લામાં તેમની એક શાખા સ્થપાઈ; મહીકાંઠે વીરપુરમાં એક સ્થપાઈ; લુણાવાડા અને શાધરા વગેરે કેટલાં યે નાનાંમોટાં રાજ્યો મૂળરાજ અને સિદ્ધરાજના વંશજોએ સ્થાપ્યાં. એવી જ એક સોલંકી વંશની શાખા બેચરાજીની નજીક કાલરીમાં સ્થાપિત થઈ. આ શાખામાં મુસ્લિમ મધ્ય કાળના કોઈ સમયે વત્સરાજ સોલંકી નામના રાજવી સોળ વર્ષની ઉમરે કાલરીની ગાદીએ આવ્યા.

સિદ્ધપુર અને અણહિલવાડ પત્તનને પાવન કરનારી પ્રાચી સરસ્વતી ઉર્ફે કુંવારકા નદી પુરાતન કાળમાં જે સ્થળે કચ્છના રણસાગરને મળતી ત્યાં એના સંગમમુખે કોલ્લાપુર પત્તન નામે મોટું બંદર આવેલું હતું રણસાગર સુકાતાં એ પડી ભાંગ્યું અને કુંવારકા નદી જે સ્થળે સાગરને મળી એ સ્થળને લોકસમાજે 'કુંવર' નામ આપ્યું. કુંવારકાના આ કુંવર નગરને આંગણે મુસ્લિમ મધ્ય યુગમાં એક રાજપૂતી સત્તા તપતી હતી. એ રાજવીની કુંવરીનું સગપણ કાલરીના નવજુવાન રાજવી વત્સરાજ સોલંકી સાથે થએલું. વત્સરાજની જાન જોડાઇને કુંવર ગામે આવી, ને ચૉરીમાં ત્રણ ફેરા પૂરા થયા ત્યાં તો ગામ ઉપર કચ્છના આયરો તૂટી પડયા ને ગામનું ધણ વાળી જવા લાગ્યા. ચૉરીમાં તેનો સાદ સંભળાયો :

પોપટ પારેવાં તણી રાણા રમતું મેલ્ય,
ધણ આગ્યું ધણેસર, વેગડ નાવીં વાછરા.*

તરત ચોથો ફેરો અધૂરો રાખી સોળ વર્ષનો મીંઢળબંધો વત્સરાજ ગાયોની વહારે ધાયો ને આયરોની પૂંઠ પકડી. ચાર પાંચ ગાઉ આઘે રણમાં આવેલા એક નાના બેટ પાસે વત્સરાજે આયરોને પકડી પાડયા. ખૂબ ધીંગાણું જામ્યું અને કમનસીબે મીંઢળબંધો વત્સરાજ સોલંકી ત્યાં મરાયો. કાલરી અને કુંવરના પ્રદેશોમાં હાહાકાર વર્તી રહ્યો. વત્સરાજ (વછરાજ-વાછરા) સોલંકીની એ બેટમાં લોકોએ ઉત્તરક્રિયા કરી પાળિયો રોપ્યો. તેની સાથે તેનો વફાદાર કૂતરો પણ મરાયો હતો એટલે તેને પણ માણસની પેઠે ચિતા પર બાળી તેનો પણ પાળિયો રોપ્યો. હાલ પણ એ સ્થળે એ બંને પાળિયા મોજૂદ છે. લોકસમાજે એ વત્સરાજને પૂજવા માંડયા, ને પછી એ વછરાજ ઉર્ફે વાછરો દાદો કહેવાયા. તેમના નામ ઉપરથી એ બેટ પણ વછરાજબેટ કહેવાવા લાગ્યો.

વત્સરાજ ગાયોનું રક્ષણ કરતાં મરાયા, એટલે ચારણ અને રબારીઓ કે જેઓનું જીવન ગાયભેંસો પર નભે છે, તેમનામાં બીજી કોમો કરતાં વધુ પ્રમાણમાં એમની માનતા પ્રચાર પામી. વાછડાદાદાનો ભૂવો પણ હમેશ રબારી જ હોય છે. કચ્છના વાગડ પ્રદેશની દક્ષિણે રણમાં એક વેણુ નામનો બેટ છે, તેમાં પણ વાછડાદાદાનું સ્થાનક છે, અને ત્યાં તેઓ વેણુના વામથી પૂજાય છે. ઉત્તર ગુજરાતના વઢિયાર, જતવાડા અને ખારાપાટ પ્રદેશમાં, કાઠિયાવાડના ઝાલાવાડમાં ને કચ્છના વાગડ પ્રદેશમાં વાછડાદાદાની માનતા બહુ પ્રચલિત છે અને એ પ્રદેશોના લોકો તેમની માનતાએ આ વછરાજ બેટમાં આવેલા તેમના થાનકે આવે છે. ભાગ્યે જ એવો દિવસ જાય કે જ્યારે આ પ્રદેશોનાં પાંચદસ ગાડાં ત્યાં ન આવ્યાં હોય. અલબત્ત, ચોમાસામાં રણમાં પાણી ભરાવાથી એ જાત્રા બંધ રહે છે.

કાઠિયાવાડના બીજા કોઈ ભાગમાં નહિ ને વાછડાદાદાની માનતાના મૂળ વિસ્તારથી ખૂબ દૂર એવા બરાડાબારાડી પ્રદેશમાં એમની માનતા કયારે અને શી રીતે પહોંચી તે વિષે કહી શકતો નથી.

વછરાજબેટમાં વાછડાદાદાના થાનકની બાજુમાં જ તેમનો અને તેમના કૂતરાનો પાળિયો લોકોએ મને બતાવ્યો. કમનસીબે રબારીઓએ કુહાડીઓ ઘસીઘસીને પાળીઆઓનો ઉપરનો ભાગ એટલે સુધી ઘસી નાખ્યો હતો કે તેની ઉપરનું લખાણ તો તદ્દન સાફ થઈ ગયું હતું. એ સચવાયું હોત તો વાછડાદાદાના સમય તથા તેમના મરણપ્રસંગ વિષે કેટલુંક જાણવાનું મળત.

* આ દુહો બારડા-બરાડી તરફ પ્રચલિત છે તે છે. વાછડાદાદાના મૂળ પ્રદેશ વઢિયારમાં તેમના ચરિત્રની આ વાત પ્રચલિત છે કે કેમ તેની માહિતી નથી. બરડા-બારાડીમાં મુસલમાનોએ એમને પીર માન્યા છે ને આ પ્રસંગ વિષે તેમનામાં જુદો જ કચ્છી દુહો પ્રચલિત છે:

વાય ઉડાણું વાછડા, મક્કે મદીના,
પોતરો અલી સેનજો, ભડ હુસેનજો વીયા.

શતરંજના કોયડાનો ઉકેલ

ઉકેલ : 1 B–Q4ch, K–K1. આ જ ઉત્તમ સ્થાન છે તે આગળ જતાં સમજાશે.

2 P–B4, N–Q7; 3 P–B5, N–N6; 4 P–B6, N–R4. અહીં 4 ... N × B; પછી સફેદ 5 P–B7 અને 6 P–B8(=Q)chથી જીતી શકે છે.

5 P–B7, N–B3! અહીં સફેદ 6 K × N રમે તો Stalemate થાય. વળી, 6 P–B8(=Q)ch પછી 6..., N–N1ch; 7 K–any પણ Stalemate થાય છે. પહેલી ચાલમાં રાજાને R1 ઉપર લઈ જવા પાછળ આ પરિસ્થિતિ ઊભી કરવાનો હેતુ છે.

6 P–B8(=R)ch, N–N1ch; 7 K–Q6, K–N2; 8 R–B7ch, K–R3; 6 R–R7ch, K–N4; 10 R–N7ch અને પછી 11 R × N અને જીતે છે. પ્યાદાંને બીજી હરોળથી આઠમી હરોળ સુધી પહોંચાડતા મધ્યવર્તિ વિચારને 'Excelsior' કહે છે. અહીં Stalemateની બેવડી ધમકી એ વધારાનું આકર્ષણ છે.

(શતરંજના આ કોયડા 'અંતની રમત' (end game studies) પર આધારિત છે. કેટલાક વાચકો કોયડાને બદલે શતરંજની રમતની માગણી પણ કરે છે. આ વિષે અન્ય વાચકો પણ પોતાનો અભિપ્રાય દર્શાવશે તો એ અંગે નિર્ણય કરવામાં સરળતા થશે. —સ.)

ગુનાશોધનનો એક કિસ્સો

પગલાંની છાપ

લેખક · પુષ્કરભાઈ ગોકાણી

શુક્રવારે ફોર્ટમાંની 'મહેતા ઍન્ડ કં.'ના કર્મચારીઓ ખુશ થતા ઘેર ગયા; શનિ, રવિ અને પછી સોમવારે નાતાલની, એમ સળંગ ત્રણ દિવસની રજા હતી. પણ મંગળવારે જેવા ઑફિસે આવ્યા એવા બારણામાં જ પોલીસે તેમને રોક્યા. ઑફિસનું તાળું તૂટેલું જણાતાં પટાવાળા દેવશીએ માલિકને જાણ કરી હતી અને પોલીસ આવી હતી. ઈન્સ્પેક્ટર રાઠોડ તપાસ કરતા હતા. તિજોરી ખુલ્લી પડી હતી અને કેટલુંક રોકડ તથા કેટલાક મહત્ત્વના દસ્તાવેજો ગુમ થયા હતા ચોરી કદાચ સોમવારે રાત્રે યા મંગળવારે વહેલી સવારે જ થઈ હશે, કારણ કે ત્રણ દિવસની રજાને કારણે વળાયા વિનાની ઑફિસમાં જે ધૂળ જામી ગઈ હતી તેમાં સ્ત્રીના એડીવાળા બૂટની છાપ સ્પષ્ટ જણાતી હતી.

ઑફિસમાં બે છોકરીઓ કામ કરતી હતી. એક રૅાના ડિ'સોઝા અને બીજી રિટા ડિ'ક્રુઝ. બન્ને એડીવાળા બૂટ પહેરતી હતી. છાપ પણ સ્પષ્ટ બતાવતી હતી કે કોઈ સ્ત્રીનું આ કામ હશે.

ઈન્સ્પેક્ટરે એ છાપના ફોટોગ્રાફ લઈ લીધા. તિજોરી ઉપર આંગળાંની જે છાપો મળી આવી તે ઉપસાવી લેવામાં આવી. ઑફિસના કર્મચારીઓ તથા માલિક સુરેન્દ્ર મહેતાની કેફિયત લઈ, ફરિયાદ લખી, જરૂર પડતા ફોટોગ્રાફ્સ લઈ ઈન્સ્પેક્ટર રાઠોડે લગભગ ચાર વાગ્યે ઑફિસનો કબજો સોંપ્યો, અને બન્ને છોકરીઓને તથા શેઠને પોતાની સાથે પોલીસ ચોકીએ લઈ ગયો. છોકરીઓ તો ગભરાઈ જઈને રડતી હતી. બંને કહેતી હતી કે પોતે શુક્રવાર પછી આ તરફ આવી નહોતી પણ પોતે ઘર ન છોડ્યું હોય–અથવા પોતે અહીં આવી જ ન હોય એવી માત્ર એલિબાઈ રિટાએ આપી, રૅાના તે જણાવી શકી નહિ. મળી આવેલી છાપ સાથે રૅાનાનાં એડીવાળાં સેન્ડલની છાપ મળતી આવતી હતી. તિજોરી ઉપરથી પિયૂનની, મૅનેજરની, કૅશિયરની, શેઠની અને રિટાનાં આંગળાની છાપ મળી આવી. આ શક્ય હતું; કારણ કે તિજોરી બારે હોઈ પિયૂનને બોલાવીને જ બંધ કરવામાં આવતી. અને રિટા દસ્તાવેજો સંભાળતી, એટલે કોઈ ઉપર શક લાવી શકાય તેમ નહોતું. મૅનેજર અને કૅશિયરને તો તિજોરી સાથે કામ હોય તે સ્વાભાવિક હતું. ઇન્સ્પેક્ટરે હવે વિગતો મેળવવા માંડી.

શેઠ સુરેન્દ્ર મહેતા યુવાન, બાહોશ અને દેખાવડા હતા. કામ લેવામાં બહુ કડક હતા. તેના પ્રીતિપાત્ર બનનારને ન્યાલ કરી દેતા અને કામમાં દગડાઈ કરનાર નોટિસનો પગાર લઈ તરત દૂર થતો.

મૅનેજર ઍન્થની રૅાય, કૅશિયર ચંદનસિંહા બન્ને ઍંગ્લો ઈન્ડીઅન હતા. પણ કૅશિયર પરણેલો હતો. જ્યારે મૅનેજર અપરિણીત હતો. સુરેન્દ્રશેઠના મૅનેજર ઉપર ચારે હાથ હતા. હજુ બે વર્ષ પહેલાં તે ઑફિસમાં કલાર્ક તરીકે જોડાયો હતો ને પોતાની બાહોશી, આવડત તથા નિષ્ઠાથી મૅનેજર થઈ શક્યો હતો. સંભળાતું હતું તેમ રૅાના અને રીટા બન્નેને મૅનેજરમાં રસ હતો.

ઈન્સ્પેક્ટરે પ્રથમ કૅશિયર ચંદનને બોલાવ્યો. તેણે ઉપરની હકીકતોને જ અનુમોદન આપ્યું. પોતે બચરવાળ હતો અને પોતા ઉપર ઈન્સ્પેક્ટર શક કરે છે એમ માની ખૂબ ગભરાતો હતો. વાતચીત પછી ઈન્સ્પેક્ટર તેમને બીજે જ રસ્તે એક ઓરડામાં થઈ બહાર મૂકી આવ્યા.

પિયૂન દેવશી ખૂબ ગભરાતો જણાયો. પણ તે ખૂબ જૂનો નોકર હતો. ઑફિસની ચાવી તેની પાસે, મૅનેજર પાસે, કૅશિયર પાસે અને શેઠ પાસે રહેતી હતી. તાળું તૂટેલું હતું એટલે ઈન્સ્પેક્ટરને તે કોઈ ઉપર શક ન બેઠો. બહારની કોઈ વ્યક્તિનું કામ તો નહોતું લાગતું, કેમ કે તિજોરીમાંથી બધું જ રોકડ ગયું નહોતું, અને દસ્તાવેજો લઈ જવામાં ધરફોડુને રસ હોય નહિ. વળી; એડીવાળા બૂટ કાંઈક બીજું જ જણાવતા હતા. સોલની નીચે 'ચિના'ની છાપ સ્પષ્ટ જણાતી હતી.

ઈન્સ્પેક્ટરે રૅાનાને ફરી બોલાવી ત્યારે તે ઘેર નહોતી. ક્યાં ચાલી ગઈ હતી તે જાણી શકાયું નહિ. બીજે દિવસે તે ઑફિસે પણ આવી નહોતી. રિટાએ જણાવ્યું કે ચોરી થઈ તે દિવસે તે ખૂબ ગભરાએલી લાગતી હતી. વળી, બન્ને જ્યારે નૉવેલ્ટીમાં 'લવ ઈન ટૅાકિયો' જોવા ગએલી ત્યારે વળતાં બંનેએ નાતાલના સેઈલમાં એડીવાળા બૂટ ખરીદ્યા હતા. રૅાનાએ 'ચિના' સોલનાં સૅન્ડલ ખરીદ્યાં હતાં જ્યારે પોતે ઊંચી ક્વૉલિટીનાં એડીવાળાં સૅન્ડલ ખરીદ્યાં હતાં. રૅાનાનો પગાર ખાસ વધારે નહોતો છતાં તે ઠીકઠીક રીતે રહેતી હતી. ઘરમાં તેની મા, નાની બહેન અને પોતે એમ ત્રણ જ જણ હતાં. રિટા ભાયખાલા ઉપર એક હોસ્ટેલમાં રહેતી, તેનો ભાઈ ગોવામાં રહેતો હતો તેને પણ ઈન્સ્પેક્ટર ખાસ ઓરડામાં થઈ બહાર મૂકી આવ્યો.


મૅનેજર ચોરી કરે તેવું જણાતું નહોતું. તેનો પગાર સારો હતો. તે હિંમતવાળો હતો, ને શેઠનો કૃપાપાત્ર હતો. ઈન્સ્પેક્ટરે તેને જણાવ્યું કે 'ચોરી કરવાના બધા સંયોગ રૅાના તરફ આંગળી ચીંધે છે. તેમાં પણ ચિના સોલનાં ૭ નંબરનાં સૅન્ડલ નવાં જ હોઈ તે સ્પષ્ટ પુરાવો છે. વળી રૅાના પોતાની એલિબાઈ પણ આપી શકતી નથી અને તે ક્યાંક નાસી પણ ગઈ છે. તાળું તૂટેલું છે તે જોતાં જણાય છે કે આ ચોરીમાં કોઈક પુરુષે તેને મદદ કરી છે. સોમવારે સાંજે રિટા પાસેથી સાડા છ વાગ્યે છૂટી પડી ત્યારથી રાતના આઠ વાગ્યા સુધીના સમયની તે કોઈ એલિબાઈ આપતી નથી. કદાચ ત્યારે જ તેણે પોતાના મિત્ર સાથે ચોરી કરી હોય. આપ જણાવી શકશો કે એ મિત્ર કોણ હશે?'

ઍન્થની થોડી વાર તો ગૂંચવાયો પણ પછી બોલ્યો: 'ઈન્સ્પેક્ટર રૅાના બહુ સીધી છોકરી છે. તે ચોરી કરે જ નહિ. સાડા છથી આઠ તે તેના મિત્ર સાથે ફરવા ગઈ હશે, અને તે મિત્રનું નામ જાહેર કરવા માગતી નહિ હોય. તેમાં તેની અગર મિત્રની પ્રતિષ્ઠા જોખમાતી હશે. મારી વિનંતી છે કે આપ ફક્ત એડીવાળા બૂટનો જ પુરાવો જોઈ તેને હેરાન કરશો નહિ. તે સંયોગવશાત્ ઘેર ન હોય તેમ પણ બની શકે. રાહ જુઓ તો હરકત છે!' આડીઅવળી વાતો કરી ઈન્સ્પેક્ટરે તેને પણ પેલા ખાસ ઓરડામાં થઈ બહાર મોકલી દીધા.

શેઠને બોલાવ્યા. તે જરા નારાજ થયા. પૈસા કરતાં દસ્તાવેજમાં તેમને રસ હતો. ચોર છોકરી હોય તો પણ તેને નશ્યત થવી જોઈએ તેમ તે માનતા હતા. તે પણ પેલા ખાસ ઓરડામાંથી જ બહાર ગયા.

ઈન્સ્પેક્ટરે સાંજે મૅનેજરના ઘર પાસે તપાસ રાખવા માંડી. મૅનેજર રાત્રે નીકળ્યા. એક ટૅક્સી કરી ને હોટેલ સાંટાક્રુઝમાં ગયા. થોડી વારે ત્યાંથી ચાલ્યા ગયા. એ પછી ઈન્સ્પેક્ટરે હોટેલના માલિક સાથે થોડી ગુફતેગો કરી ઉપરના રૂમ નં. ૧૪નું બારણું ખટખટાવ્યું. રૅાનાએ જ ઉઘાડ્યું ઈન્સ્પેક્ટરને જોતાં જ એ ગભરાઈ ગઈ ને રડવા માંડી. ઇન્સ્પેક્ટરે એને શાંત પાડીને તેની સાથે વાતો શરૂ કરી:

'હા, સાડા છ થી આઠ વાગ્યા દરમિયાન તે ઍન્થની સાથે હતી.



પોલીસ ઈન્સ્પેક્ટરે લીધેલી વિવિધ ચાલની છાપ

પોતાના જેવી મામૂલી સ્ટેનો સાથે તે ઉચ્ચ કુટુંબનો યુવાન ફરે છે તેનાથી તેની પ્રતિષ્ઠા ગુમાય એટલે તેણે તે જણાવ્યું નહોતું. તે ઍન્થનીને ચાહતી હતી. રિટા પણ ઍન્થનીને ચાહતી હતી. રિટા ઊંચા કુટુંબની છોકરી હતી. વળી, ગ્રૅજ્યુએટ હતી. પોતે તો માત્ર સ્ટેનો ટાઈપિસ્ટનો ડિપ્લોમા જ ધરાવતી હતી. તે કૅથૉલિક હતી. કૅથૉલિક છોકરી સ્વાર્થ ખાતર કોઈને નીચા દેખાડી શકે જ નહિ. ઍન્થનીની માતા-બાઈઓને રૅના સાથેનો સંબંધ પસંદ નહોતો. તેથી જ તે ઘર છોડી ચાલી આવેલી. તો પણ ઍન્થનીએ તેને શોધી કાઢી હતી.'

ઈન્સ્પેક્ટર તેને આશ્વાસન આપીને પોતાની સાથે ચોકીએ લઈ આવ્યા. આખે રસ્તે તે રડતી જ રહી. ઈન્સ્પેક્ટરે તેની સાથે બીજી કેટલીક વાતો કરીને તેને પણ પેલા ઓરડામાંથી બહાર લાવી હોટેલ પર પહોંચાડવાની વ્યવસ્થા કરી. તે રાત્રે જ ઈન્સ્પેક્ટરે કૅશિયરની મુલાકાત લીધી, જડતીનું વૉરંટ બતાવ્યું, ને ચંદન સિંહા ભાંગી પડ્યા.

ચોરી તેમણે જ કરી હતી. પૈસાની ખેંચ પડતી હોઈ એમણે થોડી સિલક વાપરી નાખી હતી. રોજરોજ સિલક-વધારો ચોપડે દેખાતો હતો. હાથ પર એટલી બધી સિલક ન રાખતાં બૅંકમાં ભરી દેવી જોઈએ, પણ પોતાની પત્નીની બીમારીમાં ખર્ચ થઈ ગયું હોઈને ભરી શકેલા નહિ. રિટાનું તે તરફ ધ્યાન ગયું. તેને મૅનેજર સાથેની રૅનાની દોસ્તી પસંદ નહોતી. તેણે જ કૅશિયરને ચાડી કરવાની બીક બતાવીને તાળું તોડવા પ્રેર્યા હતા. રિટાએ લાવી આપેલાં એડીવાળાં લેડીઝ સૅંડલ પગે બાંધીને તેણે તાળું તોડ્યું હતું ને તિજોરીમાંથી ચોરી કરી હતી. ઈન્સ્પેક્ટરે રિટાને રાત્રે જ અટકમાં લીધી.

સવારે સૌને સમાચાર મળ્યા. મૅનેજર ઍન્થની સવારે જ ઑફિસેથી દસ્તાવેજ વગેરેનો હવાલો લેવા આવ્યા. તેણે ઈન્સ્પેક્ટરને પૂછ્યું: 'આપ ચોરને કેવી રીતે પકડી શક્યા તે જણાવશો?' ઈન્સ્પેક્ટર હસ્યા; પછી બોલ્યા: 'જોજો, કદાચ આ જાણ્યા પછી બીજી સફાઈભરી ચોરી કરતાં તમે શીખી ન જતા. મેં દરેક શકદારને એક ખાસ ઓરડામાંથી ચલાવીને બહાર કાઢ્યાં હતાં, તેમાં બારીક પાઉડર છાંટ્યો હતો. આવનારના દરેકનાં ચંપલ, બૂટ કે સૅંડલની તેના પર છાપ પડતી હતી. તેનો હું તુરત ફોટો પડાવીને રાખી લેતો હતો તથા તે પગલાંનું માપ અને તેની આખી ચાલનો નકશો દોરાવી લેતો હતો.

લેડીઝ સૅંડલની છાપ મળેલી એટલે શક બે છોકરીઓ ઉપર જાય તે સ્વાભાવિક હતું, પણ તાળું તોડવા માટે તેને જરૂર કોઈ પુરુષે મદદ કરી લાગતી હતી, એટલે તે પુરુષની શોધ હું કરતો હતો. શકદાર તો તિજોરી ઉપર આંગળાંની છાપ હતી તેટલાં જ હતાં. તેથી તે દરેકને મેં અહીં બોલાવી તેની 'ચાલ'ની છાપ અને નકશા મેં બનાવ્યાં. હવે શેઠ ને પિયૂન એ બન્ને પર સ્વાભાવિક ઓછામાં ઓછો શક આવે તેમ હતું, જ્યારે તમે અને કૅશિયર મારી નજરમાં પાકા શકદાર હતા. પણ પેલી તમારી સૌની ચાલ અને છાપે ચોક્કસ વાતો કહી.

સ્ત્રીઓ ચાલે ત્યારે તેનાં પગલાં ટૂંકાં પડે છે, તેમજ તેમનાં પગલાંનો ખૂણો મોટો હોય છે; જ્યારે પુરુષોનાં પગલાં વચ્ચે કુદરતી વધારે જ અંતર હોય છે. એટલે ઑફિસમાંથી મળી આવેલી છાપ અને પગલાં વચ્ચેનું અંતર તેમાં સ્ત્રીને સંડોવતાં નહોતાં. પણ છાપ તો સ્ત્રીનાં સૅંડલની હતી. અહીં મેળવેલી ચાલનાં પગલાંના અંતર અને ઑફિસમાંથી મળેલાં પગલાંના અંતર વચ્ચે માપ લેતાં કૅશિયર ચંદન સિંહાની તે ચાલ હોવાનું સાબિત થયું. વારુ, એ તો ઠીક; પણ હવે રૅના સાથે મૅરેજ કરો ત્યારે અમને યાદ કરશો ને?'

(સંપૂર્ણ)

અનુસંધાન] **નવા ગગનની નીચે** [પૃ. ૧૭૭થી

પછી હું વળતી વખતે રોમ ઊતરવાનો છું એ ય કહ્યું.

'તમે ખોટે સમયે યુરોપમાં આવ્યા છો.' તેમણે કહ્યું: 'આ દિવસોમાં કોઈ લેખક પોતાના શહેરમાં રહેતા નથી. બધા બહાર ઊપડી જાય છે. તમે કદાચ બહુ જ ઓછા લેખકોને મળી શકશો. તમારી આ યાત્રામાં હું પણ કદાચ રોમમાં નહિ હોઉં. પણ ટેલિફોન કરજો, રોમ આવો ત્યારે. એ ચૂકતા નહિ.'

'જરૂર.' મેં કહ્યું. પછી બીજાં લેખકલેખિકાઓની ઓળખાણ પેલા ભાઈએ કરાવી. ત્યાં તો કોચનું ગામનું સ્ટૅન્ડ આવી ગયું. બધાં જ ઝડપબંધ ઊતરી પડ્યાં, ને પોતપોતાની વ્યવસ્થા જે હોટેલોમાં કરવામાં આવી હતી ત્યાં પહોંચી જવા ટૅક્સીઓ શોધવામાં પડી ગયાં.

મારી હોટેલ તો તદ્દન નજીક જ હતી. ત્યાંની રીત પ્રમાણે, બે હાથમાં બંને બૅગ ઉપાડીને બેઝલર હૉફ હોટેલ તરફ ચાલવા માંડ્યો.

ચાર ડગલાં ચાલતાં જ હોટેલ તો આવતી હતી. પણ હાથમાં ઉપાડેલા ભારને અંગે થાકી ગયો. આટલો બધો પરિશ્રમ! બાપ રે! એ તો સવારે જ્યારે રસ્તા ઉપરથી અનેક સ્ત્રીઓને મારા કરતાં યે મોટીમોટી બૅગો બંને હાથમાં ઉપાડી હસતી-રમતી વાતો કરતી-કરતી ચાલી જતી જોઈ ત્યારે જ હું જરી પણ વજન ઉપાડવા ન ટેવાએલો હિંદુસ્તાનનો માયકાંગલો વતની છું તેનું ભાન મને થયું.

હોટેલ સરસ લાગી. પોર્ટરે આવીને તરત મારા હાથમાંથી સામાન ઉપાડી લીધો. મારું રિઝર્વેશન તો ત્યાંની સ્વાગત-સમિતિએ કરી રાખેલું હતું, એટલે તરત મારા રૂમમાં મને પહોંચાડવામાં આવ્યો. કૉન્ફરન્સને લગતા કાગળો પણ આપવામાં આવ્યા. બધાં જ કાર્યક્રમો અને નિમંત્રણો તેમાં રખાએલાં હતાં. બધાં સ્થળોનાં નામ પણ. કૉન્ફરન્સની જગ્યા શોધીને અમારે અમારી મેળે ત્યાં પહોંચવાનું હતું. સ્વાગત-સમિતિ વતી કોઈ પણ કશે ય લેવા આવ્યું નહોતું. મોરિવિયા જેવાને પણ નહિ. આપણા અને આ લોકો વચ્ચેનો આ બાબત અંગેનો ભેદ મગજે તરત જ નોંધી લીધો.

સ્વચ્છ રૂમની સ્વચ્છ તળાઈ વગેરે જોઈ ઊંઘ તો સરસ આવી જશે એની ખાતરી થઈ ગઈ. 'હાશ' કરીને પથારીમાં પડ્યો. (ચાલુ)



કદી આકાશ બદલે છે, કદી પાતાલ બદલે છે,
દિશાઓ તો દિશાઓ ખુદ અહીં દિગ્પાલ બદલે છે;
ન જંપે છે અનાદિ કાળથી, ના જંપવા દે છે,
જમાનાથી નિહાળું છું, જમાનો ચાલ બદલે છે.

—અમૃત ઘાયલ

ઉસ્તાદ વિલાયતહુસેનખાં આગ્રેવાલે

આગ્રા ઘરાણાની ગાયકીને ભારતમાં અસામાન્ય લોકપ્રિયતા પ્રાપ્ત કરાવનાર યશસ્વી કલાગુરુ

'હુઆ નૂર કા તજલ્લા ઊઠ જાગ રે બન્દે, કલમા પઢ નબીજી કા'.

'બિભાસની મધ્ય લયની આ ભાવમય ચીજ આશરે પચ્ચીસેક વર્ષ પહેલાં મુંબાઈમાં ખાંસાહેબ શીખવતા ત્યારે મેં સાંભળેલી. તિન તાલમાં તેરમી માત્રાથી શરૂ થતી આ ચીજ ખાંસાહેબ મીંડમાં 'ગ પ' સ્વરોથી શરૂ કરતા. સમ પંચમ પર 'નૂર' શબ્દથી આવે. એ સમયે એમના કંઠમાંથી નીકળતા સાફ ખુલ્લા ભરાવદાર ષડ્જનો સ્વરાલાપ શરૂ થતાં જ રાગાંગ પ્રગટ કરવાની એમની વિલક્ષણ પદ્ધતિનો અનુભવ મને થઈ ગયો. 'ઉપજત અંગ સ્વભાવ' એ એમની પ્રચલિત ઉક્તિ હતી.

એમની સંગીત શીખવવાની પદ્ધતિ એવી કે શિષ્યના કંઠમાં સ્વરો પૂરેપૂરા કાયમ થાય નહિ ત્યાં સુધી તેઓ ધીરજ ગુમાવતા નહિ. એ માટે તેઓ સારી પેઠે પલટા ભરાવતા. એટલી તૈયારી થયા પછી એકાદ પ્રચલિત રાગની મધ્ય લયની ચીજ તાલના બંધન વિના સંપૂર્ણ કણસ્વરો સહિત શીખવતા. આ જ ક્રમને અનુસરી ધીમેધીમે તાલમાં ચીજ શીખવી, વિલંબિત લયનો એ જ રાગનો ખયાલ શીખવતા. એમની આવી તાલીમ શિષ્યની અભિરુચિ મુજબ મહિનાઓ કે વર્ષો સુધી ચાલતી. તાલીમ આપવામાં ખાંસાહેબ વિલાયતહુસેન ખૂબ નિયમિત હતા. શિષ્ય નિયમિત રિયાજ કરી શકતો ન હોય તો પોતાની સન્મુખ જ રિયાજ કરાવતા. એ વખતે કંઠની સફાઈ, હલક અને મીંડ લેવાની શક્તિનું બારીક નિરીક્ષણ પણ કરતા રહેતા અને ક્રમેક્રમે એ ખાંસાહેબની જ પ્રતિકૃતિ બની જાય તેવી ચીવટભરી તાલીમ આપતા. આગ્રાની ગાયકી મુંબાઈમાં ઘેરઘેર પ્રસરાવનાર ઉસ્તાદ વિલાયતહુસેન જેવો ઉદાર ગાયક હજુ સુધી બીજો કોઈ થયો નથી એમ સહેજે કહી શકાય.

આગ્રા ઘરાણાની પાંચસો વર્ષથી ચાલી આવેલી ગાયકીના તેઓ કુલદીપક હતા. વાચન-લેખનનો પણ એમને ઘણો શોખ હતો. તેમણે પોતે જાળવી રાખેલી પોતાની વંશાવલિની નોંધ પરથી જાણવા મળે છે કે તેમના એક પરદાદા હાજી ગુલાબખાં બાદશાહ અકબરના દરબારમાં ગાયક હતા; ને તેમના પૂર્વજો હિંદુ રજપૂત હતા. ખાંસાહેબની નોંધ પ્રમાણે એમના કબિલામાં પાછળ મુજબ પૂર્વજો થઈગયા.



ઈ. સ ૧૯૬૧ની ૧૮મી મેના રોજ દિલ્હીમાં ૭૦ વર્ષની વયે અચાનક અવસાન થયું, ('કુમાર' અંક ૪૬૩) ત્યાં સુધી તેઓ તંદુરસ્ત રહી સંગીતની સેવા કરતા રહેલા.

એ સમયના ગાયકોમાં તેઓ નિરાલા તરી આવતા. મુક્ત મનથી પોતાની ગાયકીની તાલીમ આપી તેમણે સંગીતરસિકોની જેટલી ચાહના મેળવી તેટલી જ બીજા ગાયકોની ઈર્ષ્યા પણ વહોરી લીધી હતી. છેક મુઘલાઈના જમાનાથી મુસલમાન ગાયકોએ સંગીતક્ષેત્ર સર કર્યું



આ માસના મધ્યાકાશની દક્ષિણે ચષક, હસ્ત ને વાસુકિ સુધીનાં તારામંડળો ઓળખ્યા પછી હવે થોડા વધુ દક્ષિણે જઈએ.

આકાશગંગાના પટમાં છેક દક્ષિણે (નકશામાં દર્શાવ્યા પ્રમાણે) ચાર તારાનો 'સ્વસ્તિક' (Southern Cross) દેખાય છે. એનો સૌથી નીચેનો પ્રકાશિત તારો 'ત્રિશંકુ' કહેવાય છે. આપણાથી ૨૨૦ પ્રકાશવર્ષ દૂરનો એ તારો ત્રણ તારાઓ મળીને બનેલો 'સંબદ્ધ તારો' છે. સ્વસ્તિકના ઉત્તર-દક્ષિણ તારાને જોડતી રેખા દક્ષિણ ધ્રુવબિંદુ તરફ તકાએલી છે. સ્વસ્તિકમાં ત્રિશંકુની ઉપર પૂર્વ તરફનો તારો 'વિશ્વામિત્ર' કહેવાય છે.

સ્વસ્તિકની બાજુમાં બે તારાની એક જોડ પ્રકાશે છે. અનેક પ્રકારની વિવિધતા ધરાવતા ઠીકઠીક મોટા એવા નરાશ્વ તારામંડળના એ બે તારામાંથી પૂર્વ તરફનો તે 'જય' અને પશ્ચિમ તરફનો તે 'વિજય' કહેવાય છે. જય-વિજય વિષ્ણુભગવાનના બે દ્વારપાલ છે એ તો જાણતા હશો. એ બંને પ્રથમ વર્ગના ને લગભગ એકસરખા તેજસ્વી લાગે છે; પણ હકીકતે જય આપણા સૂર્ય જેવો છે અને ત્રણ તારા મળીને બનેલો ત્રિતારા છે, જ્યારે વિજય સૂર્ય કરતાં ૧૪૦૦ ગણો તેજસ્વી છે. સૂર્ય પછી આપણી સૌથી વધારે નજીક જય છે માત્ર ૪$\frac{1}{3}$ પ્રકાશવર્ષ. વિજય આપણાથી ૧૯૦ પ્રકાશવર્ષ દૂર છે. નરાશ્વ મંડળમાં 'નરાશ્વ વ' નામનું એક સુંદર તારકગુચ્છ છે. આપણા સૂર્ય જેવા તો લગભગ અર્ધો લાખ તારા તેમાં છે.

સ્વસ્તિક આસપાસનો આકાશગંગાનો પટ વધુ તેજસ્વી છે, પણ એમાં વચ્ચે જામફળ આકારનો તારારહિત કાળો વિસ્તાર દેખાય છે. એને 'કાજળથેલી' (Coal Sack) કહે છે. એ એક કાળી નિહારિકા છે. એમાં તારા દેખાતા નથી, પણ છે ખરા.

હતું અને પોતાના ઘરાણાની વિદ્યા પોતાના વંશજ સિવાય કોઇને શીખવતા નહિ. આ એક રૂઢિ થઈ પડી હતી. સ્વ. ભાસ્કર બુવા બખલે તથા સ્વ. રામકૃષ્ણ બુવા વઝે જેવાને આ ગાયકી મેળવતાં પહેલાં લોહીનાં આંસુ વહાવવાં પડયાં હતાં. જ્યારે ખાંસાહેબ વિલાયતહુસેનખાંએ પોતાની ભરતીદાર, ખિલતાન અને ઉપજ અંગથી સુશોભિત, લયબદ્ધ મશહૂર ગાયકી કંઈ પણ ભેદભાવ રાખ્યા વિના મુક્ત હૃદયે સારાયે મુંબાઈમાં ગુંજતી કરી દીધી હતી. અન્ય ઘરાણાના ગાયકોને એ કેમ ગમે ? છતાં ખાંસાહેબે લોકોમાં આ ગાયકી માટે રસવૃત્તિ જાગૃત કરી એટલું જ નહિ, પણ તેને કેળવી અને બહલાવી પણ ખરી. આ જેવીતેવી સિદ્ધિ નથી, એક કલાવંતની આ ઓજસ્વી યશકલગી છે.

વિલાયતહુસેનખાં તેમના પિતાના ત્રીજા પુત્ર. એમના નાના ભાઈ ઉસ્તાદ નથ્થનખાં આગ્રેવાલે તેમની ગાયકીના સૌથી મશહૂર ગાયક ગણાય છે. એમણે ગ્વાલિયરની ખયાલ ગાયકીને એક વધુ વિલંબિત લયમાં ગાઈને નવો જ ઓપ આપ્યો. તદ્‌પરાંત ફતેહપુર સિક્રિમાં રહેતા ઉસ્તાદ ઘસીટખાં પાસેથી તે ધમાર પણ ખૂબ શીખેલા. વળી જયપુરમાં રહી બીજી અનેકવિધ ગાયકીવિદ્યા પણ પ્રાપ્ત કરીને પોતાની આગ્રા ઘરાણાની ગાયકીમાં એમણે અપૂર્વ રંગત આણી. એ નથ્થનખાં જેવી આકર્ષક, સફાઈદાર લયકારીની તાન એક ઉસ્તાદ ફૈયાઝખાં સાહેબ જ લઈ શકતા એમ કહેવાય છે.


બાળપણમાં પિતા મૃત્યુ પામવાથી વિલાયતહુસેનખાંની તાલીમને જબરો ફટકો પડયો. પણ જયપુરમાં મશહૂર ધ્રુપદ ગાયક ઉસ્તાદ કરામતખાં પાસે તેમણે શરૂઆતમાં ત્રણેક વર્ષ તાલીમ લીધી. પછી તેમના વડીલ કાકા સ્વ. ઉસ્તાદ મહંમદબક્ષ તથા કલ્લનખાં સાહેબ પાસે લાંબો સમય શીખ્યા, અને ઉસ્તાદ ફૈયાઝખાં સાથે પણ પાંચ સાત વર્ષ રહ્યા. આ ઉપરાંત બીજા ઘણા ગુણી ગાયકો પાસે પણ એમણે સંગીતશિક્ષણ લીધેલું.

એમના મોટા ભાઈ મહંમદખાં સાહેબના મૃત્યુ બાદ સને ૧૯૨૦થી તે મુંબાઈમાં જ રહેતા, જે દરમિયાન પોતાની ગાયકીનો અમૂલ્ય વારસો તેમણે મુંબાઈની પચરંગી પ્રજામાં દિલ ખોલીને વહેંચ્યો. એ વખતે ખાંસાહેબને મળવા હું ઘણી વાર ભાગ્યશાળી થતો. શુદ્ધ ધૈવત લઈને ગવાતા બિભાસને દેશકારમાં લેવાતા શુદ્ધ ધૈવતનો ફર્ક એમણે ખુદ ગાઈને બતાવેલો. દેશકારની ખૂબ જાણીતી ચીજ 'કટવા ગઠ ગઈ-લવા, હાઁ જો ગઈ કુલ બિનન બનવાસ' એ અસ્થાઈ ગાઈને મને કહેલું કે, 'યહ ચીજ મેં જહાઁ 'બનવારિ' બોલ આતા હય વહીં પર 'વા' લબ્જ શુદ્ધ ધૈવત કોમલ નિષાદ કી બારીક મીંડસે લેના ચાહિયે. બિભાસ કે ખયાલ મેં ઐસા ધૈવત નહિ લગાયા જાતા. 'હુઆ નૂર' કી ચીઝ કે અન્તર મેં 'ઊઠ જાગ રે બન્દે' યે બોલ 'પ ધ પ સા' (તાર) સ્વરો મેં લેના ચાહિયે.' પર ઈસ કા શુદ્ધ ધૈવત નિહાયત્ કમઝોર રખ કર પંચમ કા જોર બઢાના ચાહિયે. ઐસા કરને સે દેશકાર યા ધૈવત અલગ હો જાએગા.' પ્રચલિત અપ્રચલિત તમામ રાગોમાં રાગાંગ સ્વાભાવિકરીતે જ ગાનમાં વ્યક્ત કરવાની એમની આ એક અનેરી કલા હતી. વાદી-સંવાદી કે આરોહ-અવરોહ સ્વરૂપ કરતાં રાગાંગમાં એ વિશેષ માનતા.

એમનું વ્યક્તિત્વ 'સુભગ સૌજન્ય' શબ્દથી વર્ણવી શકાય. ઊંચી દેહાકૃતિ, શ્યામ નહિ એવો કાંઈક ઊજળો વર્ણ, ગોળ મુખ, ચમકતી ભાવપૂર્ણ આંખો : ઉસ્તાદની સાચી ઝલક, બોલે ઓછું; પણ સંગીતની દુનિયાનાં સંસ્મરણો કહેવા બેસે તો ઊઠવાનું મન ન થાય.

એમનો અવાજ ઘેરો ને મધુર હતો. ખરજમાં એ સવિશેષ ચમકતો. ષડ્જ લગાવવાની તેમની અદા બેનમૂન હતી. કેવળ ષડ્જને જ મીંડમાં લગાવીને તે કેટલા ય રાગ ખડા કરી દેતા. અચ્છોબ રાગ

ઉસ્તાદ વિલાયતહુસેનખાંનું વંશવૃક્ષ



ગાવામાં એમની નિપુણતા અપ્રતિમ હતી. શિવમત ભૈરવ, ખેમકલ્યાણ, મુદ્રિક કાનડા, મલુહા કેદાર અને પટમંજરી જેવા રાગ એમના જેવા કોઈએ ગાયા નથી. સુસ્પષ્ટ રજૂઆત અને રાગોનું પણ રાગાંગ હૂબહૂ ખડું કરી બતાવવાની કલા, તથા પોતાના ખરજના કંઠને અનુરૂપ બબ્બે ત્રણત્રણ સ્વરો લઈ લયમાં ફિરત કરવાની રંગતભરી કુશળતા ફક્ત ઉસ્તાદ વિલાયતહુસેનખાંમાં જ મેં અનુભવી છે.

સ્વભાવે ખૂબ સાલસ ને નમ્ર. શિષ્યોની બહુ સંભાળ લે. કોઈ થોડા દિવસ તાલીમ લેવા ન આવે તો તુરત ખુદ એને ત્યાં ખબર કાઢવા જાય. રિયાઝ પણ પોતે જ ધ્યાનપૂર્વક કરાવે. શિષ્ય રિયાઝ ન કરી શકે એટલા માટે એની તાલીમ બંધ કરવાનું તે કદી કહે નહિ.

તેમને પુત્ર-પુત્રીઓનો મોટો પરિવાર છે. તેમના એક પુત્ર યુસુફહુસેન સારા ગાયક હતા, પણ તેમનું નાની વયમાં અવસાન થયું. હાલ બીજા પુત્રો યુનુસહુસેનખાં તથા અમાનતખાં તેમની ગાયકી જાળવી રહ્યા છે. એમની શિષ્યપરંપરા પણ ઘણી વિસ્તૃત છે. સ્વ. સરસ્વતીબાઈ ફતર્પેકર, ઇન્દિરા વાડકર, શ્રીમતીબાઈ નાર્વેકર વગેરે તેમની શિષ્યાઓ છે. મોઘુબાઈ કુર્ડીકરે પણ અલ્લાદિયાખાંસાહેબ પાસે શીખવા માંડયું તે અગાઉ વર્ષો સુધી ખાંસાહેબ પાસે તાલીમ લીધેલી. જગન્નાથબુવા પુરોહિત, રત્નકાંત રામનાથકર, સીતારામ ફતર્પેકર વગેરે પણ એમના જ શિષ્યો છે. હણુમંતરાવ વાલ્વેકર જેવા શોખીન કલારસિકોએ તો સેંકડો ચીઝો ખાંસાહેબ પાસેથી મેળવી છે. અને ખાંસાહેબ પાસે પણ ભરપૂર સંખ્યામાં રાઝદારી ચીઝો હતી. દરેક ચીઝ એ લાક્ષણિક ઢબે ગાતા. તેમણે 'સંગીતજ્ઞાં કે સંસ્મરણ' નામનું પુસ્તક રચ્યું છે; 'પ્રાણપ્રિયા' ઉપનામથી ચીજો પણ રચી છે. આખરનાં વર્ષોમાં આકાશવાણી દિલ્હીના મુખ્ય નિયામક હતા. અવસાનના ચારેક દિવસ પર જ એમણે અખિલ ભારતીય સંગીત કાર્યક્રમમાં મારૂ બિહાગ, કૌંસી કાનડા ને પંચમ સોહિણી જેવા રાગ ગાએલા.

તેમની ઘણી રેકૉર્ડ પણ ઊતરેલી છે. તેમાં એમની શાંત, સ્વસ્થ, લયબદ્ધ તાલીમી ગાયકીનાં દર્શન થાય છે. ફૈયાઝખાં જેવી જલદ ફિરત કે તૈયારીની તાનો તેમની ગાયકીમાં નહોતી. પરંતુ તાલ ને સૂરનો સુમેળ તેમના જેવો હાલ ભાગ્યે જ જોવા મળે છે.

તેમની સંવત્સરી નિમિત્તે ભારત સરકાર તેમની યાદ કાયમી રહે તેવું કોઈ સ્મારક મુંબાઈમાં ઊભું કરે એવી ઇચ્છા વ્યક્ત કરવી અહીં અસ્થાને નહિ લેખાય.

—સાધુરામ યોધ

પ્રાર્થનાસમાજની શતાબ્દી

આજથી સો વર્ષ ઉપર હિન્દુ સમાજનો મોટો ભાગ વહેમ, જંતરમંતર, પુરોહિતોની સજ્જડ પકડ, જાદુ, દોરાચિઠ્ઠી વગેરે અનેક અજ્ઞાનતાના ગર્તમાં ડૂબેલો હતો, જ્યારે બીજી બાજુ શિક્ષિત માણસો માંના ઘણા ખ્રિસ્તી ધર્મ કે નાસ્તિકતા તરફ વળ્યા હતા.

સામાન્ય જનતાની ધર્મ અંગેની આવી સ્થિતિ અને શિક્ષિત વર્ગમાં નાસ્તિકતાના અથવા તો ધર્માન્તર થવાના દાખલા જોઈ મુંબાઈના કેટલાક ભક્તિમાન અને સત્ય ધર્મની શોધ માટેના ઉત્સુક વિદ્વાનોને હૃદયમાં ઊંડું દુઃખ થતું હતું. તેઓ 'પરમહંસ મંડળ' નામની એક સંસ્થા ચલાવતા હતા, જ્યાં ઉપનિષદો અને ગીતાનાં વાચન તથા ચર્ચા ચાલતાં. એવામાં બંગાળાની બ્રહ્મસમાજના સિદ્ધાન્તો પ્રતિ તેમજ ઈશ્વરોપાસના તથા પરમેશ્વરની માનસિક પૂજાના માર્ગ પ્રત્યે આ સમાજ હિતચિંતકો આકર્ષાયા અને એ ધોરણે મુંબાઇમાં પણ એવી સંસ્થા સ્થાપવાનો એમણે વિચાર કર્યો. તે સમયના કેટલાક આગેવાન વિદ્વાનો—ડૉ. આત્મારામ પાંડુરંગ, તેમના ભાઈ દાદોબા અને મામા પરમાનંદ વગેરેએ આ વાત ઉપાડી લીધી અને તા. ૩૧મી માર્ચ ૧૮૬૭ (સંવત ૧૯૨૩ના ફાગણ વદ એકાદશી) પાપમોક્ષની એકાદશીને દિવસે મુંબાઈમાં પ્રાર્થનાસમાજની સ્થાપના થઈ. ડૉ. રામકૃષ્ણ ગોપાળ ભાંડારકર, ન્યાયમૂર્તિ રાનડે, વામન આબાજી મોડક, શંકર પાંડુરંગ પંડિત, શ્રી વાગ્લે, શ્રી આપ્ટે વગેરે થોડા જ વખત પછી તેમાં જોડાયા.

કલકત્તાથી બ્રહ્મોસમાજના સ્થાપક કેશવચંદ્ર સેન મુંબાઈ આવ્યા અને બ્રાહ્મણધર્મ વિષે વ્યાખ્યાનો આપ્યાં તે પછી આ પ્રાર્થનાસમાજની ખૂબ પ્રગતિ થવા માંડી. પાંચ વર્ષ પછી સમાજનું હાલનું મકાન બંધાયું અને મુંબાઈની ધાર્મિક તેમજ સામાજિક સેવાની સંસ્થાઓમાં આ સમાજને ઉચ્ચ સ્થાન મળ્યું. એમાં ઉપનિષદ અને ભગવદ્ગીતાના ઉપદેશ તેમજ પરમાત્માના સ્વરૂપ વિષેનાં વચનો સમજાવી પ્રાચીન હિંદુધર્મનાં પરમ ઉચ્ચ તત્ત્વો સમજાવવાનું કાર્ય કરવામાં આવતું. ઉપરાંત ઊછરતી યુવાન પ્રજાને ધર્મશિક્ષણ આપનારી તેમજ પંઢરપુર અનાથ બાલિકાશ્રમ, સંગીતસભા, મહિલાસમાજ, યુવકસંઘ વગેરે જેવી સામાજિક સેવાની સંસ્થાઓ તેના દ્વારા ચલાવાતી.

પ્રાર્થનાસમાજ હિન્દુ ધર્મનો કોઈ સંપ્રદાય તરીકે નહિ પરંતુ એકમેવાદ્વિતીયમ્, નિરંજન નિરાકાર, અજન્મ સત્યનિધાન, અનન્ત પરમાત્માની માનસિક ઉપાસના દ્વારા પ્રાચીન હિન્દુ ધર્મના પુનરુત્થાન માટે સ્થપાયો હતો. ગયા માર્ચ માસમાં તેની શતાબ્દી ઊજવાઈ.

મુંબાઈ પછી અમદાવાદમાં પણ એ જ ધર્મચિંતન અને સામાજિક સેવાના ધ્યેયથી પ્રાર્થનાસમાજની સ્થાપના થઈ, જેમાં ભોળાનાથ સારાભાઈ દિવેટિયા, મહીપતરાય રૂપરામ નીલકંઠ વગેરેની આગેવાની નીચે ગુજરાતનાં સંસ્કારસંપન્ન સ્ત્રીપુરુષો જોડાયાં. ભોળાનાથની 'ઈશ્વર પ્રાર્થનામાળા'ના જાણીતા પદસંગ્રહનું રચના-નિમિત્ત આ જ સંસ્થા હતી. એમની પછી નરસિંહરાવ દિવેટિયા, રમણભાઈ તથા વિદ્યાબહેન નીલકંઠ આદિએ એ પરંપરા ચાલુ રાખી હતી.

(જ્યોતિર્ધર) —ગ. ગો. ધ્રુ

'ડૉક્ટર સાહેબ, કોણ જાણે મારા કાનમાં શું થઈ ગયું છે કે મને મારી ખાંસીનો અવાજ પણ સંભળાતો નથી.'

'સારું, લો આ ચાર ગોળી. બરફના પાણી સાથે લઈ લેજો.'

'આ ગોળીઓથી મારી સાંભળવાની શક્તિ વધશે?'

'ના, પણ તમારી ખાંસીનું જોર વધશે.'

સંસ્કાર-પ્રેમીની ડાયરી

અબુ સિમ્બેલના દેવળના રક્ષણ માટે અમેરિકાએ ઈજિપ્તને આપેલી ૧ કરોડ ને ૬૦ લાખ ડૉલરની સહાયના બદલામાં ઇજિપ્ત તેને પોતાને ત્યાં આવેલું ૨૦૦૦ વર્ષ પુરાણું ડેન્દુરનું દેવળ ભેટ આપવાનું છે. રોમન સમ્રાટ ઑગસ્ટસના સમયમાં બંધાએલા ૪૧ ફીટ લાંબા એ દેવળને પોતાને ત્યાં પુનઃસ્થાપિત કરવાનું ગૌરવ લેવા માટે અમેરિકાનાં સંખ્યાબંધ શહેરો સ્પર્ધાએ ચડયાં છે.

ભારતની વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન સમિતિની ગણતરી પ્રમાણે આપણે ત્યાં આજે સ્નાતકોત્તર સંશોધનક્ષેત્રે ૬૦૦૦ સ્ત્રી-વૈજ્ઞાનિકો કામ કરે છે, જેમાંની ૭૦ ટકાની ઉંમર ૩૦ વર્ષની નીચે છે. વિજ્ઞાનના વિવિધ વિષયોની દૃષ્ટિએ ૫૦ ટકા સ્ત્રીઓ જીવવિજ્ઞાનમાં, ને ૧૦ ટકા ગણિતશાસ્ત્ર તથા પદાર્થ-વિજ્ઞાનમાં સંશોધનકાર્ય કરે છે.

પ્રકાશન ક્ષેત્રના 'જેમ્સ બૉન્ડ' ગણાતા મિ. એફ. ડબ્લ્યુ. કેન્ડૉલના કહેવા પ્રમાણે સમગ્ર અગ્નિએશિયામાં આજે પુસ્તકોની ચાંચિયાગીરીનો ધંધો ધીકતો ચાલે છે; જેમાં કેટલાયે મોંઘાંદાટ અંગ્રેજી ગ્રંથો સસ્તા ભાવે ખરાબ કાગળો અને મુદ્રણ ઉપર મૂળ જેવા જ રંગરોગાન સાથે પ્રગટ થાય છે. તોકિયો અને હૉંગકૉંગ-સિંગાપુરમાં જેમ ગ્રાહકને જોઈતી કોઈ પણ ચીજ અદલ અસલ જેવી જ બનાવવાનાં કારખાનાં ચાલે છે, તેમ એવાં છાપખાનાં પણ આજે સંખ્યાબંધ ઊભાં થયાં છે. આનો સૌથી વધુ ભોગ બની છે 'કૉન્સાઈઝ ઑક્સફર્ડ ડિક્ષનેરી' અને 'એન્સાઈક્લોપીડિયા બ્રિટાનિકા' ડિક્ષનેરીની તો ઢગલાબંધ આવૃત્તિઓ મૂળ કરતાં ચોથા ભાગની કિંમતે વેચાય છે ને એ જ રીતે 'બ્રિટાનિકા'ની 'નવી જ' આવૃત્તિ કોઈ પણ પુસ્તકવિક્રેતા પાસેથી પસ્તીના ભાવે મેળવી શકાય છે। દર વર્ષે પુસ્તકોની નિકાસ કરીને મબલખ હૂંડિયામણ (૧૯૬૫માં બ્રિટન ૪,૬૦,૦૦,૦૦૦ પૌંડ, અમેરિકા ૩,૭૦,૦૦,૦૦૦ પૌંડ) કમાતા દેશો માટે આ ચાંચિયાગીરીએ ગંભીર પ્રશ્ન ઊભો કર્યો છે.

અમેરિકાના નૉર્થ કૅરોલિનાના એક સંગ્રહાલયમાં અંધ વ્યક્તિઓ 'જોઇ' શકે એવા કલાખંડનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે. તેના પ્રવેશદ્વાર પાસે બ્રેઇલ લિપિમાં ખંડનો નકશો તથા તેમાંની કૃતિઓ વિષે સૂચનાઓ છે; અને અંદર, અંધ પ્રેક્ષક હાથમાં લઈને જોઈ શકે તેટલી ઊંચાઈએ મૂળ વસ્તુની નાના કદની પ્રતિકૃતિઓ રાખવામાં આવી છે. જુદાજુદા દેશો અને સંસ્કૃતિઓની, પાષાણ યુગથી માંડીને અદ્યતન યુગ સુધીની એકલાકૃતિઓ છે.

નિયત તારીખે અચૂક પ્રકટ થવામાં બ્રિટનનું 'બ્લૅકવૂડઝ્' નામે સામયિક મોખરે છે. છેલ્લાં ૧૫૦ વર્ષથી એવા અચૂક પ્રાકટ્ય ઉપરાંત આ દોઢ સૈકામાં એના આંતરિક કે બાહ્ય આકારમાં પણ લેશમાત્ર ફરક નથી પડયો.

૧૮૧૭ના એપ્રિલથી શરૂ થએલા 'બ્લૅકવૂડ્ઝ' પોતાનું ધોરણ સહેજે ઊંચું ઊતરવા નથી દીધું. 'લોકપ્રિય' અને 'સામાન્ય વાચકો માટે'નું વાચન આપવાની લાલચમાં એ કદી સરી પડયું નથી, તેમ એના તંત્રીઓની જાત-પાત પણ આ દોઢસો વર્ષમાં બદલાઈ નથી. એના સ્થાપક તંત્રીના પ્રપૌત્રના પ્રપૌત્રનો પુત્ર (સાતમી પેઢી) આજે એના તંત્રીપદે છે।

આ દોઢસો વર્ષમાં એણે માત્ર બે જ ફેરફાર કર્યા છે: ૧) ઈ. ૧૯૦૫માં એના નામમાંથી 'એડિનબરઅ' શબ્દ પડતો મુકાયો તે; ૨) હમણાં ૧૯૬૬માં એની કિંમત અરધા શિલિંગમાંથી સાડા ત્રણ શિલિંગ કરી તે.

મદ્રાસમાં ઇ. ૧૯૫૪માં સ્થાપવામાં આવેલી 'ટાગોર અકાદેમી'માં એક જ છત્ર નીચે વિશ્વના વિવિધ દેશોનાં બાળકો અભ્યાસ કરી શકે એવી એક આંતરરાષ્ટ્રીય શાળા, અને જુદીજુદી પ્રજાઓનાં કુટુંબો એકસાથે વસી શકે એવું 'આંતરરાષ્ટ્રીય ગ્રામ' સ્થાપવાની યોજના આકાર લઈ રહી છે. માનવી જાત-પાંતની મર્યાદાની દીવાલોને હટાવીને આંતરરાષ્ટ્રીય સંસ્કૃતિ વિકસાવવાનો એનો મુખ્ય હેતુ છે; શિક્ષણને ગૌણ સ્થાન છે. ડૉ. રાધાકૃષ્ણન્ આ અકાદમીના વડા છે અને શ્રી એ. કે. ઘોષ એના સ્થાપક તથા મહામંત્રી છે.

તસવીરકાર ઇચ્છે તેવી છબિ એક જ સ્થળેથી ખેંચી શકે એવી સગવડ ધરાવતું એક આંતરરાષ્ટ્રીય તસવીર-પ્રદર્શન આ માસમાં લંડનમાં યોજાયું છે. આ પ્રદર્શનમાં ૨ હજાર ઉપરાંત છબિઓ, અસંખ્ય કૅમેરાઓ તથા તેના ભાગો પ્રદર્શિત કરવામાં આવ્યા છે. ઉપરાંત ત્યાં 'મોડેલ' પણ મળી શકશે.

કાનપુરના 'ઇન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑવ ટેક્નૉલૉજી'ના રસાયણ વિભાગના વડા ૩૨ વર્ષના ડૉ. સી. એન. આર. રાવને બ્રિટનની 'ફૅરાડે સોસાએટી'નો ઈ. ૧૯૬૭નો માર્લો ચંદ્રક તથા પારિતોષિક એનાયત થયાં છે, જે મૌલિક સંશોધન અંગે દર વર્ષે અપાય છે.

આકાશવાણી તરફથી છેલ્લાં દસ વર્ષથી રજૂ થતા આવેલા 'સાહિત્ય સમારોહ' નામના સાહિત્યિક પરિસંવાદ કાર્યક્રમમાં આ વર્ષે થોડો ફેરફાર થયો.

અગાઉ નક્કી કરેલા વિષય ઉપર પ્રાદેશિક ભાષાનાં કેન્દ્રોથી જે સાહિત્યિક ગોષ્ઠિ ગોઠવાતી અને એમાંથી પછી દિલ્હીમાં પરિસંવાદ યોજાતો, તેને બદલે આ વખતે 'નાટ્ય અને અન્ય નાટ્યસ્વરૂપોના માધ્યમ તરીકે રેડિયો' એ વિષય ઉપર ફક્ત દિલ્હીમાં જ કેન્દ્રીય કાર્યક્રમ રખાએલો, જેમાં સર્વશ્રી અલ્કાઝી, ઉત્પલ દત્ત, કર્તારસિંહ દુગ્ગલ અને રામકુમાર વર્મા જેવા નાટ્યક્ષેત્રના તજ્જ્ઞોએ ભાગ લીધેલો, અને પદ્યનાટકના કાર્યક્રમમાં બુદ્ધદેવ બસુ, ગોપાલ દાસ, નરેન્દ્ર શર્મા, ને ગિરિજાકુમાર માથુર જેવા મનીષીઓ શરીક થયા.

સ્વ. સ્તાલિનનાં પુત્રી સ્વેત્લાના (અલ્લેલુયેવા) સિંગ, પોતાના પિતા સાથે ગુજારેલાં વર્ષોની આત્મકથાનું અમેરિકામાંથી પ્રકાશન કરનાર છે. 'ડેથ ઑવ અ પ્રેસિડેન્ટ' પુસ્તક પ્રગટ કરીને ચકચાર અને નાણાં કમાઈ જનાર અમેરિકન પ્રકાશન-સંસ્થા 'હાર્પર ઍન્ડ રો' તે પ્રગટ કરશે. સામ્યવાદી શાસનમાં જીવેલી હોવાથી સ્વેત્લાનાને અત્યાર સુધી પોતાનાં અંગત નાણાંનું બૅંકમાં ખાતું ન હતું કે, નહોતી એને પૈસાની તમા. હવે એને એ બંનેની જરૂર છે, જે આ આત્મકથા પૂરી કરશે. હપ્તાવાર પ્રગટ કરવા માટે એની હસ્તપ્રતના ૮૦ હજાર શબ્દો માટે 'લાઇફ' પાક્ષિકે તેને રૂ ૧૮ લાખ (એટલે કે એક શબ્દના રૂ. ૨૨-૨૨) આપ્યા છે. એમાંથી સ્વેત્લાનાને કુલ તો ૩૦ લાખની આવક થવાનો અંદાજ છે.

'શંકર્સ વીકલી'વાળા શ્રી શંકર પિલ્લૈએ સ્થાપેલા 'ચિલ્ડ્રન્સ બુક ટ્રસ્ટ' તરફથી દિલ્હીમાં યોજાએલા બાળ-પુસ્તક-પ્રદર્શનમાં ૩૫ દેશોએ ભાગ લીધો હતો, જેમાંથી ભારતનાં ૯ પુસ્તકોને પારિતોષિક મળ્યાં છે, ને ૪ પુસ્તકોને 'પ્રશંસાપત્ર', પારિતોષિકને પાત્ર પુસ્તકની ગુણવત્તામાં રૂપરંગ, મુદ્રણ અને બાંધણીની ઉચ્ચતાને પ્રથમ સ્થાન આપવામાં આવેલું, જેમાં ભારતનાં પુસ્તકો જ આટલું ફાવ્યાં, એ સુખદ આશ્ચર્ય છે. સ્પર્ધામાં ટ્રસ્ટનાં પુસ્તકોનો સમાવેશ નહોતો કરાયો.

ઈનામ મેળવનારાં પુસ્તકોમાં ડૉ. ઝાકીર હુસેનનું ઉર્દૂ પુસ્તક, શ્રીમતી મૃણાલિની સારાભાઈનું ગુજરાતી, પ્રો. કરંદીકરનું મરાઠી તેમજ બંગાળી, મલયાલમ્ ને તેલુગુ ભાષાનાં પુસ્તકોનો સમાવેશ થાય છે. —અખબારી કીટ

આ માસ (મે) ઇતિહાસમાં · વ્યક્તિવિશેષ · દિનવિશેષ · પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ : ડૉ. સુકથનકર

પૂનાની વિશ્રુત સંશોધન સંસ્થા ભાંડારકર પ્રાચ્યવિદ્યા સંશોધન મંદિરે સમસ્ત ભારતમાંથી સંસ્કૃત 'મહાભારત'ની જૂની વિવિધ હસ્તપ્રતો એકઠી કરીને તેમાંના જુદા જુદા પાઠભેદોની પરીક્ષા કરી પ્રામાણિત પાઠ તારવીને, અન્ય



સર્વ પાઠોની પાદટીપ સાથે એનું એક શુદ્ધ, પ્રમાણભૂત અને સુસંપાદિત સંસ્કરણ પ્રકટ કરવાનું મહાકાર્ય હાથ ધરેલું. એ ભગીરથ કાર્યના અગ્રણી સંપાદક પ્રા. ઉદયગીરનું એકાએક અવસાન થતાં ઈ. ૧૯૨૫થી ત્યાં જોડાએલા ડૉ. સુકથનકરની એને માટેની સર્વથા યોગ્ય શક્તિ જોઈ એમને એ જવાબદારી સોંપાઈ; અને એમણે, એ મહાકાર્યને પોતાનું જીવનકાર્ય બનાવીને, કુશળતાથી એ જવાબદારી અવસાન પર્યંત અદા કરી.

ડૉ. વિષ્ણુ સીતારામ સુકથનકર એ એમનું પૂરું નામ. ઈ. ૧૮૮૭ની ચોથી મેએ પૂનામાં એમનો જન્મ થયો હતો. ત્યાંની મરાઠા હાઈસ્કૂલમાં શિક્ષણ લઈ, મુંબાઈની સેંટ ઝેવિયર્સ કૉલેજમાં અભ્યાસ કરી તે વિલાયત ગયા. ત્યાં એડિનબરો અને કેંબ્રિજનાં ઈતિહાસ, પુરાતત્ત્વ, ઇંડોલૉજી અને પ્રાકૃત ભાષાઓનો અભ્યાસ કરી એમણે પ્રતિષ્ઠા સાથે એમ.એ.ની પદવી મેળવી, અને ત્યાંથી જર્મની જઇને સંસ્કૃત વ્યાકરણના એક પ્રાચીન આચાર્ય શાકટાયન વિષે સંશોધનપૂર્વક મહાનિબંધ રચીને એમણે પીએચ.ડી.ની ઉપાધિ મેળવી. એમનો એ નિબંધ લાઈપઝિગથી પુસ્તકરૂપે પ્રકટ થયો હતો. સંસ્કૃતના મહાકવિ સુબન્ધુ 'વાસવદત્તા' અને નાટ્યકાર ભાસની કૃતિઓનો એમને ઊંડો અભ્યાસ હતો. એમણે સંપાદિત કરેલું વાસવદત્તાનું સંસ્કરણ ઑક્સફર્ડ વિશ્વવિદ્યાલયે પ્રકટ કર્યું હતું.

રૉયલ એશિયાટિક સોસાએટીની મુંબાઈની શાખાની સામયિક પત્રિકાનું લાંબા સમય સુધી એમણે સંપાદન કરેલું. પશ્ચિમ ભારતના પુરાતત્ત્વ ખાતાના ઉપાધ્યક્ષ તરીકે પણ એમની વરણી થઈ હતી. વિશ્વસમસ્તના પુરાતત્ત્વાચાર્યોમાં એમની સારી કીર્તિ અને પ્રતિષ્ઠા હતી. ઓરીએન્ટલ ઇન્સ્ટિટ્યૂટ-પ્રાગ, અને અમેરિકન ઓરીએન્ટલ સોસાએટી જેવી અનેક પ્રાચ્યવિદ્યા સંસ્થાઓએ એમને પોતાનું માનાર્હ સભ્યપદ આપ્યુ હતું. ભાંડારકર પ્રાચ્યવિદ્યાસંશોધનમંદિરનું મંત્રીપદ પણ એમણે વર્ષો સુધી કુશળતાપૂર્વક નિભાવેલું. મુંબાઈ વિશ્વવિદ્યાલયના પોસ્ટ ગ્રૅજ્યુએટ વિભાગમાં તેઓ સંસ્કૃત સાહિત્ય, ઇતિહાસ અને પુરાતત્ત્વવિદ્યાના વ્યાખ્યાતા હતા. અહીં એમણે મહાભારત વિષે આલોચનાત્મક એક વ્યાખ્યાનમાળા ગોઠવીને એમાં બે ભાષણો આપેલાં અને બીજા આગળના વ્યાખ્યાનનું લખાણ તેઓ ટાઈપ કરતા હતા ત્યારે એકાએક એમને પક્ષાઘાત થયો અને એ પછી થોડા જ સમયમાં ઈ. ૧૯૪૩ની ૨૧મી જાન્યુઆરીએ અઠ્ઠાવન વર્ષની વયે એમનું અવસાન થયું.


એમની અખંડ વિદ્યોપાસના, પ્રકાંડ પાંડિત્ય, કાર્યનિષ્ઠા અને સંશોધનપ્રિયતાને વિદ્વાનોએ 'મહાભારત દીપક' અને 'વિદ્યાલંકાર'ની ઉપાધિઓથી સત્કારી હતી. સંસ્કૃત, અંગ્રેજી, જર્મન, પ્રાકૃત, મરાઠી વગેરે ભાષાઓના પણ તેઓ એક પ્રખર જ્ઞાતા હતા.

દિનવિશેષ

તા. ૫ ભારતના ગાયનાચાર્ય વઝે બુવાનું અવસાન, ૧૯૪૩.
તા. ૬ હિંદમાં પ્રથમ ખ્રિસ્તિ ધર્મ પ્રચારક ફ્રાંસિસ ઝેવિયર ગોવા બંદરે ઊતર્યા, ૧૫૪૨.
તા. ૯ ભારત સેવક ગોપાલ કૃષ્ણ ગોખલેનો જન્મ, ૧૮૬૬.
તા. ૧૧ રાષ્ટ્રપતિ રાજેન્દ્રબાબુના હસ્તે પ્રભાસ પાટણમાં સોમનાથની સ્થાપના, ૧૯૫૧.
તા. ૧૪ ઑસ્ટ્રેલિયાથી પ્રથમ વિમાની ટપાલ ૧૭॥ દિવસે ઇંગ્લંડ પહોંચી, ૧૯૩૧.
તા. ૨૦ બિકિની ઍટોલ પર પ્રથમ અમેરિકન હાઇડ્રૉજન બૉંબનો પ્રયોગ થયો, ૧૯૫૬.
તા. ૨૫ બ્રિટિશ સલ્તનતમાં ગુલામીનો વેપાર બંધ કરવામાં આવ્યો, ૧૮૦૭.
તા. ૨૯ એડમંડ હિલારી અને તેનસિંગ નોર્કેએ સર્વોચ્ચ શિખર એવરેસ્ટ સર કર્યું, ૧૯૫૩.
તા. ૩૦ જૉન ઑવ આર્કને ડાકણ ઠરાવીને જીવતી બાળી મૂકવામાં આવી, ૧૪૩૧.

પ્રસંગવિશેષ : ઈઝરાએલનું સ્વતંત્ર રાષ્ટ્ર નિર્માયું, ૧૪ મે, ઈ. ૧૯૪૮.

બેમુલક બની ગએલી યહૂદી પ્રજાનો સ્વતંત્ર દેશ ઈઝરાએલ નવું રાષ્ટ્ર હોવા છતાં એક રીતે એ નવો નથી. બાઈબલના જૂના 'ટેસ્ટામેન્ટ'માં પણ એને વિષેની કથા છે. એ કાળે વર્તમાનમાં



પૅલેસ્ટાઈન તરીકે ઓળખાએલા પ્રદેશનો મોટો ભાગ એમાં સમાઈ જતો હતો. બીજા વિશ્વયુદ્ધ પછી ઈ. ૧૯૪૮ની ૧૪મી મે એ લગભગ ૮૦૮૬ માઈલના વિસ્તારમાં રચાએલા ઈઝરાએલમાં એ બધો પ્રદેશ સમાતો નથી. આઝાદી પછી લગભગ તુરત એને પડોશના આરબ રાજ્યો સાથે વિગ્રહમાં ઊતરવું પડેલું અને એમાં એણે જીત મેળવી. એટલું જ નહિ, પરંતુ પૂર્ણ આત્મશ્રદ્ધાથી એ ઉત્તરોત્તર પ્રગતિ સાધતું જઈ દુનિયાના અન્ય દેશો સમક્ષ પોતાનું આગવું ગૌરવ પ્રસ્થાપિત કરી રહ્યુ છે. ઈ. ૧૯૪૯માં એ સંયુક્ત રાષ્ટ્રસંઘનું સભ્ય બન્યુ છે. બાઈબલમાં જેને 'દૂધ મધની નદીઓનો પ્રદેશ' કહ્યો છે એ એનો વિસ્તાર સદીઓની થપાટો ખાઈને આજે એવો ફળદ્રુપ તો નથી રહ્યો, પણ નહેર-યોજનાઓ અને નવાં વનક્ષેત્રો સાથે મોટાં ઉદ્યોગોની દિશામાં પ્રગતિ સાધતા જઈ એણે પોતાની સમૃદ્ધિ વધારવા માંડી છે. એનું પાટનગર જેરૂસલેમ ૪૦૦૦ વર્ષ જૂનું છે. જાફા-તેલ અવિવ અને હાઈફા એ એનાં બીજાં મોટાં શહેરો છે. આધુનિક યુગની દરેક સુવિધાઓ પ્રાપ્ત કરવા ત્યાંની સરકાર સારો પરિશ્રમ ઉઠાવી રહી છે ને તેમાં ઠીકઠીક સફળતા પણ મેળવી છે. ઠેલ્લે ઠેલ્લે નવાં ઉત્ખનનો કરી એણે પોતાની પ્રાચીન સંસ્કૃતિનાં અનેક નવાં ને મૂલ્યવાન પુરાવશેષો પણ પ્રકાશમાં આણ્યા છે. વિજ્ઞાન અને કળાના ક્ષેત્રમાં પણ એણે આગવાં પગરણો ભરવા માડ્યાં છે. ચૌદ પંદર લાખની ત્યાંની વસતિ છે ને સદીઓ પછી પોતાનો મુલ્ક પુનઃ પ્રાપ્ત કર્યો હોઈ દુનિયાભરના યહૂદીઓને ત્યાં જઈને વસવાની છૂટ છે, અને એ માટે તેઓને રાષ્ટ્ર તરફથી કેટલીક સગવડો પણ અપાય છે. નાનકડા પણ સમૃદ્ધ ગણાતા દેશોમાં ઇઝરાએલની પણ ગણના થઈ શકે. અહીં આ સાથે એ દેશના વિસ્તાર તથા તેના રાષ્ટ્રધ્વજનું આલેખન આપ્યુ છે.

ગઝલ

બધી જ આશા, બધી જ ઇચ્છા, ફળી શકે ના કદી જીવનમાં;
બધી કળીઓ શું પૂર્ણ ખીલી સુમન થતી જોઈ છે ચમનમાં?

—રતિલાલ અનિલ

પુસ્તકાલય-પ્રવૃત્તિના જનક મોતીભાઈ અમીનની સેવા ને સાદગી પર મુગ્ધ થઈ શ્રીમંત સયાજીરાવ ગાયકવાડે એમને સમ્માનવાનો વિચાર કર્યો. આ વાતની ખબર પડતાં મોતીભાઇએ મહારાજાને એવું કશું ન કરવા વિનંતી મોકલી; છતાં કદરદાન સયાજીરાવે એક થેલી તો આગ્રહપૂર્વક એમને મોકલી આપી. નિર્મોહ મોતીભાઇએ તે એક શિક્ષણ-સંસ્થાને ભેટ મોકલી સાથેના પત્રમાં લખ્યું: 'શ્રીમંત મહારાજા સયાજીરાવ તરફથી ભેટ.'

કહેવતો: 'સત્ય'ના મહત્ત્વ તથા તે પરની શ્રદ્ધા વિષે આપણામાં કેટલી બધી કહેવતો છે! અને છતાં આપણું જીવન કેવું છે?

સાચને આંચ નહિ.
સાચ તરે ને જૂઠ ડૂબે.
સતનો બેલી રામ.
સાચો રૂપિયો સૌ પરખે (પૂજે).
સાચે રાચે જગપતિ.
સાચને બે પગ (જેથી અડગ ઊભું રહી શકે).
સત્યમેવ જયતે.
સત્યકી જિકર, ખુદાકો ફિકર.
સત ત્યાં (ખુદાની) રહેમત.
સાચનો બેલી પરમેશ્વર.
સાચનો ઘંટ દેવળ વાગશે.
ચોખ્ખા મનને ચિંતા શી?
ખરાને ખેરસલ્લા, ખોટાને ખલ્લાં (ખાસડાં).

સતિયા સત નવ છોડીએ, સત છોડે પત જાય;
સતની બાંધી લક્ષ્મી, વળુ બોલાવી આય.

સતિયા સત છોડે નહિ, રાજ, પ્રાણ, ઘર જાય;
હરિશ્ચન્દ્રનો દાખલો સતિયાનો જશ ગાય.

હરિ ભજવો, હક બોલવો, દોનોં બાત અવલ,
તુલસી તાકો ન ઊતરે, આઠે પહોર અમલ.
(હક=સત્ય; અમલ=કેફ, સર્વોપરિતા.)

ગણિતગમ્મત: કોઈ પણ રકમ ધારો. તેને બમણી કરો. જે આવે તેમાં તમારી ધારેલી રકમ પછી તરત જ આવતી રકમ ઉમેરો. જે આવે તેમાંથી ધારેલી રકમ પછી તરત જ આવતી રકમનો એક અંક સુધીનો સરવાળો બાદ કરો. આવે તેમાં ધારેલી રકમનો એક અંક સુધીનો સરવાળો ભેળવો. જે આવે તેને ત્રણ વડે ભાગો. ભાગમાં આવે તે તમારી ધારેલી રકમ. —કાન્તિલાલ મ. જોષી


એકાક્ષરી પણ અનેકાર્થી શબ્દ

પૈ — પગ, ગાડાનું પૈડું, વાંક, પાઈ, જરૂર, બીબાંનો જથ્થો, પછી, પણ, પાસે, તરફ.

'સાંભળ્યું છે કે તમારે ત્યાં જોડિયા બાળકોનો જન્મ થયો છે. શું છે, પુત્ર કે પુત્રી?'
'હજી વિગતવાર કાગળ આવ્યો નથી, પણ હું માનું છું કે એક પુત્ર અને એક પુત્રી હશે; અથવા કદાચ એથી ઊલટું યે હોય'.



પૃથ્વી પર જ્ઞાત એવો સૌથી પ્રબળ ઝંઝાવાત કલાકના ૨૩૧ માઈલની ઝડપે ઈ. ૧૯૩૪-ના એપ્રિલમાં માઉન્ટ વૉશિંગ્ટન (અમેરિકા)-ના શિખર પર નોંધાયો હતો.



કલાકણિકા: ૫૧૯મા અંકમાં ક્રીટ સંસ્કૃતિની કલાભિરુચિનું દ્યોતક એક પાત્ર આપ્યું હતું. તેના અનુસંધાનમાં કાળી માટીની ભોંય ઉપર સફેદ અને લાલ શોભનોવાળું આ પાત્ર, અસમ આયોજનમાં પણ પ્રમાણભાર સાચવવાની તેમની શક્તિ દાખવે છે.



આજ સુધી અપાએલી મોટામાં મોટી રકમ (પોણા ચાર કરોડ રૂપિયા)નું નાનામાં નાનું (૧૫$\frac{૧}{૮}$ × ૧૪$\frac{૧}{૪}$ ઇંચનું) ચિત્ર
અમેરિકાએ પ્રથમ પ્રાપ્ત કરેલી લીઓનાર્દો દ વિન્ચીની કૃતિ

જિનેવ્રા

વર્ષો સુધી રાહ જોઈને અને પૂરી ચકાસણી બાદ અમેરિકાની નૅશનલ ગૅલેરી માટે આને ખરીદી લાવનાર ત્યાંના ક્યુરેટર જૉન વૉકર કહે છે કે જેમજેમ તમે એને જોતા રહો તેમતેમ તમારા પર અજબ કામણ કરતા જવાની કોઈ ગજબ શક્તિ આ ચિત્રમાં છે. આંતરમાનસની અદ્ભુત અભિવ્યક્તિ તરીકે ગણાએલી 'મૉના લિસા' કરતાં યે આ 'જિનેવ્રા' વધુ મોહક છે. ખુદ લીઓનાર્દો પોતે પણ આવા નિર્લેપ ઉદાસ ગાંભીર્યને કદાચ આ એક જ વાર વ્યક્ત કરી શક્યો છે. કવિ યીટ્સના શબ્દોમાં કહીએ તો જિનેવ્રા 'જીવન અને મૃત્યુ પર જાણે સ્થિતપ્રજ્ઞ નજર ઠેરવી રહી છે.' મૉના લિસાનો મલકાટ પ્રસન્નતા વિનાનો છે તો જિનેવ્રાનો નિર્વેદ નિરાશાવિહોણો છે. બંને ચિત્રોમાં લીઓનાર્દોએ જીવનના જેટલાં જ જટિલ બે વ્યક્તિત્વ નિરૂપ્યાં છે.